maj Foundation Che

ain. Gurukul Kangri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तक
६७-६८

विविध ग्रन्थमाला

वर्ष ६ हुं
सं. १९७२

मधुमय जीवन

अनुवादकः-
मणिलाल नथुभाई दोशी, बी. ए.

प्रकाशकः-सस्तुं साहित्य वर्धक कार्यालय.

ज्येष्ठ-
मुं० प्र. २

आने
अमदावाद.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* ओ३म् *

पुस्तक की संख्या ..... 63ग / ६ (III)

पुस्तकालय-पञ्जिका-संख्या .....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



स्टाक प्रमाणीकरण ११८४-११८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવિધ ગ્રંથમાળાઃ અંક ૬૭-૬૮ઃ વર્ષ ૬ ઠું-સં. ૧૯૭૨.

CHECKED 1973
Initial...

પ્રભુમય જીવન

"પ્રભુનાં નાનાં બાલ" તથા

"ચારિત્ર અને વિચાર" સહિત.

રાલ્ફ વાલ્ડો ટ્રાઈન રચિત ઈન્ટ્યુન વિથ ધી ઈન્ફીનીટ,
એવરી લીવીંગ ક્રીચર અને કેરેક્ટર બીલ્ડીંગ
એન્ડ થૉટ પાવરનો સ્વતંત્રાનુવાદ.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી

અનુવાદકઃ-શ્રીયુત મણિલાલ નથુભાઈ દોશી. બી. એ.
રતનપોળ-અમદાવાદ.

સંપાદક અને પ્રકાશકઃ-ભિક્ષુ-અખંડાનંદ.
કાલબાદેવી રોડ-મુંબઈ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૪૫૦૦. વિ. સં. ૧૯૭૨. ઈ. સ. ૧૯૧૬.

મૂલ્ય વાર્ષિક ગ્રાહક માટે ૦।- પાકું પૂઠું ૦।। પો૦ માફ.
છૂટક ૦।। અને ૦।।। પો૦ જુદું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ અનુવાદના સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે.

અમદાવાદ–ધી ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવા નીકળેલા ગ્રંથો.

૧–આર્યભિષક્ અથવા હિંદુસ્થાનનો વૈદ્યરાજ

એ વર્ષપર નીકળેલી આ વૈદ્યક ગ્રંથની ત્રીજી આવૃત્તિ સત્વર ખપી જઇને તેની સેંકડો માગણીઓ મુલતવી રાખવી પડવાથી ચોથી આવૃત્તિ છાપવા અપાયલી, તે હવે બહાર પડી ચૂકી છે; માટે તે જોઇએ તેમણે સત્વર મંગાવી લઇ તરત માટેની ખાસ કિફાયતનો લાભ લેવો.

સ્વ૦ શંકર દાજી શાસ્ત્રીજીએ પોતાના જે મરાઠી ગ્રંથ ઉપરથી ભાષાંતર કરાવીને આ ગ્રંથ પ્રથમ પ્રસિદ્ધ કરેલો, તે મરાઠી ગ્રંથમાં પાછળથી તેમણે એક ભાગ ઉમેરેલો તે, તથા નાડી પરીક્ષાના મહત્વ-વિષેનો નિબંધ, તેમજ પરિશિષ્ટ ૪૦ બીજા ઉમેરાઓ, એ સર્વ આ આવૃત્તિમાં ઉમેરાયું છે. વળી ઉપયોગી નવીન ઉપચારો તથા બીજી માહિતી-સંબંધી સેંકડો નવીન ટીપ્પણો પણ આમાં ઉમેરાયાં છે; જેથી આ આવૃત્તિની ઉપયોગિતામાં પુષ્કળ વધારો થવા સાથે કદમાં પણ પૃષ્ઠ ૧૬૦ નો વધારો થવાથી મૂલ્ય પણ રૂ. ૧।। ને બદલે રૂ ૨) રખાયું છે.

મૂલ્યનો એ વધારો માત્ર કદના વધારાને લીધે અને તેના પ્રમાણમાંજ થએલો જણાશે. હાલની કાગળની ત્રણગણી મોંઘાઈ જો આ પુસ્તકને નડી હોત તો હજી આથીએ તેનું મૂલ્ય સવાયું દોઢું રાખવું પડયું હોત, પરંતુ લોકપુણ્યને યોગે અગાઉથી ચેતીને તેને માટેના કાગળો લઈ રખાયલા હોવાથી તેમજ થોડી ઘણી મોંઘારત નડેલી તેનું નિવારણ પૂહાં સોનેરીને બદલે શાહીની છાપવાળાં (છતાં મજબૂતીમાં તેના જેવાંજ) કરાવીને થઇ શકવાથી તેમ થયું નથી.

ભાદ્રપદ માસની આખર સુધીમાં મંગાવી લેનારને આ પુસ્તક રૂ ૨, ને બદલે પોણાબેથી અપાશે. પોસ્ટ ખર્ચ ૦।= જુદું સમજવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨–ચાલુ વર્ષના ચરિત્રમાળાના ગ્રંથો.

૧—રાજા રામમોહનરાય પૃષ્ઠ ૨૩૦. ભારતવર્ષના વર્તમાન યુગના આદિ સુધારક અને પરાણે સતી કરવાનો મહાપાપી રીવાજ બંધ કરાવવામાં મુખ્ય ભાગ લેનાર આ પરોપકારી મહાપુરૂષના આ જીવન ચરિત્રમાં તેમના જીવનની મુખ્ય મુખ્ય સર્વ ઘટનાઓનો સમાવેશ છે.

૨—સમ્રાટ્ અકબર પૃષ્ઠ ૫૫૦. હિંદના બાદશાહોમાંના આ સર્વથી મહાન શહેનશાહનું બંગાળીમાં શ્રીયુત બંકિમચંદ્ર લાહિડી (બી. એ; એલ, એલ, બી) એ લખેલું જીવનચરિત્ર એવું તો મનોહર તેમજ એ મહાન પુરૂષને ઇનસાફ આપીને તેનાપર ચડાવાતાં કલંકોને દૂર કરનારૂં, તથા વાંચકને ભારતની ભૂત અને વર્તમાનદશાનું અસરકારક શબ્દોમાં ભાન કરાવી તેના હૃદયમાં ઉચ્ચ ભાવોને જગાડનારૂં છે; કે જેથી ગુજરાતીમાં અકબરનાં બીજાં બે ત્રણ ચારત્રો નીકળેલાં હોવા છતાં પણ એ બંગાળી ચરિત્રનો અનુવાદ કરાવીને પ્રસિદ્ધ કરવાનું યોગ્ય ધારવામાં આવ્યું છે. સમ્રાટ્ અકબરરૂપી સૂર્ય ઉપરાંત તે સૂર્યનાં નક્ષત્રો રૂપ તે સમયના કેટલાક ઉન્નત ચરિત્રશાળી પુરૂષો જેમકે તાનસેન, રાયપત્રદાસ, રામદાસ, ટોડરમલ, જોધબાઈ, કવિરાજ મહેશદાસ અથવા બીરબલ, અબુલફઝલ, ફૈજી, રાજા ભગવાનદાસ, રાજા માનસિંહ, શેખમુબારક, વગેરેનાં તેમજ બીજા પણ અનેક જાણીતા મનુષ્યોનાં જીવનનું ખાસ જાણવા જેવું વર્ણન આ પુસ્તકમાં આવે છે. એ મૂળ બંગાળી પુસ્તક જુદાં જુદાં ૪૩ અંગ્રેજી તથા બંગાળી પુસ્તકો ૪૦ ના ઉંડા અભ્યાસપૂર્વક લખાયલું હોઇને પ્રમાણને માટે સ્થળે સ્થળે તેમાં તે પુસ્તકો ૪૦ નાં નામ ટીપ્પણરૂપે આપેલાં છે; તે આ અનુવાદમાં પણ આપ્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩—**જગવિખ્યાત પુરૂષો ભાગ ૩ જો** પૃષ્ઠ ૨૪૫. આ પુસ્તકમાં બે મહાસમર્થ અને પ્રતિભાશાળી દેશભક્તોનાં જીવન ચરિત્ર છે. પહેલું ચરિત્ર ગ્રીસ દેશના મહાન અને ક્રાંતિકારક વક્તા **ડિમોસ્થનીસનું** છે; અને બીજું ચરિત્ર સ્કૉટલેંડના 'શિવાજી' અથવા તો 'પ્રતાપ' રૂપ મહા પરાક્રમી યોદ્ધા **સર વિલીયમ વૉલેસનું** છે. દેશહિતની અડગ ટેક, બે પાંચ અથવા દશવીસ માણસોની સહાયથી સેંકડો અને હજારોનાં સૈન્યોને વારંવાર જીતવાનું તથા મજબૂત કિલ્લાઓને હસ્તગત કરવાનું પ્રખર શરીરસામર્થ્ય, અનિવાર્ય સાહસ અને અદ્‌ભુત વીરત્વને યોગે ઇંગ્લાંડના એક વિશાળ સાધનસંપન્ન, સત્તાના લોભી અને જુલ્મી રાજાને ત્રાહે ત્રાહે પોકરાવવી અને છેવટે સ્વદેશની સરદારી ભોગવી જરૂર પડતાં તેને પણ ત્યજવી; તથા છેવટે દેશહિતનું ચિંતન અને કાર્ય કરવામાંજ એક નીચ મનુષ્યના વિશ્વાસઘાતથી અંગ્રેજોને હાથે કેદ પકડાતાં શરીરના ટુકડે ટુકડા થઇ જવા; એ સર્વ બાબતો આ પુસ્તકમાં હૃદયસ્પર્શી ભાષામાં વર્ણવેલી છે.

૪—**જગવિખ્યાત પુરૂષો ભાગ ૪ થો** પૃષ્ઠ ૫૦૦. ચાલુ વર્ષ પૈકી આ પુસ્તક નીકળવું બાકી હોઈ પ્રેસમાં છપાય છે. એમાં પહેલું ચરિત્ર ઇંગ્લાંડના સર્વથી મહાન પ્રધાન અને પરમધાર્મિક તથા નીતિમાન પુરૂષ મહાત્મા **ગ્લેડસ્ટનનું** છે. બીજું ચરિત્ર જર્મનીના અસામાન્ય કળાકુશળ, મહાન રાજનીતિજ્ઞ તથા ફ્રાન્સને હરાવનાર અને આખા યૂરોપને હથેળીમાં નચાવનાર જગવિખ્યાત પુરૂષ **પ્રિન્સ બિસ્માર્કનું** છે; ને ત્રીજું ચરિત્ર ઇંગ્લાંડના મહાન નૌકાપતિ તથા શત્રુના અજિત કાફલાને હરાવનાર વીર પુરૂષ **નેલસનનું** ઘણે ભાગે આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

વિવિધ ગ્રંથમાળાના આ ૬૭-૬૮ મા પુસ્તકમાં જગપ્રસિદ્ધ અમેરિકન લેખક "રાલ્ફ વાલ્ડો ટ્રાઇન" ના ત્રણ અંગ્રેજી લેખોનો અનુવાદ સંગ્રહીત થએલો જણાશે. આમાંના પહેલા અને છેલ્લા લેખોની ઉપકારકતા સ્પષ્ટજ છે; પરંતુ ગુજરાતના નિરામિષ ભોજી હિંદુવર્ગમાં બહુધા વંચાતી વિવિધ ગ્રંથમાળા માટે વચલા-જીવદયા સંબંધી લેખની શી આવશ્યકતા ? તે વિષે જણાવવાનું કે,—

ગુજરાતમાં મુસલમાન, પારસી વગેરે જન્મના માંસાહારી લોકોની વસ્તી પણ ઓછી નથી. તેઓ તથા હિંદુઓનો વસવાટ બહુધા જુદાં જુદાં ગામોમાં નહિ પણ સેળભેળજ હોય છે. મહોલ્લાઓ જુદા છતાં એક બીજાનો અનેક પ્રકારે પુષ્કળ સહવાસ તેઓ વચ્ચે રહ્યા કરે છે. નિરામિષ ભોજી હિંદુવર્ગની માંસના આહાર સામે તો શું પણ દેખાવ સામે પણ પુષ્કળ લાગણી હોઇને એ લાગણી અનેક સ્થળે તો તિરસ્કાર, વિરોધ અને ફિસાદની હદ સુધી પણ પહોંચી ગઇ હોય છે; પરંતુ "માંસાહારી મહા પાપી છે, હત્યારા છે, નીચ છે," ઇ૦ વિરોધી માન્યતાઓ કે શબ્દોથી માંસાહાર કરનારપર કશીજ સારી અસર ન થતાં સામો તિરસ્કાર અને વિરોધજ જાગ્રત થાય છે કે વધે છે; માટે તેમ ન કરતાં માંસાહારને અંગે નિર્દોષ પ્રાણીઓ પર ગુજરતા દુઃખ અને ઘાતકીપણાની હકીકત સામાના મનપર ઠસાવી તેની દયાની લાગણી જગાડવી; અને માંસાહારથી મનુષ્યને થતાં માનસિક અને શારીરિક નુકશાનોની યથાર્થ સાખીતી, દલીલોથી તેમજ પદાર્થજ્ઞાનના આધારથી કરી આપવી; એજ વધારે જરૂરનો, બંધબેસતો અને મારો ઉપાય છે. પદાર્થવિદ્યા તેમજ મનોવિજ્ઞાનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થએલી ખીલવણીને લીધે હાલના સમયમાં તેવી દલીલો, દૃષ્ટાંતો અને સાખીતીઓનો ટોટો પણ નથી; પરંતુ નિરામિષ ભોજી હિંદુઓનો મોટો ભાગ હજી એ સર્વથી અજ્ઞાત છે એજ દિલગીરી છે. સોમાંથી નેવું મનુષ્યોને તો લખતાં વાંચતાંજ ન આવડે એવી-કોઇ પણ સમજી સરકાર અને નેતાને લજ્જવનારી-દેશસ્થિતિની વાત તો જાણે બાજુપર રહી; પરંતુ તેવી આવડતવાળો એટલે કે અક્ષરબોધરૂપી ચક્ષુવાળો બાકીનો દસ ટકા વર્ગ પણ મોટે ભાગે સાહિત્ય તરફના લક્ષને અભાવે આવી અને બીજી અનેક સ્વપરહિતની બાબતોમાં જ્યાં છતે અક્ષરે નિરક્ષરની, છતે ચક્ષુએ અંધની, અને છતે હૃદયે કાષ્ઠની સ્થિતિ ભોગવતો હોય, ત્યાં પછી અહિંસાપ્રચાર તેમજ અનેકવિધ દેશોન્નતિ અને સમાજોન્નતિની યથાર્થ વૃદ્ધિની આશાજ શી? આવા મનુષ્યો નિરામિષ ભોજી અને "અહિંસા પરમોધર્મ" વદનારા હોય છે ખરા; પરંતુ જીવદયાની ખરી સમજણ તેમજ માંસાહારનાં ખરેખરાં નુકસાનો સમજીને તેમ હોતું નથી. માત્ર વડીલોથી ચાલતી આવેલી રૂઢી અને માન્યતાને લીધેજ એ પ્રકાર તેઓમાં ઉતરી આવેલો હોય છે; એટલે પછી અન્ય માંસાહારી જનોને તો તેઓ મજબૂત દલીલો અને સાખીતીઓથી સમજાવીજ ક્યાંથી શકે? એવી કેટલીક દલીલો વગેરે આ વચલા વિષયમાં સમાએલું હોવાથીજ તેને નિરામિષ ભોજી જનો માટે ઉપયોગી માની આ પુસ્તકમાં જોડવામાં આવ્યો છે. આ વિષયમાંથી તેમજ મુંબઇની જીવદયા જ્ઞાનપ્રસારક સંસ્થા-જેનું ઠેકાણું ઝવેરી બજાર માં પાંચકુવા આગળ મુંબઇમાં છે, તેના દ્વારા વખતોવખત મફત વહેંચાતાં ચોપાનીયાં વગેરેમાંથી આ વિષયની દલીલો અને સાખીતીઓ સારી પેઠે સમજી લઇને પ્રસંગોપાત પોતાના સહવાસમાં આવતા માંસાહારી બંધુઓના ધ્યાનપર મિત્રભાવે અને વિનય તથા ધીરજથી લાવતા રહેવાથી તેમાં રહેલા તેમના સત્ય હિતને લીધે તેઓપર વહેલે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોડે તેની અસર થયા વિના ભાગ્યેજ રહેશે. આ વિષય સમજ્યા પછી પણ દ્રઢ ટેવને લીધે પોતાની રૂઢી તત્કાળમાં તેઓ ન છોડી શકે તો તે સંભવિત છે, પરંતુ છેવટે તો અંતરમાં ઠસી ચૂકેલો એ શુભ વિચાર વહેલે કે મોડે, આ નહિ તો પરભવમાં પણ શુભાચારરૂપે અમલમાં આવ્યા વિના રહેશેજ નહિ.

આ " પ્રભુનાં નાનાં બાળ " વાળો વિષય અનુવાદકે ઇ. સ. ૧૯૧૦ માં તૈયાર કરેલો હોઇ તેની એ આવૃત્તિ અગાઉ તેમના તરફથી પ્રસિદ્ધ થઈ હતી. બાકીના બંને વિષયો પ્રથમવારજ પ્રકટ થાય છે. જે વિષે કેટલુંક વિવેચન આ પછી અપાયલી અનુવાદકની પ્રસ્તાવનામાં આવેલું જણાશે.

શ્રીયુત મણિલાલ નથુભાઈ દોશીએ પોતાની અનેક રોકાણો વચ્ચે આ કાર્ય કરવાનું સ્વીકારીને તે બાતે જે શ્રમ લીધો છે, તે બદલ તેમને સપ્રેમ ધન્યવાદ આપી **ૐ તત્સત્.**

સં. ૧૯૭૨ શ્રાવણી પૂર્ણિમા. **મંત્રી.** સ. સા. વ. કા.

તા૦ ક૦ આની પહેલાં આપેલી **" નવા નીકળેલા ગ્રંથો "** વિષેની માહિતી તરફ તેમજ ગ્રંથ પુરો થયા પછી આપેલા **ગ્રંથ-સ્વીકાર**ના વિષય તરફ વાચક બંધુઓનું ખાસ લક્ષ ખેંચવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુવાદકની પ્રસ્તાવના.

જગતના જીવો જ્યારે સ્થૂલ ભુવનની ક્ષણિક, દુઃખગર્ભિત, અને મળ્યા પછી પણ તૃપ્તિ ન આપતાં સુખનાં બીજાં સાધનોની લાલસા ઉત્પન્ન કરતી વસ્તુઓ પાછળ રાતદિન ભમ્યા કરે છે, અને ખરૂં સુખ, શાન્તિ અને આનંદ અનુભવવાના સત્ય માર્ગથી દૂર ભાગતા માલૂમ પડે છે; તે સમયે ખરી શાન્તિ, શક્તિ, પ્રેમ, આરોગ્ય, આંતર પ્રતિભા વગેરે આત્માના શાશ્વત ગુણો તરફ લક્ષ દોરવા પ્રયત્ન કરવામાં આવે તો તે અતિ આવશ્યક ગણાવું જોઇએ.

મનુષ્ય પોતાનું ખરૂં સ્વરૂપ ભૂલી પોતાના સ્થૂલ દેહ કે વાસના કે વિચારની સાથે પોતાનો અભેદ હોય એમ માની ઘણુંજ સંકુચિત, સ્વાર્થમય, અને બળહીન જીવન ગાળે છે. પોતાનુ ખરૂં સામર્થ્ય શું છે તેનો તેને લેશ પણ ખ્યાલ નથી. પોતાના વિચારમાં કેટલું અનંત બળ છુપું રહેલું છે, તેનું તેને ભાન પણ નથી. ખાન, પાન, ધનપ્રાપ્તિ અને વંશવૃદ્ધિ કરવામાંજ જીવનની મહત્ત્વાકાંક્ષાની પર્યાપ્તિ થતી હોય, એમ જેઓને લાગે છે; તેઓનું જીવન કેવળ દુઃખમય, કલેશમય, અશાન્ત અને આનંદરહિત હોય તેમાં આશ્ચર્ય શું ?

જગતમાં એવા ઘણા મનુષ્યો છે કે જેઓની આંખપર સહજ પડળ વળેલું છે, તેઓને આ પુસ્તકમાં વર્ણવેલો કિમતી બોધ અવશ્ય લાભકારી થશે એમ મને લાગે છે. આપણા પ્રાચીન તત્ત્વજ્ઞાનના સિદ્ધાન્તો આ પુસ્તકમાં એવા તો સરલ રૂપમાં અને એવા તો સચોટરૂપે ઉપદેશવામાં આવ્યા છે કે જરા ઉંડો વિચાર કરનારને તેનું સત્ય સમજ્યા વિના રહેશે નહિ.

આત્મા પરમાત્માની એકતાનો અપૂર્વ સિદ્ધાન્ત એ આ પુસ્તકનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજ છે. જેટલા પ્રમાણમાં મનુષ્ય જ્ઞાનપૂર્વક તે એકતાનો સ્વીકાર કરી તેનો અનુભવ કરવા પ્રયત્ન કરે છે તેટલા પ્રમાણમાં પરમાત્મામાં રહેલી પૂર્ણ શક્તિ, પૂર્ણ શાન્તિ, પૂર્ણ આરોગ્ય, અને પૂર્ણ જ્ઞાન વગેરે પ્રાપ્ત કરી શકે છે.

આ અનુભવ કરવા માટે પ્રભુએ આપણને મોટામાં મોટું સાધન જે આપ્યું છે, તે વિચારશક્તિ છે. મનુષ્ય પોતાની ભાવના પ્રમાણે સૂક્ષ્મ સૃષ્ટિ રચે છે, અને તે ભાવના વધારે દૃઢ અને નિયમિત થતાં તે સૂક્ષ્મ સૃષ્ટિ સ્થૂળરૂપમાં પ્રકટ થાય છે. છાંદોગ્યોપનિષદ્‌માં કહ્યું છે કે:—**अथ खलु क्रतुमयः पुरुषः**

મનુષ્ય વિચારની કૃતિ છે, જેવો વિચાર કરે છે તેવો તે થાય છે.

॥ ईश्वरः सर्व भूतानां हृद्देशेऽर्जुन तिष्ठति। હે અર્જુન! પ્રભુ સર્વના હૃદયમાં રહેલો છે. પાપીમાં પાપી અને મહાત્મામાં પણ તેજ પ્રભુની શક્તિ કામ કરી રહેલી છે. ભેદમાત્ર ઉપાધિનો છે. સ્વરૂપમાં પ્રભુ અને મનુષ્ય એક છે; માટે મનુષ્યના સ્થૂળ શરીર કે વાસના શરીર કે માનસિક શરીર તરફ નજર ન કરતાં તેના પાછળ રહેલા પ્રભુ તરફ દૃષ્ટિ કરવાનું આ પુસ્તક શીખવે છે. જે મનુષ્ય પોતાનાં શરીરોની પાછળ રહેલા પ્રભુને જુએ છે–અનુભવે છે તેજ મનુષ્ય બીજાઓનાં શરીરોની વિવિધતા પાછળ રહેલા પ્રભુને જોવા સમર્થ થાય છે અને સર્વમાં પ્રભુને જુએ છે. તે પાપિષ્ટ મનુષ્યથી પણ દૂર ભાગતો નથી; કારણકે તેમાં પણ પ્રભુનું ચૈતન્ય તે જોઈ શકે છે, અને તેને પણ સીધે માર્ગે લાવવા સ્વાભાવિક પ્રેમથી દોરવાય છે.

"તમારા આત્મામાં રહેલા દિવ્ય સામર્થ્યમાં વિશ્વાસ રાખો; તમેજ તમારા ભવિષ્યના નિયંતા છો; તમારામાં મહાત્મા, ઋષિ, જગદુદ્ધારક, બુદ્ધ–તીર્થંકર–કે પેગંબર થવાનું બળ સ્વરૂપ રહેલું છે તેને પ્રકટ કરો,"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બોધની ઉદ્‌ઘોષણા પૂર્ણ સામર્થ્યથી આ પુસ્તકમાં કરવામાં આવેલી છે.

પ્રિય વાંચક ! આવી અનેક ઉત્તમ ભાવનાઓથી ભૂષિત અમૂલ્ય પુસ્તક લખવાનું પૂર્ણ માન તેના મૂળ લેખક સાધુચરિત, જીવદયાના હિમાયતી **રાલ્ફ વાલ્ડો ટ્રાઇન** નામના એક **અમેરિકન** વિદ્વાનને ઘટે છે. તેઓ પ્રખ્યાત તત્ત્વવેત્તા **ઇમર્સન**ના વિચારોના અનુયાયી છે, અને પૂર્વ દેશની ભાવનાઓ પ્રાશ્ચાત્ય સ્વાંગમાં તેઓ એવી તો મનોહર રૂપે સ્વાનુભવના બળ સાથે રજુ કરે છે, કે આપણે તે ભાવનાઓને આપણી માતૃભાષામાં પાછી લાવવા આકર્ષાઇએ તો એમાં કાંઇ અસ્વાભાવિક નથી. આ ' પ્રભુમય જીવન ' નામનું પુસ્તક તે વિદ્વાન અનુભવી ગ્રન્થકારે લખેલા " In Tune with the Infinite. " નામના ગ્રન્થનો અનુવાદ છે. શબ્દશઃ ભાષાંતર કરવા જતાં ભાવનાને ક્ષતિ પહોંચવાનો વિશેષ સંભવ રહે છે; માટે તે પુસ્તકની ભાવનાઓને સમજી આપણી માતૃભાષામાં તે ઉતારવાનો આ પ્રયત્ન છે. તે કેટલે અંશે સફળ થયો છે, તે વિચારવાનું કામ વાંચકવૃન્દને સોંપું છું. જ્યાં જ્યાં ઉત્તમતા દેખાય ત્યાં સર્વ માન તેના મૂળ લેખકને ઘટે છે. જ્યાં કાંઇ ના સમજાય અથવા અપૂર્ણતા લાગે ત્યાં દોષ આ લેખકનો છે, એમ માનવું.

મૂળ અંગ્રેજી પુસ્તકના નામનો શબ્દશઃ અર્થ કરીએ તો આ પુસ્તકનું નામ 'અનંત સાથે એકતા અથવા તો અનંતતત્ત્વ સાથે અભેદ', એને મળતો થાય છે, અને તેનોજ ભાવાર્થ લઈ ' પ્રભુમય જીવન ' એ નામ રાખ્યું છે. ઑ. રાવ બહાદુર રમણભાઇ મહીપતરામે એજ મથાળાવાળું જે ઉત્તમ કાવ્ય લખેલું છે, તે અત્ર મૂકવું ઉચિત ધારૂં છું.

પ્રભુમય જીવન (તોટક છંદ.)

મુજ જીવન આ પ્રભુ તુંથીં ભરૂં, બલ દે, અભિલાષ હું એહ પૂરૂં;
મુજ દેહ વિષે, વળી આત્મ વિષે, જડ ચેતનમાં પ્રભુ વાસ વસે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુજ રક્ત વિષે, મુજ નાડીઁ વિષે, મુજ દ્રષ્ટિ વિષે, મુજ વાણીઁ વિષે;
મુજ તર્ક વિષે, મુજ કર્મ વિષે, પ્રભુ ! વાસ વસો મુજ મર્મ વિષે.
શિરમાં, ઉરમાં, મુખમાં, કરમાં, પ્રભુ વ્યાપીઁ રહો મુજ અંતરમાં!
મુજ જીવન કેરું રહસ્ય ઉંડું, ધન પ્રેરક ચાલક શાસક તું.
ધરીંને ઉરમાં રસની પ્રતિમા–જહીં ઉન્નતિનો સ્થિર છે મહિમા–
સ્મરીં આકૃતિ એ નિજ પીંછી ધરે, અનુસારજ ચિત્ર પછી ચીંતરે.
જ્યમ ચિત્રક એ મનમૂર્તિવડે, બહુ સુંદર ઉત્તમ સૃષ્ટિ રચે;
ત્યમ જીવનના પટની ઉપરે, મુજ લેખન તે તુજ સાક્ષીં પુરે.
પ્રભુ ! મુદ્રિત અંકિત તું હૃદમાં, કૃતિ આ બધીં ત્વન્મય હો જગમાં;
મુજ વર્તનથી છબીં જે બની રે', તુજ ઉજ્જવલ રૂપનીં ઝાંખી દીંએ.

૧૯૦૨ માં આ પુસ્તક પ્રથમ મારા વાંચવામાં આવ્યું ત્યારથી જ એ પુસ્તકના વિચારોની ઉત્તમતા જોઈ તેપર મને સ્વાભાવિક પ્રીતિ થઈ હતી; કારણકે તેમાં આર્યશાસ્ત્રોની મહાભાવનાઓ સાંકેતિક શબ્દોના વમળમાં નાખ્યા વિના બુદ્ધિ અને હૃદય બન્નેને રૂચે તેવા રૂપમાં પ્રકટ કરવામાં આવેલી છે. ૧૯૧૪ માં સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયના મંત્રી સ્વામી શ્રી અખંડાનંદજીની ઇચ્છાથી મેં તેનો અનુવાદ કરવાનું કામ હાથ ધર્યું, પણ અવકાશ ઓછો હોવાથી તે કામને ધાર્યા કરતાં વધારે વિલંબ થયો છે.

આ પુસ્તક સાથે તેજ વિદ્વાન મહાશય મી. ટ્રાઈનિના બીજાં બે પુસ્તકો Every living creature અને Character Building ના અનુવાદ પણ આપવામાં આવ્યા છે. પહેલામાં મનુષ્ય તરીકે પ્રભુનાં નાનાં બાલ–પશુ વર્ગ તરફ આપણી શી ફરજો છે, તે બતાવવામાં આવ્યું છે; તથા તેમની તરફ દીલસોજી, દયા રાખવાથી તેમની તથા આપણી પોતાની ઉન્નતિ કેવી રીતે થાય છે તે બાબત અનેક સવાલો લઈને ચર્ચવામાં આવી છે. છેલ્લું નાનું પુસ્તક ચારિત્રને લગતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. આપણા ચારિત્રનો મુખ્ય આધાર આપણા વિચારપર છે. જેવો વિચાર તેવું કાર્ય, જેવું કાર્ય તેવી ટેવ અને જેવી ટેવ તેવો સ્વભાવ. આ પ્રમાણે સ્વભાવ–ચારિત્રનો મૂળ પાયો વિચારજ છે, એ બાબત દૃષ્ટાંતો સાથે સ્પષ્ટ શબ્દોમાં દર્શાવવામાં આવી છે.

આવું સુબોધક પુસ્તક જનસમાજ આગળ રજુ કરવાનો જે પ્રસંગ સ્વામીજીએ મને આપ્યો છે, તે બાતર મારી જાતને ભાગ્યશાળી માનું છું; કારણ કે સારા વિચારો બહોળા પ્રમાણમાં ફેલાવવાને સસ્તા સાહિત્યનું બાતું બહુ ઉત્તમ છે. આ સ્થળે સસ્તા સાહિત્યે અનેક સુબોધક, પવિત્ર ભાવનાવાળાં, ઉચ્ચ ચારિત્ર નિરૂપણ કરનારાં પુસ્તકો પ્રકટ કરી ગુજરાતી ભાષા જાણનારી આલમ ઉપર જે ઉપકાર કર્યો છે; તેની નોંધ લેવી હું ઉચિત ધારૂં છું અને સ્વામીશ્રીની અખંડ નિષ્કામ સેવા, કર્ત્તવ્ય પરાયણતા અને સત્ય સંન્યાસી જીવન ઉપર એ સંસ્થાની સફળતાનો આધાર છે, એ વિચારતાં મારા હૃદયને સ્વાભાવિક આનંદ ઉપજે છે.

આ અનુવાદ તૈયાર થયા પછી તે તપાસી તેમાં યોગ્ય ફેરફારો સૂચવવા માટે મારા સ્નેહી મિત્ર રા. રા. ગણેશ બચાજી સપ્રે. બી. એ. તથા સ્વામીશ્રી અખંડાનંદજીનો આ સ્થળે હૃદયપૂર્વક આભાર માનું છું.

રતનપોળ અમદાવાદ.
૧૯૭૨. જ્યેષ્ઠ કૃષ્ણપ્રતિપદા.

મણિલાલ નથુભાઇ દ્વારકી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાલ્ફ વાલ્ડો ટ્રાઇનના જીવન સંબંધી ટુંક નોંધ.

મી. ટ્રાઇનનાં પુસ્તકોમાં પ્રકટ થયેલ બળ અને શાંતિ જોઈ લોકો માનવાને દોરવાય છે કે તેણે વર્ણવેલી ઉચ્ચ દશા તેણે અનુભવી હશે, અને તે પ્રાપ્ત કરવાની અનુકૂળતા તેને મળીજ હશે. પ્રથમનું અનુમાન ખરૂં છે; પણ તેના સંયોગો અનુકૂળ કે સુખમય હતા, એવો ખ્યાલ તદ્દન ખોટો છે; કારણકે શાંતિ અને ધૈર્ય પ્રાપ્ત કરનારા ઘણા પુરૂષોની માફક તે પણ અનેક હાડમારીઓમાંથી પસાર થયો છે.

મી. ટ્રાઇનનો જન્મ અમેરિકામાં ઇલીનોઇસ પરગણામાં માઉન્ટ મોરીસ ગામમાં સન ૧૮૬૬ માં થયો હતો. બાલ્યાવસ્થાથીજ તે ગરીબાઈ અને દુઃખમય સ્થિતિમાં ઉછર્યો હતો; અને તેનામાં માલૂમ પડતી ધીરજ, ખંત અને ધૈર્ય વગેરે ગુણો મોટે ભાગે તેની એવી પરિસ્થિતિને લીધેજ ખીલ્યા છે, એમ નિઃસંશય કહી શકાય.

તેનો ઇરાદો કાર્થેજ કૉલેજ એકેડેમીમાં અભ્યાસ કરવાનો હોવાથી તે માટે જોઇતું દ્રવ્ય તેણે લાકડાં કાપીને અને એવુંજ બીજું કામ કરીને મેળવ્યું હતું. તેની પાસે અભ્યાસ કરવા જતી વખતે માત્ર ૨૪૦ રૂપીઆ હતા. આટલી નાની રકમ ઉપર તેના કરતાં કમ હિંમત અને નિશ્ચયવાળા વિદ્યાર્થીએ આ પગલું કદાપિ ભર્યું ન હત. ત્યાંનો અભ્યાસ પૂરો કર્યા પછી તે નોક્ષ કૉલેજમાં જોડાઇને ૧૮૯૨ માં ગ્રેજ્યુએટ થયો, અને તે પછી પોતાના ગામમાં તે કેશીઅર નીમાયો.

તે ભવિષ્યમાં કેવો થશે અને તેના વિચારો કેવું રૂપ લેશે, તેનો પુરાવો તેના કૉલેજના અભ્યાસમાં બીજા વર્ષમાં મળી આવ્યો. અમેરિકાના દયાધર્મ વર્ધક મંડળે "ગુન્હા અટકાવવામાં દયામય કેળવણીની અસર" એ વિષય ઉપર સૌથી ઉત્તમ નિબંધ લખનાર કોઇ પણ કૉલેજના વિદ્યાર્થીને ૨૫ પાઉંડનું ઇનામ આપવાનું જાહેર કર્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મી. ટ્રાઇનનો નિબંધ કમીટીએ સૌથી ઉચ્ચ કોટિનો ગણ્યો; કારણ કે તેમાં તેની ઉત્તમ લેખનશૈલી તેમજ તે વિષયસંબંધી દીલસોજી પ્રકટ જણાઇ આવ્યાં હતાં. વીસકોન્સીન યુનીવર્સીટીમાં એક વર્ષ ગાળ્યા પછી તેણે બાલ્ટીમોર જ્હોન હોપકીન્સ યુનીવર્સીટીમાં જેડાઈ ધતિહાસ રાજકીય અને સામાજિક શાસ્ત્રનો અભ્યાસ કર્યો. આ સઘળો સમય બાનગી શિક્ષણ આપી તેણે ગુજરાન ચલાવ્યું હતું.

જ્યારે આપણે વિચારીએ છીએ કે મી. ટ્રાઇન એકાંત અને જોખમદારી વિનાના સંયોગોમાં નહિ પણ વિવિધ અને કસોટી કાઢે તેવા પ્રસંગોમાંજ રહ્યો છે, ત્યારે તેની કલમ અને તેના જીવનની ભવ્યતા આપણાપર બમણી અસર કરે છે. તેણે શિક્ષણ અને ભાષણ આપવા ઉપરાંત ઘણા પ્રકારની હાથમજુરી કરી છે; ઉદ્યોગ કર્યા છે અને વર્તમાનપત્રના ધંધામાં પણ કામ કર્યું છે. કેટલીકવાર તો શહેરના મોટા લત્તામાં કામવગરના અને ભૂખ્યા ફરવાનો પણ તેને પ્રસંગ આવેલો છે.

કેટલાંક વર્ષથી તે સમાજ તથા અર્થશાસ્ત્રને લગતા કામમાં ઘણોજ અગત્યનો ભાગ લે છે. તેનાં પુસ્તકો 'ચૈતન્યપ્રદ પુસ્તકો' તરીકે અમેરિકામાં ગણવામાં આવ્યાં છે.

તેનાં પુસ્તકોની દરેક દેશમાં ચારે બાજુએથી માગણી થાય છે. લોકો સદ્ધર્મની શોધમાં છે, એ વાતની આ માગણીથી સાખીતી મળે છે. તેનાં પુસ્તકોનાં અનેક ભાષામાં ભાષાંતર થયાં છે.

તેની ભાષામાં ખાસ માધુર્ય રહેલું છે. તે ઉચ્ચમાં ઉચ્ચ તત્ત્વ-જ્ઞાનના વિચારો ઘણીજ રસમય અને સરલ વાણીમાં પ્રકટ કરી શકે છે. તેનો સંદેશો અભણ તેમજ શિક્ષિતવર્ગ એકસરખી રીતે વાંચી સમજી શકે છે. તેની લોકપ્રિયતાનું મુખ્ય કારણ એ છે કે તે હૃદયથી અને જાતિ અનુભવથી બોલે છે, તેમજ હૃદયની ભાવનાઓને સારા સ્વાંગમાં બીજાઓ સંમુખ જણાવવાની તે અનુપમ શક્તિ ધરાવે છે.

(બુકનોટસ સપ્લીમેન્ટપરથી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રભુમય જીવન

વિષય.	પૃષ્ઠાંક.
પ્રસ્તાવ.	૧
વિશ્વનું ઉત્તમોત્તમ સત્ય....	૩
મનુષ્યજીવનનું સર્વોત્તમ સત્ય.	૮
આરોગ્ય અને શારીરિક બળ.	૩૦
પ્રેમનો પ્રભાવ.... ...	૭૧
જ્ઞાન અને પ્રતિભા. ...	૮૭
સંપૂર્ણ શાન્તિ. ...	૧૧૪
પૂર્ણ શક્તિની પ્રાપ્તિ. ...	૧૨૮
વૈભવપ્રાપ્તિ.	૧૪૩
મહાત્મા, જ્ઞાની, ઋષિ અને જગદુદ્ધારક થવાનો નિયમ.	૧૫૭
સર્વ ધર્મોનું સમાન તત્ત્વ.	૧૬૩
સર્વોત્કૃષ્ટ લક્ષ્મીનો અનુભવ કરવાનો માર્ગ. ...	૧૭૬

પ્રભુનાં નાનાં બાલ

લેખકના બે બોલ. ...	૧૮૨
માતપિતાનું કર્ત્તવ્ય. ...	૧૮૩
હૃદય-કેળવણી. ...	૧૮૭
શિકાર (મૃગયા). ...	૧૯૧
પ્રાણીઓ ઉપર અખતરા નિમિત્તે થતી નિર્દયતા.	૧૯૬
પુચ્છછેદન.	૧૯૮
ઢોરને દેશાન્તર મોકલવાની રીત.	૨૦૦
પોશાક અને ફેશન. ...	૨૦૧
માંસભક્ષણનો ત્યાગ. ...	૨૦૫
જે માંસનું ભક્ષણ કરતો નથી તેજ ખરેખરો દયાળુ છે....	૨૧૪
ખોરાકમાં સુધારો કરવાની હિમાયત.	૨૨૩
ભૂતદયા.	૨૩૩
અપરાધીઓ તરફ આપણું વર્ત્તન.	૨૩૭
પ્રાણીઓને રહેવાનાં સ્થાન (પાંજરાપોળો). ...	૨૪૫
અમર આત્મા... ...	૨૫૨
હૃદયની કેળવણી. ...	૨૫૫
ચારિત્ર અને વિચાર.	૨૬૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુમય જીવન

પ્રસ્તાવ

આ વિશ્વમાં બે પ્રકારના મનુષ્યો છે. કેટલાક શુભદર્શી (Optimist) હોય છે, અને તેઓ દરેક બનાવમાં શુભ પરિણામજ જુએ છે; જ્યારે બીજાઓ અશુભદર્શી (Pessimist) હોય છે. પ્રકાશ અને અંધકાર વચ્ચે જેટલો ભેદ છે, તેટલોજ ભેદ આ બે પ્રકારના મનુષ્યો વચ્ચે હોવા છતાં તેઓમાંનો દરેક પોત પોતાના અમુક દૃષ્ટિબિન્દુથી અથવા અપેક્ષાથી ખરો છે, અને આ દૃષ્ટિબિન્દુ એજ દરેકના જીવનનું નિયામક છે. મનુષ્યનું જીવન શક્તિયુક્ત કે શક્તિહીન થશે, શાંતિવાળું કે દુઃખમય થશે, અથવા તો વિજયવાળું કે પરાભવવાળું થશે, તે સર્વનો આધાર તેના પોતાના એ દૃષ્ટિબિન્દુપરજ રહેલો છે.

શુભદર્શી મનુષ્ય વસ્તુઓને તેના સંપૂર્ણ સ્વરૂપમાં અને યોગ્ય સંબંધમાં જોઇ શકે છે. અશુભદર્શી પુરુષ સંકુચિત દૃષ્ટિથી અને અમુક અપેક્ષાથી તે વસ્તુઓને જુએ છે. શુભદર્શીની સમજશક્તિ જ્ઞાનના પ્રકાશથી જાગ્રત થયેલી હોય છે, ત્યારે અશુભદર્શી અજ્ઞાનમાં ગોથાં મારે છે. બન્ને પ્રકારના પુરુષો અંતરમાંથી પોતપોતાની સૃષ્ટિ રચે છે, અને તે રચનાનું ફળ કેવું આવશે તેનો આધાર દરેકના દૃષ્ટિબિન્દુપર રહેલો છે. શુભદર્શી પોતાના વિશેષ જ્ઞાનના પ્રકાશથી અને આંતર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિભાથી પોતાનું સ્વર્ગ રચે છે, અને જે પ્રમાણમાં તે પોતાને માટે સ્વર્ગ રચી શકે છે તેજ પ્રમાણમાં તે આખા વિશ્વને માટે પણ સ્વર્ગની રચના કરવામાં સહાયભૂત થાય છે. અશુભદર્શી પોતાના સંકુચિત વિચારને લીધે પોતાને વાસ્તે નરક રચે છે, અને જેટલા પ્રમાણમાં તે પોતાને માટે નરક બનાવે છે તેટલાજ પ્રમાણમાં તે મનુષ્યજાતિને સારૂ નરક રચવામાં પણ સહાયક નિવડે છે.

તમારામાં અને મારામાં, દરેકમાં કાં તો શુભદર્શીપણાના વિશેષ ગુણો હોય છે, અથવા તો અશુભદર્શીપણાનાં લક્ષણો વિશેષ હોય છે. આ કારણથી દરેક કલાકે આપણે આપણા વાસ્તે સ્વર્ગ રચીએ છીએ કે નરક બનાવીએ છીએ; અને જે પ્રમાણમાં આપણે આપણા વાસ્તે સ્વર્ગ કે નરક રચીએ છીએ તેજ પ્રમાણમાં જગતને સારૂ સ્વર્ગ કે નરક રચવામાં પણ આપણે મદદગાર થઇએ છીએ.

સ્વર્ગ એટલે સંપ–એકવાક્યતા–સંગતિ–સંવાદ–વિશાળતા; અને નરક એટલે ભેદભાવ–અસંગતિ–વિવાદ–સંકુચિતતા.

કોની સાથે સંપ થવાથી–એકવાક્યતા થવાથી મનુષ્ય સ્વર્ગીય આનંદ પ્રાપ્ત કરી શકે, અને કોની સાથે ભેદભાવ થવાથી–કોની સાથેની એકતાનતા તૂટવાથી મનુષ્યને નરકનું દુઃખ ભોગવવું પડે, એ વિચારવું એજ આ **લેખનો ઉદ્દેશ** છે, કારણ કે એ વસ્તુ સમજવાથી સ્વર્ગ કે નરક પ્રાપ્ત કરવાની કુંચી મનુષ્યના હાથમાં આવી જાય છે, જેનાવડે તે સ્વર્ગનાં દ્વાર ઉઘાડી ઉચ્ચ આનંદ અનુભવે છે, અથવા તો નરકનાં દ્વાર ખોલી દુઃખ અને દુઃખજ જુએ છે. આ બેમાંથી કયું એક પસંદ કરવું તે કામ વાચકનું પોતાનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧ લું.

વિશ્વનું ઉત્તમોત્તમ સત્ય

પરમાત્મતત્ત્વ અથવા અનંત સામર્થ્યવાળું તત્ત્વ સર્વની પાછળ છે, અને તેજ સર્વને 'જીવન' આપે છે, સર્વમાં અને સર્વદ્વારા તેજ 'પ્રકટ થાય છે.' તેજ આ વિશ્વનું ઉત્તમોત્તમ સત્ય છે, તે સ્વયંભૂ તત્ત્વમાંથીજ આ સર્વ આવ્યું છે, એટલુંજ નહિ પણ સર્વ નિરંતર તેમાંથીજ આવ્યાંજ કરે છે. જે વ્યક્તિગત જીવન છેજ, તો–પછી જેમાંથી તે જીવન આવતું હોય, તેવું તે જીવનનું કોઇ એક અનંત મૂળ પણ ચોક્કસ હોવુંજ જોઇએ. જે આ જગતમાં પ્રેમનો ગુણ આપણી નજરે પડતો હોય તો તે પ્રેમનું અનંત મૂળ પણ ચોક્કસ હોવુંજ જોઇએ. અને એજ પ્રમાણે જે આ જગતમાં કાંઇપણ જ્ઞાન માલૂમ પડતું હોય તો તે જ્ઞાન જેમાંથી ઉદ્‌ભવી શકે તેવું જ્ઞાનનું કોઈ એક અનંત અખૂટ મૂળ પણ હોવુંજ જોઇએ. આ નિયમ બળ, શાંતિ અને જગતની જડ વસ્તુઓને પણ એક સરખી રીતે લાગુ પડે છે.

આ ઉપરથી એટલું તો અવશ્ય સમજાયુંજ હશે કે સર્વની પાછળ અનંત શક્તિ અને અખૂટ ચેતનવાળું પરમાત્મતત્ત્વ રહેલું છે, જે સર્વનું મૂળ છે. જે મહાન અચળ નિયમો અને શક્તિઓ આ વિશ્વમાં વ્યાપી રહેલાં છે, અને જે આપણી આસપાસ ચારે બાજુએ આવી રહેલાં છે, તે નિયમો અને તે શક્તિઓદ્વારા આ અનંત શક્તિમય જીવન હયાતીમાં આવે છે, કામ કરે છે, અને વ્યવસ્થા કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા દરરોજના જીવનનું દરેક કાર્ય તે મહાન નિયમો અને શક્તિઓને અનુસરીનેજ થાય છે. રસ્તાની બાજુએ ઉગતું દરેક પુષ્પ વધે છે, ખીલે છે, અને કરમાય છે, તે પણ એ મહાન અચળ નિયમોનુંજ કાર્ય હોય છે. હિમના ઢગલા બંધાય છે, પડે છે, ઓગળે છે, જળરૂપ થાય છે, વરાળરૂપ થાય છે, વાદળરૂપ થાય છે, અને વળી પાછા હિમરૂપે દૃષ્ટિગોચર થાય છે, આ સર્વ ક્રિયાઓ પણ એ મહાન અચળ નિયમોવડેજ થતી હોય છે.

એક રીતે કહીએ તો આ વિશ્વમાં નિયમ સિવાય બીજું કશું છેજ નહિ. જો આ વાત સત્ય હોય તો આ નિયમોને રચનાર કાંઈક બળ–કાંઈક તત્ત્વ હોવું જોઇએ અને તે આ નિયમો કરતાં પણ વધારે સામર્થ્ય ધરાવનાર હોવું જોઇએ. એ અનંત જીવન અને અનંત બળરૂપી જે મહાન તત્ત્વ, પ્રત્યેક વસ્તુ અને સ્થિતિની પાછળ રહેલું છે; તેને આપણે પરમાત્મા કહીશું. તમે તેને પ્રકાશ કહો, સર્વશક્તિ કહો, પરમતત્ત્વ કહો, અથવા બીજું ગમે તે નામ આપો, તેથી તેમાં રતિમાત્ર ભેદ પડતો નથી. જો આપણે આ મુખ્ય બાબતમાં–વિચારમાં મળતા આવીએ તો પછી તમે તેને કયું નામ આપો છો એ બાબત મહત્ત્વની નથી.

આ ઉપરથી સમજાયું હશે કે પરમાત્મા એજ અનંત ચૈતન્ય છે, કે જે પોતાનાથી વિશ્વને ભરી નાખે છે, જેમાંથી સર્વ ઉત્પન્ન થાય છે, જેનામાં સર્વ રહે છે, અને જેની બાહ્ય કાંઈ પણ વસ્તુ અથવા સ્થિતી રહી શકતીજ નથી. વસ્તુતઃ આપણે તે પરમાત્મામાંજ રહીએ છીએ, ફરીએ છીએ, અને અસ્તિત્વ ધરાવીએ છીએ. આપણું જીવન અથવા તો આપણા જીવનનું જીવન, જે કાંઈ કહો તે તેજ છે. આપણે તેજ પરમાત્મતત્ત્વમાંથી આપણું જીવન મેળવ્યું છે, અને નિરંતર મેળવ્યા કરીએ છીએ. આપણે તે પરમાત્મતત્ત્વમાં ભાગ લેનારા–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થાત વ્યક્તિરૂપે છીએ, અને તે પરમાત્મતત્ત્વ સમષ્ટિરૂપ હોઈને તેમાં આપણે અને બીજાં સર્વ સમાઈ રહેલાં છીએ. આપણામાં અને પરમાત્મતત્ત્વમાં એટલો ભેદ રહેલો છે, છતાં પરમાત્મતત્ત્વ અને આપણું વ્યક્તિગત જીવન મૂળ વસ્તુ સ્વરૂપે તો સમાનજ છે, તેઓના મૂળ ગુણમાં અને સ્વરૂપમાં કિંચિત પણ ભેદ નથી; ભેદ માત્ર પ્રમાણનો અથવા વધતા–ઓછાપણાનોજ છે.

પ્રકાશ પામેલા ઘણા જીવો એમ માને છે કે આપણે આપણું જીવન પરમાત્મતત્ત્વમાંથી દિવ્ય પ્રવાહની માફક મેળવીએ છીએ. બીજા કેટલાક એમ જણાવે છે કે આપણા જીવનનું પરમાત્મતત્ત્વ સાથે ઐક્ય છે; મનુષ્ય અને પરમાત્મા એકજ છે. આ બન્નેમાં ખરૂં કોણ ? બન્ને ખરા છે. જો બરાબર સમજવામાં આવે તો બન્નેનું કથન સત્ય છે.

પહેલો મત આપણે વિચારીએ. જેમાંથી આ સર્વે ઉદ્‌ભવ્યું છે તે પરમાત્મતત્ત્વજ જો સર્વના આધારરૂપે રહેલું છે, તો પછી આપણું વ્યક્તિગત જીવન પણ એ તત્ત્વમાંથીજ દિવ્ય પ્રવાહરૂપે નિરંતર વહ્યાં કરે છે. જો આપણે બીજા મત પ્રમાણે વિચાર કરીએ અને એમ માનીએ કે આપણા વ્યક્તિગત જીવાત્માઓ એ પરમાત્માના વિભાગરૂપ–અંશરૂપ છે, તો પછી આપણી વ્યક્તિઓમાં પ્રકટ થએલું જીવન તેના મૂળ સાથે–પરમાત્મતત્ત્વ સાથે એકરૂપજ હોવું જોઇએ. જેવી રીતે સમુદ્રમાંથી લીધેલું જળનું બિન્દુ સ્વરૂપમાં અને લક્ષણમાં તેના મૂળસમુદ્ર સાથે એકરૂપ હોય છે, તેજ નિયમ અહીં પણ લાગુ પડે છે. આ સ્થળે ભૂલ થવાનો સંભવ છે. જો કે પરમાત્મતત્ત્વ અને વ્યક્તિજીવન તેના મૂળરૂપમાં એકસરખાં છે, છતાં પરમાત્મતત્ત્વ વ્યક્તિજીવન કરતાં એટલું બધું ઉત્કૃષ્ટ અને અમાપ છે કે તેમાં સર્વ દેશ–કાળ, વસ્તુ–સ્થિતિઓ, અને પ્રાણી પદાર્થ સમાઇ જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો મૂળસ્વરૂપ અથવા તો જાતિનો વિચાર કરતાં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્ને એકરૂપજ છે, પણ જેટલી શક્તિ વ્યક્ત થઇ છે તેનો વિચાર કરતાં તે બન્નેમાં અત્યંત અંતર દેખાય છે.

જો આ રીતે વિચારીએ તો શું એમ પ્રતીત નથી થતું કે બન્ને મતો ખરા છે? ખરા છે એટલુંજ નહિ પણ તે મતો એકજ બાબતને જુદી જુદી રીતે જણાવે છે. આપણે એક દૃષ્ટાંત લઈ આ બન્ને મતોની એકવાક્યતા વધારે સિદ્ધ કરીએ.

પર્વત ઉપર ખૂટે નહિ તેવું એક જળાશય છે, જેમાંથી ખીણમાં રહેલું એક નાનું જળાશય પાણી મેળવે છે. એ વાત પણ ખરી છે કે આ નાના જળાશયમાં રહેલું જળ તેની જાતિમાં–તેના સ્વરૂપમાં–તેના લક્ષણમાં તેના મૂળરૂપ મોટા જળાશય સાથે એક હોય છે, પણ પર્વત ઉપર રહેલા જળાશયમાં જળ એટલું બધું ભરેલું છે કે તે આવાં અસંખ્ય જળાશયોને જળ પૂરું પાડી શકે તેમ છે, અને તે છતાં પણ તેમાં જળની ખોટ કદી પડે તેમ નથી. આ રીતે બંનેના જળના જથ્થામાં મહાન ભેદ છે.

મનુષ્યના જીવનના સંબંધમાં પણ એમજ છે. બીજી બાબતોમાં આપણે ગમે તેટલો મતભેદ ધરાવીએ, છતાં હું ધારું છું કે આપણે સઘળા આ બાબતમાં તો એકજ મતપર આવી શકીશું કે સર્વની પાછળ અખૂટ ચૈતન્યરૂપ પરમાત્મા રહેલો છે, કે જે સર્વનું જીવન છે, અને જેમાંથી સર્વ જીવન (life) આવે છે; તો પછી તમારું, મારું અને સર્વ કોઈનું વ્યક્તિગત જીવન પણ એજ દિવ્ય પ્રવાહવડે અને જીવનના એજ અનંત મૂળમાંથી આવવું જોઇએ. જો આ બાબત સત્ય હોય તો મનુષ્યમાં રહેલું જીવન પણ નક્કીપણે તે ચૈતનતત્ત્વ સાથે **સ્વરૂપમાં** એકજ હોવું જોઇએ; અને એમાં ભેદ છે; તે **સ્વરૂપનો નથી, પરંતુ માત્ર પ્રમાણ** (degree)નો છે.

જો આ બાબત સત્ય હોય તો શું તે ઉપરથી એમ ફલિત થતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી, કે જેટલા પ્રમાણમાં મનુષ્ય આ દિવ્ય પ્રવાહ તરફ પોતાના હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખે છે, તેટલા પ્રમાણમાં તે પરમાત્મતત્ત્વની નજદીકમાં આવતો જાય છે, અને જેટલા પ્રમાણમાં તે નજદીકમાં આવતો જાય છે તેટલાજ પ્રમાણમાં પરમાત્માની શક્તિઓ તેનામાં પ્રકટ થવા માંડે છે? અને જ્યારે એ પરમાત્મતત્ત્વ અનંત અને અખૂટ છે તો પછી તે અનુભવવામાં **મનુષ્યને જે વિઘ્નો જણાય છે તે વિઘ્નોનો ઉત્પન્ન કરનાર પણ તે પોતેજ છે;** કારણ કે ઉપર કહેલા 'સત્ય' નું તેને 'ભાન' નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પ્રકરણ ૨ જું.

મનુષ્યજીવનનું સર્વોત્તમ સત્ય.

વિશ્વનું પરમ સત્ય આપણે ગયા પ્રકરણમાં વિચારી ગયા. તે પરમ સત્ય એ હતું કે પરમાત્મતત્ત્વજ સર્વ આધારરૂપ છે, અને તેમાંથીજ સર્વ જીવન આવે છે. હવે આ વિશ્વનું પરમ સત્ય જાણ્યા પછી મનુષ્યજીવનનું સર્વોત્તમ સત્ય શું છે તે જાણવાની આપણને સ્વાભાવિક ઇચ્છા થાય છે. દરેક વિચારવંત મનુષ્યને તો પાછલા પ્રકરણ ઉપરથી આ નવા પ્રશ્નનો જવાબ પણ મળી ગયો હશે.

તે પરમાત્મતત્ત્વ સાથે જ્ઞાનપૂર્વક સંબંધમાં આવવું અને તેમાંથી વહેતો પ્રકાશ ઝીલવાને પૂર્ણ રીતે લાયક બનવું, એ તમારા, મારા અને દરેક મનુષ્યના જીવનનું પરમ લક્ષ્ય છે. મનુષ્યના જીવનની ઉચ્ચમાં ઉચ્ચ હકીકત આજ છે; કારણ કે તેમાંજ સર્વ બાબતોનો સમાવેશ થઈ જાય છે, સર્વ બાબતો તેમાંથીજ ફલિત થાય છે. જે પ્રમાણમાં આપણે **જ્ઞાનપૂર્વક** તે પરમાત્મતત્ત્વની સાથે ઐક્ય અનુભવીએ છીએ, અને જે પ્રમાણમાં તે દિવ્ય પ્રવાહને ગ્રહણ કરવાને આપણે યોગ્ય બનતા જઇએ છીએ, તે પ્રમાણમાં તે પરમાત્મતત્ત્વની શક્તિઓ અને ગુણો આપણામાં પ્રકટ થતા જાય છે.

આનો અર્થ શું ? આનો અર્થ એજ છે કે આપણે આપણું ખરું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરૂપ જાણી શકીએ તેમ છીએ, અને જે રીતે જગતના મહાન પેગંબરો, ઋષિઓ, યોગીઓ, જગદુદ્ધારકો અને મહાન શક્તિવાળા સર્વ મહાપુરુષો જે મહાન નિયમો અને શક્તિઓ સાથે અનુકૂળ સંબંધમાં આવીને મહાન પ્રેરણાઓ અનુભવવાને લાયક થયા હતા તેજ રીતે તેજ નિયમોની સાથે આપણે પણ અનુકૂળ સંબંધમાં આવી શકીએ તેમ છીએ; કારણ કે જે પ્રમાણમાં આપણું આપણું સ્વરૂપ પીછાણીએ છીએ અને આ પરમાત્મતત્ત્વ સાથે અનુકૂળ સંબંધમાં આવીએ છીએ, તેજ પ્રમાણમાં ઉચ્ચ શક્તિઓ આપણામાં કામ કરે છે, પ્રકટ થાય છે, અને પોતાનું બળ દર્શાવે છે.

આપણે આપણા અજ્ઞાનથી આ દિવ્ય પ્રવાહ સામે આપણા હૃદયનાં દ્વાર બંધ પણ કરી શકીએ, અને આ રીતે ઉચ્ચ શક્તિઓને આપણાદ્વારા 'પ્રકટ' થતી અટકાવી પણ શકીએ. આપણામાંનો મોટો ભાગ અજ્ઞાનતાને લીધે આમ કર્યાજ કરે છે. વળી જાણીજોઇને પણ આપણે તે શક્તિઓને આપણાદ્વારા પ્રકટ થતી અટકાવી શકીએ, અને એ રીતે આપણે જે સ્વભાવસિદ્ધ **દિવ્યહક્ક** છે તેને જતો કરીએ; અથવા તો પરમાત્મતત્ત્વ સાથેનું આપણા આત્માનું સામ્ય બરાબર અનુભવીને તેના દિવ્ય પ્રવાહને આપણી અંદર વહેવડાવી શકીએ, અને તે વડે આપણામાં ઉચ્ચ શક્તિઓ–પ્રેરણાઓ પ્રકટ થઈ શકે, અને એ રીતે આપણે કે જે **નામનાજ** મનુષ્ય છીએ, તે ખરા અને દિવ્ય મનુષ્ય બની શકીએ.

દિવ્ય મનુષ્ય એટલે કોણ? જે મનુષ્ય છે, છતાં જેનામાં પરમાત્મતત્ત્વની શક્તિઓ વ્યક્ત થઈ છે, તેજ દિવ્યમનુષ્ય. આવા પુરુષ અથવા સ્ત્રીના વિકાસ (evolution) ઉપર કોઈ પણ અટકાવ નાખી શકે તેમ નથી. તેમના વિકાસમાં કાંઈ પણ અંતરાય નડતો હોય તો તેને ઉત્પન્ન કરનાર તે પોતેજ હોવાં જોઇએ. મનુષ્યજાતિના મોટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગના વિકાસમાં અડચણ નાખનાર જે કાંઇ પણ ખાસ તત્ત્વ હોય તો તે તેમનું પોતાનું અજ્ઞાનજ છે. આ અજ્ઞાનને લીધેજ "પોતે વિશાળ જીવનના ખરા અધિકારી છે" એવો ખ્યાલ તેમને આવતો નથી, અને તેથીજ મનુષ્ય જાતિનો મોટો ભાગ પોતાનું સંકુચિત સ્વાર્થમય અને દુ:ખમય જીવન વ્યતીત કરી રહ્યો છે, અને તેઓને પોતાના જીવનના ખરા સ્વરૂપનો ખ્યાલ કદિ પણ આવ્યોજ નથી હોતો.

મનુષ્યજાતિના ઘણાખરા ભાગે હજુ જાણ્યું પણ નથી કે પરમાત્મતત્ત્વ અને પોતાનું જીવન એ બન્ને વચ્ચે ઐક્ય છે. આ અજ્ઞાનને લીધેજ તે દિવ્ય પ્રવાહ તરફ તેમના હૃદયનાં દ્વાર ઉઘડયાં નથી, અને તેથી જે ઉચ્ચ શક્તિઓ તેમના દ્વારા પ્રકટ થઇ શકે તેમ છે તેને લાયક તેઓ બની શકતા નથી. જ્યારે આપણે આપણને મનુષ્ય તરીકે જ લેખીએ છીએ ત્યારે આપણે જીવન પણ મનુષ્ય તરીકેનું જ ગાળીએ છીએ, અને આપણી શક્તિઓ પણ માનુષીજ હોય છે; પણ જ્યારે આપણને **ભાન** થાય છે કે આપણે તો દિવ્ય મનુષ્ય છીએ ત્યારે આપણે જીવન પણ તેવુંજ ગાળીએ છીએ, અને તેથી દિવ્ય મનુષ્યની શક્તિઓ આપણામાં **પ્રકટ** થાય છે–પ્રકટી નીકળે છે. **જે પ્રમાણમાં દિવ્ય પ્રવાહ તરફ આપણે આપણાં હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખીએ છીએ તેટલાજ પ્રમાણમાં આપણે છેક સાધારણ મનુષ્યમાંથી બદલાઇને દિવ્ય મનુષ્ય બનીએ છીએ.**

સુંદર કમળો જેમાં ખીલી રહેલાં છે તેવું એક નિર્મળ જળનું સરોવર એક ગૃહસ્થના ખેતરની આસપાસ આવેલું છે. થોડે દૂર ઉંચાણમાં આવેલા એક મોટા જળાશયમાંથી આ સરોવરને પાણી પૂરું પાડવામાં આવે છે. મોટા જળાશયમાંથી સરોવરમાં એક નીકવાટે પાણી આવે છે, અને તે નીકને છેડે એક દરવાજો છે, કે જેનાપર પાણીની આવ–જાનો આધાર છે. તે સ્થળ અલૌકિક સૌન્દર્યવાળું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વચ્છ–નિર્મળ જળ ઉપર ગ્રીષ્મ ઋતુમાં કમળો ખીલેલાં અને ઝુલતાં જણાય છે. તેના તીરપર પણ અનેક જાતના પુષ્પના છોડવાઓ ઉગી રહેલા છે. પાણી પીવાને અને જળમાં સ્નાન કરવાને પક્ષીઓ પ્રાતઃકાળથી તે સંધ્યા સુધી આવ્યાંજ કરે છે, અને તેઓના મધુર અવાજનો નાદ ત્યાં સંભળાતોજ રહે છે. જુદાં જુદાં પુષ્પોપરથી પરાગ મેળવવાને મધુકરો પોતાનું કામ કરતાજ હોય છે. તે જળાશયની પાછળ ઘણે દૂર દૃષ્ટિ પણ ન પહોંચે ત્યાં સુધી અનેક જાતનાં ફળ–ફૂલવાળા છોડવાઓથી, વૃક્ષોથી અને લતાઓથી તે સ્થાન એક રમણીય કુંજ જેવું આનંદદાયક અને પ્રીતિકર સર્વ કોઈને લાગે છે.

આ જમીનનો માલિક એક **'દિવ્ય મનુષ્ય'** છે, મનુષ્યજાતિ તરફ તે અત્યંત પ્રેમ રાખનાર હોવાને લીધે તેની જમીનપર એમ લખવામાં આવ્યું નથી કે "આ ખાનગી જમીન છે," "કોઇને આ રસ્તે જવાની રજા નથી," "આ રસ્તેથી જનારને કાયદા પ્રમાણે શિક્ષા કરવામાં આવશે." જે રસ્તે થઇને આ રમ્ય સ્થાન તરફ મનુષ્યો આવી શકે તેમ છે, તે રસ્તાને નાકે લખવામાં આવ્યું છે કે "આ કમળસરોવર તરફ જવાની સર્વ લોકોને છૂટ છે." સઘળા લોકો આ માલિકને ચાહે છે, કારણ કે તેઓ તેના પ્રત્યે પ્રીતિ દર્શાવ્યા સિવાય રહી શકતાજ નથી. તે પણ તેમનાપર ઘણીજ પ્રીતિ રાખે છે, અને જે તેનું છે તે તેઓનું છે.

આ સ્થળે ટોળાબંધ નાનાં બાળકો આનંદ કરવાને આવતાં જણાય છે. થાકી અને કંટાળી ગયેલા પુરૂષો અને સ્ત્રીઓ આ સ્થળમાં ઘણીવાર આવે છે, અને જ્યારે તેઓ તે સ્થળમાંથી ગૃહ ભણી પાછાં વળે છે ત્યારે કોઇક અજાયબ રીતે, તેઓનાં વદન ઉપર જુદીજ જાતની લાગણી માલૂમ પડે છે. તેઓના મનપરનો બોજો ઓછો થયેલો હોય છે; અને ઘણીવાર તો પાછાં ફરતી વખતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદ સાથે આ પ્રમાણે આશિસ્ આપતાં જણાય છે કે "પરમાત્મા આપણા આ બન્ધુ-મિત્રનું ભલું કરો!" ઘણા પુરુષો તો આ સ્થળને દિવ્ય ભૂમિ અથવા દિવ્ય ઉદ્યાન તરીકે લેખે છે. આ જગ્યાનો માલિક તેને 'આત્મ-ઉદ્યાન' કહે છે; તે તેની શાંતિના કેટલાક કલાકો ત્યાંજ પસાર કરે છે. જ્યારે બધા ચાલી ગયા હોય છે ત્યારે પણ તે કેટલીક વાર આમ તેમ ફરે છે, અને ચંદ્રની જ્યોત્સ્નામાં એક બાંકડાપર બેસી આસપાસનાં પુષ્પોની સુગંધ લેતો ઘણીવાર તે જોવામાં આવે છે. તે સુંદર સ્વભાવવાળો મનુષ્ય છે. તે જણાવે છે કે આવે વખતેજ જીવનની બરી વસ્તુઓ તેને મળે છે, અને ઘણી ઉમદા અને વિજયી યોજનાઓ આવે વખતેજ એકાએક તેને પ્રેરણા'ની માફક સૂઝી આવે છે.

તે સ્થળની આસપાસનું વાતાવરણ દયા, દિલસોજી, શુભ ભાવના અને આનંદથી વ્યાપી રહેલું હોય એમ લાગે છે. ઢોર અને પશુઓ જ્યારે તે સરોવરના કિનારે જળ પીવાને આવે છે, અને આ રમ્ય સ્થાન ભણી નજર કરે છે, ત્યારે મનુષ્યોના જેટલોજ આનંદ તેમને પણ થતો હોય એમ લાગે છે. તેઓને ઉપજતા સંતોષથી તેમનાં મુખ હસતાં લાગે છે, અને તે જોઇને તેમના ભણી નજર કરનારના હૃદયમાં આનંદની ઉર્મિ ઉછળ્યા વિના રહી શકતી નથી.

તે સરોવરનો દરવાજો નિરંતર ખુલ્લો રાખવામાં આવે છે, અને તેથી ત્યાં એટલું બધું પાણી આવે છે કે ખેતરને જોઇતું પાણી પૂરું પડવા ઉપરાંત પાણી ઉભરાઈ જાય છે. તે પશુઓનાં ટોળાંને નિર્મળ અને સ્વચ્છ જળ પૂરું પાડે છે, અને પછી તે જળનો પ્રવાહ આસપાસનાં ખેતરો તરફ પણ વહેવા લાગે છે.

હવે એક સમયે આ જગ્યાના માલિકને એક વર્ષ સુધી બીજે ગામ જવું પડ્યું. તે દરમ્યાન તેણે, દુનિયા જેને 'વ્યવહારકુશળ' કહે છે એવા એક મનુષ્યને તે જાગીર ભાડે આપી. બીસ્સું ન ભરાય તેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ પણ બાબતને માટે આ નવા મનુષ્યને જરાએ સમય મળતો નહોતો. તે પદ્મસરોવર જે દરવાજાથી જળાશય સાથે જોડાયેલું હતું તે દરવાજો તેણે બંધ કરી દીધો; અને તેથી કરીને પર્વતપરથી વહેતા સ્ફાટિક જેવા નિર્મળ જળને ત્યાંથી વહી આવવાનો માર્ગ બંધ થઇ ગયો. 'સઘળાને આ કમળવાળા સરોવર તરફ આવવાની છૂટ છે' એવું જે પાટિયું તે જગ્યાના ભલા માલિકે મૂક્યું હતું તે પણ આ નવા પુરુષે ઉપડાવી લીધું. આનંદી મુખવાળાં બાળકો, સ્ત્રીઓ કે પુરુષો હવે ત્યાં ફરવા આવતાં જણાતાં નથી. દરેક વસ્તુમાં ફેરફાર કરવામાં આવ્યો. નવું જીવન આપનાર જળના અભાવે તે સરોવરનાં કમળો અને પુષ્પો સૂકાવાં લાગ્યાં, અને તેઓના રોપાઓ કાદવમાં આડા પડવા લાગ્યા. નિર્મળ અને સજીવ જળમાં આનંદ કરતી માછલીઓ ધીમે ધીમે મરવા લાગી અને તેથી તે સરોવરની પાસે આવનારને ખરાબ ગંધ આવવા લાગી. તેના કિનારાપર પુષ્પો ખીલતાં બંધ થઈ ગયાં. જળ પીવાને અને તેમાં ક્રીડા કરવાને આવતાં પક્ષીઓ અટકી ગયાં, મધુકરોનો આનંદ-જનક **ગણગણાટ** બંધ થઈ ગયો અને સરોવરમાંથી જળ ઉભરાઇને ખેતરમાં વહેતું હતું તે બંધ થવાથી ઢોર અને પશુઓને મળતું નિર્મળ જળ અટકી જવાથી હવે પશુઓ પણ ત્યાં આવતાં બંધ થયાં.

આ સરોવરની અત્યારની અને પ્રથમની સ્થિતિમાં જે ભેદ જણાતો હતો તેનું કારણ એજ હતું કે **પર્વતપરના જળાશયમાંથી વહેતા જળને સરોવરમાં આવવાનો જે દરવાજો હતો તે બંધ કરવામાં આવ્યો હતો;** અને આ રીતે તે સરોવરને જીવન્ત જળ મળતું બંધ થઈ ગયું હતું. આ પ્રમાણે જળપ્રવાહ બંધ કરવામાં આવવાથી તે સરોવરની શોભા નાશ પામી ગઈ, એટલુંજ નહિ પણ આસપાસનાં ખેતરો (જેમને આ સરોવરમાંથી જળ મળતું હતું તે) પણ જળરહિત થયાં, અને તે સરોવરમાં જળ પીવાને આવતાં ઢોર પણ અટકી ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બનાવ મનુષ્યના જીવનને મળતો આવે છે, એમ શું આપણી દૃષ્ટિએ નથી પડતું? જે પ્રમાણમાં આપણે પરમાત્મ-તત્ત્વ સાથેનું આપણું ઐક્ય અને સંબંધ સ્વીકારીએ છીએ, અને જે પ્રમાણમાં તેના દિવ્ય પ્રવાહને ગ્રહણ કરવાને આપણા જીવનનાં દ્વાર આપણે ખુલ્લાં રાખીએ છીએ, તથા જે પ્રમાણમાં આપણે એ સર્વત્ર સૌથી શ્રેષ્ઠ, સૌથી વધારે શક્તિમાન્ અને સૌથી સુંદર તત્ત્વની સાથે એકરૂપ થઇએ છીએ, તેજ પ્રમાણમાં આપણામાંથી જીવનપ્રવાહ ચારે બાજુએ વહેવા લાગે છે, અને આપણી સાથે સંબંધમાં આવનાર મનુષ્યોને પણ આપણા તે સાક્ષાત્કારનો લાભ મળે છે. વિશ્વના સૌથી શ્રેષ્ઠ અને ઉત્તમ તત્ત્વને ચાહનાર એવા તે આપણા મિત્રનું આ 'કમળ-સરોવર' છે. જે પ્રમાણમાં આ 'પરમાત્મતત્ત્વ' સાથેનું આપણું ઐક્ય સ્વીકારવામાં આપણે નિષ્ફળ નિવડી ને એ દિવ્ય જીવનપ્રવાહ સામે આપણે આપણા હૃદયનાં દ્વાર બંધ કરીએ છીએ, તે પ્રમાણમાં આપણે એવી સ્થિતિમાં મૂકાઇએ છીએ કે જેથી કરીને આપણને જગતમાં કાંઈ પણ સુંદર અથવા સામર્થ્યવાળું તત્ત્વ જડતું નથી; અને જ્યારે આમ બને છે, ત્યારે આપણી સાથે સંબંધમાં આવનારને પણ લાભ નહિ મળતાં હાનિજ થાય છે.

આ 'કમળસરોવર' અને તમારા કે મારા જીવનમાં એક ભેદ છે. જે મોટું જળાશય તેનું મૂળ છે, તેમાંથી વહેતા જળને પોતામાં આવવા દેવાને વચલા દરવાજાને ઉઘાડવાનું બળ આ સરોવરમાં નહિ હોવાથી એ બાબતમાં તે નિરાધાર હોઇને તેને બાહ્ય સાધનપર આધાર રાખવો પડે છે; પણ તમારા ને મારામાં તો તે **સત્તા** રહેલી છે. તે દિવ્ય જીવનપ્રવાહ તરફ આપણા હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખવાં કે બંધ કરવાં, તે **આપણી સત્તા**ની વાત છે. મનની સત્તાથી, વિચારના બળથી, આ સત્તા આપણામાં વિકસિત થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દિવ્યજીવન' પરમાત્મતત્ત્વમાંથી ઉદ્‌ભવે છે, અને તેથી પરમાત્મ-તત્ત્વ સાથે તેને સંબંધ છે. આ સ્થૂલ જીવનને આપણી આસપાસ આવેલી જડ દુનિયા સાથે સંબંધ છે, અને 'વિચાર' તે બન્નેને જોડી આપે છે. 'દિવ્યજીવન' અને 'સ્થૂલજીવન'ને જોડનારી વસ્તુ 'મન' અથવા 'વિચાર' છે.

આ વિષયપર વધારે વિવેચન કરવા પહેલાં આપણે **વિચારનું** સ્વરૂપ જાણવાનો પ્રયત્ન કરીએ. ઘણીવાર ધારવામાં આવે છે તેમ 'વિચાર' એ અનિશ્ચિત કલ્પના અથવા હવાઇ ખ્યાલ નથી; પરંતુ તે એક પ્રબળ, સૂક્ષ્મ અને જગતની મોટામાં મોટી અનિવાર્ય શક્તિ છે.

વિચાર એ શક્તિ છે, તે સાબીત કરવા માટે હાલમાં પ્રયોગ-શાળામાં પ્રયોગો કરવામાં આવે છે. તેઓને અમુક આકાર, રંગ, ગુણ અને શક્તિ હોય છે, અને વિચારનું પણ શાસ્ત્ર છે, એમ તે પ્રયોગોદ્વારા આપણને માલૂમ પડતું જાય છે. વિચારશક્તિદ્વારા જે ઉત્પાદક શક્તિ પ્રકટ થાય છે, તે શક્તિ માત્ર નામની નહિ પણ વાસ્તવિક હોય છે.

આપણી આસપાસ આવેલી જડ દુનિયાની દરેક ચીજની ઉત્પ-ત્તિનું પ્રથમ મૂળ વિચારજ છે; તે વિચારજ પાછળથી આકાર લે છે. પ્રત્યેક કિલ્લો, પ્રત્યેક મૂર્તિ, પ્રત્યેક ચિત્ર, પ્રત્યેક યંત્ર–ટુંકમાં કહીએ તો પ્રત્યેક જડ વસ્તુની ઉત્પત્તિ પ્રથમ તેના ઉત્પાદકના મનમાં વિચારરૂપે ઉદ્‌ભવ્યા પછીજ દૃશ્ય યા સ્થૂલ રૂપમાં તે પ્રકટ થઈ હોય છે. જે વિશ્વમાં આપણે રહીએ છીએ, તે વિશ્વ પણ સર્વના આધારભૂત પરમાત્માના વિચારનુંજ ફળ છે. આપણને માલૂમ પડયું છે તેમ જો આ વાત સત્ય હોય કે પરમાત્માની સાથે સ્વરૂપથી આપણે એકજ છીએ, અને તેથી પરમાત્મતત્ત્વ સાથે આપણું ઐક્ય છે, તો પછી જેટલા પ્રમાણમાં આપણે એ તત્ત્વ સાથે જ્ઞાનપૂર્વક ઐક્ય અનુભવીએ, તેટલા પ્રમાણમાં આપણી આંતરિક આધ્યાત્મિક વિચારશક્તિઓવડે આપણામાં પણ પરમાત્મ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્ત્વના જેવી ઉત્પાદક શક્તિ પ્રકટ થાય તેમાં શું આશ્ચર્ય છે ?

પ્રત્યેક વસ્તુ દૃશ્ય જગતમાં પ્રકટ થાય યા જોવામાં આવે તે પહેલાં તે અદૃશ્ય જગતમાં હયાતી ધરાવતી હોય છે. આ ઉપરથી એ ફલિત થાય છે કે અદૃશ્ય જગત સત્ય છે, અને દૃશ્ય જગત અસત્ય છે; અદૃશ્ય જગત કારણરૂપ છે, અને દૃશ્ય જગત કાર્યરૂપ છે. અદૃશ્ય વસ્તુઓ નિત્ય છે, ત્યારે દૃશ્ય વસ્તુઓ અનિત્ય અને પરિણામી છે.

'શબ્દની શક્તિ' એ અક્ષરસઃ શાસ્ત્રીય સત્ય છે. આપણે પ્રથમ વિચારી ગયા કે વિચારોના પ્રભાવથી આપણામાં ઉત્પાદન શક્તિ પ્રકટ થાય છે. જેને આપણે બોલાયેલો શબ્દ કહીએ છીએ, તે ફક્ત આંતર્ શક્તિઓના કાર્યનું બાહ્યસ્વરૂપજ છે. વિચારની શક્તિઓજ એકત્ર થઈને શબ્દોદ્વારા અમુક રૂપમાં પ્રકટ થાય છે. તે શક્તિઓ બાહ્યરૂપમાં અથવા સ્થૂલ સ્વરૂપમાં પ્રકટ થાય તે પૂર્વે એકાગ્રતાની અથવા મનના અમુક પ્રકારના વલણની જરૂર છે. 'હવામાં કિલ્લા બાંધવા' એ વિષય સંબંધી લોકો અનેક પ્રકારની વાતો કરે છે, અને હવામાં કિલ્લા બાંધવાની ટેવવાળા તરફ લોકો માનની દૃષ્ટિથી જોતા નથી; પણ જમીનપર આપણને રહેવાને યોગ્ય કિલ્લાઓ આપણે બાંધીએ, તે પૂર્વે આપણે અવશ્ય હવામાં કિલ્લા બાંધવાજ પડે છે. હવામાં કિલ્લા બાંધવા એ બાબત કાંઈ ખોટી નથી, પણ તેમાં અડચણ એટલીજ હોય છે કે તે હવામાં કિલ્લા બાંધનાર પુરુષ તેથી આગળ વધીને પોતાના જીવનમાં, ચારિત્રમાં, સ્થૂલ રૂપમાં તે કિલ્લાઓને મૂર્તસ્વરૂપ આપતો નથી; તે મનુષ્ય તે હવાઈ કિલ્લા બાંધવામાં મોટું અગત્યનું કામ કરે છે, પણ તેટલુંજ અગત્યનું બીજું કામ તે રહેવા દે છે, એજ તેની ભૂલ છે.

વિચારશક્તિના સંબંધમાં એક અગત્યની બાબત એ છે કે વિચારમાં પોતાના જેવા બીજા વિચારોને પોતાના તરફ ખેંચવાનું બળ રહેલું છે, અને વિશ્વમાં તેમજ વિચારશક્તિની બાબતમાં એક મહા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમ પ્રવર્તી રહેલો છે કે સમાન વસ્તુઓ એક બીજાને પોતાના તરફ આકર્ષે છે. આપણે આપણા વિચારોને અનુકૂળ હોય તેવી શક્તિઓ અને સંયોગોને નિરંતર દૃશ્ય અને અદૃશ્ય દુનિયામાંથી આપણા ભણી આકર્ષ્યા કરીએ છીએ. આપણને આ બાબતનું જ્ઞાન હોય કે ન હોય, છતાં આ નિયમ પોતાનું કામ કર્યેજ જાય છે. આપણે વિચારોના મહાસાગરની વચ્ચે વસીએ છીએ, અને વિચારની જે શક્તિઓ વિચારના પ્રવાહરૂપે આપણામાંથી બહાર જાય છે, અને આપણા ભણી આકર્ષાય છે, તે શક્તિઓથી આપણી આસપાસનું વાતાવરણ ભરાઇ રહેલું હોય છે. જાણતાં કે અજાણતાં વિચારનાજ પ્રવાહની આપણ દરેકપર થોડી યા ઘણી અસર થાય છેજ.

આપણે જે પ્રમાણમાં સૂક્ષ્મ આંદોલનો ગ્રહણ કરવાને અનુકૂળ પ્રકૃતિવાળા હોઇએ, તે પ્રમાણમાં આપણાપર તે વિચારપ્રવાહો અસર કરશે. નિર્બળ મનવાળા મનુષ્યોને બાહ્ય વિચારોની ઘણીજ અસર થાય છે, અને તે બહારથી આવતા દરેક વિચારના તરંગને આધીન થાય છે; ત્યારે કેટલાક દૃઢ મનના મનુષ્યો કયો વિચાર તરંગ પોતાના મનમાં પેસવા દેવો અને કયો ન પેસવા દેવો એનો વિવેક કરીનેજ અમુક વિચારને પોતાના મનમાં સ્થાન આપે છે. વિચારનાં સૂક્ષ્મ આંદોલનો ગ્રહણ કરવાને કેટલાકની પ્રકૃતિ બીજાઓના કરતાં વધારે અનુકૂળ હોય છે. તેઓ જે જે મનુષ્યોના સંબંધમાં આવે છે, અથવા જેમના સંબંધમાં તેઓ રહેલા હોય છે, તે દરેક મનુષ્યના વિચારોની તેમનાપર છાપ પડતી જાય છે.

મારો એક મિત્ર—એક સુપ્રસિદ્ધ સમાચાર પત્રનો અધિપતિ—એટલી કોમળ પ્રકૃતિનો છે કે તે જો કોઇ મેળાવડા કે સભા કે મીજલસમાં જાય અથવા બીજાઓની સાથે વાતો કરે અથવા હાથ મેળવે તો તે બધા મનુષ્યોની માનસિક તથા શારીરિક સ્થિતિની અસર તેના મન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા શરીરપર થયા વિના રહેતી નથી. આ અસર એટલે સુધી થાય છે કે તે પછી બે ત્રણ દિવસ સુધી પોતાની અસલ સ્થિતિ પ્રાપ્ત કરી શકતો નથી, અથવા પોતાનું કામ જોઈએ તેવી સારી રીતે કરી શકતો નથી.

આવા પ્રકારનું શરીર હોવું એને કેટલાક લોકો દુર્ભાગ્યનું ચિહ્ન માને છે, પરંતુ ખરી રીતે એમ નથી, ઉલટું તે તો લાભકારી છે. આત્માની ઉચ્ચ પ્રેરણાઓ અને બહારથી આવતી ઉચ્ચ યા શુભ શક્તિઓ ગ્રહણ કરવાને અનુકૂળ શરીર હોવું એ કાંઈ ખોટું નથી; પરન્તુ જે મનુષ્ય બહારથી આવતી અશુભ વિચારની આકૃતિઓ સામે પોતાના મનનાં દ્વાર બંધ ન કરી શકે તેવા મનુષ્યને આવું શરીર હોય તો તે દુર્ભાગ્યનું ચિહ્ન લેખાય અને તે બહુજ અગવડ કરનાર નિવડે. ગમે તેવું કોમળ પ્રકૃતિવાળું શરીર હોય, છતાં અમુક વિચારને પોતાના મનમાં દાખલ થવા દેવો, અને અમુકને ન દાખલ થવા દેવો, એવો કાબુ મનપર મેળવવો એ તો દરેક મનુષ્યનું કર્ત્તવ્યજ છે.

ઉપરનો સંયમ પણ મનુષ્ય મનદ્વારા મેળવી શકે તેમ છે. મનુષ્યનું મન સૂક્ષ્મ આંદોલનોને વશ સહેલાઇથી થતું હોય કે મુશ્કેલીથી થતું હોય, છતાં નીચે પ્રમાણેની વિચારશ્રેણીનો વખતો વખત આશ્રય લેવાથી દરેકને લાભ થઈ શકશે.

" હું મારા ક્ષુદ્ર વિચારોની સામે મારા મનનાં દ્વાર બંધ કરું છું, અને સર્વ પ્રકારના ઉચ્ચ વિચારો અને ભાવનાઓ ગ્રહણ કરવાને માટે મારા મનનાં દ્વાર ખુલ્લાં રાખું છું." આ પ્રમાણે વખતો વખત વિચાર કરવાનો અભ્યાસ કરવાથી તેમ કરવાની ટેવ પડી જાય છે, અને જો આ ટેવ દૃઢ અને સ્થાયી રહે તો તેથી અંતરમાંની કેટલીક સૂક્ષ્મ શક્તિઓ કામ કરવા લાગી, તેના પરિણામે તેને ઇષ્ટલાભ થયા વિના રહેતો નથી. આ રીતે દૃશ્ય તેમજ અદૃશ્ય જગતમાંના સઘળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હલકા અને અનિષ્ટ વિચારોથી મનુષ્ય દૂર રહી શકે છે, અને સઘળી ઉચ્ચ પ્રેરણાઓ તથા ભાવનાઓને તે પોતા તરફ આવવાને આમંત્રણ આપે છે, અને આ આમંત્રણ યાને આકર્ષણના બળથી તે અવશ્ય તેના હૃદયમાં પ્રવેશ કરે છે.

અહીં પ્રશ્ન એ ઉઠે છે કે અદૃશ્ય જગત એટલે શું ? આપણી આસપાસના વાતાવરણમાં આ સ્થૂલભુવનપર રહેનારા જીવાત્માઓ જે વિચારો, ભાવનાઓ, લાગણીઓ ઉત્પન્ન કરે છે, તેનું અદૃશ્ય જગત બને છે. વળી જેઓએ સ્થૂલ શરીરનો ત્યાગ કર્યો છે, અથવા જેઓનાં સ્થૂલ શરીર નાશ પામ્યાં છે, તેવા મનુષ્યો કાંઇક જુદાજ પ્રકારના (સૂક્ષ્મ) શરીરો દ્વારા જે વિચારો, ભાવનાઓ વગેરે ઉત્પન્ન કરે છે, તેનો પણ અદૃશ્ય જગતમાં સમાવેશ થાય છે.

મનુષ્યના વ્યક્તિજીવનનો પ્રારંભ સ્થૂલ ભુવનથી થાય છે, પણ તેના દિવ્ય જીવન અને શક્તિઓને મળતાં આવતાં સૂક્ષ્મ અને સ્વર્ગીય ભુવનોમાંથીજ તે અવર્ણનીય પ્રભાવ અને મહત્તા પ્રાપ્ત કરે છે. જેમ દરેક સ્થૂલ ભુવનની અંદર અને બહાર એ સૂક્ષ્મ ભુવન અથવા સ્વર્ગીય ભુવન આવેલું છે; તેમ દરેક સ્થૂલ શરીરની અંદર અને બહાર તેને મળતું સૂક્ષ્મ અથવા દિવ્ય શરીર આવેલું છે; અને ખરૂં જોતાં આ સ્થૂલ શરીર તો માત્ર તે સૂક્ષ્મ અથવા દિવ્ય શરીરનું બાહ્ય પ્રતિબિંબજ છે. ઉપર કહેલું સૂક્ષ્મ ભુવન કે જ્યાં તરતના સ્થૂલ શરીર છોડી ગયેલા જીવાત્માઓ રહે છે, ત્યાંથી આરંભીને તેની અંદર તથા ઉપર અનેક ભુવનો, આપણી ઇંદ્રિયોથી કલ્પી પણ ન શકાય તેટલી આધ્યાત્મિક ઉંચી હદ સુધી આવી રહેલાં છે. આ રીતે મનુષ્યશરીરના મુખ્ય બે વિભાગ પાડી શકાય. સ્થૂલ અને સૂક્ષ્મ. સ્થૂલ શરીર ઉપરના છોતરાં રૂપે હોઇને તેનાદ્વારા અને તેમાં રહીને ખરૂં અને શાશ્વત* સૂક્ષ્મ શરીર

* આ શાશ્વતપણું સ્થૂલ શરીરની અપેક્ષાએજ સમજવાનું છે. નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્તિત્વ પામી પૂર્ણતા પ્રાપ્ત કરે છે. જેમ કણસલામાં રહેલું અનાજ છોતરાવડે વૃદ્ધિ પામ્યા પછી તે છોતરાં નકામાં થાય છે, તેમ સૂક્ષ્મ શરીરનો વિકાસ થયા પછી સ્થૂલ શરીર પણ નકામું થાય છે. જે પછી આ સૂક્ષ્મ શરીર અને તેને લગતાં સૂક્ષ્મ ભુવનોદ્વારા તે ભુવનને લગતું ઉચ્ચ જીવન ગાળીને તે વ્યક્તિ વિકાસ પામે છે.

માનવજીવનના શરીરરૂપી બાહ્ય આકાર ભલે ગમે તેવા બદલાય પરંતુ તેમાં રહેલું જીવન અથવા આત્મા તો અમરજ છે. એ જીવનજ આ વિશ્વનું શાશ્વત તત્ત્વ હોઈને તેના બાહ્ય સાધનરૂપી શરીર ગમે તેટલાં બદલાય તોપણ એ આત્મતત્ત્વનું શાશ્વતપણું તેથી ઓછું થતું નથી. "પ્રભુ અનંત બ્રહ્માંડના નાથ છે." આ ધાર્મિક વાક્યનો અર્થ એજ છે કે આ વિશ્વમાં આ સ્થૂલ ભુવન ઉપરાંત બીજાં અનેક ભુવનો અને બ્રહ્માંડો છે. અમુક વ્યક્તિ આ સ્થૂલ શરીરનો ત્યાગ કરે, તે ઉપરથી આપણે એમ નથી સમજવાનું કે તેના જીવનનો અંત આવ્યો છે. વળી સૂક્ષ્મ ભુવનમાંથીજ નવા જીવનનો પ્રારંભ થાય છે એમ પણ નથી, કારણ કે જીવન કોઇ પણ વખતે નાશજ પામતું નથી, પરંતુ જીવાત્મા આ સ્થૂલ ભુવન અને શરીરનો ત્યાગ કર્યા પછી તેનો જીવન-ક્રમ જ્યાં સુધી આવી પહોંચ્યો હોય છે ત્યાંથી–પાછું તે નવા આકાર દ્વારા પોતાનું જીવન ચાલુ રાખે છે; કારણ કે જીવાત્માનો સ્વભાવ પગલે પગલે ઉન્નતિ પામવાનો છે. એમાં કાંઇ કુદકા કે ફલંગો મારવાની નથી. જેમ આ સ્થૂલ ભુવન ઉપર વિવિધ પ્રકારનાં મનુષ્યો છે, તેમ સૂક્ષ્મ ભુવનપર પણ વિધવિધ માનસિક સ્થિતિવાળા જીવાત્માઓ માલૂમ પડે છે. સમાન સમાનને આકર્ષે છે, આ નિયમ નિરંતર કાર્ય કરી

તો આખરે તો તે પણ અશાશ્વતજ છે. વળી અહીં કહેલું સૂક્ષ્મ શરીર પણ માત્ર 'સૂક્ષ્મ શરીર' ન સમજતાં 'કારણ શરીર સહિત સૂક્ષ્મ શરીર' સમજવાનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેલો હોવાથી આપણે આપણા વિચારો અને આપણા જીવનને અનુકૂળ સ્થિતિઓ અને અસરોને આ સૂક્ષ્મ ભુવનમાંથી આપણા તરફ સ્વાભાવિક રીતેજ નિરંતર આકર્ષ્યા કરીએ છીએ. આ પ્રમાણે બાહ્ય વિચારોની આપણને અસર થાય છે એ વિચાર ઘણાકોને ઠીક લાગતો નથી, પરંતુ વિચાર કરનારને તેની ઉત્તમતા જણાઇ આવે છે. સર્વનું જીવન એકજ મૂળમાંથી છે, અને આપણે બધા એ સર્વ સામાન્ય અને સર્વગત જીવનમાં એક બીજાની સાથે જોડાયેલાજ છીએ. વળી આ સાથે એ પણ સ્મરણમાં રાખવું ઘટે છે કે કયા વિચારોને આપણા મનમાં સ્થાન આપવું અને કયા પ્રકારની સ્થિતિને આપણે આપણા તરફ આકર્ષવી એ વાત તો આગળ જણાવાયું છે તેમ આપણા પોતાના હાથમાંજ છે. આપણે સંયોગોના ગુલામ નહિ પણ સ્વામી છીએ. સંયોગોને આધીન થવું યા ન થવું એ આપણાજ હાથમાં છે.

આપણા જીવનરૂપી નાવનું સુકાન આપણા પોતાનાજ હાથમાં રાખીને તેને અમુક માર્ગ તરફ જવા દેવાની અને અમુક માર્ગ તરફ ન જવા દેવાની કાળજી રાખવી; અથવા તો એ સુકાનને છોડી દઇને આપણી જીવનનૌકાને વિચારરૂપી ગમે તેવા તરંગોને આધીન ગમે તેમ ભટકવા દેવી અને પવનના સેનસાજ સપાટાઓવડે પણ આમતેમ ડોલ્યા કરતી અને અથડાયા કરતી રાખવી એ આપણીજ મરજી અને શક્તિની વાત છે. જો આપણે આપણી જીવનનૌકાને સ્વાધીન રાખી શકીએ તો, ગમે તે દેશના અને ગમે તે સમયના ઉમદામાં ઉમદા, મોટામાં મોટા અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પુરુષોના વિચારોનું આપણે આકર્ષણ કરી શકીએ તેમ છીએ. આ વિચારથી અરેખર આપણા હૃદયમાં આનંદ થવો જોઇએ.

હું થોડા દિવસ ઉપર મારા એક મિત્ર સાથે ઘોડેસ્વાર થઇ ફરવા નીકળી પડ્યો હતો. તે સમયે વાત નીકળી કે "લોકો હવે 'જીવન'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવા મહત્ત્વના સવાલમાં ઘણો રસ લેવા લાગ્યા છે; આંતરિક શક્તિ-ઓનું બળ જાણવા તેઓ ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરી રહ્યા છે. તેઓમાં પોતાનું ખરું સ્વરૂપ અને પોતાનો પરમાત્મા સાથેનો સંબંધ જાણવાની ઉત્કંઠા વધતી જાય છે. આખા જગતમાં આધ્યાત્મિક જાગૃતિ થતી જણાય છે. ઓગણીસમા સૈકાનાં છેવટનાં વર્ષોમાં એ જાગૃતિનો પ્રારંભ ખુલ્લી રીતે દેખાઇ આવે છે, અને વીસમી સદીના પ્રારંભમાં આપણે આત્મિક ઉત્કર્ષ મોટા પ્રમાણમાં જોવાને ભાગ્યશાળી થઈશું." આ વાત ચાલી રહી હતી, તે વખતે મેં મારા મિત્રને કહ્યું: "મહા તત્ત્વજ્ઞાની ઇમર્સન, જે પોતાના જમાના કરતાં ઘણોજ આગળ વધેલો હતો, અને જેણે ઉપર જણાવેલી આત્મિક ઉત્કર્ષની સ્થિતિ જગતમાં લાવવા ભગીરથ પ્રયત્ન કર્યો હતો, તે જો આ સ્થિતિ જોવાને અહીં જીવતો હોત તો તેને કેટલો અધો આનંદ થાત!" મારા મિત્રે પ્રત્યુત્તર વાળ્યો: "આપણે કેવી રીતે જાણી શકીએ કે તે આ સઘળું નથી જોતો, અથવા તો આ બાબતમાં તેનો હાથ નથી! આ કામમાં પહેલાં કરતાં તેનો અધિક હાથ હોય તો તેમાં આશ્ચર્ય શું?" આ મારા મિત્રનાં વચનો મને ઠીક લાગ્યાં, અને મેં તેનો ઉપકાર માન્યો. ખરી વાત તો એ છે કે જે લોકોએ અહીં રહી લોકોના કલ્યાણનું કામ કર્યું છે, તેઓ સૂક્ષ્મ ભુવનમાં રહીને પણ તેવુંજ જગહિતનું કામ કર્યા કરે છે. પ્રતિ-ક્ષણ આપણને પુરવાર કરી આપે છે કે જે વસ્તુઓ આપણે ઇન્દ્રિયો-વડે જોઇ શકીએ છીએ તેનાથી અનેકગણી વસ્તુઓ ઇન્દ્રિયોથી અજ્ઞાત હોય છે. જે ઉત્તમ શક્તિઓ આ વિશ્વમાં તેમજ આપણા જીવનમાં કાર્ય કરી રહી છે તેને આપણે ચર્મચક્ષુથી જોઇ શકતા નથી. તે છતાં જગતની સર્વ વસ્તુઓરૂપી કાર્યોનાં કારણો એ શક્તિ-ઓમાંજ રહેલાં છે. વિચારો એ શક્તિઓ છે. સમાન સમાનનું આકર્ષણ કરે છે, માટે પોતાના વિચારનો જે નિયામક બને છે તે પોતાનું જીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવા પ્રકારનું થશે તેનો પણ ચોક્કસ નિર્ણય કરી શકે છે.

જેની દિવ્ય દૃષ્ટિ ખીલેલી છે એવો એક તત્ત્વજ્ઞાની લખે છે કેઃ—

"આધ્યાત્મિક અને ભૌતિક પદાર્થો વચ્ચે એકસરખો નિયમ પ્રવર્તી રહેલો છે. જેઓ ઉદાસ હોય છે તે ઉદાસીન વસ્તુઓનેજ પોતાના પ્રત્યે આકર્ષે છે. જે મનુષ્યો નિરંતર નિરુત્સાહી અને વિજયમાં શ્રદ્ધાહીન હોય છે તેઓ કદાપિ વિજય પામી શકતા નથી, અને ઉલટા બીજાને ભારરૂપ નિવડે છે. જ્યારે ઉત્સાહી, શ્રદ્ધાવાન અને આનંદી પુરુષો વિજયનાં તત્ત્વોનેજ પોતાના પ્રત્યે આકર્ષે છે. કોઇ મનુષ્યનો સ્વભાવ આનંદી કે વિષાદી છે તે તેના ઘરના આગલા કે પાછલા આંગણા તરફ નજર કરવાથી જણાઇ આવે છે. સ્ત્રીના પોશાક ઉપરથી તે સ્ત્રીના મનની સ્થિતિનો ખ્યાલ આવી શકે છે. ફુએડ સ્ત્રીના સ્વભાવમાં નિરાશા, બેદરકારી અને અવ્યવસ્થા પ્રાધાન્ય ભોગવે છે, તે તેના ફુએડપણાપરથી હરકોઇ કહી શકે. **શરીરપર** ચિંથરાં, ફાટેલાં કપડાં અને મેલ જણાય તે પહેલાં **મનમાં** અવ્યવસ્થા ઉદ્‌ભવે છે. જે વિચારને પ્રકટ કરવાને બહુજ પ્રયત્ન કરવામાં આવે છે તે વિચારનું બાહ્ય સ્વરૂપ ચોક્કસ રીતે પ્રકટ થવા માંડે છે. એક દેખીતો તાંબાનો કકડો રાસાયનિક પ્રયોગમાં નહિ દેખાતા એવા તાંબાના પરમાણુઓને પોતા ભણી આકર્ષે છે, તેમ એક વિચાર બાહ્ય પરમાણુઓને આકર્ષી સ્થૂલરૂપમાં પણ વખત જતાં વ્યક્ત થતો જાય છે."

"જેનું મન નિરંતર ઉત્સાહી, આશાવંત, ધૈર્યવાળું અને દૃઢ હોય છે તે, એ બાબતને અનુકૂળ તત્ત્વો અને શક્તિઓને પોતાના તરફ ખેંચી શકે છે."

"તમારા દરેક વિચારની અક્ષરશઃ કિંમત છે. તમારા શરીરનું બળ, તમારા મનનું બળ, તમારા વેપારમાં કુતેહ અને તમારી સોબતથી બીજાને મળતો આનંદ આ સર્વનો આધાર તમારા 'વિચાર' પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેલો છે. જે જે દિશામાં તમે તમારા મનને દોરવો છો, તે તે દિશામાંથી તમારો આત્મા તે તે દશાને અનુકૂળ અદૃશ્ય તત્ત્વોને પોતા ભણી ખેંચે છે. આ રાસાયનિક તેમજ આધ્યાત્મિક નિયમ છે. આ નિયમ કાંઇ આપણે જે પદાર્થો જોઇએ છીએ તેનેજ માત્ર લાગુ પડતો નથી. આપણે ચક્ષુથી જોઈ શકીએ છીએ તે પદાર્થો કરતાં દશહજાર ગણા પદાર્થો આપણાં ચક્ષુઓને અગમ્ય છે. ખ્રીસ્તિ ધર્મના સ્થાપક ક્રાઇસ્ટનું ફરમાન છે કે 'તમને નુકશાન કરનારાનું પણ ભલું કરો.' શ્રી બુદ્ધ દેવે પણ કહ્યું છે કે:—

नहि वेरेण वेराणि सम्मन्तीध कदाचन ।
अवेरेण च सम्मन्ति एस धम्मो सनातनो ॥

વેર કદાપિ વેરથી શાન્ત થતું નથી, પણ પ્રેમથીજ શાન્ત થાય છે, આ સનાતન નિયમ છે. સારૂં કામ કરવું એ કુદરતમાં રહેલાં શુભ અને શક્તિમાન તત્ત્વોને પોતા ભણી આકર્ષવા બરાબર છે; અને બરાબ કર્મ કરવાથી બરાબ તત્ત્વો આપણા ભણી આકર્ષાય છે. આ વાત જ્યારે આપણે બરાબર સમજીશું ત્યારેજ આપણે આપણા પોતાના કલ્યાણને ખાતર બરાબ વિચારો કરતા અટકીશું. 'જેઓ દ્વેષથી રહે છે તેઓ દ્વેષમાં મરણ પામે છે.' તેનો અર્થ એજ છે કે 'જેઓ તરવારથી જીવે છે તેઓ તરવારથીજ મરે છે.' દરેક બરાબ વિચાર એ સામા મનુષ્યપર ઉગામેલી તરવાર છે, અને જો સામો મનુષ્ય પણ તરવાર ઉગામે તો તો બન્નેને તેનું ભયંકર ફળ ભોગવવું પડશે."

આકર્ષણનો ઉપલો નિયમ દરેક ભુવનપર એક સરખી રીતે પ્રવર્તી રહેલો છે; જેની આપણે ઇચ્છા કરીએ અથવા આશા રાખીએ તે આપણા તરફ આકર્ષાય છેજ. જો આપણે ઇચ્છા **એક** વસ્તુની કરીએ અને આશા **બીજી** વસ્તુની રાખીએ તો 'બે ધરતો પરાણે ભૂખે મરે' એની પેઠે આપણને કાંઈ પણ લાભ થતો નથી, માટે જેની ઇચ્છા કરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની આશા પણ રાખો; અને આ રીતેજ તમારો ઇષ્ટ પદાર્થ તમને આવી મળશે. કોઈ પણ અમુક વિચારને તમે તમારી સાથે રાખો, એટલે જ્યાં સુધી તમારો તે વિચાર કાયમ રહેશે, ત્યાં સુધી, તમે પૃથ્વીપર કે દરિયાપર ગમે ત્યાં ફરશો તો પણ, જાણતાં કે અજાણતાં તમારા તે મુખ્ય વિચારને અનુકૂળ તત્ત્વો નિરંતર તમે આકર્ષ્યાજ કરવાના.

વિચાર બહુ પ્રબળ ઇચ્છારૂપે હોઈને તે ઇચ્છા પરિપૂર્ણ થવાની દૃઢ આશા હોવી એનું નામજ 'શ્રદ્ધા' છે. જે પ્રમાણમાં એ પ્રબળ ઇચ્છા હોય છે, અને જે પ્રમાણમાં તેનાપર એ આશારૂપી જળ સીંચાય છે તેટલા પ્રમાણમાં તે પોતાના તરફ ઇષ્ટ પદાર્થને અવશ્ય આકર્ષે છે, અને તે પદાર્થ અદૃશ્ય હોય તો તેને દૃશ્ય સ્વરૂપમાં લાવે છેજ.

પરંતુ જો એ શ્રદ્ધામાં જરા પણ શંકા કે ભયનો વિચાર ભળી ગયો તો તેનું બળ મંદ પડી જાય છે, અને ઇચ્છા ફલીભૂત થતી નથી. કોઈ પણ વિચારને જો મન આગળ વારંવાર ધરવામાં આવે, અને દૃઢ શ્રદ્ધારૂપી જળસિંચન તેને મળે, તો તે વિચારનું બળ એટલું બધું વધે છે કે તેની સામે કાંઇ પણ અંતરાય ટકી શકતો નથી; અને પરિણામ સંતોષકારક આવ્યા વિના રહેતું નથી.

હાલ આપણને માલૂમ પડતું જાય છે અને ભવિષ્યમાં વિશેષ માલૂમ પડશે કે શ્રદ્ધાના સંબંધમાં ઉપર જે જે વચનો કહેલાં છે તે હવાઈ કલ્પના નહિ, પરંતુ શાસ્ત્રીય બાબત છે, અને તેનો પાયો અચળ નિયમોપર રચાયેલો છે. રસાયનશાસ્ત્રના પ્રયોગોદ્વારા પણ ધીમે ધીમે વિચારશક્તિની પાછળ રહેલા નિયમો શોધી કહાડવાની તૈયારીમાં આપણે છીએ.

આજકાલ સંકલ્પબળ વિષે ઘણું કહેવામાં આવે છે. સંકલ્પ-બળ, તેના શબ્દાર્થપરથીજ માલૂમ પડશે કે સંકલ્પ–વિચારનું બળ છે. જેને આપણે સંકલ્પ કહીએ છીએ તે સંકલ્પથી વિચાર એકત્રિત થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને અમુક વલણ લે છે, તથા તે પ્રમાણમાં તે પોતાના ધારેલા કાર્યમાં વિજયી નિવડે છે. સંકલ્પબળ બે પ્રકારનાં છેઃ એક લૌકિક અને બીજું દૈવી. એમાં લૌકિક સંકલ્પબળ એ મન અને શરીરને લગતું છે; અને તે કારણથી તે ઉતરતા પ્રકારનું ગણાય છે. જેમનો ખબર નથી કે સ્થૂલ ઇન્દ્રિયો અને મન કરતાં ઘણુંજ ચઢીયાતું એવું આધ્યાત્મિક જીવન પણ રહેલું છે, તેવા મનુષ્યોજ ઉતરતા પ્રકારનું જીવન ગાળે છે. ઉચ્ચ જીવનનો અનુભવ થતાં કાંઈ ઇન્દ્રિયો અને મનની શક્તિ ઘટતી નથી; ઉલટું મન તથા ઇન્દ્રિયો આધ્યાત્મિક શક્તિથી પૂર્ણપણે ખીલે છે, અને તેની ગ્રહણ કરવાની શક્તિ ઘણીજ તીવ્ર બને છે.

જે મનુષ્ય દિવ્ય પરમાત્મતત્ત્વ સાથેનું પોતાનું ઐક્ય સમજી શક્યો હોય છે, તેનું સંકલ્પબળ તે 'દૈવી સંકલ્પબળ' છે, અને તે પોતાના સંકલ્પોને દૈવી સંકલ્પોને અનુકૂળજ રચે છે; કેમકે "મારામાં રહેલું પરમાત્મતત્ત્વ ઘણુંજ સમર્થ છે" એ વાત તે બરાબર સમજતો હોય છે.

લૌકિક સંકલ્પબળ સંકુચિત અને મર્યાદિત હોય છે, ત્યારે દૈવી સંકલ્પબળ અપરિમિત એટલે કે હદ વિનાનું અને સર્વોત્તમ હોય છે. "સઘળી વસ્તુઓ તમારે વાસ્તે ખુલ્લી છે, અને તમારે સ્વાધીન છે," એમ 'ઉચ્ચ આધ્યાત્મિક નિયમ' તમને મુક્તકંઠે જણાવે છે. જે પ્રમાણમાં તમે તમારા લૌકિક સંકલ્પબળને દૈવી સંકલ્પના રૂપમાં ફેરવી નાખો છો, અથવા જે પ્રમાણમાં તે દૈવી સંકલ્પબળ સાથે સંબંધમાં આવીને તદનુસાર વર્તો છો, તે પ્રમાણમાં તમે અવશ્ય સર્વોત્તમ બનો છો; અને પરિણામે "જે જે આજ્ઞા તું કરીશ તદનુસાર વસ્તુઓ બની જશે," એવા અતિ ઉત્તમ અધિકારને પાત્ર પણ બની શકો છો. જીવનનું અને તેનામાં રહેલી શક્તિનું રહસ્ય અને હેતુ એજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે મનુષ્યે તે પરમતત્ત્વની સાથે સંબંધ બાંધવો જોઇએ, અને તે સંબંધ **જ્ઞાનપૂર્વક** નિરંતર ચાલુ રહે તેવો પ્રયત્ન કરવો જોઇએ.

દરેક જીવન કોની સાથે સંબંધમાં આવે છે, તેનાપરજ તેની ચઢતી કે પડતી થવાનો આધાર રહેલો છે. પરમતત્ત્વ વિશ્વવ્યાપી છતાં વિશ્વાતીત છે. તે તત્ત્વ પ્રથમની પેઠેજ આજે પણ વિશ્વમાં તમારા અને મારા તેમજ સર્વના જીવનમાં વ્યાપી રહેલું છે; તે દ્વારા કામ કરે છે, અને તેનાપર રાજ્ય કરે છે. આ વિશ્વના નિયમોને એકવાર ગતિમાં મૂકી દઇને પછી તે તત્ત્વ ચાલી ગયું હોય એવું આપણે તે તત્ત્વના સંબંધમાં માનવાને દોરવાઈ જઇએ છીએ, પણ તે ગંભીર ભૂલ છે. જે પ્રમાણમાં આપણે તે તત્ત્વને વિશ્વવ્યાપી તથા વિશ્વાતીત માનીએ છીએ, તે પ્રમાણમાં તેની મહત્તામાં અને શક્તિમાં ભાગ લેવાને આપણે સમર્થ બનીએ છીએ. જે પ્રમાણમાં આપણે એ પરમ-તત્ત્વને જીવન અને શક્તિના અનંત મૂળરૂપ માનીએ છીએ, અને તેમ માનીને તેની સાથે જેટલા પ્રમાણમાં આપણે **સંબંધમાં આવીએ** છીએ, તેટલા પ્રમાણમાં તે તત્ત્વના દિવ્ય ગુણો આપણામાં પ્રકટ થતા જાય છે. જે પ્રમાણમાં આ વિશ્વવ્યાપી અને વિશ્વાતીત પરમાત્મતત્ત્વના પ્રવાહને આપણામાં આવવાનાં દ્વાર આપણે ખુલ્લાં રાખીએ છીએ, તે પ્રમાણમાં આપણે તેમાં રહેલા દિવ્ય ગુણો અને શક્તિઓની પ્રણાલિકા-રૂપ બનતા ચાલીએ છીએ અને તેટલા પ્રમાણમાં આપણાદ્વારા તેમાંનું દિવ્ય જ્ઞાન અને બળ આપણામાં વહેવા લાગે છે.

મનરૂપી સાધનવડેજ આંતર જીવન અને સ્થૂલ જીવનનો સંબંધ થાય છે, અને આંતર જીવન સ્થૂલ જીવનદ્વારા વ્યક્ત થવા માંડે છે. જે પ્રમાણમાં મનરૂપી સાધનવડે દૈવી તત્ત્વ સાથે આપણે આપણું ઐક્ય અનુભવીએ છીએ, તે પ્રમાણમાં દિવ્યજીવનનો પ્રકાશ આપણામાં સ્ફુરે છે, આંતર પ્રતિભા ખીલે છે, અને જે આત્મિક જ્ઞાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને શક્તિદ્વારા મનુષ્ય પરમાત્મતત્ત્વના સંબંધમાં આવે છે, તેની બીલ-વણી થતી ચાલીને કુદરતનાં અને જીવનનાં રહસ્ય તેના આગળ ખુલવા માંડે છે. તેને પોતાના દૈવી સ્વભાવનું આબેહુબ ભાન થાય છે, અને પોતે વ્યક્તિભાવે પણ તે પરમતત્ત્વનાજ સાક્ષાત્ અંશરૂપ હોય એમ તેને સમજવા લાગે છે. આ પ્રમાણે આધ્યાત્મિક શક્તિ અને જ્ઞાનના પ્રકાશથી આંતર દૃષ્ટિ ખુલ્લી થઇ જાય છે, અને જે જે વસ્તુ તરફ તે પોતાનું લક્ષ આપે છે, તે તે વસ્તુનો સ્વભાવ, લક્ષણ, હેતુ વગેરે સહેલાઇથી તેના જાણવામાં આવે છે. જેમ **સ્થૂલ** ઇન્દ્રિયો **બહિર્મુખ** વળેલી હોય છે, તેમ આ **આંતર** પ્રતિભા **અંતર્મુખ** વળેલી હોય છે. કોઈ પણ બાહ્ય સાધન વિના સત્યને જોવાની, ઓળખવાની અને ગ્રહણ કરવાની શક્તિ આ આંતર પ્રતિભામાં રહેલી છે. જે સઘળાં પ્રેરણાથી મળેલાં શિક્ષણો (inspired teachings) અથવા આધ્યાત્મિક ઉદ્‌ગારો કહેવાય છે તે સઘળાં અંતરાત્માની આ અપૂર્વ શક્તિદ્વારા ઉદ્‌ભવે છે. આ રીતે અનંત જ્ઞાનમય દિવ્ય શક્તિના સંબંધમાં તે મનુષ્ય આવે છે, તેની પ્રેરણાને ગ્રહણ કરે છે, અને પોતે પણ અનુભવસિદ્ધ જ્ઞાની અથવા દ્રષ્ટા (Seer) બની રહે છે.

ઉપર કહેલી દશામાં મન બંધનરહિત બને છે, અને પક્ષપાત રહિત થવાથી સત્યને **પ્રથમ** દૃષ્ટિએજ ગ્રહણ કરી શકે છે. જ્ઞાન મેળવવાના બાહ્ય સાધનની હવે તેને જરૂર રહેતી નથી. તે સર્વ મનુષ્યો અને વસ્તુઓને દિવ્ય દૃષ્ટિથી જુએ છે, અને સર્વજ્ઞપણાના પ્રકાશવડે સઘળું તેને ખુલ્લું જણાઈ આવે છે. જેને આપણે આંતર પ્રતિભા કહીએ છીએ તેના પ્રકાશથી ઈશ્વરી યોજના તેના સમજવામાં આવે છે, અને તે તેની સાથે તન્મય થયા વિના રહી શકતો નથી.

કેટલાક આ આંતર પ્રતિભાને આત્માનો અવાજ કહે છે, કેટલાક ઇશ્વરી નાદ તરીકે લેખે છે, અને કેટલાક તેને છઠ્ઠી ઇન્દ્રિયના નામથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાવે છે, કે જે આપણી આંતર—આધ્યાત્મિક ઇન્દ્રિય છે.

જે પ્રમાણમાં આપણને આપણા સત્ય સ્વરૂપનું ભાન થતું આવે છે, અને પરમાત્મતત્ત્વ સાથેના આપણા ઐક્યનો અનુભવ થતો જાય છે, તથા તેના દિવ્ય પ્રવાહને વહેવાની પ્રણાલિકારૂપ આપણે થતા જઇએ છીએ, તે પ્રમાણમાં આ આત્મિક અવાજ—આ ઈશ્વરી નાદ—આંતર પ્રતિભાનો અવાજ ખુલ્લી રીતે આપણને સંભળાવા લાગે છે; અને જે પ્રમાણમાં તે સાંભળી તદનુસાર આપણું વર્તન આપણે રાખતા જઇએ છીએ, તે પ્રમાણમાં તે અવાજ વધારે ને વધારે ખુલ્લી રીતે 'પ્રકટ' થતો જાય છે; તથા આખરે તે પોતેજ આપણા અને બીજા અનેકોના જીવનપથના માર્ગદર્શક દીપક બની રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૩ જું.

આરોગ્ય અને શારીરિક બળ

પરમાત્મા અનંત ચૈતન્યરૂપ છે. જો આ અનંત ચૈતન્યના આપણે આપણને વારસરૂપ માની શકીએ (કે જે વાત પ્રથમથીજ પૂર્ણ ખરી છે) અને તેના દિવ્ય પ્રવાહને ઝીલવાને આપણા હૃદયનાં દ્વાર ઉઘાડાં રાખીએ તો તેની અસર કેવળ આપણા આધ્યાત્મિક જીવનપર થશે એટલુંજ નહિ પણ સ્થૂલ શરીરમાં પણ તે અસર પ્રકટ થશે.

અનંત ચૈતન્યનો સ્વભાવ–સ્વરૂપજ એવું છે કે તેમાં રોગને સ્થાન મળી શકે નહિ; અને તેથી અનન્ત ચૈતન્યની સાથે ઐક્ય માનનાર અથવા જે શરીરદ્વારા તે ચૈતન્ય વહેવા લાગે તેમાં પણ રોગ સંભવી શકે નહિ.

આ વિષયની શરૂઆતથીજ આ વાત આપણે ખૂબ ધ્યાનમાં રાખવાની છે કે "સઘળું જીવન અંદરથીજ બહાર પ્રકટ થાય છે." શાશ્વત નિયમ આપણને જણાવે છે કે **"જેવું અંદર, તેવું બહાર,"** **"જેવું કારણ તેવું કાર્ય."** બીજા શબ્દોમાં કહીએ તો વિચારો, માનસિક સ્થિતિઓ અને લાગણીઓની વખત જતાં સ્થૂલ શરીરપર અસર થયા વિના રહેતી નથી.

કોઈ કોઈ કહે છે કે "મનની શરીરપર થતી ખાસ અસરના સંબંધમાં હાલમાં ઘણું સાંભળવામાં આવે છે, પણ આ બાબત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવી કે કેમ તે સમજતું નથી.” શું તમે આ બાબત નથી માનતા? કોઈ એકાએક તમને માઠા સમાચાર જણાવે છે કે તરતજ તમે ફીકા પડી જાઓ છો, કમ્પો છો અથવા તો તમને મૂર્છા આવી જાય છે. અહીં તમારે યાદ રાખવું જોઇએ કે આ બબર તો માત્ર તમારા મનનેજ મળેલી છે.

ધારો કે તમારો એક મિત્ર જમતી વખતે એકાદ અપ્રિય વચન તમને કહે છે. તમને તેથી બહુ લાગી આવે છે. તમે ભોજન સ્વાદથી ખાતા હો છો, પણ આ પળથી તમારી ખાવાની રુચિ ઉડી જાય છે. તમને જે કહેવામાં આવ્યું હતું તેણે તમારા મનપર અસર કરી અને મનદ્વારા શરીરને અસર કરી, એ શું તમને આ ઉપરથી નથી જણાતું?

જુઓ! પેલો ઘસડાતા પગે ચાલતો મનુષ્ય દેખાય છે. તેના રસ્તામાં કાંકરી આવતાં પણ તે ગબડી પડે છે. તેનું કારણ શું? કારણ એટલુંજ કે તે નિર્બળ મનનો છે–તેનું મગજ બસી ગયું છે, તે ગાંડો છે. ટુંકાણમાં કહીએ તો તેના મનની બિમાર સ્થિતિએ તેના શરીરની બિમાર સ્થિતિ આણી છે. જેનું મન સ્થિર છે તેના પગ પણ સ્થિર રીતે ઉપડે છે અને પડે છે; અને જેનું મન અનિશ્ચિત છે તે પોતાના માર્ગમાં અનિશ્ચિત હોય છે.

કોઇવાર એકાએક તમારાપર અડચણનો પ્રસંગ આવી પહોંચતાં તમે થરથર ધ્રૂજો છો અને ભયથી નિર્બળ બની જાઓ છો. તમારી ચાલવાની શક્તિ એ સમયે શાથી અટકી જાય છે? તમે શાથી કમ્પો છો? આટલો પ્રત્યક્ષ અનુભવ હોવા છતાં પણ તમે એમ કહી શકશો બરા કે મનની શરીરપર બાસ અસર નથી થતી?

તમારામાં કોઇવાર એકાએક ક્રોધનો આવેશ આવી જાય છે. થોડા સમય પછી તમે બરબડીને જણાવો છો કે તમારા માથામાં દુખાવો થાય છે; અને તે છતાં પણ તમે માની નથી શકતા કે વિચારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને લાગણીઓ શરીરપર ભારે અસર કરે છે?

એકેક દિવસ ઉપર હું મારા એક મિત્ર સાથે ચિંતા સંબંધી વાતો કરતો હતો; તેવામાં તે બોલી ઉઠ્યોઃ "મારા પિતાને નજીવી બાબતોની ચિંતા કરવાની ટેવજ પડી ગઈ છે."

મેં કહ્યુંઃ "તમારા પિતા તંદુરસ્ત નથી, મજબૂત નથી, ઉત્સાહ-વગરના છે, તેમનામાં જુસ્સો નથી, જાગૃતિ નથી." તે પછી તેના પિતાની સ્થિતિ સંબંધી અને તેને થતા દુઃખ સંબંધી વધારે વિસ્તારથી મેં ખ્યાલ આપ્યો.

આ મારા જવાબથી તે આશ્ચર્ય પામ્યો અને બોલી ઉઠ્યોઃ "તમે મારા પિતાને ઓળખતા તો નથી?"

"ના" મેં જવાબ વાળ્યો.

"ત્યારે તેમને થયેલા રોગનું આટલું બારીક જ્ઞાન તમને કેવી રીતે થયું?"

મેં જવાબ આપ્યોઃ "તમે મને હમણાંજ જણાવ્યું કે તમારા પિતાને નકામી બાબતોની ચિંતા કરવાની ટેવ પડી છે. તમારા આ શબ્દોથી તમારા પિતાના શારીરિક વ્યાધિનું માનસિક કારણ મારા જાણવામાં આવ્યું. તમારા પિતાની સ્થિતિ સંબંધી કહેવામાં મેં તે કારણનું જે ફળ સ્વાભાવિક રીતે આવી શકે, તેજ દર્શાવ્યું છે."

ભય અને ચિંતાથી શરીરમાં જીવનપ્રવાહને વહેવાના માર્ગો સંકુચિત થઈ જાય છે, અને તેથી શરીરમાં પ્રાણશક્તિ બહુજ મંદગતિથી વહેવા લાગે છે. જ્યારે આશા અને શાન્તિને લીધે જીવનપ્રવાહની પ્રણાલિકાઓ વધારે વિકસિત-ખુલ્લી થાય છે, અને તેથી શરીરમાં પ્રાણશક્તિ એટલા તો વેગથી કુદકા મારતી વહેવા લાગે છે કે જેથી રોગને તે શરીરમાં સ્થાન પણ મળી શકે નહિ.

એક સ્ત્રી પોતાને થએલા એક શારીરિક વ્યાધિ સંબંધી મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક મિત્ર આગળ વાત કરતી હતી. મારો મિત્ર જાણતો હતો કે તે સ્ત્રી અને તેની બ્હેન વચ્ચે ઘણો અણબનાવ હતો. તે સ્ત્રીએ જણાવેલાં વ્યાધિનાં ચિહ્નો વગેરેની હકીકત તેણે શાન્ત મનથી સાંભળ્યા પછી તે સ્ત્રીના સામું બારીક નજરથી નિહાળીને માયાળુ અવાજથી તેણે કહ્યું:– **"તમારી બ્હેનને માફી આપો."** તે સ્ત્રીએ તે સલાહ આપનાર તરફ જોઈને કહ્યું:–"મારી બ્હેનને તો હું માફી આપી શકું નહિ." તેણે પણ જોરભેર જવાબ આપ્યો કે "ત્યારે તો તમારાં આંગળાંની અકડાઈ અને સંધિવા વગેરે રોગો ભોગવ્યાંજ કરો."

થોડાં અઠવાડીયાં પછી તે સ્ત્રી તે સલાહ આપનાર મારા મિત્રને મળી અને કહેવા લાગી:–"હું તમારી સલાહ પ્રમાણે ચાલી, મેં મારી બ્હેનને હૃદયથી ક્ષમા આપી, અમારી વચ્ચે ફરીથી સ્નેહની સાંકળ જોડાઈ. કોણ જાણે શા કારણથી, પણ જ્યારથી અમે એક–બીજાને ફરીથી ખરા દિલથી ચ્હાવાનો આરંભ કર્યો ત્યારથી મારા વ્યાધિનાં ચિહ્નો ધીમે ધીમે ઓછાં થવા લાગ્યાં અને આજે તો તે દરદનું નામ–નિશાન પણ રહ્યું નથી! હાલ મારી બ્હેન અને મારે એવો પ્રેમસંબંધ બંધાયો છે કે હવે એક–બીજાથી વિખુટાં પડવું એ દુઃસહ્ય લાગે છે."

ઉપર જણાવ્યા તેને મળતા ઘણા દાખલાઓ ખરેખરા બનેલા આપી શકાય. એક માતાના મનમાં ક્રોધનો ઉભરો હદ બહાર આવી ગયો, અને તેનું સ્તનપાન કરનાર બાળક કલાકમાંજ મરી ગયેલું માલૂમ પડયું હતું! આનું કારણ એજ હતું કે તે માતાનું લોહી ક્રોધના તીક્ષ્ણ પરમાણુઓની અસરથી ઝેરરૂપે બદલાઇ ગયું હતું. કેટલાક દાખલાઓમાં માતાના ક્રોધને લીધે તેનું દૂધ ધાવનાર બાળક ભારે મંદવાડમાં પડયું હતું અથવા તો તેને આંકડી આવી હતી.

નીચેનો પ્રયોગ કેટલાક વિજ્ઞાનશાસ્ત્રીઓએ અનેકવાર અજમાવ્યો છે. કેટલાક મનુષ્યોને એક ગરમ ઓરડીમાં બેસાડવામાં આવતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. દરેક મનુષ્ય જુદા જુદા સ્વભાવનો હતો. કોઈ ક્રોધી હતો, તો કોઈ વિષયી હતો. ગરમીથી સર્વને પરસેવો થયા પછી તે પ્રયોગ કરનારે દરેકના શરીરપરથી પરસેવાનું એક ટીપું લીધું, અને રાસાયનિક પ્રયોગથી તેનું પૃથક્કરણ કરી જોઈને તેજ વખતે તેણે કહી આપ્યું હતું કે અમુક અમુક મનુષ્યમાં કઈ કઈ લાગણી પ્રબળ હતી. મનુષ્યોના થુંકનું પૃથક્કરણ કરીને પણ ઉપર પ્રમાણેજ પરિણામ તે કહી શકતો હતો.

એક પ્રખ્યાત અમેરિકન ડૉક્ટર, જેણે મનુષ્યના બંધારણમાં કયાં તત્ત્વો કેવી રીતે ભળેલાં છે, તે વગેરેનો સારો અભ્યાસ કર્યો છે, તે જણાવે છે કેઃ–

મન એજ શરીરનો સ્વાભાવિક રક્ષક છે. દરેક વિચાર પોતાનું સ્વરૂપ સ્થૂલરૂપમાં પ્રકટ કરવા પ્રયત્ન કરે છે. કોઈ પણ વિચાર, કોઈ પણ ભયંકર રોગ અથવા દુર્વ્યસનની કલ્પના પ્રથમ જ્યારે મનમાં ઉત્પન્ન થાય છે ત્યારે તેનું માનસિક ચિત્ર ખડું થાય છે, અને પછી તેની અસર શરીરપર થવા લાગે છે. ક્રોધથી થુંકમાં એટલો ફરક પડી જાય છે કે તે થુંક જીવનનો નાશ કરનાર વિષરૂપ પણ બની જાય છે. એકાએક થઈ આવતી પ્રબળ લાગણીઓની એટલી બધી અસર થાય છે કે ઘણીવાર તેથી હૃદયને ભારે ધક્કો પહોંચે છે, અને કેટલીકવાર તો હૃદયનું ધબકવું સદાને માટે બંધ થઈ જઈને મનુષ્ય મરણને શરણ થાય છે. સંપ્ત લાગણીઓના આવેશથી મનુષ્યો ગાંડા થઈ જવાના દાખલા પણ મોજુદ છે. વિજ્ઞાનશાસ્ત્રીઓએ કેટલાએક પ્રયોગો કરીને સિદ્ધ કર્યું છે કે સામાન્ય મનુષ્યના પરસેવામાં અને અપરાધ કરવાથી જેનું કાળજું ધડકી રહ્યું હોય તેવા અપરાધી મનુષ્યના પરસેવામાં બહુજ ફેર હોય છે.

ભયરૂપી રાક્ષસે હજારો મનુષ્યોના પ્રાણ લીધા છે, અને ધૈર્ય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપ દેવે હજારો મનુષ્યોને પ્રાણ આપ્યા છે, એ બાબત સર્વત્ર પ્રસિદ્ધ છે. ઘોડાઓ કેળવવામાં નિપુણ રેરી સાહેબ જણાવે છે કે ક્રોધી શબ્દથી ઘોડાપર એટલી બધી અસર થાય છે કે જેથી તેની નાડીના ધબકારામાં એક મીનીટમાં દશનો વધારો થાય છે. ક્રોધની પશુઓ ઉપર પણ જો આટલી બધી અસર થાય તો પછી મનુષ્યો અને કોમળ સ્વભાવનાં બાળકોપર તો તેની કેટલી બધી અસર થવી જોઇએ, એની કલ્પના કરવી એ સુગમજ છે. મનુષ્ય કોઇ એક પ્રબળ માનસિક આવેગથી ગભરાઈ જતાં કેટલીકવાર તેથી તેને ઉલટી થાય છે. બહુજ ભયથી મનુષ્યને ઘણીવાર કમળો થઇ આવે છે. અતિશય ગુસ્સો ચડવાથી કેટલાકને વાઈ આવે છે, અને કેટલાકનાં મરણ પણ થાય છે. ભયંકર માનસિક ચિંતામાં એક રાત્રિ પસાર થવાને લીધે આખું જીવન નીરસ બની ગયાના પણ અનેક દાખલા મળી આવે છે. અતિશય શોક, લાંબા સમય સુધીની ઈર્ષ્યા, સ્થાયી ઉદ્વેગ અને હૃદયને ચૂસી લેતી ચિંતાના બળથી અનેક મનુષ્યો ગાંડા બની ગયા છે. નિર્બળતાના વિચારો અને મનની પરસ્પર પ્રતિકૂળ વૃત્તિઓ રોગને ઉત્પન્ન કરનાર વાતાવરણ બનાવે છે, અને તેવા વાતાવરણથી મનુષ્યો અપરાધ કરવાને દોરવાય છે.

ઉપર જણાવેલી હકીકતોપરથી એ મહત્ત્વની વાત સિદ્ધ થાય છે કે જુદી જુદી માનસિક વૃત્તિઓ, લાગણીઓ અને વિકારોની શરીરપર જુદી જુદી અસર જરૂર થાય છે; અને અમુક વૃત્તિ વિશેષ પ્રકારે પોષવામાં આવે તો તે વૃત્તિ અમુક પ્રકારનો રોગ ઉત્પન્ન કરે છે, અને તે રોગ ધીમે ધીમે જડ ઘાલે છે.

વૃત્તિઓની શરીરપર કેવી રીતે અસર થાય છે, તે વાત હવે ટુંકમાં વિચારીએ. ધારો કે અમુક મનુષ્યમાં અતિશય ક્રોધ વ્યાપી રહ્યો છે. આ ક્રોધરૂપી મનોવિકારને લીધે તેના શરીરમાં ભયંકર તોફાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલે છે, જેનું પરિણામ એ આવે છે કે શરીરનું પોષણ અને વૃદ્ધિ કરનાર આરોગ્યદાયક રસ, ધાતુ વગેરે તેથી વિષમય બને છે, અને તે તત્ત્વો પોતાનું સ્વાભાવિક કામ કરવાને બદલે, શરીરનો નાશ કરનારાં તત્ત્વોના રૂપમાં ફેરવાઈ જાય છે. આવાં ઝેરી તત્ત્વો શરીરમાં ફેલાવાથી રોગની ઉત્પત્તિ થાય છે; અને જો આવી ક્રિયા લાંબો વખત ચાલે તો તેની સામટી અસર એ થાય છે કે તે રોગ ઘર કરે છે. આથી ઉલટું પ્રેમમય, પરોપકારી, દયામય અને શુભેચ્છાની લાગણીઓ તથા વિચારોથી શરીરમાં રહેલો રસ, ધાતુ વગેરે શુદ્ધ બને છે, અને તે આરોગ્યને વધારનાર તથા નવું બળ આપનાર નિવડે છે. શરીરની બધી નાડીઓ તેથી પ્રફુલ્લિત બને છે, તેમાં લોહી ખુલ્લી રીતે વહેવા લાગે છે, અને રસ તથા ધાતુમાં એટલી બધી તાકાત આવે કે ઝેરી અને રોગજનક બીજોનો નાશ કરીને શરીરને ઘણુંજ સુદૃઢ તથા નીરોગ બનાવે છે.

કોઇક વખત વૈદ્ય કે ડૉક્ટર રોગીને ઘેર જાય છે; તે દવા આપતો નથી, છતાં તે પોતાને જોવા આવ્યો છે, અને પોતાની સંભાળ લે છે, એ વિચારથીજ તે રોગીને ઠીક લાગે છે. તે વૈદ્ય પોતાની સાથે આરોગ્યનું વાતાવરણ લઈ જાય છે. વૈદ્યનું પ્રસન્ન મુખ, આનંદી સ્વભાવ અને મધુર વાર્તાલાપજ રોગીપર આરોગ્યનો વર્ષાદ વરસાવે છે. તે વૈદ્ય પોતાની સાથે તે રોગીના મકાનમાં 'આશા'નો પ્રવાહ લઈ જાય છે, અને રોગીને તે આપતો આવે છે. ખરૂં પૂછો તો વૈદ્યે આપેલી આશા, હિમ્મત અને ધૈર્યની છુપી પણ પ્રબલ અસર તે દરદીપર થવા લાગે છે, અને તેથી પ્રથમ રોગીનું મન સુધરવા લાગે છે, જેથી પછી ધીમે ધીમે તેનું તન પણ સુધરતું જાય છે. તાત્પર્ય એજ કે જે વાતોથી રોગીનો મનમાં દૃઢ આશા ઉત્પન્ન થઇને તે આનંદી, ઉત્સાહી, નિશ્ચિંત અને ધૈર્યવાન બને છે, તે બાબતો શરીરને પણ તેટલીજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાભકારી નિવડે છે. દૃઢ આશા અથવા અચળ ધૈર્યને સંજીવિની ઔષધિ કહીએ તો પણ તેમાં અતિશયોક્તિ થતી નથી.

એક રોગી પોતાના એક મિત્રને કહે તો કે "તમે જ્યારે મારી પાસે હો છો. ત્યારે મને બહુજ આનંદ લાગે છે." આ કથનમાં ગંભીર શાસ્ત્રીય રહસ્ય રહેલું છે. ઉત્તમ મનુષ્યો અને મહાત્માઓના દર્શન તેમજ શબ્દોમાં પણ પુષ્કળ આરોગ્ય ભરેલું હોય છે. અમુક પ્રકારની સૂચનાઓ અને વાતો કરવાથી સામા મનુષ્યના મનપર કેટલી બધી પ્રબળ અસર થાય છે તેનો અભ્યાસ કરવાથી ઘણોજ બોધ મળી શકે તેમ છે. સૂચન એ એક મહાશક્તિરૂપ છે.

શરીરરચનાનો એક પ્રવીણ અભ્યાસી અને પ્રખ્યાત વિજ્ઞાન શાસ્ત્રી અનેક પ્રકારના પ્રયોગો પોતાની પ્રયોગશાળામાં કરીને તેને આધારે લખે છે કે મનુષ્યનું આખું શરીર, હાડકાં, માંસ, સ્નાયુ વગેરે એક વર્ષ કરતાં પણ ઓછા વખતમાં સર્વાંશે બદલી શકાય અને શરીરના કેટલાક ભાગો તો એક બે અઠવાડીયામાં પણ ફેરવી શકાય.

અહીં કદાચ કોઈ પ્રશ્ન કરશે કે શું કેવળ આંતરશક્તિના પ્રયોગથી શરીર રોગિષ્ટ દશામાંથી નીરોગ સ્થિતિમાં લાવી શકાય? જવાબ એજ કે જરૂર-જરૂર લાવી શકાય, અને તે સ્થિતિમાં લાવવાનો સ્વાભાવિક માર્ગ પણ એજ છે. અમુક દવાઓ, ઔષધો, બાહ્યોપચાર એ તો બધા બનાવટી માર્ગ છે. જીવનશક્તિના યથાર્થ પ્રવાહમાં જે કાંઈ અડચણ રૂપ હોય તેને દૂર કરવું એટલુંજ કામ દવાઓ તો કરી શકે; બાકી શરીરના વ્યાધિ મટાડવાનું ખરેખરૂં કામ કરનારી શક્તિઓ તે આંતર શક્તિઓજ છે. અતિશય પ્રખ્યાત એક સર્જને થોડા સમયપરજ પોતાના ભાઈબંધ ડૉક્ટરો આગળ આ સંબંધમાં પોતાનો નિડર મત આ પ્રમાણે જણાવ્યો હતોઃ-"શરીરને પોષણ આપનારૂં ખરૂં તત્ત્વ-જીવનશક્તિ-તેનો ઘણાં સૈકાંઓથી વૈદકશાસ્ત્રમાં બીલકુલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ કરવામાં આવ્યો નથી, અને મન ઉપર જડવસ્તુની શી અસર થાય છે, તે ઉપરજ બધા ડૉક્ટરોનું ધ્યાન રોકાઈ રહ્યું છે, અને ઉપાયો પણ તેને અનુસરીનેજ શોધવામાં આવ્યા છે. આનું પરિણામ એ આવ્યું છે કે ડૉક્ટરો કાળની સાથે પ્રગતિ કરી શકતા નથી, અને તેથી શરીરના રોગો દૂર કરવામાં મન કેટલો અગત્યનો ભાગ ભજવે છે, તે વિચાર માત્ર બીજ રૂપેજ કેટલેક સ્થળે જોવામાં આવે છે. આમ છતાં આ વીસમી સદીમાં કુદરતની ગુપ્તશક્તિઓ શોધવા અને તેનો ઉપયોગ કરવા તરફ મનુષ્યજાતિનો આગળ વધેલો ભાગ દોરવાતો જાય છે. ડૉક્ટરોને પણ હવે માનસશાસ્ત્રનો અભ્યાસ કરવાની અને મનની શરીરપર થતી અસરનો સવાલ સૂક્ષ્મ રીતે તપાસવાની જરૂર પડતી જાય છે. આ બાબતમાં હવે જરા પણ ઢીલ, શંકા કે આનાકાની કરવા જેવું રહ્યું નથી. જે પાછળ પડયો તે મર્યો સમજવો, કારણ કે મનુષ્યજાતિ હવે પ્રગતિના આ માર્ગમાં દાખલ થઈ ચૂકી છે.”

ભૂતકાળમાં આ બાબતમાં કેટલાકોએ મૂર્ખતાનાં કામ કર્યાં હશે, તે મારી જાણબહાર નથી. ઘણી વિચિત્ર અને મૂર્ખતાભરી વાતો આ સંબંધમાં કહેવામાં અથવા કરવામાં પણ આવી છે, પણ તે ઉપરથી માનસશાસ્ત્રને લગતા મહાન સત્ય નિયમોનું અસત્યપણું ઠરતું નથી. દરેક તત્ત્વજ્ઞાન અથવા નીતિના નિયમની વિચારશ્રેણી અથવા ધર્મના પ્રારંભકાળમાં આવુંજ બનેલું આપણા જોવામાં આવે છે, પરંતુ વખત જતાં એમાં જે મૂર્ખતાભરી અને વિચિત્ર વાતો રહેલી હોય છે તે નાશ પામી જાય છે, અને ખરા શાશ્વત તત્ત્વો વધારે સ્વચ્છ સ્વરૂપમાં જગત આગળ પ્રકટ થતાં જાય છે.

આ માનસિક શક્તિઓના ઉપયોગદ્વારા બહુજ થોડા સમયમાં ઘણા રોગો સર્વાંશે મટી ગયાના દાખલા મારી પોતાની જાણમાં છે. કેટલાક હરકીઓ, જેમાંના રોગ ડૉક્ટરોએ અસાધ્ય ગણી કાઢેલા, તેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરદીઓને પણ આ રીતિથી આરામ થવા પામ્યો છે. જુદા જુદા સમયમાં જુદા જુદા ધર્મના ઇતિહાસમાં આપણને આ રીતે રોગ મટયાના ઘણા દાખલા મળી આવે છે; અને આપણામાં પણ આ રીતે રોગ મટાડવાની શક્તિ અત્યારે કેમ ન સંભવી શકે? **શક્તિ તો છેજ**, ભૂતકાળમાં જે મહાન નિયમોનો આશ્રય લેવામાં આવ્યો હતો તે નિયમો સ્વીકારી તેનો આશ્રય લેવામાં આવે તો અત્યારે પણ તે શક્તિ તેવુંજ કામ કરી શકે છે.

બીજાના રોગ મટાડવામાં અમુક વ્યક્તિ ઘણું કામ કરી શકે છે, પણ જે દરદી પોતે પણ તે વ્યક્તિની સાથે પૂર્ણ સહાનુભૂતિથી કામ કરે તો તેની અસર બહુ ત્વરાથી થાય છે. મહાત્મા ક્રાઇસ્ટે જે અનેક દરદીઓને રોગ મુક્ત કર્યા હતા તેમાં તે સર્વની સહાનુભૂતિની અપેક્ષા તેમણે પણ રાખી હતી. તેમનો ચોક્કસ સવાલ એ થતો હતો કે "શું તને શ્રદ્ધા છે?" આ રીતે દરદીમાં રહેલી જીવન આપનાર શક્તિને તે ઉત્તેજિત કરતા હતા. જે કોઈ મનુષ્ય બહુજ નિર્બળ સ્થિતિમાં હોય, જે તેનું શરીર તદ્દન ઘસાઈ ગયું હોય અથવા રોગને લીધે તેનું મન પોતાનું કામ કરી શકતું ન હોય, તો તેવો મનુષ્ય થોડા સમયનેસારૂ તે રોગ મટાડવામાં બીજાની મદદની અપેક્ષા રાખે તેમાં ખોટું નથી; પરંતુ જો તે પોતાની આંતરશક્તિઓમાં રહેલા સામર્થ્યનો ઉપયોગ પણ તેમાં કરી શકે તો તે વધારે ઉત્તમ અને ઉપકારક થઈ પડે છે.

એક મનુષ્ય બીજાને પુષ્કળ સહાય કરી શકે એ વાત સત્ય છે, અને લોકોને તેમનામાં રહેલી આંતરશક્તિઓની બીલવણી કરવાના માર્ગ તરફ આકર્ષવાનું શિક્ષક તરીકેનું કાર્ય ઘણુંજ ઉત્તમ છે; પરંતુ હરકોઇ બાબતમાં સ્થાયી સુધારો મેળવવાને માટે તો દરેક મનુષ્યે જાતેજ પ્રયત્ન કરવો જોઇએ. જે પાપી મનુષ્ય ક્રાઇસ્ટ મહાત્મા પાસે આવતો તેને તેઓ નિરંતર એમજ કહેતા કે "જા હવે પાપ કરતો ના," અથવા તો "તારાં પાપ માફ કરવામાં આવે છે;" અર્થાત્ તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એજ નિયમનો ઉપદેશ આપતા હતા કે સઘળાં દુઃખ અથવા રોગનું કારણ જાણી જોઈને કે અજાણપણે, સીધી યા આડકતરી રીતે કુદરતના નિયમોનો કરેલો ભંગજ છે.

જ્યાં સુધી પાપ છે અથવા કુદરતી નિયમોનો ભંગ છે, ત્યાં સુધી દુઃખ પણ આવવાનું એ નિર્વિવાદ છે. જ્યારે નિયમોનો ભંગ કરવાનું બંધ કરીને મનુષ્ય તે નિયમને અનુકૂળ વર્તવા લાગે છે, ત્યારે દુઃખનું કારણ પણ બંધ થઇ જાય છે. જો કે ભૂતકાળમાં કરેલાં પાપ અથવા નિયમોના ભંગના પરિણામરૂપે કેટલાંક દુઃખજનક તત્ત્વો તે મનુષ્યમાં રહેલાં હોય છે; છતાં નવું દુઃખ ઉત્પન્ન કરનાર કારણ દૂર થવાને લીધે હવે તે દુઃખદાયક સંચિત તત્ત્વમાં ઉમેરો થતો નથી, અને ભૂતકાળના નિયમભંગને લીધે ઉત્પન્ન થયેલી દુઃખમય સ્થિતિ પણ શુભ શક્તિઓના ઉપયોગથી વિખરાવા લાગે છે.

મનુષ્યે આ સત્ય પોતાના હૃદયમાં પૂર્ણ રીતે ઠસાવવું જોઇએ કે "હું તથા સર્વ પ્રાણીઓમાં રહેલું અનંત ચૈતન્ય વાસ્તવિક રીતે એકજ છીએ." આ માન્યતા દૃઢ થવાથી મનુષ્ય પૂર્ણ આરોગ્યમય જીવન ગાળી શકે છે, અને ભૂતકાળમાં કરેલી ભૂલોના પરિણામે એકઠો થયેલો મનમાંનો તથા શરીરમાંનો કચરો દૂર થવા લાગે છે, કારણ કે આત્મા તથા પરમાત્માની એકતાનો ખ્યાલ એવો તો પવિત્ર અને પ્રબળ જીવનપ્રવાહ ઉત્પન્ન કરે છે કે તેના આગળ રોગમાત્ર નાશ પામી જાય છે, તેનામાં નવું જીવન આવે છે, અને શરીર બહુજ મજબૂત બને છે.

જ્યારે આપણને આપણી તથા પરમાત્માની વચ્ચેની એકતાનું જ્ઞાન થશે ત્યારેજ આપણે આપણને અનેક વ્યાધિઓના આધારભૂત કેવળ જડશરીરરૂપ માનતાં અટકીશું અને દિવ્ય મનુષ્ય તરીકે ગણીશું; અને જ્યાં આપણે પોતાને ચૈતન્યરૂપ માનવા લાગ્યા કે પછી આપણને એવું ભાન થતું ચાલશેજ કે જે શરીરરૂપી ઘરમાં આપણે રહીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ તેના આપણે બાંધનાર તથા સ્વામી તરીકે છીએ, અને કદી પણ શરીર આપણું સ્વામી નથી. અજ્ઞાનને લીધે અત્યાર સુધી આપણે પોતાને જે વસ્તુઓના દાસ ગણીને તેની અસર આપણા શરીરપર થવા દેતા હતા, તેવી અસર પણ હવે આપણે થવા દઇશું નહિ. કુદરતી નિયમોથી હવે આપણે ડરીશું નહિ, પણ તેને સમજીને તેની સાથે પ્રીતિ કરીશું અને તે નિયમોનો હવે આપણે એવી રીતે ઉપયોગ કરીશું કે જેથી આપણા ધાર્યા પ્રમાણેજ તેનું ફળ આવે. હવે આપણે ગુલામ નહિ પણ શેઠ બનીશું; અને અમુક વસ્તુ ઉપર આપણી ખરી પ્રીતિ થતાં આપણને તેના તરફથી કશાજ ભયની આશંકા રહેશે નહિ.

આ સંસારમાં હજારો સ્ત્રી–પુરૂષો શરીરે અત્યંત દુર્બળ હોઇને અનેક પ્રકારના વ્યાધિઓએ તેમના શરીરમાં ઘર કર્યું હોય છે. જો પરમાત્મતત્ત્વના દિવ્યપ્રવાહને તેઓ પોતામાં વહેવા દે તો તેવાં મનુષ્યો પણ નીરોગ અને મજબૂત બની શકવામાં જરા પણ અડચણ આવે તેમ નથી. આવાં મનુષ્યોને એટલાજ બોધની જરૂર છે કે "પરમાત્મતત્ત્વના દિવ્યપ્રવાહથી જરા પણ વિમુખ ન થશો. તમારા હૃદયનાં દ્વાર તેના તરફ ખુલ્લાં રાખી તે દિવ્યપ્રવાહને આમંત્રણ આપો એટલે તે પ્રવાહ તમારા શરીરની રગેરગમાં એટલા જોરથી વહેવા લાગશે કે તેના પ્રવાહમાં તમારા સઘળા રોગ સમૂળ દૂર થઇ જશે અને તમારૂં શરીર તદ્દન રોગરહિત બનશે." એક મહાત્માએ કહ્યું છે કે "બ્રહ્મજ્ઞાનથી બે તરફના લાભ છે, એક તો દિવ્યજીવનની પ્રાપ્તિ થાય છે, અને બીજું શરીર પણ નીરોગ બને છે."

એક પાણીની નીક છે. તેમાં થઇને કાદવવાળું પાણી નિરંતર વહ્યા કરે છે. તેને તળીએ તેમજ આજુએ કચરો ચોંટી ગયો છે, અને એમાં જ્યાં સુધી કાદવવાળું પાણી વહ્યા કરશે ત્યાં સુધી તે કચરો ત્યાં ચોંટી રહે એ સ્વાભાવિકજ છે. હવે એમાં ફેરફાર કરો. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીકમાંથી ચોખ્ખા, સ્ફટિક જેવા પાણીના ઝડપથી વહેતા પ્રવાહને વહેવા દો, અને ઘણાજ થોડા સમયમાં તળીઆનો તથા બન્ને બાજુઓનો કચરો ધસડાઈ જઇને તે નીક નિર્મળ બનશે. હવે તે નીક કદરૂપી નહિ પણ સુંદર દેખાવા લાગશે અને તેમાં થઇને વહેતું જળ પણ કીંમતી ગણાશે; એટલુંજ નહિ પરંતુ તેનો ઉપયોગ કરનાર બહારના મનુષ્યોને પણ તે પાણી તંદુરસ્તી અને નવું જીવન આપનાર થઈ પડશે.

જે પ્રમાણમાં તમે તમારી અને પરમાત્મા વચ્ચે રહેલી એકતાનો ખ્યાલ લાવો છો, અને તેમ કરીને તમારા અંતરમાં રહેલી ગુપ્ત શક્તિઓ અને સામર્થ્યને પ્રકટ કરો છો, તે પ્રમાણમાં તમારા શરીરની આધિ-વ્યાધિ, અસ્વસ્થતા અને અશક્તિ નાશ પામી તેની જગ્યાએ આરોગ્ય અને બળ તમારા પોતાના શરીરમાં પ્રકટ થવા લાગે છે, એટલુંજ નહિ પણ તમારા સંબંધમાં આવનાર દરેક પુરુષમાં પણ આરોગ્ય અને બળનું વાતાવરણ તમે ઉત્પન્ન કરી શકો છો; કારણ કે **રોગ જેટલો ચેપી છે, તેટલુંજ આરોગ્ય પણ ચેપી છે.**

ઉપરનું લખાણ વાંચીને કોઈ એમ પણ કહેવા લાગે કે "ઉપરનાં આ તત્ત્વો સત્ય તો લાગે છે, પણ તેને અમલમાં કેવી રીતે મૂકવાં? તથા અમારી અંદર રહેલા રોગ અમારી મેળેજ અમે કેવી રીતે મટાડી શકીએ?" આ પ્રશ્નનો ઉત્તર એજ કે મૂળતત્ત્વો જણાવવાં એ અમારૂં કાર્ય છે, તેને કેવી રીતે પોતાના જીવનમાં ઉતારવાં એતો દરેક વ્યક્તિનું પોતાનું કાર્ય છે. એક મનુષ્યની રીત બીજાને ઉપયોગી થાય કે ન પણ થાય. માટે સર્વ કોઇએ પોતાની સ્થિતિ, સંયોગો વગેરેનો વિચાર કરી તેને અનુકૂળ પડતી રીતેજ તે તત્ત્વોને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવાનો છે.

અહીં એ કહેવું પણ જરૂરનું છે કે પૂર્ણ આરોગ્યતાના વિચારો લાંબા વખત સુધી મનમાં રાખવાથી શરીરની આરોગ્યદાયક શક્તિને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તેજન મળે છે, અને તેનું પરિણામ એ આવે છે કે શરીર પૂર્ણ રીતે તંદુરસ્ત બને છે. 'હું તંદુરસ્ત છું' એવી ભાવનાનું વારંવાર ઉચ્ચારણ કરવા કરતાં તે તંદુરસ્તી અનુભવવાનો પ્રયત્ન કરવાથી વિશેષ લાભ થાય છે. કેટલાક મનુષ્યોની બાબતમાં એ ભાવનાનું ઉચ્ચારણ પણ તેવો અનુભવ થવામાં મદદરૂપ થઇ પડે છે.

જે અનંત ચૈતન્યમાંથી વ્યક્તિગત જીવન ઉદ્‌ભવેલું છે અને નિરંતર ઉદ્‌ભવતું જાય છે, તેની સાથે જેટલા પ્રમાણમાં તમે ભાનપૂર્વક તમારી એકતાનું ચિંતન કરો છો, અને તેમ કરીને જેટલા પ્રમાણમાં તમે તમારા હૃદયનાં દ્વાર તે અનંત ચૈતન્યનો દિવ્યપ્રવાહ ઝીલવાને ખુલ્લાં રાખો છો, તેટલા પ્રમાણમાં તમે એક એવી શક્તિનો આશ્રય લો છો કે જેના પ્રભાવથી કાળે કરીને તમારું શરીર તદ્દન નીરોગી થશે, અને તમારી નસોમાં તંદુરસ્ત લોહી દોડતું થશે. કારણ સ્પષ્ટ છે કે તે **અનંત દિવ્ય ચૈતન્યમાં રોગને અવકાશજ નથી; અને તે નિરામય ચૈતન્યની અને તમારા ચૈતન્યની એકતા હોવાથી તમારામાં પણ રોગ રહી શકેજ નહિ.** આ ફેરફાર ત્વરાથી કે વિલંબથી થવાનો **સર્વ આધાર** આ ઐક્યના સત્ય-સિદ્ધાંતપર, તમારી પોતાની **વધારે યા ઓછી શ્રદ્ધા અને ચિંતનપરજ રહેલો છે.**

કેટલાક મનુષ્યો આ ઉચ્ચ એકતાને અનુભવવાનું એટલું બધું સામર્થ્ય ધરાવતા હોય છે કે તેમના રોગ ત્વરાથી નાશ પામે છે, અને તેમના શરીરમાં જે આવકારદાયક સુધારણા થાય છે, તે હમ્મેશને માટે રહે છે. બ્યારે કેટલાકને આ બાબતનો અનુભવ ધીમે ધીમે થતો જાય છે.

રોગી મનુષ્યો જો નીચે દર્શાવ્યા પ્રમાણે હૃદયમાં સ્થાયી ભાવના રાખશે તો તેમને તેથી અત્યંત સાહાય્ય મળશે અને તેમના રોગ સર્વથા મટી જશે. એકાંત સ્થળમાં પ્રથમ મનને સંપૂર્ણ શાન્ત થવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દઈ હૃદયથી સર્વ તરફ પ્રેમની ભાવના દર્શાવો; અને પછી તમારા અંતરાત્મા તરફ વળીને ભાવના કરો કેઃ—

અનંત ચૈતન્ય–નિરામય તત્ત્વસ્વરૂપ પરમાત્મા તથા મારા જીવનની એકતા છે. એ પરમાત્માજ જીવનનું જીવન છે. હું ચૈતન્ય સ્વરૂપ છું, મારી દૈવી પ્રકૃતિ છે, તેમાં તે રોગનો જરા પણ સંભવજ નથી. માત્ર મારા આ સ્થૂલશરીરમાંજ રોગે પ્રવેશ કર્યો છે, અને તેથી શરીરના દરેક ભાગમાં તે દિવ્યચૈતન્યનો પ્રવાહ વહેવા માટે તે ચૈતન્ય તરફ મારાં હૃદયદ્વાર ખુલ્લાં રાખું છું. અત્યારે–આ પળેજ તે પ્રવાહ મારા શરીરમાં વહેવા લાગ્યો છે, અને શરીરને નીરોગી બનાવવાની ક્રિયા ચાલુ થવા લાગી છે.” આ શબ્દો કેવળ મુખથી ઉચ્ચારીનેજ બેસી રહેવાનું નથી, પરંતુ તે બોલતી વખતે મનથી પણ તેવી ભાવનામાં તન્મય થવાનું છે. આ પ્રમાણે થતાંજ તમારા શરીરમાં નવો જીવનપ્રવાહ પૂર્ણ જોસથી ઉછળવા લાગશે. જેઓ ચૈતન્ય તત્ત્વપર પૂર્ણ વિશ્વાસ રાખી શકતા નથી, તેઓને શુભ કરતાં અશુભ તત્ત્વપર વધારે શ્રદ્ધા હોવાથી નિરંતર તેઓ માંદાજ રહે છે.

જો મનુષ્ય ઉપર જણાવેલી ભાવનાની રીત અંગીકાર કરે, અને તેનાથી બને તેટલીવાર અમુક અમુક સમયે તે ભાવના ભાવ્યાં કરે, તથા તે ભાવનાપર પોતાનું મન વારંવાર સ્થિર કરે, તો તેને પોતાને પણ આશ્ચર્ય ઉપજે તેવી રીતે તેના મન અને શરીરપર અસર થવા લાગશે અને રોગને સ્થાને તેને નીરોગતા પ્રાપ્ત થશે.

જો શરીરનો કોઇ અમુક ભાગ રોગગ્રસ્ત હોય તો ઉપર જણાવેલી ભાવના આખા શરીરને માટે કરવા ઉપરાંત તે ભાગને માટે પણ ખાસ ભાવના કરો. આ પ્રમાણે પ્રબળ ભાવના કરવાથી તે ભાગમાં રહેલા જીવનપ્રવાહને વિશેષ ગતિ મળીને તે ભાગ નીરોગી બનતો જાય છે.

આ સ્થળે એક નિયમ પૂરેપૂરી રીતે સ્મરણમાં રાખવો ઘટે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, આ પ્રમાણે આરોગ્ય મળવા છતાં પણ જો તે રોગને ઉત્પન્ન કરનારાં મૂળ કારણો જ્યાં સુધી દૂર કરવામાં આવ્યાં ન હોય ત્યાં સુધી તે રોગરૂપ પરિણામ સદાને માટે બંધ થતું નથી. **નિયમનો ભંગ છે ત્યાં સુધી રોગ અને દુઃખનો સંભવ છેજ.**

ઉપલો પ્રકાર પૂર્ણ શ્રદ્ધાથી આચરવાથી રોગી શરીર નીરોગી બનવા ઉપરાંત વિશેષ શક્તિમાન, ઉત્સાહિત અને ચૈતન્યવાળું બને છે. ઔષધિ અથવા શસ્ત્રપ્રયોગ આદિ બાહ્ય ઉપચારોનો આશ્રય લીધા વિના કેવળ મનની શક્તિવડેજ અનેક દેશોમાં રોગીઓના રોગ નાશ પામ્યાના અનેક દાખલા વિદ્યમાન છે. રોગ મટાડવાની આ આંતરિક રીતોને ભિન્ન ભિન્ન સ્થાનોમાં તેમજ ભિન્ન ભિન્ન સમયોમાં વિવિધ નામ આપવામાં આવ્યાં છે, પણ તે સર્વ એક સરખી રીતે એ એકજ તત્ત્વનો આશ્રય લે છે. આ વાત તો જગતમાંનો પ્રત્યેક મુખ્ય ધર્મ સ્વીકારે છેજ કે પ્રાચીનકાળમાં ધર્મગુરુઓમાં પોતાની આંતરિક શક્તિઓવડે રોગ મટાડવાની શક્તિ હતી; અને જો તેમનામાં તે સમયે તે શક્તિ હતી તો આપણામાં હાલ તે કેમ ન સંભવે? શું જગતના મહાન નિયમો આજે બદલાઈ ગયા છે? નહિજ. નિયમો તો તેના તેજ છે; પરંતુ અમુક વિરલ ભાગ્યશાળી મનુષ્યોને બાતલ કરીને બોલીએ તો વર્તમાન સમયમાં મનુષ્યજાતિનો મોટો ભાગ માત્ર ઉત્તમ સિદ્ધાંતોને ઉપર ઉપરથીજ માનનારો અથવા બોલ્યા કરનારો બની ગયો છે, અને તે સિદ્ધાંતોની પાછળ રહેલા સામર્થ્યને અથવા તેના રહસ્યને પીછાણવાને ભાગ્યેજ તસ્દી લે છે. જે મનુષ્યોમાં ખરું વ્યક્તિત્વ પ્રકટી નીકળ્યું છે તેઓ તો એવી રીતે શબ્દોનાં બોખાંને વળગી ન રહેતાં, તેની પાછળ રહેલા ચૈતન્યને–સામર્થ્યનેજ જુએ છે, અને તેનો અનુભવ કરે છે. જેથી બીજાઓને પણ તે શબ્દોનું રહસ્ય પૂર્ણ રીતે તેઓ સમજાવી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણને માલૂમ પડતું નથી છે અને વખત જતાં આપણી વધારે ને વધારે ખાત્રી થશે કે સઘળા રોગો અને તેને અંગે ઉત્પન્ન થતાં દુઃખોનું મૂળ કારણ મન અને લાગણીઓનું અવ્યવસ્થિતપણુંજ છે. આપણી મનની સ્થિતિના પ્રમાણમાંજ કોઈ પણ વસ્તુની ઓછી કે વધારે અસર આપણાપર થાય છે. જો આપણને દૃઢ વિશ્વાસ બેસતો આવે કે અમુક કામમાં આપણી પૂર્ણ સત્તા ચાલશે અને આપણને તેનાથી કદી પણ નુકશાન થશે નહિ તો અવશ્ય આપણી સત્તા તે કામપર ચાલશે અને કોઈ પણ પ્રકારનું નુકશાન આપણને થવા પામશે નહિ.

કોઈ પણ રોગને પોષણ મળે એવો સંયોગ જો આપણા શરીરમાં ન હોય તો રોગની તાકાત નથી કે તે આપણા શરીરમાં પ્રવેશી શકે, તેજ પ્રમાણે કોઈ અશુભ કે અનિષ્ટ સ્થિતિને અનુકૂળ તત્વો જો આપણામાં ન હોય તો તે સ્થિતિની તાકાત નથી કે આપણા પર તે સવાર થઈ શકે; માટે **જે કાંઈ સુદશા કે દુર્દશા આપણાપર આવી પડે તેનું કારણ બહાર શોધવાને બદલે આપણે આપણામાંજ શોધવું જોઇએ.** જો તે કારણ શોધી કહાડીને તેને દૂર કરીએ તો તેથી આપણી આંતરસ્થિતિ એવી તો ઉત્તમ બનશે કે જેથી કેવળ સારી દશાજ આપણી તરફ આકર્ષાઇને આવ્યા કરશે.

સ્વભાવથીજ આપણે આપણી દશાના સ્વામી થવાને સરજાયેલા હોવા છતાં માત્ર અજ્ઞાનતાને લીધેજ જે તે સંયોગોને આધીન બની જઇને તેના ગુલામની પેઠે વર્તીએ છીએ.

આપણે પવનના ઝપાટાથી ડરીએ છીએ, આપણને આવે પ્રસંગે ભય લાગે છે કે આપણને તાવ આવશે કે શરદી થશે; પરંતુ ખરૂં જોતાં પવન તો ઉલટો આપણું જીવન હોઇને આપણા અશુદ્ધ રક્તને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધ કરનાર છે, તો પછી તેનાથી ભય શો ? વળી તેની જેટલી પણ અસર આપણે આપણાપર થવા દઇએ તેટલીજ થઈ શકે છે. વ્યાધિઓનાં ઉપાદાન કારણ અને નિમિત્ત કારણનો યથાર્થ ભેદ આપણે સમજવો જોઇએ. પવનનો ઝપાટો જે આપણા શરીરને લાગે અને તેથી શરદી થાય કે તાવ આવે તો આપણે સમજવું જોઇએ કે પવનનો ઝપાટો તો એમાં માત્ર નિમિત્ત કારણરૂપજ હતો, અને ઉપાદાન કારણ તો કાંઇક જુદુંજ છે.

પ્રચંડ વાયુના ઝપાટામાં બેઠેલા બે મનુષ્યોમાંનો એક હેરાનગતિ ભોગવી રહ્યો છે, ત્યારે બીજાને તેથી ઉલટો એક પ્રકારનો આનંદ લાગે છે ! પહેલો મનુષ્ય પોતાના સંયોગોનો દાસ હોવાથી તે પવનના ઝપાટાથી ડરે છે, અને પવનથી અવશ્ય કાંઇને કાંઈ નુકસાન થવાના વિચારો તેના મનમાં રમ્યા કરતા હોવાને લીધે તે પોતાના મનોમન્દિરનાં દ્વાર ખુલ્લાં કરીને તેદ્વારા વ્યાધિને પોતાના તરફ બોલાવે છે, અને આવી રીતે પવન જેવી નિર્દોષ અને લાભકારી વસ્તુ તેને નુકશાનકર્ત્તા નિવડે છે, કારણ કે **જે સ્થિતિનો તે પોતે વિચાર કરી રહ્યો છે તેજ સ્થિતિને તે પોતાના તરફ આકર્ષે છે.**

બીજો મનુષ્ય પોતાને સંયોગોનો સ્વામી લેખે છે. તે પવનના વેગથી જરા પણ ભય ન પામતાં ઉલટો પોતાને તે સ્થિતિને અનુકૂળ બનાવે છે, જેથી તે સખ્ત વાયુથી તેને કાંઈ પણ અડચણ થતી નથી, એટલુંજ નહિ પણ ઉલટો તે વાયુથી તેને શુદ્ધ હવાનો લાભ મળે છે, અને હજી એથીએ વધારે ઠંડો અથવા પ્રચંડ વાયુ સહન કરવાની શક્તિ તેનામાં ખીલતી જાય છે.

જો પ્રચંડ વાયુજ શરદી અથવા તાવનું કારણ હોત તો બન્નેને માટે એક સરખુંજ પરિણામ આવત, પરંતુ તેમ બનતું નથી. એ ઉપરથી જણાય છે કે તાવનું ઉપાદાન કારણ વાયુ નથી, પણ મનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભયપ્રદ સ્થિતિજ છે. વાયુ તો માત્ર એમાં નિમિત્તરૂપજ છે, અને **મનુષ્યને તેના મનની સ્થિતિ પ્રમાણેજ ફળ મળે છે.**

ગરીબ બિચારો વાયુ ! લોકો હજારોવાર સઘળો દોષ પવનપર નાખે છે. તેઓ ખુલ્લી આંખે પોતાની નિર્બળતા જોઈ શકતા નથી અને બીજાના ઉપર પોતાની જવાબદારી નાખીને સંયોગોના સ્વામી બનવાને બદલે તેના નિઃસત્ત્વ દાસ બને છે. જે મનુષ્ય ઈશ્વરનું પ્રતિબિમ્બ છે, જે પ્રભુની શક્તિ અને ચૈતન્યનો ભાગીદાર છે, અને જે સંસારના સમગ્ર પદાર્થોનો માલિક થવાને સરજાયેલો છે, તેજ મનુષ્ય આરોગ્યને આપનાર પવનના ઝપાટાથી ડરે છે ! પોતાની શક્તિનો તેને ખ્યાલજ નથી, અને જે કાંઈ ખ્હાનું હાથમાં આવ્યું તેને ઓઠે પોતાની નિર્બળતા ઢાંકવાનો પ્રયત્ન કરે છે.

ઉપર જણાવી તેવા પવનના ઝપાટાની અસર ન થાય તે માટે મનુષ્યે મનની આંતરિક દશા પ્રથમ સુધારવી જોઇએ, અને તેની સાથે શરીરને પણ તંદુરસ્ત સ્થિતિમાં લાવવાનો પૂરતો પ્રયત્ન કરવો જોઇએ. ભલું કે બૂરું કરવાની શક્તિ વાયુમાં નથી, પરંતુ આપણે જ્યારે તેને તેમ કરવાની શક્તિ આપીએ છીએ ત્યારેજ તેનામાં તે શક્તિ આવે છે; માટે તેનો જરાપણ ભય ન રાખતાં તેને મિત્રભાવે તમને અનુકૂળ બનાવો, અને પ્રચંડ વાયુમાં થોડી થોડીવાર બેસવાની ટેવ પાડીને ધીમે ધીમે તે ટેવને વધારો. જેની તંદુરસ્તી બહુ નરમ હોય તેણે એકદમ સખ્તમાં સખ્ત પવનમાં બેસવાનું સાહસ ખેડવું નહિ, તેમ જેના મનમાં પવનના સપાટાનો જરા પણ ભય રહેતો હોય તેણે પણ તેમ કરવું નહિ, પરંતુ તેમણે પ્રથમ મંદ પવનના ઝપાટા સહન કરવાની ટેવ પાડીનેજ આગળ વધવું. બીજી દરેક બાબતમાં પણ મનુષ્યે એવીજ રીતે વિવેકબુદ્ધિને અનુસરીને વર્તવું એજ લાભકારી છે.

સૃષ્ટિના સર્વ પદાર્થોપર સત્તા ચલાવવાને માટેજ આપણો જન્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. જગતમાં અત્યાર સુધીમાં કેટલાક મનુષ્યો તે સત્તા ચલાવવાને શક્તિમાન થયા છે, એજ સૂચવે છે કે આપણે પણ તે મુજબ કરી શકીએ તેમ છીએ. જે કાર્ય એક મનુષ્ય કરી શક્યો તે બીજો પણ કરી શકશે. મુદ્દો માત્ર એજ છે કે **જેટલા પ્રમાણમાં આપણને આપણી આંતરશક્તિઓનો ખ્યાલ આવી શકે તેટલાજ પ્રમાણમાં આપણે બાહ્યસૃષ્ટિપર સત્તા ચલાવી શકીએ;** અને જો આપણને આપણી આંતરશક્તિઓનો ખ્યાલ ન આવે તો આપણે ગુલામ જેવાજ રહી જવાના અને સૃષ્ટિના પદાર્થો આપણાપર તેમનું સામ્રાજ્ય ચલાવ્યે જવાના. સર્વ બાબતો આપણી અંદરની વૃત્તિઓ અને આપણી માનસિક સ્થિતિપરજ આધાર રાખે છે. આધ્યાત્મિક નિયમ અથવા બીજા શબ્દોમાં કહીએ તો કુદરતનો નિયમજ એવો છે કે **આપણા મનની સ્થિતિ અનુસારજ પ્રત્યેક વસ્તુ અને સંયોગો આપણા તરફ આકર્ષાઇ આવે છે.**

આ જગતમાં કાર્ય-કારણના નિયમ સિવાય કાંઇજ બની શકતું નથી. અચાનક બનાવ અથવા ચમત્કાર જેવું કાંઈ છેજ નહિ. ઘણા-ખરા મનુષ્યો પોતાની વર્તમાન સ્થિતિથી અસંતુષ્ટ જણાય છે. તેમની તેવી સ્થિતિ દૂર કરવાનો ઉત્તમ ઉપાય નીચે પ્રમાણે છે. તેવા પુરુષોએ નશીબ અથવા દૈવને માથે દોષ મૂકવાનું અને ખાલી બરબડવાનું છોડી દેવું જોઇએ. પોતાના હૃદય તરફ દૃષ્ટિ કરવી જોઇએ. પ્રતિકૂળ સ્થિતિ આવવાનાં અશુભ કારણો કે જે તેમનાજ હૃદયમાં ભય અને અજ્ઞાન-રૂપે વસી રહ્યાં છે તેને સર્વથા નિર્મૂળ કરવાં જોઇએ અને તેનું સ્થાન અનુકૂળ સ્થિતિને આકર્ષનારાં શુભ કારણોને આપવું જોઇએ. આમ કરવાથી જરૂર થોડા સમયમાં અનુકૂળ સ્થિતિ તમારા તરફ આકર્ષાઇ આવશે. સ્થૂલશરીર તેમજ મનની બાબતમાં અને બીજી દરકોઈ બાબતમાં એજ નિયમ એક સરખી રીતે લાગુ પડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણી હાલની સારી યા બૂરી સ્થિતિ આપણે પોતે તેને જાણી જોઈને કે અજ્ઞાનથી બોલાવ્યાથીજ આપણી તરફ એંચાઇ આવી છે. એ સિવાય આપણે તે સ્થિતિમાં કદાપિ મૂકાઇએજ નહિ. આ બાબત માનવી ઘણાકને પ્રથમ દૃષ્ટિએ કઠિન લાગશે, પરંતુ તેઓ શાન્ત ચિત્તથી વિચારશક્તિની પ્રબળ સત્તા સમજતા જશે, અને તેનાં પોતાપર તથા આસપાસના બીજા મનુષ્યોપર થતાં પરિણામ જોતા જશે તો ઉપલા કથનનો ખ્યાલ તેમને આવ્યા વિના નહિજ રહે.

આપણે જે સ્થિતિમાં મૂકાયા હોઇએ તેને સુખકર કે દુઃખકર માનવી એ બાબત પણ આપણાજ હાથમાં છે. અમુક બનાવ, સ્થિતિ કે સંયોગ તમને પ્રતિકૂળ લાગે છે અને તેથી તમારા મનની શાંતિને ખલેલ પહોંચે છે. તેનું મુખ્ય કારણ તો એજ છે કે તમે તેથી કરીને તમારા મનની શાંતિનો ભંગ થવા દો છો. જગતના બનાવોપર તમારૂં સામ્રાજ્ય ચાલે એટલી તમારામાં શક્તિ હોવા છતાં પણ તે શક્તિનો તમને ખ્યાલ આવેલો નથી અને પરમાત્મતત્ત્વ સાથેનું તમારૂં ઐક્ય તમે ભૂલી ગયા છો. તમે અમુક બનાવ કે સ્થિતિને સ્વાધીન થાઓ છો અને તેના નિયંતા થવાને બદલે દાસ બની રહો છો તેનું એજ બરેબરૂં કારણ છે.

સંસારના બનાવોથી મનની શાંતિનો ભંગ ન થાય, એમ ઇચ્છનાર મનુષ્યે પોતાનું મધ્યબિન્દુ શોધી કાઢવું જોઇએ. એ **મધ્યબિન્દુ પર સ્થિર થયેલો મનુષ્ય સર્વત્ર પોતાની સત્તા ચલાવી શકે છે, માટે ઈશ્વર સાથેનું ઐક્ય કે જે તમારૂં મધ્યબિન્દુ છે તેને શોધી કાઢો અને તેમાં સ્થિર રહો; એટલે અંદરથી નવું બળ તમારામાં પ્રકટ થવા લાગશે.**

જો એ પ્રકારે તમે બાહ્યવસ્તુઓ અથવા સંયોગોપર રાજ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી શકતા ન હો તો પછી જે જે સંયોગો આવી પડે તે વેઠી લો અને તમારી સ્થિતિના સંબંધમાં વૃથા બરબડાટ કરતા નહિ અથવા તો **જગતમાં બનતી સર્વ ઘટનાઓ પરમાત્મ સત્તાની અપાર દયા અને અનંત જ્ઞાનને અનુસરીનેજ છે,** એ સિદ્ધાંતપર વૃથા આક્ષેપ મૂકતા નહિ.

હું પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે, **જે મનુષ્ય પૂર્ણ થશે તેને પૃથ્વી પણ પૂર્ણ ભાસશે અને અર્ધ દગ્ધ કે અપૂર્ણ મનુષ્યને પૃથ્વી પણ અવ્યવસ્થિત અને અપૂર્ણજ ભાસશે.**

તમારા અંતઃકરણનાં દ્વાર જો મલિન યાને પ્રતિકૂળ વસ્તુથી લેપાયલાં હશે તો તે દ્વારમાંથી જગત તરફ દૃષ્ટિ કરતાં જગત પણ તમને મલિન અને અવ્યવસ્થિત લાગશે; માટે બડબડવાનું બંધ કરો, અશુભદર્શીપણાનો ત્યાગ કરો. 'હું કમનશીબ છું' એવું બોલવાનું છોડી દો. જો તમે એમ ન કરી શકતા હો તો સર્વથી પ્રથમ તમારા હૃદયદ્વારને સુધારવાની જરૂર છે, એટલુંજ તે ઉપરથી સાબીત થાય છે.

જે પરમાત્મારૂપી સૂર્ય અંતરમાં પ્રકાશ આપવા ઉપરાંત બાહ્ય-પદાર્થોને દૃશ્ય બનાવે છે, તેનો પ્રકાશ ઝીલવાને અને અનુભવવાને તમારો કોઇ મિત્ર પોતાના હૃદયની બારીઓ નિરંતર નિર્મળ રાખતો હોય તો જરૂર માનજો કે તે મિત્ર તમારા કરતાં તદ્દન જુદીજ દુનિયામાં વસે છે. માટે હે પ્રિય બંધો ! બડબડવાનું મૂકી દો અને પ્રથમ તમારા અંતઃકરણનાં દ્વારનેજ ધોઇને નિર્મળ બનાવો. આ કામ તમે કરશો એટલે આ જગતમાંની પૂર્વે નહિ દીઠેલી એવી અનેક સુંદરતાઓ તમારી દૃષ્ટિએ પડશે અને સ્વર્ગ યા નંદનવનનો તમને અહીંજ સાક્ષાત્કાર થશે. આપણામાં કહેવત છે કે " જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ " એનો અર્થ એજ છે કે સૂર્યના પ્રકાશમાં જે વસ્તુઓ સાધારણ મનુષ્યોને દેખાતી નથી, તેવી અનેક બાબતો કવિની પ્રતિભાશાળી બુદ્ધિ જોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે છે; કારણ કે કવિનું મન આન્તરપ્રકાશથી પ્રકાશિત હોવાથી તે પ્રકાશનું પ્રતિબિંબ બાહ્યવસ્તુઓપર પડવાને લીધે તે વસ્તુઓ પણ તેને તેના ખરા રૂપમાં દેખાય છે. મહાન કવિ શેક્સપીયરના એક નાટકમાં એક પાત્ર બીજા પાત્રને કહે છે કે "પ્રિય બ્રૂટસ! **આપણે સેવકની સ્થિતિમાં છીએ તેનો દોષ આપણા ગ્રહનો નથી, પણ આપણો પોતાનોજ છે.**" શેક્સપીયરનું પોતાનું જીવન પણ ઉપરના સિદ્ધાંતને ટેકો આપે છે. વળી બીજે એક સ્થળે પણ તે જણાવે છે કે:—

આપણી શંકાઓ એજ આપણા વિશ્વાસઘાતી મિત્રો છે. અનેક શુભ વસ્તુઓ આપણે પ્રાપ્ત કરી શકીએ તેમ છીએ, પરંતુ તે મેળવવાનો પ્રયત્ન કરતાં આપણે ડરતા હોવાથી આપણે તેને પ્રાપ્ત કરી શકતા નથી. **આપણને અશુભ અને અનિષ્ટ સંયોગોમાં લાવી મૂકનાર 'ભય' જેવો બીજો કોઈ પદાર્થ નથી.** આપણે કોઈ પણ વસ્તુ અથવા મનુષ્યથી ભય રાખવા જેવું છેજ નહિ અને **જો આપણે આપણી જાતને તેના ખરા સ્વરૂપમાં ઓળખીએ તો પછી આપણને તેવો ભય થતો પણ નથી.**

આપણે અનેક દુઃખોને અને સખ્ત આપત્તિઓને ભોગવી ચૂકવા છતાં પણ જીવતા રહી શક્યા છીએ, એ આપણી ખાસ વિશેષતા હોવા છતાં પણ તેને વિસરી જઇને, **ભવિષ્યનાં દુઃખોનું વૃથા ચિંતન કર્યા કરીને જે વૃથા દુઃખ આપણે અનુભવીએ છીએ તે બેહદ છે.**

જ્યાં અશ્રદ્ધા છે ત્યાંજ ભય છે. અશ્રદ્ધા ઉત્પન્ન થયા પછીજ ભય ઉત્પન્ન થાય છે. અમુક મનુષ્ય કેટલો બીકણ છે તે મને જણાવો એટલે તે કેટલો શ્રદ્ધારહિત છે તે હું તમને કહી શકીશ. ભયને આપણે ઘેર પરોણા તરીકે રાખવો એ પાલવે તેમ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિંતા અથવા ઉદ્વેગ પણ તેવીજ જાતનો પરોણો છે, તે એટલું બધું ખર્ચ કરાવે છે કે તેને પણ કોઇએ સફેદ હાથીની માફક, પોતાને ઘેર રાખવો જોઇએ નહિ. **જે સંયોગોનો આપણે ભય રાખીએ છીએ તે સંયોગોને આપણે આપણી તરફ આકર્ષીએ છીએ;** અને તેજ પ્રમાણે જો આપણે શ્રદ્ધા, નિર્ભયતા આદિ શુભ વૃત્તિ રાખીએ તો ઇષ્ટ સંયોગો અને તકોનેજ આપણે આમંત્રણ આપીએ છીએ અને તે આપણા તરફ ખેંચાઈ આવે છે. ભયથી વ્યાપ્ત થયેલું મન તેવા ભય પમાડનારા સંજોગો તરફજ પોતાનાં દ્વાર ખુલ્લાં રાખે છે. એક સમયે પ્લેગની દેવી જતી હતી, તેને એક પૂર્વ દેશ નિવાસી પથિકે પૂછ્યું: "તમે ક્યાં અને કેમ જાઓ છો ?"

"પાંચ હજાર મનુષ્યોને મારવાને હું બગદાદ જાઉં છું."

થોડા દિવસ પછી તે દેવી તે પથિકને પાછી વળતાં મળી ત્યારે પથિકે કહ્યું: "તું તો કહેતી હતી કે બગદાદનાં પાંચ હજાર મનુષ્યને મારીશ, પણ તેં તો ૫૦ હજાર મનુષ્યોને માર્યા ?"

પ્લેગની દેવીએ જવાબ આપ્યો: "મેં તો તમને કહ્યા પ્રમાણે ફક્ત પાંચ હજારને માર્યા છે, બાકી બીજાં સર્વ તો ભયથીજ મરણ પામ્યાં છે."

ભય એ શરીરના દરેક અવયવને શિથિલ બનાવી દે છે. ભય લોહીની ગતિને મંદ પાડે છે અને શરીરમાં વહેતી પ્રાણશક્તિને મંદ કરે છે. ભયથી મનુષ્યનું શરીર જડ, ગતિ વિનાનું અને નિસ્તેજ બની જાય છે.

ભય રાખવાથી આપણે ભયકારક વસ્તુઓ અને સંયોગોને આપણા તરફ આકર્ષવા ઉપરાંત બીજા મનુષ્યોને પણ આપણે ભયની સ્થિતિમાં કલ્પીને તેમની તરફ પણ તેવાજ પ્રસંગોને પ્રેરવામાં આપણે સહાયભૂત થઈએ છીએ. જે પ્રમાણમાં આપણું વિચારબળ મજબૂત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે અને જે પ્રમાણમાં બીજા મનુષ્યો વિચારની અસર તેમનાપર થઈ શકે એવી કોમળ પ્રકૃતિના હોય છે, તે પ્રમાણમાં આપણા તેવા વિચારને લીધે ઉપર જણાવેલું નુકસાન આપણે તેમને અવશ્ય કરીએ છીએ. ખાસ કરીને નાની ઉંમરનાં બાળકો આસપાસના સંયોગો અને વાતાવરણની અસરને વિશેષ આધીન હોય છે. બહારના પદાર્થોનું પ્રતિબિમ્બ તેઓના મનપર બહુજ ત્વરાથી પડે છે, અને પછી જેમ જેમ તેઓ વયમાં મોટાં થતાં જાય છે તેમ તેમ તે પ્રતિબિમ્બોને અનુસાર તેમનું જીવન ઘડાતું રહે છે. આ પ્રમાણે આપણી માનસિક સ્થિતિની અસર આપણી આસપાસના મનુષ્યો અને બાળકોપર નક્કીપણે થયાજ કરતી હોવાથી આપણે આપણી માનસિક સ્થિતિને સદા ઉચ્ચ પ્રકારનીજ રાખવી જોઇએ. વળી ગર્ભિણી સ્ત્રીઓએ તો મનમાં ચિંતા, ઉદ્વેગ, ભય, ક્રોધ જેવા અનિષ્ટ વિચારોને સ્વપ્ને પણ લાવવા જોઇએ નહિ; કારણ કે તેવા વિચારોની ઘણીજ સ્થાયી અને ન ભૂંસાય તેવી ખરાબ છાપ ગર્ભમાં રહેલા બાળકપર પડે છે. બાળકનો જન્મ થયા પછી પણ તેના સંબંધમાં ચિંતા ઇત્યાદિ અશુભ વિચારો કરવાથી તે વિચારો આપણે ન જાણી શકીએ તેવી રીતે બાળકના મનપર અસર કરવા લાગે છે અને તે બાળક બીકણ થવા લાગે છે. બાળકના સંબંધમાં કાળજી નહિ રાખવી એ તો બોટું જ છે, પરંતુ તે ચિંતા અને ભયનું રૂપ પકડે એટલી હદ સુધી તેને પહોંચવા દેવી એ પણ એટલુંજ અયોગ્ય છે. જેમ કે, ઘણીવાર માતાપિતા ચિંતા કર્યા કરે છે કે અમારા બાળકને માથે અમુક દુઃખ તો નહિ આવી પડે ? અમુક અનિષ્ટ પ્રસંગ તો નહિ બને ? આ છોકરો તો મૂર્ખજ નિવડવાનો અથવા માંદો પડવાનો, ઇત્યાદિ અશુભ વિચાર કરીને જે ભયના પ્રસંગોનો સંભવ પણ ન હોય તેવા પ્રસંગોને તેઓ પોતાના બાળક તરફ આકર્ષે છે. એવા નિષ્કારણ ચિંતાના વિચારો કરવાને બદલે માતા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાએ નિરંતર એજ વિચાર રાખવો જોઇએ કે તેમનો છોકરો ડાહ્યો, શરીરે મજબૂત અને નીતિમાન થશે. આવી ભાવના તે છોકરાને શુભ બનાવવામાં અવશ્ય સહાય કરશે અને તે છોકરો પ્રતિકૂળ સંયોગોને વશ નહિ થતાં તેનાપર જય મેળવે એવો નિવડશે.

આ સંબંધમાં મારા એક મિત્રે મને થોડા દિવસ અગાઉ જે પોતાનો અનુભવ કહ્યો હતો તે અહીં ટાંકવો હું ઉચિત ધારૂં છું. તેના જીવનના અમુક સમયમાં તે એક ખરાબ ટેવની સામે ભારે યુદ્ધ કરી રહ્યો હતો. તે ખરાબ ટેવ યાને દુર્વ્યસનથી તે મુક્ત થાય તોજ અમુક સ્ત્રી સાથે તેનો લગ્નસંબંધ જોડાય તેમ હતું; પણ તેની તે ભવિષ્યમાં થનાર સ્ત્રી અને તેની માતા તેને માટે એવોજ વિચાર રાખ્યા કરતાં હતાં કે તે ખરાબ વ્યસન તે ભાગ્યેજ છોડી શકશે. તે નાજુક શરીર પ્રકૃતિનો હોવાથી બીજાના વિચારોની તેનાપર ઘણીજ જલ્દીથી અસર થતી હતી. તેની માતા અને ભવિષ્યની સ્ત્રીના ઉપર જણાવેલા ભય અને શંકાના શબ્દો અને વિચારો તેનામાં બળ, ધૈર્ય અને શ્રદ્ધા વધારવાને બદલે તેને તેની નિર્બળતાનોજ ખ્યાલ આપ્યા કરતા હોવાથી તેની તેના મનપર એવી તો પ્રબળ અસર થતી કે ઘણી વાર તે પોતાના કામમાં હિમ્મત હારી જતો અને તે વ્યસનની સર્વોપરિ સત્તા સ્વીકારી લઇને તેની સામેનો યત્ન પડયો મૂકવાની તૈયારીમાં આવી જતો.

ઉપલા દાખલા ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે આ મનુષ્ય ઉપર અત્યંત પ્રેમ રાખનાર અને તેને માટે સર્વસ્વનો ભોગ આપનાર ઉપલી બે વ્યક્તિઓને વિચારમાં રહેલા અદ્રશ્ય પણ નિરંતર અસર કર્યા કરનારા બળની ખબર ન હોવાથીજ તેઓ તેને હિમ્મત આપીને તેના બળમાં ઉમેરો કરવાને બદલે ઉલટું તેનામાં જે કાંઈ થોડું ઘણું ધૈર્ય હતું તેનો પણ નાશ કરવા જેવો પ્રયત્ન કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી હતી અને તેથી તેણે વ્યસન સામે આરંભેલું યુદ્ધ વધારે વિકટ બનતું ગયું હતું.

ભય, ચિંતા અને એવા બીજા સર્વ માનસિક વિકારો કોઇ પણ પુરુષ, સ્ત્રી કે બાળક પોતાના હૃદયમાં રાખ્યા કરે અને તેને પોષણ આપ્યા કરે તો તેથી નુકસાન થયા વિના રહેતુંજ નથી. ભય, આરોગ્યનો નાશ કરે છે. ચિંતા શરીરને અંદરથી ચુસવા લાગી તેના બંધારણના પાયા હચમચાવી દઇને અંતે શરીરનો નાશ કરી દે છે. ચિંતાથી મેળવવાનું કાંઈજ નથી, ત્યારે ખોવાનું સર્વસ્વ છે. કાંઈ પણ નુકસાન અથવા માઠા બનાવને લીધે થયેલો શોક જો લાંબા વખત સુધી હૃદયમાં રહ્યા કરે છે તો તેનું પરિણામ પણ અવશ્ય તેવુંજ આવે છે. દરેક બાબતમાં જેવી માનસિક સ્થિતિ હોય તેવીજ શારીરિક સ્થિતિ પણ બનવા લાગે છે. હદ બહારનો લોભ અને કંજુસાઇની પ્રબળ વૃત્તિની પણ શરીરપર બરાબરજ અસર થાય છે. ક્રોધ, ઇર્ષ્યા, દ્વેષ, બીજાઓના દોષ જોવાનું વલણ, વિષયવૃત્તિ, આ સર્વ વિકારો જુદી જુદી રીતે શરીરને તેમજ મનને ઉભયને નિર્બળ બનાવ્યા વિના રહેતાજ નથી.

આપણને માલૂમ પડતું જશે કે જીવનના ઉચ્ચ નિયમોને અનુકૂળ થઈ વર્તવામાં એટલે કે ધાર્મિક ભાવનાઓને અનુસરવા ઉપરજ સુખ અને વૈભવનો આધાર રહેલો છે, એટલુંજ નહિ પણ શારીરિક આરોગ્ય પણ તેનાપરજ વિશેષ આધાર રાખે છે. એક હીબ્રુ તત્ત્વજ્ઞાનીએ જીવન રસાયનનું ખરું રહસ્ય નીચેના શબ્દોમાં જણાવ્યું છેઃ "ધાર્મિકતા જીવન અર્પે છે, તેજ પ્રમાણે અધાર્મિકતાને અનુસરનાર મનુષ્ય મરણ પાછળ દોડે છે." વળી આગળ વધી તેણે એમ પણ જણાવ્યું છે કેઃ **"ધાર્મિકતામાં ખરૂં જીવન છે, અને તેને અનુસરવામાં મરણ છેજ નહિ."** લોકો અત્યારે સામાન્ય રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજી શકે તેના કરતાં જે વિશેષ રહસ્ય ઉપલા શબ્દોમાં રહેલું છે, તે તેઓ જોઈ શકશે, એવો સમય હવે દિવસે દિવસે નજીક આવતો જાય છે. નિરંતર વધતી જતી સુંદરતા અને પ્રભાવાળા ભવ્ય શરીરમાં મનુષ્યનો આત્મા રહેશે કે નાશ પામતા અને સડી જતા શરીરમાં રહેશે, તેનો આધાર તેના પોતાનાપરજ રહેલો છે.

એક તરફી અને અનિયમિત જીવન ગાળવાને લીધેજ અસંખ્ય મનુષ્યોનાં શરીર અકાળે મૃત્યુને અધીન થાય છે, અને એ પ્રમાણે સુંદર મંદિરો બનવાને નિર્મિત થયેલાં શરીરો તેમાં વસનારા જીવાત્માઓના અજ્ઞાન, કુવિચાર અને મોહને લીધે ઉજડ બની નાશ પામે છે.

સૂક્ષ્મ રીતે જોઇ શકનાર મનુષ્યને એટલે કે વિચારશક્તિના અભ્યાસીને કોઈ પણ મનુષ્યની માનસિક સ્થિતિની અસર તેના અવાજમાં, ગતિમાં અને ચહેરામાં પણ અંકિત થયેલી જણાઇ આવે છે.

આવા અભ્યાસીને જો કોઈ મનુષ્યની વર્તમાન માનસિક સ્થિતિ બરાબર જણાવવામાં આવે તો તે અભ્યાસી તે ઉપરથી તે મનુષ્યનો અવાજ, ગતિ અને તેના ચહેરાનો દેખાવ કહી શકશે, એટલુંજ નહિ પણ સામાન્ય રીતે તે મનુષ્ય કયા રોગોને પાત્ર છે તે પણ જણાવી શકશે.

જેઓએ મનુષ્યના શરીરનો, તેના બાંધાનો તથા શરીરની પૂર્ણ વય કેટલાં વર્ષ થાય છે એ બાબતોનો તેમજ અન્ય પ્રાણીઓનાં શરીરોનો અને તેના પૂર્ણ આયુષ્યનો અભ્યાસ કર્યો છે, તેઓ ખાત્રીપૂર્વક જણાવે છે કે મનુષ્ય શરીર લગભગ ૧૨૦ વર્ષ પર્યંત ટકવું જોઇએ. પણ સમાજ તરફ દૃષ્ટિ કરતાં આપણને તદ્દન જુદોજ અનુભવ થાય છે. મનુષ્યો બહુ જલ્દીથી વૃદ્ધ અને અશક્ત બને છે તથા મૃત્યુના પંઝામાં સપડાય છે અને લાંબા વખત સુધીની ખરેખરી યુવાવસ્થા તેમજ પુખ્ત અવસ્થાની તંદુરસ્તી ભાગ્યેજ નજરે પડે છે. આ ઉપરથી લોકોમાં પણ હવે એવો વિચાર બેસી ગયો છે કે દુઃખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આયુષ્ય એ કુદરતનોજ સ્વાભાવિક ક્રમ છે. આ વિચારનું પરિણામ પણ એજ આવે છે કે ઘણાખરા મનુષ્યો અમુક વયે પહોંચતાંજ બીજાઓના દાખલાઓ જોઇને માનવા લાગે છે કે 'હવે ઘડપણ આવ્યું, હવે મૃત્યુનો સમય સમીપ આવતો ચાલે છે, હવે થોડાં વર્ષ કાઢવાનાં છે.' આવા આવા અશુભ વિચારોને નિરંતર સેવીને તેઓ વૃદ્ધાવસ્થાને વધારે ઝડપથી પોતા તરફ ખેંચે છે. પુષ્કળ મનુષ્યો ઉપલી રીતે અકાલ વૃદ્ધ બને છે.

શરીર અને મનને પ્રફુલ્લ અને સશક્ત બનાવવામાં તેમજ દુઃખી અને અશક્ત બનાવવામાં મનની શક્તિઓ અદ્રશ્ય અને નિયમિતપણે જે કામ કર્યા કરે છે, તેનો ખ્યાલ આપવો કઠિન છે. લોકો જો આ વિષય અર્થાત્ મનનું યથાર્થ સામર્થ્ય સમજે તો ૧૨૦ વર્ષ સુધી આનંદ સાથે જીવવાની આશા અને ઉત્સાહ તેઓ અવશ્ય રાખતા થાય.

એક એંશી વર્ષની સ્ત્રી છે. જે મનુષ્યો વર્ષના હિસાબથી ગણત્રી કરતા હોય તેઓને તો આ સ્ત્રી વૃદ્ધ લાગવી જોઇએ. પણ આ સ્ત્રીને વૃદ્ધ કહેવી એ ખરેખર પ્રકાશને અન્ધકાર કહેવા જેવું અથવા તો શ્વેત વસ્તુને શ્યામ કહેવા જેવુંજ છે. કેમકે પચીશ વર્ષની નવયુવતીના જેટલો ઉત્સાહ, ચપળતા અને બળ તેના શરીરમાં દૃષ્ટિગોચર થાય છે. બાલ્યાવસ્થાથીજ તેણે સર્વ મનુષ્યો અને સર્વ વસ્તુઓમાં શુભ તત્ત્વ જોવાની શક્તિ ખીલવી છે. તેને સર્વ સંસાર શુભ, સર્વ મનુષ્યો શુભ અને સર્વ બનાવો પણ શુભ ભાસે છે. નાના મોટા સર્વને પોતાના તરફ આકર્ષણ કરનાર તેનો આનંદી, શાન્ત અને પ્રેમી સ્વભાવ જેવો બાલ્યાવસ્થામાં હતો તેવોજ આજે પણ છે. સેંકડો અને હજારો કુટુંબોમાં અને મનુષ્યોમાં તેણે શાન્તિ, પ્રેમ, આનંદ અને ધૈર્યનો પ્રવાહ રેલાવ્યો છે; અને ભવિષ્યમાં પણ ઘણાં વર્ષ સુધી આવીજ સ્થિતિ તેની કાયમ રહેશે એમ માનવાને સબળ કારણો છે. હાલના ઘણા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરા લોકોની પેઠે તે સ્ત્રીના મનમાં ભય, ઉદ્વેગ, દ્વેષ, ઈર્ષ્યા, શોક, દિલગીરી અને લોભ જેવા વિકારોએ હજી સ્થાન પ્રાપ્ત કર્યું નથી અને તેથી હજી સુધી તેને કોઇ પણ વ્યાધિ થયો નથી.

અજ્ઞાનને લીધે કેટલાક લોક એમ માને છે કે 'રોગ આવવો એ તો કુદરતનોજ ક્રમ છે, અને રોગ થવો કે ન થવો એ વાત કાંઈ આપણા હાથમાં નથી;' પરંતુ આ માન્યતા ભૂલભરેલી છે. આ ઓંશી વર્ષની સ્ત્રીએ પોતાની જીંદગીમાં અનેક વારાફેરા જોયા છે, અનેક સારી નરસી સ્થિતિમાંથી તે પસાર થઈ છે. બીજાઓની પેઠે જો તે પણ એવી ભૂલભરેલી માન્યતા ધરાવતી હોત અને હલકા મનોવિકારોથી શરીરની જે હાનિ થાય છે એ વાતનું જો આ પ્રભાવશાળી સ્ત્રીને જ્ઞાન ન હોત તો બીજાઓની માફક તે પણ અત્યાર પહેલાં કયારનીએ રોગીષ્ટ બની ગઇ હોત. પરંતુ તેને પૂર્ણ વિશ્વાસ અને અનુભવ પણ છે કે તે પોતાના મનની સ્વામિની છે. જેથી મનપર તેનું નિષ્કંટક રાજ્ય ચાલે છે. પોતાના મનોરાજ્યમાં કયા વિચારોને દાખલ કરવા અને કયા વિચારોને દૂર રાખવા તેનો અધિકાર તે પોતાનાજ હાથમાં રાખે છે, કારણ કે તે સારી પેઠે જાણે છે કે તેની બાહ્યસ્થિતિઓનો આધાર તેની માનસિક સ્થિતિપરજ રહેલો છે. તે સ્ત્રીનું હસતું વદન, આનંદમય વૃત્તિ અને પૂર્ણ આરોગ્ય જોઇને પ્રેક્ષકના મનમાં શુભ પ્રેરણા અને અલૌકિક આનંદ ઉત્પન્ન થયા વિના રહેતોજ નથી. **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः** એ વાક્ય સ્થૂલશરીરના બંધ–મોક્ષ (આરોગ્ય–અનારોગ્ય) માટે પણ કેટલું બંધું લાગુ પડે છે તેના સાક્ષાત્ દૃષ્ટાન્તરૂપજ આ સ્ત્રી છે.

એક દિવસ રસ્તામાં થઇને તે સ્ત્રી જતી હતી, તે વખતે હું તેની ગતિ જોયા કરતો હતો. રસ્તામાં બાળકો રમતાં હતાં, તેઓ સર્વે તેને જોતાંજ તેની તરફ દોડવા લાગ્યાં. તે સર્વ તરફ પ્રેમદૃષ્ટિથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોતી હતી. કોઇની સાથે મીઠા શબ્દથી બોલતી, તો કોઈ બાળકના માથાપર હાથ ફેરવતી અને કોઇને રમવાનું રમકડું આપતી તો કોઇને ખાવાનું આપતી હતી. સર્વ બાળકો તેને માતાતુલ્ય ગણતાં હતાં, અને તે સર્વ બાળકને પોતાના પુત્રો સમાન લેખતી હતી. માર્ગમાં ચાલતાં એકાદ ધોબણને પોતાનો લુગડાંનો ભારે ગાંસડો ઉંચકાને ચાલી જતી જોતાંજ તે તેને મીઠાશભર્યો શબ્દ કહેવાને માટે તે તેના તરફ વળતી. સખ્ત કામ કરી મજુરીના હથીઆર સાથે પાછા ફરતા એકાદ કારીગર સાથે તે વાત કરવા ઉભી રહેતી અને ગાડીમાં બેસીને જતી એકાદ ઉમરાવની સ્ત્રીનો તે દૂરથી પણ પોતાની મીઠી આંખવડે સત્કાર કરતી. આ પ્રમાણે ગરીબ તેમજ ધનવાન અને ઉમરાવ અથવા સામાન્ય મનુષ્ય એ સર્વ પ્રત્યે પ્રેમભરી દૃષ્ટિથી જોતી જોતી અને મીઠા શબ્દો બોલતી બોલતી તે ચાલતી હતી અને તેમ કરીને તે સર્વત્ર પોતાનામાં રહેલો આનંદ અને ઉત્સાહ રેડયા કરતી હતી. ઉપલેજ સમયે મારી દૃષ્ટિ તેજ રસ્તે થઇને જતી એક વૃદ્ધ ડોસીપર પડી. તે બાઈ આ સ્ત્રી કરતાં વયમાં પંદર વીસ વર્ષે નાની હોવા છતાં શરીરે વળી ગયેલી હતી અને તેના શરીરના અવયવો અક્કડ અને જડ ભાસતા હતા. તેના ચહેરાપર ગમગીનીની જે છાયા પથરાઇ રહી હતી તેમાં તેનો કાળો પોશાક અને મુખપરની કાળી જાળી ઉમેરો કરતાં હતાં. તેને માથે જે દુઃખ પડયાં હતાં તેને આ પોશાક પહેરીને તે નિરંતર સ્મરણમાં રાખ્યા કરતી હતી. તે દુઃખને ભૂલવા ઇચ્છતીજ ન હતી. જગતની ઘટનાઓમાં રહેલું શુભપણું તે દેખી શકતી ન હતી અને તેથી પરમાત્માના અનંત પ્રેમ અને દયામાં પણ તેને જરા સરખી શ્રદ્ધા ન હતી. તેના મસ્તકમાં દુઃખ, શોક, ગમગીની અને ચિંતાનાજ વિચારો ભરાઇ રહેલા હતા. સુવિચારની ખામીને લીધે આનંદ, ઉત્સાહ, પ્રેમ કે ધૈર્યનો તો તેનામાં લેશ પણ ન હતો. આથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેપી રોગની માફક જે જે મનુષ્યોના સંબંધમાં તે આવતી ત્યાં ત્યાં પોતાની શોકમય વૃત્તિઓનીજ અસર ફેલાવતી હતી, અને તેમ કરીને જગતમાં ચારે બાજુએ વ્યાપી રહેલા દુઃખના સાગરમાં પોતા તરફથી તે વિશેષ ભરતી કરતી હતી.

આ બન્ને સ્ત્રીઓના દૃષ્ટાન્ત ઉપરથી પણ આપણા ખ્યાલમાં આ વાત સહેલાઇથી ઠસે છે કે **આપણા સુખ-દુઃખનું જનક આપણું મનજ છે.** આપણે ઇચ્છીશું કે જે સ્ત્રીનો પ્રથમ આપણે વિચાર કર્યો તેવી સ્ત્રીઓ અને તેવીજ વૃત્તિવાળા પુરુષો જગતમાં વૃદ્ધિ પામે અને તેઓ મનુષ્યજાતિને આશીર્વાદ આપવાને અને તેઓના ઉમદા જીવનમાંથી વહેતી જીવનશક્તિઓ આપણા જેવા ઉપર રેડવાને હજારો વર્ષ સુધી જીવતા રહે.

શું તમારે નિરંતર યુવાન રહેવું છે? શું તમારે યુવાવસ્થાનો ઉત્સાહ અને આનંદ પુખ્ત વયમાં પણ ભોગવવો છે? તો એકજ બાબતપર લક્ષ આપો. તમારું વિચારજીવન તમે કેવું ગાળો છો તેની તપાસ કરો, તમારા જીવનના સુખ-દુઃખનો સર્વ આધાર તમારા વિચારોપરજ રહેલો છે. ગૌતમબુદ્ધે ધમ્મપદના પ્રથમજ શ્લોકમાં જણાવ્યું છે કે **"જેવા તમારા વિચારો હશે તેવા તમે બનશો, કારણ કે મન એજ સર્વસ્વ છે."** રસ્કીને પણ આવોજ વિચાર ધ્યાનમાં રાખી કહ્યું છે કે: "તમારા મનને સુવિચારના આશ્રય સ્થાનરૂપ બનાવો."

સારા વિચારોનું કેટલું સામર્થ્ય છે અને શુભ વિચારો સર્વ વિપત્તિઓ સામે કેવી રીતે કામ કરે છે, તે આપણે પૂર્ણપણે જાણતા નથી, કારણ કે આપણને બાલ્યાવસ્થાથી એવો સુબોધક પાઠ આપવામાં આવ્યો નથી. અસ્તુ, એ સમય તો ગયો, પરંતુ હવે પણ શું યુવાવસ્થાની સ્ફૂર્તિ, બળ અને સૌંદર્ય તમારે જોઇએ છે? તો પ્રથમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સ્ફૂર્તિ, સૌંદર્ય અને બળની ભાવનાને તમારા હૃદયમાં ઉતારો અને તેનાથી વિરૂદ્ધના કે અપવિત્ર વિચારને તમારા મનમાં જરા સરખું પણ સ્થાન આપો નહિ. આથી થોડાજ સમયમાં તે પવિત્ર ભાવો તમારા શરીરદ્વારા પણ પ્રકટ થવા લાગશે. જેટલા પ્રમાણમાં એ શુભ વિચારોમાં તમે દ્રઢ રહી શકશો તેટલા પ્રમાણમાં શરીરથી પણ તમે જુવાન રહી શકશો. ઉપર જણાવ્યું તેમ તમે જેવા વિચારો નિરંતર કર્યા કરો છો તે વિચારોને અનુસરતીજ તમારા બાહ્યશરીરની સ્થિતિ થવા માંડતી હોવાથી સિદ્ધ થાય છે કે **"તમે પોતેજ તમારા શરીરને રચ્યો છો, એટલુંજ નહિ પણતમારા જેવા વિચારો હોય છે, તેના જેવાજ વિચારો બહારથી પણ તમે તમારા તરફ આકર્ષો છો."** જો તમારા વિચારો આનંદી, આશાભર્યા અને ઉત્સાહયુક્ત હશે તો સૃષ્ટિપર વ્યાપી રહેલા વિચાર–વાતાવરણમાંથી કુદરતી નિયમ પ્રમાણે તમારા તરફ તેવાજ વિચારોનો પ્રવાહ ખેંચાઇ આવશે; પણ જો તમારા વિચાર દિલગીરી ભર્યા, ભયયુક્ત, નિરાશા-જનક હશે તો પછી તમારા તરફ તેવા પ્રકારના ખરાબ વિચાર–પ્રવા-હનુંજ આકર્ષણ થશે.

ઉપલા નિયમ તરફ જોતાં જો તમારા વિચારો નિશદિન ચિંતા-યુક્ત, ઉદ્વેગભર્યા અને ગ્લાનિમય હોય તો તમારે તેમાં ફેરફાર કરવાની ઘણીજ આવશ્યકતા છે, એમ નક્કી સમજજો, અને તેમ કરવાને માટે તમારે ફરીથી બાળક બનવું જોઇએ, ફરીથી આનંદી અને બેફીકરા સ્વભાવવાળા થવું જોઇએ.

બાળકો જ્યારે ભેગાં થાય છે, ત્યારે તેમનામાં રહેલો રમવાનો ઉત્સાહ સ્વાભાવિક રીતેજ આવિર્ભાવ પામે છે, અને જો કોઈ બાળક એકલું પડે તો તરતજ તેની ગતિ મંદ થતી જશે, અને તે નિરુત્સાહી બનીને એકાંતમાં પડયું રહેશે; અર્થાત્ તે બાળક વિચારના ઉત્તમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતાવરણથી છૂટું પડી જતાં પોતાની સ્વાભાવિક સ્થિતિને ભૂલી જશે.

તમારા સ્વભાવમાંથી બાળકના ઉત્સાહનો જે પ્રવાહ જતો રહ્યો છે, તે તમારે પાછો મેળવવો જોઇએ. તમે ઘણાજ ગંભીર અથવા દિલગીર કે કાંતો જીવનના પ્રશ્નોના ઉંડા વિચારમાં ગરક થયેલા રહ્યા કરો છો, તેને બદલે મૂર્ખ અથવા કમઅક્કલ બનો એનું નામ બાળક જેવા બનવું નથી; પરંતુ બાળકના જેવા આનંદી અને ઉત્સાહી તમારે બનવાનું છે અને તેવા તમે બની શકો તેમ છો. જ્યારે પણ તમારૂં મન વ્યાપારમાંથી મુક્ત હોય ત્યારે તમે બાળકના જેવો આનંદી અને ઉત્સાહી સ્વભાવ રાખો તો મને ખાત્રી છે કે તમે તમારો વ્યાપાર વધારે સારી રીતે કરી શકો. નિરંતર દિલગીરી ભર્યો અને ગંભીર સ્વભાવ રાખવાથી પરિણામ અશુભજ આવે છે, અને એવો સ્વભાવ લાંબો વખત રહેવાથી તેવા મનુષ્યોને હસવું આવવું એ પણ ભારે પડે છે. વીસ વર્ષની વયમાંજ તમારા જીવનમાંથી બાલ્યાવસ્થાનો ઉત્સાહ જતો રહેવા માંડીને તમારૂં જીવન ગંભીર થવા લાગે છે. એવા સંયોગોમાં તમે કોઈ ધંધામાં પ્રવેશ કરો છો, તો તુરતજ તે ધંધાની આંટીઘુંટીમાં, ચિંતામાં અને જોખમદારીમાં તમે ઘુંચવાઈ પડો છો, અથવા તો કોઈ એવી પ્રવૃત્તિમાં તમે પડી જાઓ છો કે જેમાંથી ચિંતા અને ઉદ્વેગનાંજ કારણો બની આવે, અને જેમાંથી બાળકની માફક નિશ્ચિંતપણે રમવા-ખેલવાનો સમય પણ તમને ન મળે. આમ થવાને લીધે તમે વડિલો અને વૃદ્ધોની સાથે વિશેષ વિશેષ સંબંધમાં આવતા જાઓ છો, અને તેમની નિસ્તેજ ભાવનાઓને અંગીકાર કરીને તેમની પેઠે ચાલતી આવેલી રૂઢિઓને કશો પણ વિચાર કર્યા વિનાજ અંગીકાર કરો છો, અને દરેક બાબતને માત્ર વ્યવહારિક લાભની દૃષ્ટિથીજ તપાસવા લાગો છો. આ સર્વનું પરિણામ એજ આવવું જોઇએ અને આવ્યું છે કે તમારામાં ચિંતાયુક્ત અને ગમગીનીભર્યા વિચારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવવા લાગ્યા; અને ધીમે ધીમે તમારી જીવનપ્રણાલિકા પણ એવીજ બનવા લાગી. ક્રમે ક્રમે તે વિચારો તમારા લોહી અને માંસમાં પોતાની અસર દેખાડવા લાગ્યા. તમારા મનમાંથી તમારા શરીર પ્રત્યે જે વિચારપ્રવાહ વહ્યા કરે છે તે વિચારનું ઘટ્ટ સ્વરૂપ એજ તમારૂં સ્થૂલશરીર છે. વર્ષોનાં વર્ષ તમારાં આજ પ્રકારે વીતે છે, અને પરિણામે તમને અનુભવ થાય છે કે તમારાં અંગો અક્કડ બની ગયાં છે, તમારામાં હવે વૃક્ષપર ચડવાનું બળ રહ્યું નથી કે જે તમારામાં ૧૪ વર્ષની વયે પ્રત્યક્ષ જણાતું હતું. તમારા શરીરમાં હવે પ્રથમના જેવી સ્ફૂર્તિ કે ચપળતા રહી નથી. તમારા મને તમારા શરીર પ્રતિ જે નિરુત્સાહી અને મંદગતિવાળાં તત્ત્વોને મોકલ્યાં છે તેનું તમારા શરીરપર ઉપર પ્રમાણે પરિણામ આવેલું તમે પ્રત્યક્ષ જોઇ શકો છો.

ઉપર જણાવ્યા જેવી સ્થિતિમાં જો તમારે સુધારો કરવો હોય તો તે બહુજ ધીમેથી પણ નક્કીપણે થઈ શકે તેમ છે. તમારા વિચારો પૂર્ણ ઉત્સાહમય, આનંદી અને સર્વ રીતે બળયુક્ત હોવા જોઇએ, અને પરમાત્મતત્ત્વ ઉપર તમારે પૂર્ણ શ્રદ્ધા રાખવી જોઇએ કે તે તમને સત્ય વિચારમાં સ્થિર રાખે. તમારે નિરાશાજનક વિચારોથી સર્વથા મુક્ત રહેવું જોઇએ. ઘણીવાર તમારાથી અજ્ઞાત રીતે તમારા ઘણા વખતના પુરાણા અશુભ નિરુત્સાહી અને ચિંતાભર્યા વિચારો તમારા મનમાં આવી જશે, પણ તમે તેનાથી સાવધ રહેજો અને શુભ, ઉત્સાહયુક્ત અને આનંદી વિચારોથીજ તમારા મનને ભરવા માંડજો, કે જેથી તે વિચારો ધીમે ધીમે બળવાન થઈ તમારા શરીરપર પોતાની સ્થાયી શુભ અસર કરવા સમર્થ થાય.

વર્તમાન સમયમાં પશુઓના જેવી અજ્ઞાનતાને લઇને આપણાં શરીર નિર્બળ બન્યાં છે, અને અવનતિ પામ્યાં છે, પરંતુ સર્વથા આમજ થવું અથવા રહેવું જોઇએ એવો નિયમ નથી; અધ્યાત્મવિદ્યાના પ્રચા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રની સાથે આવી અવનતિનું કારણ આપણે વિશેષ સમજતા ચાલીશું તેમ તેમ આપણા સમજવામાં આવશેજ કે "શરીરનો આધાર મનપરજ છે." આ નિયમ જેમ જેમ આપણે વિશેષ જાણીશું અને તેપર વિશેષ શ્રદ્ધા રાખીને આપણું જીવન તેને અનુસરતું બનાવતા જઈશું તેમ તેમ આપણું મનોબળ વૃદ્ધિ પામશેજ, અને મનોબળની એ વૃદ્ધિ શરીરબળની વૃદ્ધિના કારણરૂપ થશેજ.

પૂર્ણ શારીરિક આરોગ્ય અને માનસિક સ્વાસ્થ્ય એજ માનવજીવનની સ્વાભાવિક સ્થિતિ છે. તે સિવાયની સ્થિતિ એ અસ્વાભાવિક કે કૃત્રિમ છે, અને તે કુદરતી નિયમનો ભંગ યા અનાદર કરવાથીજ ઉત્પન્ન થાય છે. **મંદવાડ, દુઃખ કે રોગને કાંઇ ઈશ્વરે ઉત્પન્ન કર્યા નથી; પરંતુ તે મનુષ્યકૃત છે.** કુદરતના નિયમોની વચમાં મનુષ્ય રહેલ છે, તેનો તે ભંગ કરે છે તેને લીધેજ તેનાપર રોગ કે દુઃખ આવે છે. આપણને ચારે બાજુએ દુઃખ અને રોગને જોવાની એટલી બધી ટેવ પડી ગઇ છે કે તેને કદાચ આપણે સ્વાભાવિક ન જાણીએ, તોપણ 'તે તો આવવાંજ જોઇએ,' એવી ભાવના તો સર્વત્ર જોવામાં આવે છે.

ભવિષ્યમાં એક સમય એવો પણ આવશે કે જ્યારે વૈદ્યો શરીરની અવ્યવસ્થિત સ્થિતિનો ઉપચાર કરવાને બદલે પ્રથમ માનસિક અવ્યવસ્થાનોજ ઉપચાર કરશે; અને પછી તે માનસિક સુવ્યવસ્થા શરીરપર અસર કરીને શરીરને આરોગ્ય બનાવશે. બીજી રીતે કહીએ તો ખરો વૈદ્ય એક ઉત્તમ શિક્ષકનું કામ કરશે. **લોકોને રોગવશ થયા પછીથી રોગમુક્ત કરવા કરતાં તેઓ રોગી ન બને તેવા ઉપાયો સૂચવવા એજ ખરા વૈદ્યનો ધંધો હોવો જોઇએ,** અને ભવિષ્યમાં એવા વૈદ્યો ઉત્પન્ન થશે, એટલુંજ નહિ પણ દરેક મનુષ્ય પણ જાતે વૈદ્ય બનશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે જેટલા પ્રમાણમાં જીવનના ઉચ્ચ નિયમોને અનુકૂળ આપણું વર્તન રાખીશું અને જેટલા પ્રમાણમાં મન તથા આત્માની શક્તિઓથી આપણે વધારે પરિચિત થઈશું, તેટલા પ્રમાણમાં આપણે શરીર તરફ ઓછું ધ્યાન આપીશું, અર્થાત્ શરીરની સંભાળ તો રાખીશું પણ તેના સંબંધી ચિંતા કર્યા કરીશું નહિ.

જે મનુષ્યો શરીર સંબંધી ઓછી ચિંતા કરતા હોત, અને વારંવાર 'શરીર માંદુ પડશે' એવો વિચાર ન કરતા હોત, તો હજારો મનુષ્યોનાં શરીર હાલ કરતાં વધારે સારી દશામાં હોત. ઘણું ખરું જે મનુષ્યો શરીર સંબંધી બહુ ઓછી ચિંતા કરે છે તેઓનાં શરીરો ઉલટાં વધારે તંદુરસ્ત માલૂમ પડે છે. ઘણા મનુષ્યો શરીરની હદ-બહારની ચિંતા કર્યા કરવાથીજ શરીરને રોગી બનાવે છે.

શરીરને પુરતું પોષણ આપો, કસરત કરો, ખુલ્લી હવાનો લાભ લો, સૂર્યનો જોઇતો પ્રકાશ તેનાપર પડવા દો, શરીરને સ્વચ્છ અને શુદ્ધ રાખો, અને પછી જેમ બને તેમ શરીર સંબંધી ઓછો વિચાર કરો. તમારા વિચારોમાં અથવા વાતચિતમાં નિરુત્સાહી શૈલી ગ્રહણ કરતા નહિ. રોગ અને માંદવાડના વિચાર કરતા નહિ. આવી બાબતો સંબંધી વાતો કરવાથી તમે પોતાને નુકસાન કરો છો, તેમ તે વાતો સાંભળનારનું પણ તમે નુકસાન કરો છો. લોકો તમારી વાતો સાંભળીને વધારે સારા બને તેવીજ વાતો કરો, જેથી તમે તેમને નિર્બળ કે રોગી બનાવવાને બદલે બળવાળા અને તંદુરસ્તીવાળા બનાવી શકશો.

ઉત્સાહ ભંગ કરનારી બાબતોનો વિચાર કરવો એજ નાશનું કારણ છે. બીજી બાબતોની પેઠે શરીરની બાબતમાં પણ આ નિયમ એક સરખી રીતે લાગુ પડે છે. એક વિદ્વાન ડૉક્ટર જેણે મનની શરીરપર થતી અસરોનો બારીક અભ્યાસ ઘણાં વર્ષ સુધી કરેલો છે, તે આ સંબંધમાં પોતાનો અભિપ્રાય નીચલા સ્પષ્ટ શબ્દોમાં રજુ કરે છેઃ—"જેમ અપૂ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ર્ણતા ઉપર વિચાર કરવાથી પૂર્ણતા પ્રાપ્ત ન થઈ શકે, જેમ વિરોધ-ઉપર વિચાર કરવાથી સંપ ન થઇ શકે, તેજ પ્રમાણે **રોગના વિચાર કર્યા કરવાથી નીરોગીપણું પણ કદીજ પ્રાપ્ત થઇ શકે નહિ.**" આ નિયમ જોતાં આપણા મન સંમુખ આપણે નિરંતર સુંદર અને આરોગ્યમય શરીરનોજ આદર્શ રાખવો જોઇએ.

તમારા શરીરમાં જે સ્થિતિને તમે ન ઇચ્છતા હો તેવી સ્થિતિ તમારા શરીરમાં આવે એવા વિચાર કદી પણ કરતા નહિ. તમારા રોગનાં ચિહ્નો સંબંધી વિચાર અથવા તેનોજ અભ્યાસ કર્યા કરતા નહિ. તમે તમારા શરીર ઉપર પૂર્ણ સ્વામિત્વ ધરાવતા નથી, એ વિચારને ક્ષણવાર પણ તમારા હૃદયમાં સ્થાન આપતા નહિ. શારીરિક રોગો ઉપર તમારી સત્તા ચાલી શકે છે એમજ શ્રદ્ધા રાખો, અને કોઇ પણ હલકી સત્તાની ગુલામગીરી ન સ્વીકારો. હું પણ બાલકોને નાનપણથીજ આરોગ્યના વિચાર કરાવીને, ઉચ્ચ ભાવનાઓ રખાવીને, અને પવિત્ર જીવન ગળાવીને, રોગ અને તેમની વચ્ચે દિવાલ બાંધતાં શીખવીશ, અને મરણના વિચારો તેમજ રોગની કલ્પનાઓથી તેમને દૂર રહેતાં શિખવીશ; એટલુંજ નહિ પણ દ્વેષ, ઇર્ષ્યા, વેર, વિષયવાસના, મત્સર વગેરે માનસિક વિકારોથી દૂર રહેવાનો તેમને બોધ આપીશ.

ખરાબ ખોરાક, ખરાબ જળ અને ખરાબ વાયુથી પણ બહુજ નુકસાન થાય છે. એથી લોહી મલિન બને છે, મલિન લોહીને લીધે સ્નાયુઓ મલિન બને છે, અને મલિન સ્નાયુઓને લઇને મનુષ્યના વિચારો અને નીતિ પણ મલિન બને છે. પવિત્ર જીવન ગાળવાને માટે પવિત્ર વિચારોની જેટલી આવશ્યકતા છે, તેટલીજ શરીરની તંદુરસ્તીને માટે શુભ વિચારોની પણ જરૂર છે; માટે બાલકોએ બચપણથીજ પોતાની સંકલ્પ-શક્તિ દૃઢ બનાવતાં અને જીવનમાં આવતી અડચણો સામે યુદ્ધ કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિખવું જોઇએ. માંદા મનુષ્યોએ આશા, શ્રદ્ધા અને આનંદ રાખવાનો માર્ગ ગ્રહણ કરવો જોઇએ. **આપણા વિચારો અને કલ્પનાઓની હદ એજ આપણા વિકાસની હદ છે,** જેથી કરીને મનુષ્યને પોતામાં જેટલી શ્રદ્ધા હોય તે કરતાં તેનો વિજય કે તેની તંદુરસ્તી વધારે આગળ જઇ શકશે નહિ. ખરૂં કહીએ તો **વિચારો અને ભાવનાઓની અમુક હદમાં રહી જઇને આપણે પોતેજ આપણી ઉન્નતિના માર્ગ આડી એવી દિવાલો બાંધીએ છીએ કે જેની પેલી બાજુ આપણે જઇ શકીએ નહિ.**

જગતમાં સર્વ કોઈ પોતાના જેવાંજ બાલકો ઉત્પન્ન કરે છે. દ્વેષ, ઇર્ષ્યા, વેર, અશુભચિંતન–એ સર્વ માનસિક વિકારોને પણ બાલકો હોય છે.

દરેક ખરાબ વિચાર તેના જેવાજ બીજા વિચારને જન્મ આપે છે, અને આ વિચારરૂપી દરેક બાલક પણ બીજાં પોતાના નમુનાનાંજ બાલકોને પેદા કરે છે. આ પ્રમાણે આખું જગત એવાં ખરાબ બાલકોથીજ ભરાઈ જાય છે. ભવિષ્યનો ખરો વૈદ્ય શરીરને કેવળ ઔષધોથીજ ભરી દેશે નહિ. ભવિષ્યની માતાઓ પોતાનાં બાલકોને ક્રોધ, દ્વેષ અને ઈર્ષ્યારૂપી વ્યાધિઓને પ્રેમરૂપી ઔષધવડેજ દૂર કરવાનું શીખવશે. ભવિષ્યમાં થનારો સાચો વૈદ્ય લોકોને આનંદી સ્વભાવ અને શુભ ભાવના રાખતા તથા ઉમદાં કાર્યો કરતા બનાવશે કે જેથી શરીર તેમજ હૃદયને પુષ્ટિ મળે; કેમકે **આનંદી સ્વભાવ એ ઔષધનું કામ સારે છે.**

માનસિક સ્વસ્થતાની પેઠેજ શરીરના આરોગ્યનો આધાર પણ તમે જેની સાથે સંબંધ રાખશો તેનાપરજ રહેલો છે. સર્વ જીવનનું મૂળ જે અનંત પરમાત્મતત્ત્વ, તેમાં જ્યારે નિર્બળતા કે રોગનો સંભવજ નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો પછી તે પરમાત્મતત્ત્વ સાથેજ ભાનપૂર્વક યથાર્થ સંબંધ રાખો. આ સંબંધ તમારે કાંઇ નવો બાંધવાનો નથી, પણ અનાદિ કાળથીજ તે ચાલુ છે. માત્ર તમે તે વાત ભૂલી જઇને અસત્ય વાતો માની લેવાને લીધેજ દુઃખી હોવાથી હવે તે સંબંધનું ભાન જાગૃત કરો અને તે તત્ત્વની મહા મંગલમય શક્તિને તમારા હૃદયમાં છુટથી વહન કરવા દેવાને માટે તમારા હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખો; એટલે તમને જલદીજ વધતી જતી તંદુરસ્તી અને શક્તિનો અનુભવ અવશ્ય થવા લાગશે.

મનુષ્ય જેવો વિચાર કરે છે તેવોજ તે થાય છે, તો પછી ઉઠો, અને ઇશ્વરની સાથે તમારી નિત્યસિદ્ધ એકતાનો વિચાર કરવા લાગો. હવે આપણે આ આરોગ્યના સમગ્ર વિષયને એકજ વાક્યમાં જણાવીશું કે **"ઇશ્વર નીરોગ છે, તેમ તમે પણ નીરોગ છો."** તમારા આ ખરા સ્વરૂપનો પ્રથમ તમારે ખ્યાલ લાવવો જોઇએ. આ ખ્યાલ—આ જાગૃતિ જ્યારે તમારામાં પ્રકટ થશે, ત્યારેજ તેને પ્રતાપે તમારા શરીરની કેવી સારી સ્થિતિ થશે તેનો યથાર્થ ખ્યાલ તમને પ્રાપ્ત થશે. માટે ફરી પણ કહેવાનું કે પ્રથમ અનંત ચૈતન્ય સાથેની તમારી એકતાનો ખ્યાલ તમારે લાવવો જોઇએ, અને પછી તેનો સાક્ષાત્કાર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. "ઇશ્વરી ઇચ્છા એ તમારી ઇચ્છા અને તમારી ઇચ્છા એ ઇશ્વરી ઇચ્છા છે; અને ઇશ્વરને સર્વ વસ્તુ પ્રાપ્ત છે, તો તમારે પણ છે." આમ એકતાનો અનુભવ કરવાનો સતત પ્રયત્ન કરવાથી ભેદભાવ દૂર થતો જશે તેમ તેમ શારીરિક રોગો અને નિર્બળતાઓનો પણ નાશ થતો જશે, એટલુંજ નહિ પણ એથી કરીને આપણા વિકાસને અટકાવનારી દિવાલો પણ તૂટવા લાગશે.

બંધુઓ! પરમાત્મતત્ત્વ—અનંત ચૈતન્યમાં મગ્ન થઇ તેનો અપૂર્વ આનંદ પ્રાપ્ત કરો. તમારી સર્વ ભાવનાઓ એથી અવશ્ય સિદ્ધ થશે અને તમારા હૃદયમાંથી એવો ધ્વનિ નીકળશે કે "હું સર્વથા સુખી છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવિષ્યમાં સારી સ્થિતિ થશે અને સારા બનાવો બનશે, એવો ખ્યાલ લાવી બેસી રહેતા નહિ, પરંતુ આ પળેજ એ શાશ્વત ચૈતન્યનો અનુભવ કરવા લાગો, અને તમારા જીવનવ્યવહારમાં તમારી ઉચ્ચ ભાવનાઓને ઉતારો. તમારા દિવ્ય અને ખરેખરા છતાં ભૂલી જવાયલા પવિત્ર હક્કનો ખ્યાલ લાવો, એટલે તમારી સંપૂર્ણ ખાત્રી થશે કે તમે દરેક ઉચ્ચમાં ઉચ્ચ વસ્તુ અને સ્થિતિને મેળવવાને માટે લાયક અધિકારી છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૪ થું.

પ્રેમનો પ્રભાવ

પરમાત્મા પ્રેમના સમુદ્રરૂપ છે. જે પળે આપણે પરમાત્મા સાથે આપણા ઐક્યનું નિશ્ચયપૂર્વક ભાન કરીએ છીએ તેજ પળે આપણામાં એટલો બધો પ્રેમ અને આનંદ વ્યાપી રહે છે કે જેથી આપણે સર્વત્ર શુભજ જોઈ શકીએ છીએ. પરમાત્મા સાથે એકતાનું જ્ઞાન થવાની સાથે આપણે અન્ય સર્વ પ્રાણી પદાર્થો સાથે પણ એકતાના સંબંધમાં આવીએ છીએ. એ વાતનો જો આપણને ખરો ખ્યાલ આવે તો આપણે કોઇપણ વ્યક્તિને નુકસાન કરી શકીએ નહિ; કેમકે આપણે સર્વ એકજ મહાન શરીરનાં અંગોરૂપ હોવાથી તે શરીરનાં સર્વ અંગોને ઈજા કર્યા વિના આપણે તેના એક પણ અંગને ઇજા કરી શકીએ નહિ.

સર્વ મનુષ્યોના જીવનની એકતા–અદ્વૈત–નો આપણને જેમ જેમ વિશેષ વિશેષ સાક્ષાત્કાર થતો જશે તેમ તેમ આપણને જણાશે કે જે પરમાત્મસત્તા સર્વના મૂળરૂપ છે તેના અંશરૂપજ આપણે સર્વ છીએ, અને સર્વ વ્યક્તિઓમાં તેજ ચૈતન્યશક્તિ કામ કરી રહી છે. વળી આવો ખ્યાલ આવવાની સાથેજ આપણા સર્વ પ્રકારના દ્વેષ અને બીજાઓ સંબંધી બંધાઇ ચૂકેલા ખોટા વિચારો દૂર થવા લાગે છે, આપણો પ્રેમ સર્વવ્યાપી થઇને પોતાનું નિષ્કંટક રાજ્ય ચલવે છે, અને આપણે ગમે ત્યાં જઇએ કે ગમે તેવા મનુષ્ય સાથે સંબંધમાં આવીએ ત્યાં તે મનુષ્યમાં આપણે ઈશ્વરનેજ જોતાં શિખીએ છીએ. આપણે શુભદર્શી થતા ચાલીએ છીએ અને આપણને સર્વત્ર શુભજ જણાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ખરૂં કહેતાં તો આવી ભાવનાની કિંમત સ્થૂલ શબ્દોમાં યથાર્થ વર્ણવી શકાય તેમજ નથી.

એ માર્ગે ચાલતાં ધીમે ધીમે આ વાતનું પણ આપણને અનુભવપૂર્વક જ્ઞાન થશે કે **'સ્વાર્થજ' સર્વ અપરાધ–સર્વ પાપનું મૂળ છે, અને સર્વ સ્વાર્થનું મળ અજ્ઞાન છે.** આ અનુભવ થતાં બીજાનાં કાર્યો અને પદાર્થો તરફ આપણે ઉદારભાવથી જોતાં શિખીશું. કેવળ અજ્ઞાની મનુષ્યજ બીજાના ભોગે પોતાનો સ્વાર્થ સાધવા ઇચ્છે છે. જ્ઞાની તો સમજે છે કે પરમાત્માના વિરાટ શરીરરૂપી મનુષ્યજાતિનાજ આપણે દરેક જણ ભિન્નભિન્ન અંશ અથવા પરમાણુરૂપ હોવાથી, બીજા અંશ અથવા પરમાણુઓનું અહિત કરીને આપણું હિત સાધવું એ કેવળ હાનિકારકજ છે. **'સર્વના લાભમાંજ આપણો ખરો લાભ સમાયેલો છે,'** એ સિદ્ધાંત જ્ઞાની પુરૂષ સર્વથા સ્વીકારે છે, અને વ્યવહારમાં અમલમાં મૂકે છે.

આપણે વિચારી ગયા તેમ મનુષ્યના સર્વ અપરાધ, દોષ અને પાપનું મૂળ સ્વાર્થ છે, અને સર્વ સ્વાર્થનું મૂળ અજ્ઞાન છે. તે ઉપરથી આ સિદ્ધાંત પણ ફલીભૂત થાય છે કે મનુષ્યના પોતાનામાં કાંઇ દુર્ગુણ અથવા દુર્ગુણનો સ્વભાવ રહેલો નથી, પરંતુ 'અજ્ઞાન' જ સર્વ દુર્ગુણોની ખાણ છે; માટે આપણા સંબંધમાં જે જે મનુષ્ય આવે **તેનામાં રહેલા સ્વાભાવિક દૈવી ગુણોનેજ જોતા રહી તે ગુણોને પ્રોત્સાહન આપવું એજ આપણો ધર્મ છે.** જો આપણો અંતરાત્મા સામી વ્યક્તિના અંતરાત્મા સાથે આ પ્રમાણે બોલશે, તો જરૂર તેનો અંતરાત્મા તેવોજ પ્રત્યુત્તર આપશે, અને એમ એક બીજાના ઉમદા ગુણો પ્રકટ થવા લાગશે. **જો આપણે આપણામાંના આસુરી ગુણોથી તેને બોલાવીશું તો તેનામાંથી પણ આસુરી ગુણોજ બોલવા લાગશે,** અને તેનું પરિણામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનામાં તેમજ આપણામાં અશુભ ગુણોને પ્રકટાવવામાં તેમજ ખીલવવામાંજ આવશે.

"અમુક મનુષ્યમાં તો કાંઇ માલ નથી" એમ બોલતાં ઘણાને આપણે સાંભળીએ છીએ, પરંતુ આવું કહેનાર કાંઇ જ્ઞાની નથી. તમે દીર્ઘદૃષ્ટિથી **ઉંડા ઉતરીને જોશો તો દરેક મનુષ્યમાં તમે પ્રભુને જોઈ શકશો. પ્રભુને જોવાને માટે તમારે પણ પ્રભુ સરખા બનવું પડશે.** મહાત્માઓ દરેક મનુષ્યમાં રહેલા ઉચ્ચ, શ્રેષ્ઠ અને સત્યતત્ત્વને ઉદ્દેશીને બોધ આપતા આવ્યા છે; કેમકે પોતે જાતે સાક્ષાત્કાર કરેલો હોવાથી દરેક વ્યક્તિમાં રહેલા પ્રભુને તેઓ જોઇ શકે છે. પાપી અને ચાંડાળ મનુષ્યોમાં ભળવામાં અને તેમને બોધ તથા સહાય આપવામાં એજ કારણથી તેમને સંકોચ નથી લાગતો. પછી બીજાઓ તેમના તે કાર્યને વખોડે તો પણ શું? અનેક ધર્મસ્થાપકોએ પોતાના સત્કાર્ય માટે તે કાળના સ્વાર્થી મનુષ્યો તરફથી અથવા સામાન્ય જનસમાજ તરફથી એવી નિંદા, તિરસ્કાર તેમજ બીજાં પણ અનેક પ્રકારનાં કષ્ટ સહન કરેલાં છે. મિથ્યાભિમાનમાં, સ્વાર્થમાં અને અજ્ઞાનમાં ડૂબેલા મનુષ્યો પાપીઓમાં પરમાત્મતત્ત્વને ક્યાંથી જોઇ શકે?

'અમુક મનુષ્ય ભૂલ અથવા તો પાપ કરે છે' એવો વિચાર કરીને આપણેજ તેને ભૂલ કે પાપનું સૂચન કરીએ છીએ. જો તે નાજુક પ્રકૃતિનો હોય અથવા તેનામાં વ્યક્તિત્વ (Individuality) બરાબર ન ખીલ્યું હોય તો આવા વિચારોની તેનાપર પ્રબલ અને બરાબ અસર થવા લાગે છે, જેથી તે બદલ આપણે પોતે પણ પાપનાજ ભાગી બનીએ છીએ. આજ પ્રમાણે જો 'અમુક મનુષ્ય સારો છે, ભલો છે, સત્યવાદી છે,' એવી ભાવના રાખીએ તો બરાપણું, ભલમનસાઇ અને સત્યવાદીપણાનું તેના મનને સૂચન થશે, અને તેના ચારિત્રપર તેની ઘણીજ લાભદાયક અસર થશે, અને તે બદલ આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પુણ્યભાગી થઇશું; એટલુંજ નહિ પણ આ પ્રમાણે આપણે જે જે મનુષ્યોના સંબંધમાં પ્રેમ અને સદ્‌ભાવ દર્શાવીએ છીએ અને તેમનામાં રહેલા પ્રેમને અને સદ્‌ગુણોને પ્રોત્સાહન આપીએ છીએ, તેમના હૃદયમાં આપણા પ્રત્યે પણ તેવોજ પ્રેમ પ્રકટ થાય છે. જો **આખું જગત તમને ચહાય એમ ઇચ્છતા હો તો તમે પણ આખા જગતને ચહાવા લાગો,** અને પુનઃ પણ કહેવાનું કે વિચારબળને લગતા આ સિદ્ધાંતો સદા યાદ રાખજો કે **બીજાપ્રત્યે જે પ્રમાણમાં આપણે પ્રેમ દર્શાવીશું, તે પ્રમાણમાં બીજા પણ આપણા પ્રતિ પ્રેમ દર્શાવશેજ. વિચારો એ શક્તિઓ છે, દરેક શક્તિ પોતાના જેવીજ બીજી શક્તિઓ ઉત્પન્ન કરે છે, અને દરેક વિચારને અનુકૂળ બીજા વિચારો વિચાર-વાતાવરણમાંથી સ્વાભાવિક રીતેજ ખેંચાઇ આવે છે.**

તમારા છુપામાં છુપા વિચારોને પણ નિર્મળ રાખો, કારણકે તેઓમાં પણ અદ્‌ભુત સામર્થ્ય રહેલું છે, તમારા મુખમાંથી નીકળતા શબ્દોમાં તેમનો ભાવ જણાઇ આવે છે, અને તમારા ભવિષ્યના નિયંતા પણ તે વિચારો છે.

મારો એક મિત્ર છે, તે પોતાના મનની વૃત્તિ સર્વદા પ્રેમમયજ રાખે છે. તે નિરંતર સર્વ પ્રતિ પ્રેમનાજ વિચારો ફેલાવે છે. 'વિચાર પોતાની અસર કર્યા વિના રહેતોજ નથી' એ અબાધ્ય નિયમને અનુસરીને તેના વિચારો જેના સંબંધમાં આવે છે તે દરેકને માટે આશીર્વાદરૂપ થાય છે, તેમજ તે આખા જગતને પણ અસર કરે છે. વળી આ બાબતનું બીજું લાભદાયક પરિણામ એ પણ આવે છે કે મારા તે મિત્ર તરફ સર્વ દિશાઓથી પ્રેમના વિચારો જુદા જુદા રૂપે આવ્યાજ કરે છે.

પશુઓને પણ આવા વિચારોની અસર થાય છે. કેટલાંક પશુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓનાં શરીરો એવાં નાજુક હોય છે કે કેટલાંક મનુષ્યોના કરતાં પણ તેમનાપર વધારે ઝડપથી આપણા વિચારો, ભાવનાઓ અને આપણી માનસિક સ્થિતિની અસર થાય છે; માટે જ્યારે જ્યારે આપણે કોઇ પશુને જોઇએ, ત્યારે તેના પ્રત્યે પણ આપણે પ્રેમના વિચાર કરતા રહેવું જોઇએ. આપણે તે **વિચારને શબ્દોથી દર્શાવીએ કે મનમાં રાખીએ, છતાં તેની અસર તો સામાપર થવાનીજ.** પશુ-ઉપર કેવી ઝડપથી તેની અસર થાય છે, અને તે કેટલી ત્વરાથી આપણા પ્રેમ અને દિલસોજીનો પ્રત્યુત્તર આપે છે, એ જોવું એ ખરેખર આનંદદાયક છે.

દરેક સ્થળે આપણને પ્રભુજ દેખાય એવા જગતમાં વસવું અને વિચરવું એ કેટલું બધું આનંદદાયક હોઈ શકે ? અને એવો અધિકાર મળવો એ કેટલો ભાગ્યોદય સમજવો ? આપણે એવાજ જગતમાં રહી શકીએ, અને જગત આપણે માટે તેવુંજ બની રહે એ વાત આપણા પોતાનાજ હાથમાં છે. જેટલા પ્રમાણમાં આપણને ઉચ્ચ જીવનનો અનુભવ થશે, તેટલા પ્રમાણમાં આપણે દરેક વ્યક્તિમાં પ્રભુને જોતાં શિખીશું, અને જેમ જેમ દરેક વ્યક્તિમાં આપણે પ્રભુને નિહાળીશું, તેમ તેમ આપણે માટે જગત, ઉપર જણાવ્યા જેવું બનતું જશે, તથા આપણે આપણને ઉપર જણાવ્યા જેવા જગતમાં વસેલા અનુભવીશું.

જેમ જેમ આપણે દરેકમાં પ્રભુને જોતાં શીખીએ છીએ તેમ તેમ તે તે વ્યક્તિમાં રહેલા પ્રભુને તેનામાં પ્રકટ થવામાં પણ આપ મદદ કરીએ છીએ. કેવો ઉચ્ચ અધિકાર ! કેવું અહો ભાગ્ય ! એ અધિકાર પ્રત્યેક મનુષ્યને તેમજ વાચકને મળી શકે તેમ છે. **જો તમારે તે અધિકાર જોઇતો હોય તો બીજી વ્યક્તિઓ સંબંધી અભિપ્રાય બાંધવાનું કે મત આપવાનું છોડી દો; અને દરેક ક્ષણે બદલાતી જતી, ઉન્નતિ પામતી, ભૂલો કરતી,**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની ઉપાધિ પ્રતિ દૃષ્ટિ રાખવાને બદલે, તે ઉપાધિમાં રહેલા નિર્વિકારી, શાશ્વત અને અખૂટ ચૈતન્ય તથા આનંદમય પ્રભુનેજ જોતાં શીખો કે જેથી કરીને તમારા અંતરાત્મામાં પણ તેનું ભવ્ય સ્વરૂપ પ્રકટ થાય.

ઉપરના વિચારો પૂર્ણ રીતે સમજીને તે પામવાનો બનતો યત્ન કરવાને પરિણામે આપણાં હૃદય પ્રેમથી એટલાં બધાં તો ઉભરાય છે કે જેથી આપણા સંબંધમાં આવનાર દરેક મનુષ્યપર પ્રોત્સાહન અને જીવન આપનાર તે પ્રેમના બળની અલૌકિક અસર થયા વિના રહેતી નથી. આથી તે તે મનુષ્યો પણ આપણા ભણી પ્રેમનાજ વિચારો મોકલે છે, અને સર્વ બાજુએથી આપણા ભણી પ્રેમજ વહ્યા કરે છે. **મનુષ્યમાં જેટલા પ્રમાણમાં પ્રેમ છે, તેટલા પ્રમાણમાં તેણે ઈશ્વરને જોયો છે. તેટલા પ્રમાણમાં તે પ્રભુની સાથે વસે છે,** કારણ કે પ્રભુ પોતે અપાર પ્રેમમય છે.

એક રીતે વિચારીએ તો પ્રેમ એજ સર્વસ્વ છે. માનવજીવનની ચાવી પ્રેમજ છે, અને તેનામાંજ આખી દુનિયાને હલાવવાનું સામર્થ્ય રહેલું છે. તેટલા માટે સર્વ તરફ પ્રેમના વિચારો રાખો, અને સર્વ તરફથી તેવાજ વિચારો પ્રાપ્ત કરો. આમ ન કરતાં જો તમે દ્વેષ અને ઈર્ષ્યાના વિચાર કરશો તો બીજા મનુષ્યો પણ તમારા તરફ તેવાજ પ્રકારના વિચારો મોકલશે.

તમારા હૃદયમાં ઉત્પન્ન થતો દરેક વિચાર એક બળરૂપે બહાર જાય છે, અને બહારથી તે પોતાના સમાન વિચારોને ભરીને પોતે પાછો આવે છે. આ નિયમ અવિચળ છે. તમારા હૃદયમાં ઉત્પન્ન થતા વિચારની સર્વ પહેલાં તો તમારા શરીરપરજ સીધી અસર થાય છે. પ્રેમ અને તેના જેવી બીજી લાગણીઓ એ મનુષ્યની સ્વાભાવિક અને ઈશ્વરી નિયમને અનુકૂળ લાગણીઓ હોવાથી તે તમારા શરીરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરોગ્ય અને જીવન અર્પે છે, તમારા વદનને સુંદર બનાવે છે, તમારા અવાજને બળવાન બનાવે છે, અને તમને દરેક રીતે વધારે ને વધારે આકર્ષક બનાવે છે. આ પ્રમાણે જેટલા પ્રમાણમાં આપણે સર્વ તરફ પ્રેમના વિચારો રાખીએ તેટલા પ્રમાણમાં સર્વ તરફથી આપણા તરફ પ્રેમના વિચારો આકર્ષાઈ આવીને તે આપણા મનને તથા મનદ્વારા શરીરને અસર કરતા હોવાથી બહારથી પણ આપણા બળમાં વૃદ્ધિજ થયા કરે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે દરેક પળે **તમારા વિચારોવડેજ તમે તમારા મનને તથા શરીરને રચતા હોવાથી તમે કેવા વિચારો કરો છો, તે તરફ અવશ્ય લક્ષ રાખો.**

દ્વેષ અને તેને લગતી બીજી લાગણીઓ અસ્વાભાવિક–અકુદરતી હોવાથી વિશ્વવ્યવસ્થાથી તે પ્રતિકૂળ છે. પ્રેમ એ જેમ ઈશ્વરી નિયમનું અનુસરણ છે, તેમ પ્રેમની વિરુદ્ધની લાગણીઓ એ ઈશ્વરી નિયમની વિરોધી છે, અને જ્યાં નિયમનો વિરોધ અથવા ભંગ થયો ત્યાં તેના પરિણામરૂપ દુઃખ અને વ્યાધિ એક યા બીજા રૂપમાં આવ્યા વિના રહેવાનાંજ નહિ. આ નિયમમાંથી નાસી છુટાય તેમ નથી. જો તમે ક્રોધ, દ્વેષ, અશુભચિંતન, તિરસ્કાર અથવા નિંદાના વિચારો કર્યા કરો તો તમારા શરીરના બંધારણપર તેથી ઝેરી અને નાશકારક અસર થવાનીજ. એ અશુભ વિચારો તમારા શરીરના બાંધાને અંદરથી તોડવા માંડીને અમુક પ્રકારના રોગોને ઉત્પન્ન કરે છે. તમારા અશુભ વિચાર આ પ્રમાણે તમારાજ હક્કમાં વિનાશક નિવડવા ઉપરાંત તેને લીધે બીજાઓ તરફથી પણ એવાજ પ્રકારના વિચારો તમારા ભણી આકર્ષાઈ આવતા હોવાથી તે પણ તમારા શરીરના બંધારણનો વિશેષ નાશ કરવા લાગે છે.

"જે તરવાર ઝાલે છે તે તરવારથીજ મરે છે," અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ખાડો ખોદે તે પડે' આ લોકોક્તિમાં ગંભીર શાસ્ત્રીય સત્ય રહેલું છે. વિચારશક્તિના સૂક્ષ્મ સામર્થ્યનો જેને ખ્યાલ છે, તેણે સ્વીકારવું જ પડશે કે જ્યારે આપણે બીજા મનુષ્ય સંબંધી દ્વેષનો વિચાર કરીએ છીએ, ત્યારે તે દ્વેષના અશુભ વિચારરૂપી વિકરાળ રાક્ષસો તે સામા મનુષ્ય તરફ જાય છે, અને તેના મનમાં પણ સામા તેવાજ દ્વેષના વિચારો ઉત્પન્ન કરીને તે મૂળ મનુષ્યની તરફ જ પાછા ખેંચાઇ આવે છે. માત્ર દ્વેષને માટેજ નહિ, પરંતુ કામ, ક્રોધ, મદ ઇત્યાદિ અશુભ વિચારો યાને વિકારોની પણ એવીજ અસર થાય છે. એવી હલકી લાગણીઓને હૃદયમાં સ્થાન આપવાથી જેના પ્રત્યે તે રાખવામાં આવી હોય અથવા દર્શાવવામાં આવી હોય તેના કરતાં તે રાખનાર અથવા દર્શાવનારને પોતાનેજ તે વધારે હાનિ પહોંચાડે છે.

ઉપર પ્રમાણે પ્રેમ એ પ્રેમનો જનક છે, અને દ્વેષ એ દ્વેષનો જનક છે. પ્રેમ અને શુભ ભાવના શરીરને પ્રોત્સાહન અને જીવન આપે છે, ત્યારે દ્વેષ અને અશુભ ભાવનાથી શરીર અંદરથી ઘસાવા લાગે છે, અને ધીમે ધીમે શિથિલ પડતું જાય છે.

જગતમાં અનેક પ્રેમાલ હૃદયો, વીર આત્માઓ અને પવિત્ર તથા સત્યવાદી પુરૂષો હયાતી ધરાવતા હોવાથી જગતને તમારી ઉચ્ચમાં ઉચ્ચ ભાવનાઓ આપો, એટલે તેઓ સર્વની પણ ઉચ્ચમાં ઉચ્ચ ભાવનાઓ તમારા તરફ જરૂર આકર્ષાશેજ.

પ્રેમ આપો અને તમને પ્રેમ મળશે; બળ આપો અને તમારી તંગીના પ્રસંગે તમને બળ આવી મળશે; બીજાઓપર વિશ્વાસ રાખો એટલે સેંકડો મનુષ્યો તમારા વચન અને કાર્યપર વિશ્વાસ રાખશે.

દ્વેષનો બદલો પ્રેમરૂપે આપવાથી તમે તમારી જાતને વિશેષ ઉન્નત બનાવો છો, એટલુંજ નહિ પણ તમારા તરફ દ્વેષ રાખનારને તમારો મિત્ર બનાવી લેવા સાથે તેનું પોતાનું પણ કલ્યાણ કરો છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ઈરાની મહાત્માએ કહ્યું છે કેઃ–"ચોડીઆપણાનો જવાબ નમ્રતાથી આપો, અને આડાઇનો જવાબ માયાળુપણાથી આપો. પ્રેમાળ હાથ હાથીનો એક વાળ માત્ર પકડીને તેને દોરી શકે છે. માટે તારા શત્રુને પણ નમ્રતાથી પ્રત્યુત્તર આપ. શાંતિનું ઉલ્લંઘન એજ પાપ છે." એક બુદ્ધ ધર્માનુયાયી કહે છે કેઃ–"જો કોઇ મનુષ્ય અજ્ઞાનતાથી મને નુકસાન કરશે તો તેના બદલામાં મારા પૂર્ણ પ્રેમનું રક્ષણ હું તેને આપીશ; અને જેમ તે મને વધારે નુકસાન કરશે તેમ હું તેનું વધારે ભલું કરીશ." ચીનનો એક ડાહ્યો પુરૂષ પ્રતિબોધ આપે છે કે "જ્ઞાની પુરૂષ અપકારનો બદલો ઉપકારથી વાળે છે." હિંદુ ધર્મ પણ એજ જણાવે છે કે "અશુભનો બદલો શુભવડે આપો. દ્વેષને પ્રેમથી જીતો. **દ્વેષનો નાશ કદાપિ દ્વેષથી થતો નથી, પણ પ્રેમથીજ થાય છે.**"

ખરો જ્ઞાની મનુષ્ય કોઇને પણ પોતાના શત્રુરૂપ ગણશે નહિ. આપણે એવું વચન કોઇકિવાર સાંભળીએ છીએ કે "હરકત નહિ, તેની સાથે પણ હું નિભાવી લઇશ." હવે આ નિભાવી લેવાના બે પ્રકાર છે, એક તો સહન કરીને નિભાવી લેવું અને બીજો પ્રકાર એ કે તમારા પ્રત્યે જેવી રીતે તે વર્તે તેવી રીતે, એટલે કે શઠની તરફ શાઠ્યવૃત્તિ દર્શાવીને સામાને દબાવી લઇને પણ તમે નિભાવી શકો; પરંતુ તેમ કરવાથી તમે પોતે પણ તેના જેવીજ હલકી સ્થિતિમાં તમારી જાતને ઉતારી પાડો છો, અને તેથી તમો બંનેને ઘણું નુકસાન થાય છે.

આપણે કેટલીકવાર કોઇને આમ બોલતાં સાંભળીએ છીએ કે કે "મેં અમુક વ્યક્તિ તરફ કદાપિ દ્વેષનો વિચાર કર્યો નથી, અથવા એવી લાગણી હું ધરાવતો નથી, અને તેને મેં મારા શત્રુ થવાનું કારણ આપ્યું નથી, છતાં પણ તે મારા તરફ દ્વેષ રાખે છે તેનું શું?" પૂર્વ જન્મના કોઇ કારણને અનુસરીને આ વાત ખરી પણ હોય, બાકી જો તમારા હૃદયમાં અને મનમાં પ્રતિકૂળ ભાવનાઓ નહિ હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો તમારો ભાગ્યેજ કોઈ શત્રુ હોઇ શકે; માટે પ્રથમ તો તમારામાં દ્વેષની ભાવના નથીજ એની પાકી ખાત્રી કરો, અને તે છતાં તેમજ કોઇપણ પ્રકારનું બાહ્ય કારણ ન અપાયા છતાં પણ જો કોઈ તમારા તરફ દ્વેષ રાખે તો તેના ઇલાજ તરીકે પ્રારંભથી તે અંત સુધી તમે તેના તરફ પ્રેમ અને શુભેચ્છાના વિચારો મોકલ્યા કરો. આમ કરવાથી તમે જરૂર તેના દ્વેષને સામર્થ્યહીન બનાવશો અને તેનામાં તમને હેરાન કરવાની શક્તિ રહેશે નહિ; કેમકે **પ્રેમ એ દ્વેષ કરતાં વધારે બલવત્તર છે,** અને તેથી દ્વેષનો જય પ્રેમવડે થવોજ જોઇએ.

પણ જો ઉપર પ્રમાણે ન કરતાં તમે પણ દ્વેષના બદલામાં દ્વેષજ દર્શાવો તો પછી તમે પોતેજ તેના દ્વેષને વિશેષ બળ આપો છો, યાને સળગેલા અગ્નિમાં લાકડાં નાખીને તે અગ્નિને વધારો છો. આ રીતે તમે અશુભ શક્તિઓને જે બળ આપો છો તેથી તમારા પોતાનાજ હક્કમાં સર્વ રીતે ગેરફાયદો છે; માટે તેમ ન કરતાં ઉપર જણાવ્યા પ્રમાણે દ્વેષના બદલામાં તમે પ્રેમજ મોકલો. જેથી સામાનો દ્વેષ તમારી સમીપ આવી શકશે નહિ. તમે તમારા શત્રુને મિત્રના રૂપમાં ફેરવવા સમર્થ થશો. તમારા પોતાના અવગુણો અને મન ઉપર કાબુ વધારતાં શીખશો. તમારા શત્રુને એ સમયે જે પ્રકારની સેવા અથવા સહાયની ઘણીજ જરૂર છે તે તમે કરી શકશો અને આગળ જતાં તેની માફક ગોથાં ખાતાં અને ચિંતાના વમળમાં ઘસડાતા બીજા પણ અનેક માનવ બંધુઓનો ઉદ્ધાર કરી શકશો. આપણે ધારીએ છીએ તે કરતાં વધારે મોટી અગવડો અને હાડમારીઓ જગતમાંના ઘણાખરા લોકો અનુભવે છે; માટે તેમના ભણી વધારે દયા, વધારે દિલસોજી અને વધારે નમ્રતા બતાવવાની તેમના વડા અને વધારે સમજુ બંધુ તરીકે આપણી અનિવાર્ય અને અત્યંત પવિત્ર ફરજ છે. બીજાઓ પ્રતિ તિરસ્કાર કે દ્વેષ બતાવવાને બદલે જેમ બને તેમ વધારે સહાનુભૂતિ અને પ્રેમ દર્શાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાને ઉન્નત બનાવવામાં તમારી ઉન્નતિ પણ સ્વાભાવિક રીતે થયાજ કરે છે. બીજાનું ભલું કરવામાં તમે તમારા હું'પણાને અને તાત્કાલિક હિતને જેટલું ભૂલી જાઓ છો, તેટલી તમારા કામની અસર અને કિંમત વધારે થાય છે.

તમારા તરફ બીજો જેવી ખરાબ રીતે વર્તે છે એવીજ રીતે જો તમે તેની સાથે વર્તવા તૈયાર હો તો તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે બીજા મનુષ્યો તમારા તરફ દ્વેષ રાખે અથવા તમને હેરાન કરે એવાં તત્ત્વો તમારામાં છે, અને તમારી હાલની સ્થિતિને તમે લાયકજ છો, અને તેથી તેને માટે તમારે બરબડવું જોઇએ નહિ; તમારામાં ખરું જ્ઞાન હોય તો તમે બરબડો પણ નહિ.

We will comfort one another,
For the way is often dreary;
And the feet are often weary,
And the heart is very sad,
There is a heavy burden-bearing,
When it seems that none are caring.

આપણે એકબીજાને સાહાય્ય અને આશ્વાસન આપીશું; કારણ કે માર્ગ ઘણે સ્થળે વિકટ છે. પગ ઘણીવાર થાકેલા હોય છે. હૃદય ઘણે ઠેકાણે નિરાશ-તુટેલાં હોય છે. જ્યારે કોઇ પણ દરકાર કરનાર ન હોય ત્યારે બીજાને ઉઠાવવાનું વધારે મુશ્કેલ લાગે છે.

બંધુઓ ! એક-બીજાનો હાથ ઝાલો. પ્રેમની મધુરતાથી અને દિલસોજી ભરી આંખોથી એક-બીજાને નિહાળો. લોકો જીવનના ખોરાક-પ્રેમ-વિના ભૂખે મરી જાય છે, તેવે વખતે તમારા હૃદયનો પ્રેમ કેવળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયમાંજ રાખી મૂકતા નહિ. નમ્ર વાણી એ સાક્ષાત્ સ્વર્ગમાંથી ઝરતો દિવ્ય રસ છે.

દયા વિનાનું જીવન એ ખરૂં જીવન નહિ પરંતુ જીવતું મરણ છે, માટે સર્વ બાજુએ દયા–પ્રેમનો પ્રવાહ તમારા હૃદયમાંથી વહેવા દો, તેથી તમને અલૌકિક આનંદ અને શાંતિ પ્રાપ્ત થશે, કારણ કે **ઈશ્વર એ પ્રેમ છે, અને પ્રેમ એ ઈશ્વર છે.**

સઘળાં પાપ, દ્વેષ અને અયોગ્ય વર્તન અજ્ઞાનમાંથીજ ઉદ્ભવે છે. એ નિયમ યથાર્થ સમજ્યા પછી કોઇ પણ રૂપમાં તે દ્વેષ, પાપ કે અશુભ વર્તન આપણી નજરે પડતાં આપણને તેમ કરનાર વ્યક્તિ વિષે દયા અને દિલસોજી સિવાય બીજી કોઇ પણ લાગણી ઉપજવી જોઇએ નહિ. દયાની એ લાગણીએ પછીથી પ્રેમનું રૂપ લેવું જોઇએ; અને પ્રેમે પ્રકટ સેવાનું રૂપ લેવું જોઇએ. આપણો એ અજ્ઞાન અને નિર્બળ બંધુ ટટાર ઉભો રહેતાં શિખે, અને પોતાની જાતનો સ્વામી બને ત્યાં સુધી આપણે તેને બનતી સાહાય્ય આપવી જોઇએ. આપણો દિવ્ય માર્ગ આ પ્રકારનો છે. આમ છતાં મનુષ્યનો ખરો વિકાસ તો તેના પોતાના ઉપરજ આધાર રાખે છે. જેટલું જેટલું મનુષ્યને પોતાના દિવ્ય સ્વભાવનું જ્ઞાન થવા લાગે છે, તેટલો તેટલોજ તે પોતાની જાતનો સ્વામી થઈ શકે છે.

આપણને આપણી દિવ્યતાનું ભાન થયું છે, એ વાત જ્યાંસુધી આપણા જીવનવ્યવહાર ઉપરથી આપણે ન દર્શાવી શકીએ ત્યાં સુધી સામા મનુષ્યમાં રહેલી દિવ્યતા પ્રકટ કરવામાં આપણે ખરી સાહાય્ય આપી શકતા નથી. ઉપદેશથી નહિ પણ જાતિવર્તનથી, માન્યતાથી નહિ પણ તે પ્રમાણે કરવાથી, અને 'અમુક પ્રકારે જીવન ગાળવું જોઇએ' એવું મોઢેથી બોલવાથી નહિ પણ તે પ્રમાણે જીવન ગાળવાથી આપણને આપણી દિવ્યતાનું ભાન થશે. અને ત્યારેજ આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજામાં દિવ્યતા પ્રકટાવવા શક્તિમાન થઇશું. મનુષ્ય એ અનુકરણ કરનારૂં પ્રાણી છે, બીજામાં રહેલી ઉચ્ચતા સાક્ષાત્ જોવાથીજ તેને પોતાની ઉચ્ચતાનું ભાન થાય છે.

આપણે જેવું વાવીએ છીએ તેવુંજ લણીએ છીએ. વાવેલી વસ્તુ પોતાના જેવી બીજી અનેક વસ્તુઓને ઉત્પન્ન કરે છે. આપણે બીજાને જેમ શારીરિક ઇજા કરીને માર મારી શકીએ છીએ, તેમ વિરોધી વિચારોથી પણ તેને મારી શકીએ છીએ, અને એ રીતે આપણે મારીએ પણ છીએ. આ પ્રમાણે **આપણે જ્યારે પણ બીજાને મારીએ છીએ, ત્યારે તેની સાથે આપણો પોતાનો ઘાત પણ અવશ્ય કરીએ છીએ.** સેંકડો મનુષ્યોના અશુભ વિચારો પોતાની તરફ આવવાથી ઘણા મનુષ્યો માંદા પડયા છે, અને કેટલાક મરણ પણ પામ્યા છે.

દ્વેષથી જેમ આપણે જગતને નરક સમાન બનાવીએ છીએ તેજ પ્રમાણે પ્રેમથી આપણે તેને સ્વર્ગ સમાન પણ બનાવી શકીએ છીએ.

આપણે આગળ વાંચી ગયા કે 'પ્રેમ વગરનું જીવન એ જીવન નથી, પણ જીવતું મરણ છે.' જે જીવન સર્વ તરફ પ્રેમ બતાવે છે, તે જીવન પૂર્ણ છે, ભરપૂર છે, અને સૌંદર્ય તથા શક્તિમાં વૃદ્ધિ પામતું જાય છે. આવું ઉન્નત જીવન સર્વ કોઇને પોતાના વિશાળ પ્રેમના ક્ષેત્રમાં આકર્ષે છે, અને દિનપ્રતિદિન તેનો વિસ્તાર અને કાર્યપ્રદેશ વધતાં જાય છે. જે મનુષ્ય જેટલા વધારે વિસ્તારમાં પ્રેમ અને મૈત્રી દર્શાવી શકે છે તે મનુષ્ય તેટલા પ્રમાણમાં મહાન્ ગણાય છે; અને જેટલા પ્રમાણમાં મનુષ્ય સંકુચિત, અભિમાની અને અતડો રહે છે તેટલા પ્રમાણમાં તેની લઘુતા પ્રકટ થાય છે. એકાદ મૂર્ખ અને અક્કલ વગરનો મનુષ્ય પણ સર્વથી દૂર ભાગી એકલો રહી શકે, તે કામ સહેલું છે, પરંતુ પોતાના પ્રેમને સર્વગત બનાવવો અને સર્વને પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવવા એમાં મનની વિશેષ ઉદારતા અને બળ જોઇએ છીએ.

જેઓ સ્વાર્થી છે, પોતાના પંડનોજ વિચાર કરનારા છે, અંગત લાભનેજ તપાસનારા છે, તેઓ અતડા સ્વભાવના માલૂમ પડશે; પણ ઉદાર સ્વભાવનાં, નિસ્વાર્થી મનુષ્યો પ્રેમવાળાં માલૂમ પડે છે. સંકુચિત સ્વભાવના પુરૂષો સર્વદા ફળને માટેજ ઉત્સુક જણાય છે, ત્યારે ઉદાર સ્વભાવના મનુષ્યો નિષ્કામભાવે પોતાનું કાર્ય કરવામાંજ આનંદ માને છે. સંકુચિત વૃત્તિવાળો માન મેળવવાને અહીં તહીં રખડ્યાં કરે છે, ત્યારે **ઉદાર વૃત્તિવાળો ઘેર બેસી રહે છે, અને તે છતાં આખા જગતને પોતા તરફ આકર્ષે છે.** સ્વાર્થી મનુષ્ય પોતાની જાતનેજ ચહાય છે, ત્યારે ઉદાર મનુષ્ય આખા જગતને ચહાય છે, અને આખા વિશ્વ તરફના એ ઉદાર પ્રેમમાં તેની પોતાની જાત પણ આવી જાય છે.

જેમ મનુષ્યમાં વધારે પ્રેમ, તેમ તે ઇશ્વરની વધારે સમીપ આવતો જાય છે; કારણ કે ઇશ્વર એ અનંત પ્રેમનું સ્વરૂપ છે. જેમ જેમ તે દિવ્ય ચૈતન્ય સાથેના આપણા ઐક્યનો આપણને અનુભવ થતો જાય છે, તેમ તેમ તે પ્રેમ આપણા હૃદયને, મનને, તનને અને આત્માને એટલાં બધાં ભરી નાખે છે કે તે પ્રેમ આપણામાંથી બહાર ઉભરાવા-ફેલાવા લાગે છે, અને આખા જગતના જીવનને વધારે ફળદ્રૂપ તથા વધારે આનંદી બનાવે છે.

પરમાત્મતત્ત્વ સાથેના આપણા ઐક્યનો જેમ જેમ આપણને વિશેષ ખ્યાલ આવતો જાય છે તેમ તેમ આપણા મનુષ્યબંધુઓ સાથે આપણો સંબંધ કેવો રહેવો જોઇએ, તેનો પણ ખ્યાલ આવવા લાગે છે; અને **બીજાની સેવામાં પોતાના જીવનનો ભોગ આપવામાંજ આપણને આપણા ખરા જીવનનો અનુભવ થાય છે,** એ મહાન નિયમનું પણ આપણને ધીમે ધીમે ભાન થતું ચાલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. વળી તેની સાથે આપણને એમ પણ સમજાવા લાગે છે કે **જે શુભ યત્ન કે વર્તન આપણે બીજાને માટે કરીએ છીએ, તેની સાથે સાથે તે આપણે વાસ્તે પણ થતાં આવે છે.** આપણને ભાન થાય છે કે **બીજાને હેરાન કરવામાં સાથે સાથે આપણે પોતાની જાતને પણ હેરાન કરીએ છીએ.** તેની સાથે આપણા અનુભવમાં આ વાત પણ આવતી જાય છે કે **જે મનુષ્ય સ્વાર્થી જીવન ગાળે છે, તે સૂકું, નીરસ, સંકુચિત જીવન ગાળે છે;** અને વિશાળ માનવજીવનનો તેને કશો ખ્યાલજ નથી, ત્યારે **જે મનુષ્ય બીજાની સેવામાં પોતાની જાતને ભૂલી જાય છે, તેનું જીવન બહુજ વિશાળ, તથા ભવ્ય બનતું** જાય છે, અને મનુષ્ય જાતિમાંની કોઇ પણ વ્યક્તિને થતા આનંદ, સુખ કે દિવ્ય અનુભવનો તેને પણ લાભ મળ્યા કરે છે; કારણ કે તેનું જીવન હવે સમગ્ર જીવનના એક ભાગરૂપ બનેલું હોય છે.

ખરી સેવાના સંબંધમાં બીજા પણ એક બે બોલ અત્રે કહેવા જરૂરના છે. એક દિવસે કોઇ બે સજ્જનો મંદિરમાં પ્રાર્થના કરવા જતા હતા. મંદિરના દરવાજા આગળ એક લંગડો બેઠો બેઠો ભીખ માગતો હતો. ફક્ત તે દિવસ સુધી ચાલે એવું નાણું આપીને બીજે દિવસે પાછો તેની તે પરતંત્ર સ્થિતિમાં તેને રાખી મૂકવાને બદલે પીટરે તેને નીચેના શબ્દો કહીને તેની તેમજ મનુષ્યજાતિની ખરી સેવા બજાવી કે 'મારી પાસે રૂપું કે સોનું નથી, પણ જે મારી પાસે છે તે તને આપું છું.' એમ કહી તેણે તેનું લંગડાપણું દૂર કર્યું. પીટરે આ પ્રકારની તેને મદદ કરીને તેને એવી સ્થિતિમાં મૂક્યો કે જેથી તે પોતાની જાતને મદદ કરી શકે–સ્વતંત્ર રહી શકે. **મનુષ્ય પોતાની જાતને મદદ કરતો થાય એ પ્રકારની તેને મદદ કરવી એજ ઉત્તમમાં ઉત્તમ માનવસેવા છે.** તેને સીધી રીતે મદદ કરવી એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણીવાર તેને નિર્બળ બનાવનારી થઈ પડે છે. દરેક સમયે સંયોગો વિચારીનેજ વર્તવાનું છે. મનુષ્યને પોતાની જાતને મદદ કરતો કરવો, તેને પોતાનાજ પગપર ઉભો રહેતો કરવો, એમાંજ તેનું ખરું હિત સમજવાનું છે; કારણ કે તેથીજ તેને વિશાળ અને બળવાન જીવનનો અનુભવ થાય છે.

મનુષ્યને તેની પોતાની જાત સંબંધી જ્ઞાન મેળવવામાં સહાય આપવી અને તેમાં પણ તેના પોતાના આત્માની તેનાથી અજાણી રહેલી શક્તિઓની તેને માહિતી આપવી તેના જેવો માનવસેવાનો બીજો ઉત્તમ માર્ગ નથી.

'પરમાત્મતત્ત્વ સાથે તેનું પોતાનું ઐક્ય છે,' એ બાબતની ખાતરી કરી આપવાથીજ તેને એ બાબતનો ખરો ખ્યાલ આવી શકશે, અને પરમાત્મતત્ત્વ તરફ તે પોતાનાં હૃદયનાં દ્વાર ખુલ્લાં મૂકતાં શિખશે, કે જેથી તે દ્વારા તે શક્તિઓ તેના તન-મનમાં પ્રકટ થઈ શકે.

આપણા અનેક સામાજિક પ્રશ્નોનું હજી સુધી નિરાકરણ આવતું નથી, પણ જો આ મહાન સત્યો લોકો વિશેષ વિશેષ જાણતા જાય અને અનુભવમાં મૂકતા જાય તો ઘણીજ ત્વરાથી અને સહેલાઇથી એ સામાજિક પ્રશ્નોનો નિવેડો આવી શકે તેમ છે, અને તેમ થતાં આ પૃથ્વી સ્વર્ગસમાન થઈ શકે તેમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૫ મું.

જ્ઞાન અને પ્રતિભા.

પરમાત્મા અત્યંત દિવ્ય જ્ઞાનના અખુટ સમુદ્રરૂપ હોવાથી જેટલા પ્રમાણમાં આપણે તેની સાથેનું આપણું ઐક્ય ચિંતવીએ છીએ અને અનુભવીએ છીએ, તેટલા પ્રમાણમાં આપણા અંતઃકરણમાં પણ તે દિવ્ય જ્ઞાનનો પ્રવાહ વહેવા લાગે છે, અને આપણે વિશ્વના મૂળ સ્વરૂપ તે તત્ત્વ તરફ જઈ શકીએ છીએ. જેને પરિણામે મનુષ્યજાતિના મોટા ભાગને જે પરમાત્મતત્ત્વ રહસ્યરૂપ લાગે છે, તેનો આપણે સાક્ષાત્કાર કરી શકીએ છીએ. એ અભેદનું જ્ઞાન અને સંપૂર્ણ આંતર પ્રતિભાની પ્રાપ્તિ કરવાને માટે તે દિવ્ય પરમાત્મતત્ત્વમાં પૂર્ણ શ્રદ્ધા હોવી જોઇએ. આવા મનુષ્યે માત્ર બહારનાં પુસ્તકો કે મનુષ્યોપરજ આધાર નહિ રાખતાં પોતાના અંતર તરફ વળવું જોઇએ કે જ્યાં તે જ્ઞાનસ્વરૂપ પરમાત્મા વિશેષ ભાવે વિરાજમાન છે. આવા મનુષ્યને કાંઈ શંકા ઉપજે તો તે વિષે પણ તેણે તે અંતઃસ્થિત તત્ત્વનેજ પૂછવું સારૂં છે, કારણ કે પ્રભુ કહે છે કે "તેઓ પૂછે તે પહેલાંજ હું જવાબ આપીશ."

આ પ્રમાણે જ્યારે જ્ઞાનના એ અનન્ત મૂળ તરફ આપણે વળીએ છીએ, ત્યારે આપણે અમુક વ્યક્તિ કે સંસ્થા કે પુસ્તકોના ગુલામ રહેતા નથી. અમુક વ્યક્તિ કે સંસ્થા કે પુસ્તકોદ્વારા આવતા સત્યના પ્રકાશને ઝીલવાને આપણે આપણા કાન ઉઘાડા રાખવા ખરા, પરંતુ એ સર્વને જ્ઞાનના મૂળરૂપે નહિ ગણતાં સાધનરૂપેજ ગણવાં જોઇએ. વસ્તુનું સ્થળ, મહત્તા અને વસ્તુ મેળવવાની વિધિ એ સાધનોદ્વારા જાણી શકાશે; પણ મેળવવાની વસ્તુ તો ખુદ આપણા અંતરમાંજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Truth is within ourselves, it takes no rise
From outward things, whatever you may believe.
There is an inmost centre in us all,
Where truth abides in fulness.

સત્ય આપણા અંતરમાંજ રહેલું છે, તમે ગમે તે માનો, પણ સત્ય બહારથી ઉદ્‌ભવતું નથી. આપણા સર્વમાં એક છુપું મધ્યબિન્દુ છે, જ્યાં સત્ય તેના પૂર્ણ સ્વરૂપમાં વસે છે.

એક ગંભીર અને સત્ય શિક્ષણ એ છે કે **"તારી જાત પ્રત્યે તું સાચો રહેજે"** યાને 'તારા અંતઃકરણને કદી ફગતો નહિ' કારણ કે તે અંતઃકરણદ્વારાજ ઈશ્વરી અવાજ તને સંભળાઈ શકે તેમ છે. એ અંતઃકરણજ આપણને અને જગતમાં જન્મ લેનાર પ્રત્યેક પ્રાણીને પ્રકાશ આપનારો આંતર દીપક છે, આંતર પ્રતિભા છે, આત્માનો પવિત્ર અવાજ છે, અને પ્રભુનો પરમ હિતકર આદેશ છે. જો તું તે આદેશ અને અવાજ પ્રત્યે અભિમુખ અને શ્રદ્ધાવાન રહીશ તો તે નિરંતર તને ઉપદેશ આપ્યાજ કરશે કે "માર્ગ આ રહ્યો–સીધો આ પ્રમાણે ચાલ્યા કર."

દરેક ધર્મના ગ્રંથોમાં જણાવેલું છે કે અમુક અમુક જિજ્ઞાસુ અને પવિત્ર મનુષ્યોને કેટલોક અનુભવ મળ્યા પછી તેમના અંતરમાં એ 'ધીમો અને શાંત' આંતરનાદ સંભળાવા લાગતો. આ તેમના અંતરાત્માનો અવાજ હોઇને તે મારફતે પ્રભુજ તેમને ઉપદેશ આપતો હતો. જો આપણે પણ તે "ધીમા અને શાંત અવાજને અનુસરીને આપણું જીવન ચલાવીશું તો તે આપણને વધારે સ્પષ્ટતાથી સંભળાવા લાગશે; અને સાથે ચાલનારા ભોમીયાની પેઠે સીધે માર્ગે દોરશે. આ પ્રમાણે બનવામાં અડચણ એ છે કે આપણે તે અવાજને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળતા નથી યા સાંભળવા માગતા નથી અથવા સાંભળીએ છીએ તો તેને અનુસરતા નથી. આ પ્રમાણે આપણા પોતાના ઘરમાંજ ફાટફૂટ છે; આપણે ધડીકમાં આ બાજુ અને બીજી ઘડીએ બીજી બાજુ ખેંચાઇએ છીએ, તેથી કોઇ પણ બાબતના સંબંધમાં આપણે સ્થિર અથવા સફળ થઇ શકતા નથી. જેને પરિણામે **संशयात्मा विनश्यति**–અર્થાત્ 'સંશયગ્રસ્ત આત્મા વિનાશ પામે છે.' એ ગીતા-વાક્યમાં કહ્યા પ્રમાણે દશા થાય છે.

મારો એક મિત્ર આ આંતર અવાજને યથાર્થ સાંભળે છે, તે ઘણીજ ત્વરાથી તે અવાજના સૂચન પ્રમાણે વર્તે છે, અને તેનું જીવન તે અવાજ પ્રમાણે એવી રીતે તે દોરવે છે કે તે યોગ્ય વખતે અને યોગ્ય રીતે યોગ્યજ કામ કરે છે. ક્યારે વર્તવું, કેવી રીતે વર્તવું, એ તે બરાબર જાણે છે, અને કદાપિ તે સંશયદશામાં હોતો નથી.

પણ આ સ્થળે કોઇ શંકા કરે કે "અંતઃપ્રેરણા પ્રમાણે–અંતરના અવાજ પ્રમાણે ચાલવું એ કોઈ વખતે નુકસાનકર્ત્તા પણ ન નિવડે? ધારો કે આપણો અંતરનો અવાજ આપણને કોઇનું નુકસાન કરવા સૂચવે તો?"

આ શંકાના જવાબમાં બ્યાજબી રીતે કહી શકાય કે આવો ભય રાખવાનું કશુંજ કારણ નથી, કારણ કે અંતઃકરણનો અવાજ–અંતઃકરણદ્વારા બોલતો પ્રભુનો અવાજ કોઇનું નુકસાન કરવા તરફ, અથવા તો નીતિ, સત્ય અને ન્યાયના ઉચ્ચ ધોરણ વિરૂદ્ધનું કોઈ પણ કાર્ય કરવા તરફ કોઇને દોરવતોજ નથી. છતાં જો કોઈ વાર તમને એવું સૂચન થાય તો નક્કી સમજજો કે તે અંતઃકરણનો અવાજ નથી, પણ તમારા હલકા સ્વભાવમાંથી ઉદ્ભવેલું સૂચન છે.

મનુષ્યને જ્યારે પોતાના વ્યક્તિત્વનું ખરૂં ભાન થાય છે, ત્યારેજ તેનામાં ખરૂં જ્ઞાન અને આંતર પ્રેરણા જાગ્રત થાય છે; અને જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને અનંત ચૈતન્ય સાથેના પોતાના ઐક્યનું ભાન થાય છે, ત્યારેજ તેને આત્મ ચૈતન્યનું ભાન થાય છે, અને જે છુપાં રહસ્યો પ્રથમ નથી સમજ્યાં હોતાં તે આવું ભાન થતાં ખુલ્લાં થઈ જાય છે. અંતરમાંથી શક્તિઓ પ્રકટ કરવાનો આજ માર્ગ છે. ખરેખરી કેળવણીનો આજ પ્રકાર છે.

અનંત ચૈતન્ય સ્વરૂપ પરમાત્માના અવાજને સાંભળવાને જો આપણે હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખીશું તો જાણવા લાયક સર્વ બાબતો આપોઆપજ આપણને સ્પષ્ટ થતી જશે; અને આપણે યથાર્થ જ્ઞાની થવા ઉપરાંત આપણું તેમજ વસ્તુ માત્રનું ખરું સ્વરૂપ પીછાણી શકીશું.

કુદરતમાં કાંઇ નવા તારાઓ અથવા નવીન નિયમો કે નવીન શક્તિઓ ઉત્પન્ન થતી નથી, પરંતુ અનંત જ્ઞાનમય પરમાત્મા તરફ આપણે આપણા હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખીને પ્રથમ નહિ જણાયેલા તારાઓ, નિયમો અને શક્તિઓનું આપણે જ્ઞાન મેળવી શકીએ છીએ. એક રીતે આ પ્રમાણે મેળવેલું જ્ઞાન આપણે માટે તો નવું પણ કહી શકાય, અને એજ પ્રમાણે પરમાત્મતત્ત્વ સાથેનું તેમજ વસ્તુમાત્ર સાથેનું આપણું ઐક્ય પ્રથમથીજ હોવા છતાં આપણે માટે તે વિષેનું જ્ઞાન પણ નવું કહી શકાય. આ રીતે યથાર્થ જ્ઞાન થયા પછી આપણને જગતની પળે પળે બદલાતી વસ્તુઓપર આધાર રાખવો પડતો નથી. આપણે આત્માની ઉંડી ગુહામાં રહી શકીએ છીએ અને તેનાં દ્વાર ઉઘાડીને બહાર પણ જોઇ શકીએ છીએ તથા બહારથી આપણી ઇચ્છા પ્રમાણેની વસ્તુઓ ગ્રહણ કરી શકીએ છીએ.

ઉપર જણાવેલા ઇશ્વરીજ્ઞાન—અધ્યાત્મજ્ઞાનનું નામ 'પ્રજ્ઞા' પણ છે. એ પ્રજ્ઞા અંતઃસ્ફુરણદ્વારાજ પ્રકટ થાય છે. બહારની ઘણી વસ્તુઓનું જ્ઞાન આપણને સારી સ્મરણશક્તિદ્વારા અથવા બીજાનો બોધ સાંભળવાથી પણ પ્રાપ્ત થઇ શકે; પરંતુ 'પ્રજ્ઞા' એવા જ્ઞાન કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણીજ ઉંચી વસ્તુ છે, અને તે બહારથી નહિ પણ અંતરથીજ સ્ફુરે છે.

જે મનુષ્યને આ ઉંડા જ્ઞાનના 'પ્રજ્ઞા'ના પ્રદેશમાં દાખલ થવા ઇચ્છા હોય તેણે પ્રથમ તો માનસિક અભિમાનથી મુક્ત થવું જોઇએ. તેણે એક નાના બાળકના જેવા બનવું જોઇએ. પ્રથમથી બાંધી લીધેલા અભિપ્રાયો, માન્યતાઓ અને તર્કો સત્યના દ્વારમાં પ્રવેશ કરનારને વિઘ્ન રૂપ થાય છે.

ધાર્મિક, સામાજિક, રાજકીય, અને વિજ્ઞાનશાસ્ત્ર સંબંધી મંડળો તરફ દૃષ્ટિ કરતાં જણાશે કે તેમાંના ઘણા મનુષ્યો માનસિક અભિમાનને લીધે પોતાના અંગત વિચારોમાં અને આગળથી સ્વીકારી લીધેલી ભાવનાઓમાં એટલા બધા લુબ્ધ થઇ ગયા હોય છે કે તેમના હૃદયમાં સત્યનાં વિશાળ અને પ્રતિદિન પ્રકટ થતાં નવાં નવાં સ્વરૂપોને માટે સ્થાનજ હોતું નથી. આવા મનુષ્યો વિકાસક્રમમાં આગળ વધવાને બદલે સંકુચિત વિચારના બનીને તેનીતેજ સ્થિતિમાં લાંબા કાળ સુધી પડયા રહે છે, અને સત્યને ગ્રહણ કરવાને અસમર્થ બને છે. આવા મનુષ્યો જગતના ઉન્નતિક્રમને સાહાય્ય આપવાને બદલે તેના માર્ગમાં જડ પત્થરની પેઠે આડરૂપ થઇ પડીને તેના વિકાસક્રમના ચક્રને આગળ વધવામાં વિઘ્નરૂપ નિવડે છે. પરંતુ આવી સ્થિતિ લાંબો સમય ટકી શકે નહિ. વખત જતાં તેવા મનુષ્યોનાં શરીરો પ્રબળ ઉન્નતિચક્રના અનિવાર્ય વેગથી ઘસાઇ છુંદાઇને બાજુ થઈ જાય છે, અને ઇશ્વરી સત્યનો રથ દૃઢતાથી આગળ વધ્યે જાય છે. જ્યારે વરાળયંત્રને ચલાવવાના પ્રયોગો કરવામાં આવતા હતા, અને તે યંત્ર હજુ સંપૂર્ણ લોકોપયોગી બન્યું નહતું, તે સમયે ઈંગ્લાંડના એક પ્રખ્યાત વિજ્ઞાનશાસ્ત્રીએ એક ચોપાનીયું પ્રકટ કરીને એવું સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો હતો કે કદાચ વરાળયંત્રનો પ્રયોગ સિદ્ધ થાય તો પણ તે દરિયાઇ વહાણોને તો કદાપિ પણ ઉપયોગી થઇ શકશે નહિ; કારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે આવડો મોટો દરિયો ઓળંગવાને માટે જોઇતી વરાળ-શક્તિ સારૂ જોઇતા પુષ્કળ કોલસા વહાણમાં રાખી શકાવા અશક્ય છે. આશ્ચર્ય-કારક તો એ છે કે જે આગબોટ ઇંગ્લાંડથી અમેરિકા પ્રથમ ગઇ તે આગબોટના માલમાં તે બોપાનીઆની પ્રથમ આવૃત્તિ પણ હતી! જ્ઞાની જોઇને સત્યની સામે પોતાના હૃદયનાં દ્વાર બંધ કરનારા મનુષ્યો વળી એથીએ વધુ આશ્ચર્યકારક છે.

સત્ય કાંઈ અમુક રૂઢ પ્રણાલિકાઓ અથવા અમુક લોકસંમત થયેલા વિચારકો તરફથી આવતું નથી, તેમજ તે રૂઢ થયેલા વિચારો અને માન્યતાઓને બંધબેસતું આવે એવું પણ હોતું નથી. ઘણીવાર તો તે તેની વિરૂદ્ધ પણ હોય છે. જેથી અહીં એક વસ્તુ યાદ કરવા જેવી છે કેઃ—

Let there be many windows in your soul,
That all the glory of the universe
May beautify it, Not the narrow pane
Of one poor creed can catch the radiant rays
That shine from countless sources. Tear away
The blinds of superstitions let the light
Pour through fair windows broad as truth itself
And high as heaven.....Tune your ear
To all the worldless music of the stars
And to the voice of nature, and your heart
Shall turn to truth and goodness as the plant
Turns to the sun. A thousands unseen hands
Reach down to help you to their peace-crowned heights
And all the forces of the firmament

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Shall fortify your strengh, Be not afraid
To thrust aside half-truths and grasp the whole.

" તમારા અંતઃકરણરૂપી ગૃહમાં પુષ્કળ બારીઓ રાખો કે જેથી વિશ્વની સઘળી ભવ્યતા તેને સુંદર બનાવે. એકાદ મત પંથરૂપી નાનકડી બારી, દશે દિશાઓ તરફથી-અસંખ્ય સ્થળેથી પ્રકાશનાં ચળકતાં કિરણોને ગ્રહણ કરવાને માટે અસમર્થ નિવડે છે; માટે વહેમના એકદેશીપણાના પડદાઓને ચીરી નાખો, સત્યતા જેટલી વિશાળ અને સ્વર્ગ જેટલી ઉંચી બારીઓદ્વારા પ્રકાશને આવવા દો, તારાઓનું અલૌકિક ગીત અને કુદરતનો મધુર અવાજ શ્રવણ કરવાને તમારા કર્ણને કેળવો, એટલે પછી જેવી રીતે સૂર્યમુખી પુષ્પ સૂર્યસન્મૂખજ વળે છે, તેમ તમારું હૃદય પણ સત્ય અને ભલાઇ તરફ અવશ્ય વળશે; અને શાંતિથી છવાયલાં બ્રહ્મગિરિનાં શિખરોએ પહોંચવામાં તમને મદદ કરવાને માટે હજારો અદૃશ્ય સત્વો પોતાના હાથ નીચા લંબાવશે, તેમજ કુદરતની સર્વ શક્તિઓ તમારા બળને અધિક બલિષ્ટ બનાવશે. અર્ધ સત્યોનો ત્યાગ કરીને અખિલ સત્યનો સ્વીકાર કરવામાં તમે જરા પણ ભય રાખો નહિ.

માનસિક અભિમાન, અગાઉથી બાંધી રાખેલા વિચારો અથવા ખોટી માન્યતાઓ વગેરે કોઇ પણ કારણને લીધે જ્યારે કોઇ પણ મનુષ્ય સત્યની સામે પોતાના હૃદયનાં દ્વાર બંધ કરે છે, ત્યારે મહાન વિશ્વવ્યાપક નિયમ પ્રમાણે તે વ્યક્તિ તરફ 'સંપૂર્ણ સત્ય' કોઇ પણ સ્થળેથી આવી શકતું નથી. આથી ઉલટું જ્યાંથી પણ સત્ય આવે ત્યાંથી તેનો સ્વીકાર કરવાને પોતાના હૃદયનાં દ્વાર **જે મનુષ્ય ખુલ્લાં રાખે છે તેના તરફ તેજ મહાન નિયમ પ્રમાણે સર્વ સ્થળેથી અને સર્વ દિશાઓમાંથી સત્ય વહેવા લાગે છે.** તે મનુષ્ય સ્વતંત્ર બને છે, કારણ કે **સત્યજ આપણને સ્વ-**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તંત્ર બનાવે છે. આથી ઉલટા પ્રકારવાળો પ્રથમ વર્ણવેલો મનુષ્ય બંધનમાંજ રહે છે, કારણ કે તેણે સત્યને આમંત્રણ આપ્યું નથી અને **જ્યાં સત્યનો સ્વીકાર માનપૂર્વક થતો નથી ત્યાં તે પ્રવેશતું પણ નથી.**

જ્યાં સત્યને સ્થાન મળતું નથી, ત્યાં સત્યની સાથે રહેલા આશીર્વાદો–અનેકવિધ લાભો પણ મળી શકતા નથી. ઉલટું તેને ઠેકાણે શારિરીક, માનસિક અને આત્મિક જડતા, રોગ અને મરણજ લાગુ પડે છે. કોઈ મનુષ્ય સ્વતંત્રપણે અને કોઇ પણ પ્રકારના બંધન વિના સત્યને શોધતો હોય તેને જે મનુષ્ય અટકાવે છે, તે લુંટારા અને ચોર કરતાં પણ વધારે અધમ અને ત્યાગ કરવા યોગ્ય છે; કારણ કે તે બીજા મનુષ્યના જીવનવિકાસને ભારે ધક્કો પહોંચાડીને ઘણુંજ મોટું નુકસાન કરે છે.

પ્રભુનું સત્ય એટલું તો વિશાળ, મહાન અને ભવ્ય છે કે કોઈ પણ તેનો એક હથુ ઇન્નિરો લઈ શકે નહિ. જગતમાં સત્યના શિક્ષકો અનેક મળી આવશે, પરંતુ ખરો શિક્ષક 'બીજાઓએ અમુકજ સત્ય માનવું જોઇએ' એવો દાવો કદી પણ કરશે નહિ. ખરો શિક્ષક તો શિષ્યને તેના પોતાના સંબંધી તેમજ તેની આંતર શક્તિઓ સંબંધી ખરા જ્ઞાન સુધી લાવી મૂકે છે કે જેથી તે શિષ્ય સત્યનું ખરું સ્વરૂપ પોતાની મેળે સમજી શકે.

એકદેશી શિક્ષકોમાં સ્વાર્થ, અહંકારવૃત્તિ અથવા ઐહિક લાભની તૃષ્ણા હોય છે. સંપૂર્ણ સત્ય પોતા સિવાય બીજા કોઇ પાસે નથી એવો દાવો કરનાર શિક્ષક ધર્માંધ, મૂર્ખ અથવા કપટીજ હોય છે.

એક દેડકો એક કુવામાં રહેતો હતો, અને એ કુવાની બહાર તે કદાપિ નીકળ્યો નહતો. એક દિવસ સમુદ્રમાં રહેનાર દેડકો એ કુવામાં આવ્યો. કુવામાં રહેનાર દેડકાએ તેને પૂછ્યું: "તમે કોણ છો ? અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાં રહો છો ?" તેણે કહ્યું: "હું અમુક જાતિનો દેડકો છું અને હું સમુદ્રમાં રહું છું."

"સમુદ્ર ! સમુદ્ર એટલે શું ? તે ક્યાં છે ?"

"સમુદ્ર એટલે પાણીનો અગાધ જથ્થો, અને તે અહીંથી દૂર નથી."

"તમારો સમુદ્ર કેવડો મોટો છે ?"

"અહા ! બહુજ મોટો !"

પાસે પડેલો પત્થર બતાવીને પૂછ્યું: "શું આના જેવડો ?"

"તેનાથીએ ઘણો મોટો."

જે પાટીઆ ઉપર તે બન્ને ઉભા હતા તે બતાવીને પૂછ્યું: "શું આના જેવડો."

"ના, ના, ઘણોજ મોટો."

"ત્યારે કેવડો મોટો ?"

"જે સમુદ્રમાં હું રહું છું તે તો તારા આ આખા કુવા કરતાં પણ બહુ વધારે મોટો છે, તારા કુવા જેવડા લાખો કુવા તેના પાણીથી ભરાય તો પણ તે ઉણો થાય તેમ નથી."

"ઢોંગ ! ઢોંગ ! તું કપટી અને જૂઠો છે. મારા કુવામાંથી ચાલ્યો જા. જા ચાલ્યો જા. તારા જેવા ગપ્પીદાસનું મારે કાંઇ કામ નથી."

શાસ્ત્રો કહે છે કે "તમે સત્યને જાણશો કે તરતજ તે સત્ય તમને સ્વતંત્ર બનાવશે." જો સત્ય સામે તમારાં હૃદયદ્વાર બંધ રાખશો–તમારા માની લીધેલા સંકુચિત વિચારોનેજ પકડી રાખશો તો તે વિચારો તમને મૂર્ખ અને અવિચારી બનાવશે. બુદ્ધિના વિષયોમાં ગર્વિષ્ઠ થયેલા ઘણા મનુષ્યોને ઉપલું કથન લાગુ પડે તેમ છે. ગાંડપણ અથવા મૂર્ખતા એટલે માનસિક વિકાસનું અટકવું તે. ગમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે કારણસર જે મનુષ્યો સત્યની સામે એટલે ખરું કહીએ તો પોતાના વિકાસની સામે પોતાના હૃદયનાં દ્વાર બંધ કરી બેસે છે, તેઓને ગાંડાના નામથી નથી બોલાવવામાં આવતા તો પણ વસ્તુતઃ તેઓ ગાંડાજ છે. અમુક વ્યક્તિ, પુસ્તક કે સંસ્થા તરફથી અમુક વાત જણાવવામાં આવે છે માટે તે ખરીજ હોવી જોઇએ, એમ પોતાની જાતે ખાત્રી કર્યા વિના સ્વીકારી લેવાથી પણ માનસિક વિકાસ અટકી પડે છે.

જે મનુષ્યો આંતર પ્રકાશ ઉપર આધાર રાખી તેને વધારવાનો શ્રમ લેવાને બદલે બાહ્ય સાધનોપરજ આધાર રાખે છે, તેઓની સ્થિતિ પણ ઉપર પ્રમાણેજ થાય છે. માટે નિર્ભય અને દૃઢવ્રતધારી વૉલ્ટ વીટમેનની સાથે આપણે પણ કહેવું જોઇએ કે,—

From this hour I ordained myself loosed of limits and imaginary lines,

Going where I list, my own master total and absolute,

Listening to others, considering well what they say,

Pausing, searching, receiving, contemplating,

Gently, but with undeniable will divesting myself of the holds that would hold me.

" આ પળથી હું હરેક પ્રકારની મર્યાદા અને બંધનોથી મારા અંતરાત્માને સ્વતંત્ર માનું છું. મારી ઇચ્છા પ્રમાણેજ હું ચાલીશ. મારી જાતનો હું સર્વથા અને સંપૂર્ણ સ્વામી છું. બીજાઓના કથનને યોગ્ય રીતે વિચારીશ, અટકીશ, તપાસ કરીશ, ગ્રહણ કરીશ, અને ચિંતન કરીશ. આ રીતે ધીમેથી પરંતુ મજબૂત સંકલ્પબળથી મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મર્યાદામાં રાખનારી સઘળી હદો અને મર્યાદાઓથી હું છુટો થઇશ.”

‘ઈશ્વરનું અમર્યાદિત સત્ય સર્વને માટે એક સરખી રીતે ખુલ્લું છે.’ એ વિચારથી આપણને અતિશય આનંદ થવો જોઇએ. **જે પ્રમાણમાં મનુષ્ય સત્યને શોધે છે અને તેને મેળવવાને હૃદયનું દ્વાર ખુલ્લું રાખે છે, તે પ્રમાણમાં સત્ય તેના હૃદયમાં સ્થાન લે છે.**

જગતમાં જે કાંઇ આપણે માટે જાણવા યોગ્ય છે, તે સર્વ એ સત્યને–એ જ્ઞાનને પ્રાપ્ત કરવાનો નિયમ જાણવાથી અને તેને વિવેકપૂર્વક અમલમાં મૂકવાથી, અવશ્ય જાણી શકાય છે અને પ્રાપ્ત કરી શકાય છે. જો એ જ્ઞાનને ગ્રહણ કરતાં આવડે તો પછી જગતમાંની સર્વ વસ્તુઓ આપણી પોતાનીજ છે, એમ નક્કી જાણવું.

આપણા અંતરમાં એક એવું મધ્યબિન્દુ રહેલું છે કે જેનામાં આપણને જરૂરની તેમજ આપણે માટે લાયક થઇ પડે તેવી દરેક વસ્તુને પોતા તરફ ખેંચવાનું અગાધ સામર્થ્ય રહેલું છે.

આપણા જીવનમાં જ્યારે પણ એવા પ્રસંગો આવે કે જે વખતે શું કરવું અથવા કયો માર્ગ સ્વીકારવો એ આપણને ન સમજાય, ત્યારે નક્કી સમજવું કે તેમાં દોષ આપણો પોતાનોજ છે.

જો દોષનું મૂળ આપણામાં હોય તો તેનો પ્રતીકાર પણ આપણામાંથીજ જડી આવશે. જો આપણે નિરંતર જાગ્રત રહીએ અને આપણી અંદર રહેલા પ્રકાશ અને શક્તિઓનું જો આપણને ભાન રહ્યા કરે તો અમુક સમયે શું કરવું એવા સંશયનો પ્રસંગ આપણને આવેજ નહિ; કેમકે અંતરાત્માનું તેજ સર્વદા પ્રકાશી રહેલું છે અને કોઇ પણ વસ્તુને આપણી અને તે પ્રકાશની વચ્ચે આપણે આડી ન આવવા દઇએ તો આપણે આપણું ખરું કર્ત્તવ્ય બજાવ્યું છે એમ સમજવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક મહાન પુરૂષ કે જેણે આંતર પ્રકાશ મેળવ્યો છે અને અમુક પ્રસંગે શું કરવું અને કેમ કરવું એવો સંશય ઉઠવાનો જેને પ્રસંગજ નથી, તે આ સંબંધમાં જણાવે છે કે:–" અમુક બાબતમાં કયો માર્ગ લેવો એવી જ્યારે તમને શંકા પડે અને માર્ગસૂચક બાહ્ય સાધનોનો આશ્રય લેવાથી પણ માર્ગ ન જડતો હોય ત્યારે let the inward eye see, let the inward ear hear તમારાં આંતરચક્ષુને જોવા દો અને આંતરશ્રવણેન્દ્રિયને સાંભળવા દો." આ સાદી, સ્વાભાવિક અને સુંદર ક્રિયાને કાંઈ પણ શંકા, તર્ક અથવા પ્રશ્નો સિવાય અસ્ખલિતપણે કાર્ય કરવા દો. સઘળા વિકટ પ્રસંગે અને અસાધારણ ગુંચવણના સમયે આપણે આ એક સાદી સૂચનાને લક્ષમાં રાખવી જોઇએ કે " Enter into thine chamber and shut the door " " તારા ઓરડામાં દાખલ થા અને દ્વાર બંધ કર." શું આનો અર્થ એવો થાય છે કે આપણે આપણા એક ખાનગી ઓરડામાં પેસીને અંદરથી તેને તાળું દેવું ? જો અર્થ એવો જ થતો હોય તો સર્વ મનુષ્યો આ શિક્ષણને અમલમાં મૂકી શકે નહિ; કેમકે પૃથ્વીપર કે દરિયાપર કે પર્વતપર તે શી રીતે અમલમાં મૂકી શકાય ? જ્યારે આ ધાર્મિક શિક્ષણ તો સર્વને માટે, સર્વકાળને માટે અને સર્વ સંયોગોમાં અમલમાં મૂકાવાને માટેજ છે.

એક અંતઃસ્ફુરણવાળો મનુષ્ય હતો. તેનું કામ કરવાનું મેજ જે હોલમાં પડયું રહેતું, ત્યાં ઘણા સદ્‌ગૃહસ્થો પોતાનું વ્યાપાર સંબંધી કામકાજ કરતા હતા અને મોટા સાદે વાતો પણ કરતા; પરંતુ તેની આસપાસ થતા અવાજોથી આ મનુષ્ય જરા પણ સંક્ષોભ પામતો નહિ. પોતાને કોઇ પ્રશ્ન ગહન લાગે, તે સમયે તે પ્રશ્નનો ઉકેલ લાવવાને આ આત્મશ્રદ્ધાવાળો મનુષ્ય તરતજ પોતાની આસપાસ માનસિક પડદો એવી રીતે નાખી શકતો હતો કે જાણે તે એકાંતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જંગલમાં બેઠો હોય! તે મૌન અને શાંત દશામાં પોતાના પ્રશ્ન સિવાય તે કાંઇ પણ જોતો કે સાંભળતો ન હતો, અને જ્યાં સુધી તે પ્રશ્નનો પ્રત્યુત્તર તેના અંતરમાંથી ન સ્ફુરે ત્યાં સુધી તેની તેજ સ્થિતિમાં બેસી રહેતો હતો. પરિણામે પોતાને મળતા જવાબમાં તે મનુષ્ય કદી પણ છેતરાતો ન હતો.

સત્યનું દર્શન અંતરમાંથી થવાથીજ હૃદયની ભૂખ ભાગે છે. આ દર્શન થવું એ જંગલમાં અમૃતની વૃષ્ટિ થવા સમાન છે. અંતઃસ્ફુરણવાળા મનુષ્યને પોતાને જોઇતું આધ્યાત્મિક ભોજન દરરોજ એ સ્ફુરણદ્વારા મળી આવે છે, પણ આ અંતઃસ્ફુરણનો અમલ–અનુસરણ સત્વર થવું જોઇએ. એમાં વિલંબ થવાથી વચ્ચે પડદો આવી જાય છે અને જો મનુષ્ય તે અંતઃસ્ફુરણ પ્રમાણે ચાલવામાં વધારે ને વધારે વિલંબ કરતો જાય તો એવો પણ સમય આવે કે જ્યારે તેના મનમાં બેાટી ભ્રમણાઓ ઉદ્‌ભવીને અંતઃસ્ફુરણની સાથે હલકી વાસનાઓને પણ ભેળવી દે.

આ બાબતમાં આ સર્વમાન્ય નિયમનો સ્વીકાર પણ કરવો જોઇએ કે **સત્યને જાણવા માટે સત્ય સિવાયની અન્ય સર્વ ઇચ્છાઓને દૂર કરો,** અને તેની સાથે **નિઃસંશય સત્ય જણાયું કે તરતજ તે પ્રમાણે ચાલવાનો દૃઢ નિશ્ચય કરો.** સત્યના જિજ્ઞાસુએ સત્ય પ્રત્યેજ અનન્ય પ્રેમ રાખી તેની સાથે તે સિવાયની બીજી કોઇ પણ લાગણીને સ્થાન આપવું જોઇએ નહિ. જો આ પ્રમાણે તમે યથાર્થ ચાલશો તો તમારો માર્ગ સ્વર્ગીય તેજથી પ્રકાશિત થશે, કારણ કે **"જો તમને તમારી અંદર રહેલા સ્વર્ગનો અનુભવ થયો તો પછી બહાર પણ તમને સ્વર્ગનોજ અનુભવ થશે."** "અંદરના ઓરડામાં જવું" એનો અર્થ ઉપર કહ્યો તેજ છે. આનું નામ જ સત્ય દર્શન, આનું નામજ પ્રકાશનું દર્શન કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે પ્રકાશ જગતમાં જન્મનાર દરેક મનુષ્યને પ્રકાશિત કરે છે. તમારા આત્માનો અવાજ સાંભળવો તે પણ આનુંજ નામ છે. મનુષ્યનો અંતરાત્મા યાને અંતઃકરણ સ્વભાવથીજ દિવ્ય છે; અને જેટલા પ્રમાણમાં પરમાત્માના તેજને ગ્રહણ કરવાને માટે આપણે તેને પવિત્ર-પારદર્શક બનાવીએ છીએ, તેટલા પ્રમાણમાં તેનાદ્વારા પ્રત્યેક વસ્તુ અને તેનું રહસ્ય આપણા જાણવામાં આવે છે; કોઇ પણ વસ્તુ જાતે ગુપ્ત નથી. જે સમયે આધ્યાત્મિક દૃષ્ટિ ખીલે છે, તે સમયે સ્થૂલ ઇન્દ્રિયો અને બુદ્ધિની મર્યાદાઓને તે ઓલંધી જાય છે. એથી ઉલટું જેટલા પ્રમાણમાં મનુષ્ય એ દિવ્ય પ્રકાશથી દૂર રહે છે તેટલા પ્રમાણમાં વસ્તુઓ પણ તેનાથી દૂર રહે છે.

જેટલા પ્રમાણમાં આપણે ઇન્દ્રિયો અને બુદ્ધિની મર્યાદાને ઓલંધી જઇએ છીએ અને આપણા જીવનની પરમાત્મતત્ત્વ સાથેની એકતાનો નિશ્ચય જેમ જેમ દ્રઢ બનાવતા આવીએ છીએ તેમ તેમ આપણને આંતર અવાજ સંભળાવા લાગે છે; અને જો આપણે તે પ્રમાણે વર્ત્યા જઇએ તો તે અવાજ આપણને કદાપિ દગો નહિ દેતાં નિરંતર આપણને આપણો યથાર્થ માર્ગ દર્શાવ્યેજ જાય છે. આ ઉત્તમ જ્ઞાનને પ્રાપ્ત કરી તેનો અનુભવ-સાક્ષાત્કાર કરનાર મનુષ્ય મર્યા પછીજ સ્વર્ગે જશે એમ નથી; પરંતુ અત્યારે, આજે અને સદાકાલ તે સ્વર્ગમાંજ રહે છે.

આ સ્થિતિ સર્વને વાસ્તે ખુલ્લી છે. જ્યારે પણ આપણે સત્ય માર્ગે વળીએ છીએ, ત્યારે આ સ્થિતિ જેવી રીતે પવન વાય છે અને પુષ્પ ખીલે છે તેવી સ્વાભાવિક રીતે આપણા તરફ આવી પહોંચે છે.

તે ધનથી ખરીદાતી નથી કે તેની અમુક સ્થૂલ કીંમત નથી. તે તો એક એવી દશા છે કે જેનો સાક્ષાત્કાર ધનિક તેમજ દરિદ્રી, સેવક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમજ શેઠ અને રાજા તેમજ રંક સર્વ કરી શકે છે, પ્રત્યેક મનુષ્ય તેનો એકસરખો અને હકદાર વારસ છે. જો એકાદ બેહુતને તે સ્થિતિનો અનુભવ થાય તો રાજા કરતાં પણ વધારે ભવ્ય અને ખરી સત્તાવાળી સ્થિતિમાં તે રહી શકે, અને જો કોઈ એક સેવકને તે સ્થિતિનો ખ્યાલ આવે તો તે શેઠ કરતાં પણ વધારે ઉમદા જીવન ગાળી શકે.

જો તમારે પણ એ ઉચ્ચમાં ઉચ્ચ, પૂર્ણમાં પૂર્ણ અને વિશાળમાં વિશાળ જીવનનો અનુભવ કરવો હોય તો 'દિવ્ય પરમાત્મ ચૈતન્યથી તમારું આત્મચૈતન્ય ભિન્ન છે' એ ભૂલ ભરેલા–અસત્ય ખ્યાલને પ્રથમ દૂર કરો, અને તેની સાથે તમારો અભેદ–એકતા હોવાના વિચારને વળગી રહો. જે પ્રમાણમાં તમે તે વિચારને વળગી રહેશો, તે પ્રમાણમાં તમને તેનો વિશેષ ને વિશેષ અનુભવ થતો ચાલશે; અને જેમ જેમ એ અનુભવયુક્ત જીવન તમે ગાળતા જશો તેમ તેમ સર્વ શુભ વસ્તુઓ તમારા તરફ આકર્ષાઈ આવશે. તે સમયે તમારી એવી સ્થિતિ થશે કે જેમાં તમારા હાથને જે કાંઇ કામ કરવાનું પ્રાપ્ત થશે તે કોઈ પણ જાતના ભય કે ભવિષ્યની ચિંતાના વિચાર સિવાય તમે કરી શકશો અને આવતી કાલનો વિચાર કરવાનું આવતી કાલપરજ રાખશો; કારણ કે તમને તે સમયે ખાત્રી થઈ હશે કે આવતી કાલનો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ખોરાક તમને આવતી કાલે મળી આવશેજ. આવતી કાલ ન આવે ત્યાં સુધી આવતી કાલની જરૂરીઆતોની ચિંતા કરવાની અત્યારે તમારે કશી જ જરૂર નથી.

જો મનુષ્ય ઉપલા સત્ય સિદ્ધાંતમાં સંપૂર્ણ વિશ્વાસ રાખે છે, તો તે સિદ્ધાંત કદાપિ તેને દગો દેતો નથી. મનુષ્યો અનિશ્ચિત શ્રદ્ધા રાખતા હોવાથીજ પરિણામ પણ અનિશ્ચિત અને અસંતોષકારક આવે છે. પ્રભુ કરતાં વધારે સત્ય, ઉત્તમ અને ખાત્રીબંધ વસ્તુ બીજી કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ નથી. જે સર્વથા તેને શરણે જાય છે, તેને તે દગો દે એ વિચાર તો સ્વપ્ને પણ ક્યાંથી લવાય? કેમકે ઉલટો તે તો તેને પોતાનું સર્વસ્વ સોંપવાને અને પોતાની બરાબર બનાવવાને જ સદા આતુર હોય છે. માટે ગમે તે કામ કરતાં, ગમે તે સ્થિતિમાં, દિવસે કે રાત્રે અને સૂતાં કે જાગતાં મનુષ્યે પોતાની અને પરમાત્માની વચ્ચે રહેલા અભેદ ભાવનો સાક્ષાત્કાર કરી તે પ્રમાણેજ જીવન ગાળવું ઉચિત છે. જીવનનું રહસ્ય પણ એમાંજ રહેલું છે. માત્ર જાગ્રતમાંજ તેનો સાક્ષાત્કાર થઈ શકે છે એમ નથી. ઉંઘતાં પણ તેટલોજ સાક્ષાત્કાર થઇ શકે; માટે ઉંઘના સંબંધમાં પણ આપણે આ સ્થળે કેટલીક બાબતો વિચારીશું કે જેથી તે સમયમાં પણ આપણે બોધ અને પ્રકાશ મેળવી શકીએ.

નિદ્રા સમયે આપણું આ સ્થૂલ શરીરજ આરામ લે છે અને શાંત હોય છે. માનસિક શરીર તો પોતાની ક્રિયા કર્યાજ કરે છે. નિદ્રા એ શરીરને આરામ આપનારી ક્રિયા છે. દિવસમાં—જાગ્રત અવસ્થામાં શરીરને જે ઘસારો પહોંચે છે તે ઘસારાને દૂર કરી શરીરને નવું જીવન આપનારી તે નિદ્રા છે. તે નવું બળ પ્રેરનારી કુદરતી રીત છે; તેથી જો ઉજાગરા કરવામાં આવે અથવા શરીરને જોઇતી નિદ્રા ન મળે અને આ રીતે શરીરને દિવસમાં પહોંચેલી હાનિનો પુરતો બદલો ન આપવામાં આવે તો શરીર ધીમે ધીમે ઘસાતું જાય છે, નિર્બળ બને છે અને એવી સ્થિતિમાં કોઇ પણ પ્રકારના રોગને શરીરમાં પ્રવેશ કરવો સુગમ થઇ પડે છે.

આપણે હાલ શરીરોનો જે ઉપયોગ કરીએ છીએ, તેના કરતાં વધારે ઉંચ પ્રકારના ઉપયોગ સારૂ આપણને તે આપવામાં આવ્યાં છે. જ્યાં શરીર પોતાના માલીકનું માલીક બને છે, ત્યાં તો ખરેખર એવીજ સ્થિતિ હોય છે; પરંતુ જેટલા પ્રમાણમાં આપણને મનની તથા આત્માની ઉચ્ચ શક્તિઓનો ખ્યાલ આવતો જાય છે, તેટલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણમાં એ સ્થિતિ ફેરવાતી જઇને ઉચ્ચ તત્ત્વો શરીરપર અસર કરવા લાગે છે અને શરીરમાંથી હલકા પ્રકારના પરમાણુઓ ખરવા માંડે છે તથા શરીર વધારે સૂક્ષ્મ અને દેખાવમાં પણ વધારે ભવ્ય થવા માંડે છે. મનને પોતામાંથી તેમજ જે ઉચ્ચ તત્ત્વોની સાથે તે સંબંધમાં આવે છે તેમાંથી આનંદનું રાજ્ય મળવા માંડે છે, અને તેથી ખાવા–પીવાની અને અનેક પ્રકારના ઉપભોગની આસક્તિ ધીમે ધીમે ઓછી થવા લાગે છે. વળી હલકી જાતના, અપચો કરે તેવા અને સત્ત્વ વિનાના ખોરાકો જેવાં કે પ્રાણીઓનાં માંસ તથા અનેક પ્રકારના દારૂઓ અને શરીર તથા મનના વિકારોને ઉત્તેજિત કરે તેવા માદક પદાર્થોનો ઉપયોગ જે મનુષ્ય કરતો હોય તેની તે રુચિ ઓછી થતી જાય છે અને તેને બદલે તે શરીરને પોષણ કરનારો, મગજને શાંત રાખનારો અને સ્નાયુઓને દૃઢ બનાવનારો સાત્વિક ખોરાક ખાવાને લલચાય છે. આ પ્રમાણે તેનું શરીર વધારે સાત્વિક, સૂક્ષ્મ અને સારા પરમાણુઓવાળું બનવાથી શરીરને ઓછો ઘસારો પહોંચે છે, અને જે કાંઇ પહોંચે છે તે ત્વરાથી પૂરાઇ જઇને શરીર બહુ નિયમિત અને સમતોલ સ્થિતિમાં રહે છે. શરીરની આવી સ્થિતિ થતાં નિદ્રાની બહુ ઓછી જરૂર પડે છે અને તે ઓછી નિદ્રા પણ આવા સારા અને સૂક્ષ્મ પરમાણુઓના બનેલા શરીરને ઘણીજ લાભકારક નીવડે છે.

આ રીતે જેમ જેમ શરીર વધારે સૂક્ષ્મ અને શુદ્ધ પરમાણુઓવાળું બનતું જાય છે અને જેમ જેમ તેની ઉન્નતિ ત્વરાથી થાય છે, તેમ તેમ તે મન તથા આત્માને ઉચ્ચ સ્થિતિઓનો અનુભવ કરાવવામાં સહાયભૂત નિવડે છે, અને મન જેવી રીતે શરીરને મદદ કરે છે તેવી રીતે શરીર પણ મનને મદદગાર નિવડે છે. કવિ બ્રાઉનિંગે એજ ધ્યાનમાં રાખીને કહ્યું છે કે "સઘળી સારી વસ્તુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણીજ છે. કારણ કે આત્મા જેવી રીતે શરીરને મદદ કરે છે તેવી રીતે શરીર પણ આત્માને મદદ કરે છે."

ઉપલા વિવેચનથી જણાશે કે શરીરને વિશ્રામ આપવાને અને આખા દિવસમાં લાગેલો ઘસારો પુરવાને નિદ્રા અત્યંત અગત્યની છે. આત્માને એવા આરામની જરૂર નથી. શરીર નિદ્રાધીન હોય ત્યારે અને દિવસની માફક રાત્રે પણ આત્મા પોતાનું કામ કર્યા કરે છે.

અંતરાત્માની પ્રવૃત્તિઓના ઉંડા જ્ઞાનવાળા પુરૂષો જણાવે છે કે આપણે નિદ્રા સમયે પણ મુસાફરી કરી શકીએ છીએ. કેટલાક મનુષ્યો નિદ્રામાં જોયેલા દેખાવો, મેળવેલી માહીતી અને બનેલા બનાવોનું જ્ઞાન જાગ્રત થયા પછી પોતાના સ્થૂલ મગજમાં લાવવાને શક્તિમાન હોય છે; પણ ઘણા મનુષ્યો આમ કરવાને સમર્થ હોતા નથી તેથી ઉપયોગમાં આવે તેવું ઘણું જ્ઞાન તેઓ ખુએ છે. આ બાબતના અનુભવીઓ જણાવે છે કે જો આ બાબતના નિયમો યથાર્થ સમજવામાં આવે, તો આપણી મરજી આવે ત્યાં આપણે જઈ શકીએ અને આપણને થયેલા અનુભવોનું ભાન આપણે જાગીએ ત્યારે આપણા સ્થૂલ મગજમાં લાવી શકીએ. આ ગમે તેમ હોય તો પણ એટલું તો સ્પષ્ટ છે કે સામાન્ય મનુષ્યોને નિદ્રા સમયે જે પ્રકાશ, જ્ઞાન અને બોધ મળી શકતાં નથી તે આ બાબતના અભ્યાસીઓ મેળવી શકે છે.

શરીર નિદ્રાધીન હોય ત્યારે પણ અંતરાત્મા કામ કર્યા કરે છે. તો પછી ઉંઘવાના સમયે–શરીર આરામ લેતું હોય ત્યારે પણ તેનો પ્રકાશ મળ્યા કરે અને તે પ્રકાશની છાપ જાગ્રત સ્થિતિમાં પણ મગજ-પર પડી શકે તેમ કરવું જોઇએ. આ પ્રમાણે બની શકે તેમ છે અને કેટલાક પુરૂષોએ તે કામ લાભદાયક રીતે કર્યું પણ છે; અને ઘણીવાર અંતરાત્મા તરફનો ઉંચ સંદેશો આવીજ રીતે મળે છે. આમાં અસ્વાભાવિક કશુંજ નથી, કારણ કે બાહ્ય જગત સાથેનો સંબંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિદ્રાસમયે બંધ થયેલો હોવાથી આંતર દુનિયા તરફનું સ્ફુરણ આવવાનો એ સમયે બહુજ સંભવ રહે છે. મારા કેટલાક મિત્રો આ રીતે ઉંઘમાં ઘણું કામ કરી શકે છે અને પોતાના ઇષ્ટ વિષયમાં ઘણો પ્રકાશ મેળવી શકે છે.

સૂવા જતી વખતે મનવડે અમુક સમયે ઉઠવાનો દૃઢ નિશ્ચય કરવાથી તેજ સમયે ઉઠી શકાય છે, એ વાત તો ઘણાના અનુભવનીજ છે. એક સ્ત્રી એક પત્રના ઉપતંત્રીનું કામ કરતી હતી. એક વખતે તે પત્રના અધિપતિએ તેને અમુક વિષયપર એક લેખ લખી સવારમાં તૈયાર કરી રાખવાને કહ્યું. વિષય ઘણો ગહન હતો અને તેમાં ઘણા મુદ્દાઓના જ્ઞાનની જરૂર હતી; પરંતુ તે વિષયમાં તેનું જ્ઞાન ઘણું અપૂર્ણ હતું અને તે સંબંધી પુસ્તકો વાંચીને માહીતી મેળવવા જેટલો સમય ન હતો. તે સ્ત્રી રાત્રે લખવા બેઠી, પરંતુ તેની કલમ ચાલી નહિ. વિચાર વગર કલમ કેવી રીતે ચાલે? અસ્તુ. નિષ્ફળતા સિવાય બીજું કાંઇ તેને જણાયું નહિ. છેવટે થાકીને તેણે ઉંઘવાનોજ વિચાર કર્યો અને એ વિષયના સંબંધમાં પોતાને જે માહીતી હતી તે વિચારમાં ગોઠવી પોતાને તે સંબંધી વિશેષ માહીતી ઉંઘમાં મળે એવી ભાવના અને એજ વિષયનો વિચાર કરતી તે સૂઈ ગઇ, અને ભરનિદ્રામાં પડી. પ્રાતઃકાળમાં ઉઠતાંવારજ રાત્રિનો વિષય તેને યાદ આવ્યો, તે થોડીક પળ શાંત પડી રહી, તે વખતે એ વિષયનો આખો લેખ લખાયેલો તેની દૃષ્ટિ સમીપ આવી ઉભો રહ્યો હોય એમ તેને લાગ્યું. એ લેખ તે વાંચી ગઈ, ઉઠી અને લુગડાં બદલ્યા સિવાયજ કલમ લઈ કાગળપર તે ચિતરી કાઢયો. જાણે કોઇ લખાવતું હોય અને પોતે લખતી હોય એમજ તે લેખ તેણે લખી નાખ્યો.

અમુક બાબતપર મન જ્યારે તલ્લીન થયું હોય ત્યારે જો તેને બીજી બાબતનો વિચાર કરવાનો વિષય ન મળે તો તે એકજ બાબ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તનો વિચાર કર્યા કરે છે; અને ઉંઘમાં શરીર શાંત હોય ત્યારે પણ મન અને અંતરાત્મા કામ કરતાં હોવાથી ઉંઘવા જતી વખતે જો મનને અમુક વલણ આપવામાં આવ્યું હોય તો મન તે બાબતપર ઉંઘમાં પણ વિચાર કર્યાજ કરશે અને પ્રાતઃકાળમાં પોતાના અનુભવોની સ્થૂલ મગજપર છાપ પાડશે. કેટલાક મનુષ્યોના મગજપર આ છાપ ઘણી ત્વરાથી પડે છે, ત્યારે કેટલાકને લાંબે કાળે આ બાબતમાં વિજય મળે છે; પરંતુ શાંત રીતે સતત પ્રયાસ કરવાથી આ શક્તિ અવશ્ય પ્રાપ્ત થાય છેજ.

મન નિરંતર કામ કરતું હોય છે અને પોતાના સમાન વિચારોને પોતાના તરફ આકર્ષવાની તેનામાં શક્તિ રહેલી છે; જેથી આપણે ઉંઘવા પહેલાં જેવા વિચારો કરવાની મનને ટેવ પાડીએ છીએ તેવાજ વિચારોને તે પોતાના તરફ ઉંઘમાં ખેંચી શકે છે. આથી આપણે આપણી જાતને જેવી વિચારસ્થિતિમાં મૂકવા માગતા હોઇએ તેવી સ્થિતિમાં મૂકી શકીએ અને ઉંઘમાં પણ તે સંબંધી ઘણું જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ તેમ છીએ.

જાગ્રત અવસ્થા કરતાં નિદ્રાવસ્થામાં આપણી આંતર શક્તિઓ પ્રકાશ મેળવવાને વધારે લાયક હોય છે; જેથી આપણે ઉંઘમાં પડીએ, તે પહેલાંના થોડા વખત સુધી મનના વિચારો કેવા રાખવા તે સંબંધમાં આપણે બહુજ સંભાળ રાખવાની જરૂર છે અને તે બાબત આપણા પોતાનાજ હાથમાં છે. આપણે જો તેના નિયમો સમજી તે પ્રમાણે વર્તીએ તો જાગ્રદવસ્થા કરતાં વધારે લાભ મેળવી શકીએ. આ બાબતના અભ્યાસીઓ પોતાનો અનુભવ આ પ્રમાણે જણાવે છે કે અમુક બાબતમાં પ્રકાશ અથવા માહીતી મેળવવી તમને જરૂરની લાગતી હોય–દાખલા તરીકે અમુક બે માર્ગમાંથી કયો માર્ગ ગ્રહણ કરવો તે જાણવું હોય–ત્યારે પ્રથમ તો તમે ઉંઘવા જાઓ તે પહેલાં સર્વ પ્રાણી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્ર તરફ પ્રેમ અને શુભેચ્છાની લાગણીથી તમારા મનને ભરી દો. આમ કરવાથી તમે તમારા મનને શાંત બનાવો છો અને બહારથી પણ તેવીજ સ્થિતિ તમારા ભણી આકર્ષાઇ આવે છે.

ઉપર પ્રમાણે શાંત સ્થિતિમાં આવ્યા પછીથી અમુક જોઇતો પ્રકાશ અથવા માહીતી મેળવવાને માટે અવ્યગ્ર અને શાન્ત ચિત્તથી દૃઢ ઇચ્છા કરો, તે મળશે કે નહિ એવી શંકાને મનથી દૂર કરો, (કારણ કે શાંતિ અને શ્રદ્ધામાંજ તમારૂં બળ રહેલું છે) અને જ્યારે તમે જાગશો ત્યારે તમને ઇચ્છેલી માહીતી અથવા પ્રકાશ મળી શકશેજ એવું દૃઢતાથી માનો. પછી નિદ્રામાંથી ઉઠો ત્યારે બાહ્ય જગતની પ્રવૃત્તિઓ તમારૂં મન આકર્ષે તે પહેલાંજ તમારો અંતરાત્મા તમારા મગજપર જે છાપ પાડે તે ગ્રહણ કરવાની સ્થિતિમાં થોડીવાર પડી રહો, અને જ્યારે તે પ્રકાશ અથવા માહીતી તમને મળે કે તરતજ વિના વિલંબે તે પ્રમાણે ચાલવાને તત્પર થાઓ. જે પ્રમાણમાં તમે એ આંતર અવાજને માન આપીને તે પ્રમાણે વર્તતા થશો તે પ્રમાણમાં તે અવાજ વિશેષ અને વિશેષ બળથી પોતાનો પ્રકાશ તમને આપ્યા કરશે.

તમે નિઃસ્વાર્થ હેતુથી કે ગમે તો તંદુરસ્તી અને બળ વધારવાના હેતુથી તમારી માનસિક શક્તિઓ ખીલવવા માગતા હશો, પરંતુ તેને અનુકૂળ તમારા મનની સ્થિતિ રાખશો તો અમુક શક્તિઓની સાથે તમે સંબંધમાં આવશો; તે શક્તિઓ તમારામાં કામ કરવા લાગશે અને તમારૂં ધારેલું પરિણામ લાવી આપશે એ વાત તો નક્કીજ છે. તમારી ઇચ્છાઓને જરા પણ સંકોચ કે સંશય વિના મનવડે કે મુખથી શબ્દોમાં પ્રકટ કરવાથી સૂક્ષ્મતત્ત્વમાં તમે એવી ધ્રુજારીઓ ઉત્પન્ન કરો છો કે જે કોઈ પણ સ્થળે પોતાની છાપ પાડે છે, અને જે બીજી શક્તિઓને જાગ્રત કરીને તેમજ બીજી શક્તિઓની સાથે મળી જઇને તમારી ભાવનાઓને સફળ કરે છે. જે મનુષ્ય ઉચ્ચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમો અને શક્તિઓને અનુકૂળ રહી કામ કરે છે તેનાથી કાંઈ પણ વસ્તુ દૂર રાખવામાં આવતી નથી. પોતાની અંદર રહેલી શક્તિઓને જે જાણે છે અને તેનો સદુપયોગ કરે છે તે મનુષ્યની સર્વ ભાવનાઓ ફળીભૂત થતી ચાલે છે.

ઉંઘવા જતી વખતે જેમ જેમ તમે પ્રેમના, શુભેચ્છાના અને શાંતિ તથા સંપના વિચારોનો પ્રવાહ ચારે બાજુએ વહેવરાવતા જશો, તેમ તેમ તમારી નિદ્રા વધારે શાંતિમય, સુખકર અને બળવર્ધક થશે; અને તમારી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિ વધતી જશે.

મારો એક મિત્ર કે જે તેનાં મનુષ્યજાતિ પ્રત્યેનાં ભલાં કામો-માટે સર્વત્ર પ્રસિદ્ધ છે, તે જણાવે છે કે ઘણીવાર તે મધ્યરાત્રિએ એકા-એક જાગી ઉઠે છે અને તેજ સમયે તેના મન આગળ વિજળીના ઝબકારાની પેઠે તેને કરવાયોગ્ય કામની રૂપરેખા અથવા યોજના તરી આવે છે. આંતર સ્ફુરણને ગ્રહણ કરવાની સ્થિતિમાં તે શાંત પડયો રહેતો હોવાથી તે યોજનાને વિજયી રીતે પાર ઉતારવાની યુક્તિ પણ તેના આગળ પ્રકટ થાય છે, અને તેને અમલમાં મૂકીને જગતને હેરત પમાડે તેવી ઘણી યોજનાઓ કે જેનો તેને બીજી કોઇ રીતે ખ્યાલ પણ આવી શક્યો નહોત તેને તે ચાલુ કરી શકે છે અને તેમાં વિજય મેળવી શકે છે. તે ઉચ્ચ નિયમોને અનુસરીને પોતાનું જીવન ગાળતો હોવાથી પોતાના શરીરના તેમજ મનના પરમાણુઓને ઉચ્ચ પ્રકારના અને સૂક્ષ્મ ધ્રુજરીઓને ગ્રહણ કરવાને અનુકૂળ બનાવી શક્યો છે; અને તેણે અમુક ઉચ્ચ ઉદ્દેશ સિદ્ધ કરવાને પોતાનું જીવન સર્વથા અર્પણ કર્યું છે. આ ઉચ્ચ પ્રેરણાઓ કેવી રીતે અને કોના તરફથી આવે છે, તે તે સમજી શકતો નથી. દરેક મનુષ્ય આ બાબત કલ્પનાઓ કરશે, પણ તેનું ખરું રહસ્ય તો થોડાજ સમજી શકશે. છતાં પણ એ ઉપ-રથી આપણે આટલું તો સમજી શકીએ તેમ છીએ અને તે સમજવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂરનું પણ છેજ કે જે મનુષ્ય જીવનના ઉચ્ચ નિયમો પ્રમાણે પોતાનું જીવન ગાળે છે અને તે નિયમો જાણવાને સદા ઉત્સુક રહે છે, તેનેજ આવી પ્રેરણાઓ પ્રાપ્ત થાય છે.

આપણે પણ જે પ્રમાણમાં આપણી સ્થિતિ ઉચ્ચ નિયમોને અનુકૂળ બનાવીશું તે પ્રમાણમાં દિવ્ય દર્શનો અને પ્રેરણાઓ અવશ્ય પ્રાપ્ત કરતા ચાલીશુંજ. આ બાબતનો એક ઉંડો અભ્યાસી જણાવે છે કે "જ્યારે શરીર ઉંઘતું હોય ત્યારે આધ્યાત્મિક કેળવણી મેળવવી એ કાંઇ બહુ ભારે વાત નથી." જો આપણે આપણી બાહ્યસ્થિતિ ઉપર જેટલું લક્ષ આપીએ છીએ તેટલું લક્ષ આપણી આંતરસ્થિતિ ઉપર પણ આપવા માંડીએ તો આપણને પણ તેવોજ અનુભવ થવા માંડશે. આપણી વર્તમાન સ્થિતિ અને ભવિષ્યમાં થનારી સ્થિતિનો આધાર આપણા વિચારપર રહેલો છે, અને દિવસ કરતાં રાત્રે આપણા વિચાર વધારે જાગ્રત હોય છે; કારણ કે બાહ્યસૃષ્ટિમાં જ્યારે આપણે ઉંઘીએ છીએ ત્યારે આંતરસૃષ્ટિમાં આપણે જાગ્રત થઇએ છીએ. આંતરસૃષ્ટિ એ પણ ખરી દુનિયા છે જેની સારી વા નરસી સ્થિતિનો આધાર મનુષ્યની માનસિક અને નૈતિક ઉન્નતિપર રહેલો છે. જે સમયે આપણે બાહ્ય ઇન્દ્રિયોદ્વારા અનુભવ મેળવતા નથી તે સમયે આપણે આંતર ઇન્દ્રિયોદ્વારા જ્ઞાન મેળવતા હોઇએ છીએ; માટે આ વિષયની ખરી કિંમત સમજવામાં આવ્યા પછી મનુષ્યને જે કોઈ બાબત ઉપર ખાસ માહીતી મેળવવાની ઇચ્છા થાય, તે વિષય ઉપર ચિંતન કરતા કરતા તે મનુષ્યે ઉંઘી જવું. નિદ્રામાં સામાન્ય મનુષ્યોને માત્ર વૃથા સ્વપ્ન જ આવ્યા કરે છે ત્યારે જ્ઞાની મનુષ્યો તેજ નિદ્રામાંથી અનેક અનુભવ મેળવે છે; અને સામાન્ય મનુષ્યમાં પોતાનાં સ્વપ્નોને સમજવા જેટલી પણ શક્તિ હોતી નથી ત્યારે આગળ વધેલા જીવાત્માઓ પોતાનાં તેમજ બીજાઓનાં સ્વપ્નોનું રહસ્ય પણ સમજી શકે છે. આનું કારણ સમજવાને આપણે દૂર જવું પડે તેમ નથી. જરૂર નિર્મળ જીવન ગાળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાની છે, વાતો કરવાની નથી. મનુષ્યનું ખરૂં સામર્થ્ય નિર્મળ જીવન ગાળવામાંજ રહેલું છે. પોતાની ઉચ્ચ ભાવના પ્રમાણે જીવન ગાળનારને ઉત્તમ સામર્થ્ય આવે છે અને આનંદ પ્રાપ્ત થાય છે; એટલુંજ નહિ પણ તેવો મનુષ્ય જગતને પણ બહુ ઉપકારી થાય છે.

અસ્તુ ! આટલી હકીકત જાણ્યા પછી પણ મનુષ્યે હજી નરકમાં ક્યાં સુધી પડી રહેવું, તેનો આધાર તેની પોતાની મરજીપર છે. જે પળે તે નરકમાંથી છૂટવાને ઇચ્છશે તે પળે અખિલ વિશ્વની સઘળી શક્તિઓ પણ તેને તેમ કરતાં અટકાવી શકે તેમ નથી.

મનુષ્યને સ્વર્ગની પ્રાપ્તિ કરાવનાર પણ મનુષ્ય પોતેજ છે અને જ્યારે પણ તે ખરા જીગરથી સ્વર્ગ મેળવવા ઇચ્છશે ત્યારે કુદરતની સર્વ શક્તિઓ. તેને તે કામમાં સહાય આપવાને તત્પર છે.

મનુષ્ય જ્યારે પ્રાતઃકાળમાં જાગ્રત સ્થિતિમાં આવે છે ત્યારે તે એવી સ્થિતિમાં હોય છે કે તેનાપર વધારે ઉંડી છાપ પડી શકે. એ સમયે તેના બાહ્ય દુનિયા સાથેના સર્વ સંબંધો થોડા વખતને માટે બંધ પડી ગયા હોય છે, તેનું મન વધારે સ્વતંત્ર અને સ્વાભાવિક સ્થિતિમાં હોય છે, તે છબી પાડવાને તૈયાર કરેલા કાચની પેઠે તરતજ અસર થઇ શકે એવી સ્થિતિમાં હોય છે. પ્રાતઃકાળમાં દિવસની પ્રવૃત્તિઓ શરૂ કર્યા પહેલાં અને મનની સ્થિતિ વિક્ષોભમય થવા પહેલાં ઉપલાં કારણોથીજ મનુષ્યના મનમાં ઉંચા અને સત્ય વિચારો સ્ફુરી આવે છે. ઘણા લોકો પ્રાતઃકાળમાં વધારે સારૂં કામ કરી શકે છે, તેનું કારણ પણ આજ છે.

ઉપલી બાબત મનુષ્યના જીવનને ઉત્તમ પ્રકારનું બનાવવામાં ઘણીજ ઉપયોગી છે. ઉપર જણાવેલા સમયે મન કોરા કાગળ જેવું રહેતું હોવાથી એ સમયે તેની પ્રવૃત્તિને આપણે આપણી ઇચ્છા પ્રમાણે ઘણાજ ઉચ્ચ માર્ગ તરફ વાળી શકીએ એટલે કે મનને અમુક મનગમતા ઉચ્ચ પ્રકારનું વલણ આપી શકીએ તેમ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરરોજ પ્રાતઃકાળનો સમય એજ આરંભનો સમય છે. એ સમયે આપણે જાણે કે જીવનની શરૂઆત કરીએ છીએ. એ સમયે આપણે જેમ બને તેમ ભૂતકાળને ભૂલવા પ્રયત્ન કરવો જોઇએ. આ સાથે આપણે એટલું સ્મરણમાં રાખવું જોઇએ કે **આજની આપણી સ્થિતિ આપણા ભૂતકાળપરથી રચાયેલી છે.** આવતી કાલનો તો આપણે આવતી કાલેજ વિચાર કરીશું. આજે તો આપણે આજનોજ વિચાર કરીશું, માત્ર એટલું સ્મરણમાં રાખવું કે **આપણા આવતી કાલના–ભવિષ્યના જીવનનો આધાર આપણા આજના જીવનપર રહેલો છે.**

" Every day is a fresh beginning,
Every morn is the world made new;
You who are weary of sorrow and sinning,
Here is a beautiful hope for you,
A hope for me and a hope for you.

" All the past things are past and over,
The tasks are done, and the tears are shed.
Yesterday's errors let yesterday cover;
Yesterday's wounds, which smarted and bled,
Are healed with the healing which night has shed.

*** *** *** ***

" Let them go, since we cannot relieve them,
Cannot undo and cannot atone.
God in His mercy receive, forgive them!
Only the new days are our own.
To-day is ours, and to-day alone.

" Here are the skies all burnished brightly,
Here is the spent earth all reborn;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Here are the tired limbs springing lightly
To face the sun and to share with the morn
In the chrism of dew and the cool of dawn.

" Every day is a fresh beginning,
Listen, my soul, to the glad refrain,
And, spite of old sorrow and older sinning,
And puzzles forecasted, and possible pain,
Take heart with the day and begin again. "

"દરરોજ નવો પ્રારંભ થાય છે. દર સવારે દુનિયા નવી જન્મે છે. હે દુઃખ અને પાપથી કંટાળેલા મનુષ્યો! જુઓ, જુઓ તમારે વાસ્તે તેમજ મારે માટે–દરેકને માટે આશાનું નવું કિરણ સ્ફુરે છે."

"ભૂતકાળ ભૂતમાં લીન થઇ ગયો. કામ થઇ ગયાં. આંસુ રેડાઈ ગયાં. ગઇકાલની ભૂલો ગઇકાલે ઢાંકી દીધી. ગઇકાલના અસહ્ય ઘા શાંતિજનક રાત્રિના પ્રભાવથી રૂઝાયા."

"હવે ભૂતકાળને જવા દો, તે આપણા હાથમાં નથી; થયું તે ન થયું થવાનું નથી. હે પ્રભુ! ભૂતકાળને તારે શરણે ગ્રહી અમારી ભૂતકાળની ભૂલો માટે તારી અનંત દયાથી ક્ષમા આપજે. ભવિષ્ય આપણા હાથમાં છે. આજનો દિવસ–કેવળ આજનો દિવસ આપનો પોતાનો છે."

"આજે આકાશ નવીન પ્રકાશથી ચળકે છે. આજે પૃથ્વી નવા જીવન સાથે જન્મ લેતી જણાય છે. આજે કંટાળેલા અવયવો રાત્રિ વીત્યા પછી સૂર્યનો પ્રકાશ મેળવવાને પ્રાતઃકાળની ઝાકળમાં સ્નાન કરવાને અને શાન્તિ અનુભવવાને ધીમેથી ઉઠતા નજરે પડે છે."

"દરરોજ નવો પ્રારંભ થાય છે. હે આત્મન્! મધુર ગીત સાંભળ અને ભૂતકાળનાં પાપો અને ભૂતકાળના શોકના પ્રસંગો, ગુંચવણભરેલા પ્રશ્નો, આવનારી આપત્તિ–એ સર્વ છતાં ધૈર્ય ધારણ કરી નવા દિવસ સાથે નવું જીવન ગાળવાનો આરંભ કર."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાતઃકાળનો એક કલાક! અહા! તેમાં કેટલું બધું ભવ્ય, ઉમદા અને શાશ્વત જીવનનો અનુભવ કરાવી આપવાનું સામર્થ્ય રહેલું છે; માટે ભૂતકાળને ભૂલી, ભવિષ્યનો વિચાર દૂર કરી તે કલાકથી નવુંજ જીવન ગાળવાનો દૃઢ નિશ્ચય કરો. બીજો કલાક આવે નહિ ત્યાં સુધી તેનો વિચાર સરખો પણ કરતા નહિ. ઉચ્ચ ચારિત્ર રચવાનું ઉત્તમ રહસ્ય અને બળ આ કલાકમાં રહેલું છે. મનુષ્યે કલ્પના કરી હોય એવી ઉમદામાં ઉમદા જીંદગીની પ્રાપ્તિ આ સમયનો ઉપયોગ કરવાથી કરી શકાય તેમ છે, કારણકે **એવી એક પણ ભવ્ય સ્થિતિ કે વસ્તુ આ વિશ્વમાં નથી કે તે તરફ સતત પ્રયાણ કરનાર કોઇ પણ રીતે કોઇ પણ વખતે તેનો અનુભવ ન કરી શકે.**

દરેક મનુષ્ય આ પ્રયોગ અજમાવી શકે તેમ છે. જગતમાં એવો એક પણ મનુષ્ય નથી કે જે પોતાની ઉચ્ચ ભાવના પ્રમાણે એક કલાક જીવન ગાળી ન શકે. ધારો કે તેમ કોઇ ન પણ કરી શકે, તો પણ જો તે પોતાના પ્રયત્નમાં દૃઢ નિશ્ચયવાળો હોય તો 'સરખા સરખાનો સંબંધ થાય છે' તે નિયમ પ્રમાણે તે મનુષ્ય દરેક કલાકે પોતાની ઉચ્ચ ભાવનાની સમીપ આવતો જાય છે, બીજા કલાકે એથી વધારે સમીપ આવતો જાય છે; અને એમ કરતાં કરતાં એવો સમય પણ આવી પહોંચે છે કે જ્યારે તે ઉચ્ચ સ્થિતિ તેને માટે સ્વાભાવિક થતી જાય છે અને તેનાથી વિરૂદ્ધની–ઉતરતી સ્થિતિ તેને માટે અસ્વાભાવિક બની જાય છે.

આ પ્રમાણે વિશ્વના ઉચ્ચમાં ઉચ્ચ તત્ત્વ પ્રત્યે જે કોઈ પ્રેમ કરે છે અને સંબંધમાં આવે છે તેની સાથે પરિણામે વિશ્વનું ઉચ્ચમાં ઉચ્ચ તત્ત્વ પણ પ્રીતિ રાખતું અને સંબંધમાં આવતું જાય છે. દુનિયાનાં ઉચ્ચ તત્ત્વો તેને અનુકૂળ થઇ તેને મદદ કરતાં જણાય છે, કારણ કે તે તેમને અનુકૂળ થતાં શીખ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૬ ઠ્ઠું

સંપૂર્ણ શાન્તિ.

પરમાત્મા શાન્તિના અગાધ સાગરરૂપ છે અને તેથી જે પળે આપણે પરમાત્માની સાથે આપણું ઐક્ય અનુભવીએ છીએ તે પળે આપણામાં પણ શાન્તિનું પૂર વધવા લાગે છે; કારણ કે જ્યાં શાન્તિની સાથે એકતા છે ત્યાં શાન્તિ રેલાવીજ જોઇએ. દૈવી અન્તઃકરણવાળા બનવું એજ સત્ય જીવન અને યથાર્થ શાન્તિ છે. આપણે ઇશ્વરરૂપજ છીએ એ સત્યનું આપણને ભાન થાય અને તેને અનુસરીને જીવન ગળાય તો સમજવું કે આપણે દૈવી અંતઃકરણવાળા બન્યા છીએ. એવા દૈવી અંતઃકરણદ્વારાજ પરમાત્મા સાથે વધુ ને વધુ એકતાનો અને તેની સાથે પૂર્ણ શાન્તિનો પણ અનુભવ થશે.

ચારે બાજુએ નજર ફેંકતાં આપણને જણાય છે કે લાખો સ્ત્રી-પુરૂષો ચિંતામાં ડૂબી રહેલાં છે અને શાન્તિના વાયુનો તેમને સ્પર્શ પણ થતો નથી. મનથી, શરીરથી તેમજ બાહ્ય સ્થિતિથી કંટાળીને શાન્તિ મેળવવાને માટે તેઓ અનેક સ્થળે ફરે છે અને સમગ્ર પૃથ્વીનું પર્યટન કરે છે, તોપણ તેમનો સર્વ પ્રયત્ન વ્યર્થજ જાય છે. તેમને શાન્તિ મળી નથી અને મળશે પણ નહિ; કારણ કે જે સ્થળમાં તે નથી ત્યાં તેઓ તેને શોધે છે. શાન્તિનું સ્થાન તો અંતરમાંજ છે અને **જો અંતરમાં શાન્તિ ન શોધાઇ તો બીજે કોઇ સ્થળે તે કદી પણ મળી શકનાર નથી.**

શાન્તિ બાહ્ય પદાર્થો કે જગતમાં નથી. તે તો પોતાના આત્મા-માંજ રહેલી છે. તેને બહારથી મેળવવાને માટે આપણે ગમે તેટલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્ગો ગ્રહણ કરીએ, નાના પ્રકારના બાહ્ય ભોગ ભોગવીએ, બાહ્ય વસ્તુઓમાં અને સ્થળોમાં તેને શોધીએ અને કદાચ જગતના દરેક દરેક સ્થળમાં ખોળીએ તોપણ તે આપણને મળનાર નથી. કારણકે જ્યાં તે છેજ નહિ ત્યાંથી તે કેવી રીતે મળી શકે? એને માટે તો મનુષ્ય જે પ્રમાણમાં પોતાની ઉપભોગની ઇચ્છા અને વાસનાઓને સંયમમાં રાખી પોતાના અંતરાત્માના આદેશ પ્રમાણે વર્તે છે, તે પ્રમાણમાંજ સફળ થઈને તે સત્ય આનંદ અને યથાર્થ શાન્તિ અનુભવી શકે છે. એમ કરવાને બદલે **મનુષ્યો જેટલા પ્રમાણમાં વાસનાઓના આદેશ પ્રમાણે વર્તે છે, તેટલાજ પ્રમાણમાં તેઓ અધિક રોગી, અધિક દુઃખી અને અધિક અસંતોષી બને છે.**

ઈશ્વરની સાથે ઐક્ય સમજવામાં અને અનુભવવામાંજ શાન્તિ રહેલી છે. જેવી રીતે બાળક પોતાની માતાની સાથે સ્વાભાવિક પ્રેમ અને ઐક્ય રાખીને સુખ-શાન્તિમાં રહે છે તેવીજ રીતે આપણે માટે પણ આપણા પરમ પિતાની સાથે એકતા સમજવા અને અનુભવવામાં પૂર્ણ શાન્તિ તરફ જવાનો માર્ગ રહેલો છે. જે મનુષ્યોએ અનંત શાન્તિસ્વરૂપ પરમાત્મા સાથે ઐક્ય જાણ્યું અને અનુભવ્યું છે, તેઓના જીવનમાં આનંદ ઉભરાઇ જાય છે. આ સંબંધમાં મારા એક યુવક મિત્રનું મને સ્મરણ થઈ આવે છે. તે ઘણાં વર્ષ સુધી બિમાર હાલતમાં હતો, તેનામાંથી આરોગ્યનું નૂર તદ્દન ઉડી ગયું હતું, તેનું મગજ કમજોર બન્યું હતું અને તેના જીવનમાં આનંદ આપનાર તેને કાંઇ પણ ભાસતું ન હતું. સર્વ બાજુએથી તેને નિરાશાજ નિરાશા જણાતી હતી. તેને નજરે જોનારના મનમાં પણ તેને માટે નિરાશાજ ઉત્પન્ન થતી હતી; પરંતુ પાછળથી જ્યારે તેજ મનુષ્ય સર્વ શક્તિમાન્ પરમાત્માની સાથે એકતાનો અનુભવ કરવા લાગ્યો ત્યારે તેના અંતઃકરણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવ્ય શક્તિ અને દિવ્ય આરોગ્ય દાખલ થવા માંડયાં હતાં અને પરિણામે હાલમાં તે મનુષ્ય સંપૂર્ણ આરોગ્યમય સ્થિતિમાં છે. હવે મને જ્યારે પણ તે મિત્ર મળે છે ત્યારે તેનો ચહેરો પણ જાણે એમજ કહેતો હોય એમ જણાય છે કે "જીવન અસાર નથી, પણ જીવવાયોગ્ય છે."

એક પોલીસનો અમલદાર મારો સ્નેહી છે. તે જ્યારે પોતાનું દિવસનું કામ પૂર્ણ કરી સંધ્યા સમયે પોતાના ગૃહ તરફ વળે છે, ત્યારે તેના મનમાં તેમજ શરીરમાં અગાધ શાન્તિ–સામર્થ્યમય પરમાત્માની એકતાની લહેર એટલી તો ઉભરાઈ જાય છે કે જેને લીધે તે જમીનપર ચાલે છે કે કોઇ શક્તિ તેને જમીનથી અધર ચલાવે છે તેનું પણ તેને ભાન રહેતું નથી.

આવી એકતાનો અનુભવ કરનાર મનુષ્ય સર્વથા નિર્ભય બને છે. "પરમ શક્તિમાન સત્તા મારી રક્ષક છે એવો તેને દૃઢ વિશ્વાસ હોય છે; અને તેવો અનુભવ તેને દિન–પ્રતિદિન જેમ જેમ વિશેષ વિશેષ થતો જાય છે તેમ તેમ તે વિશ્વાસ અને નિર્ભયતા વધુને વધુ દૃઢ થતાં ચાલે છે. તેવા મનુષ્યના સંબંધમાં સત્ય રીતે કહી શકાય કે, "કોઇ પણ શસ્ત્ર કે અસ્ત્રનો આઘાત તેને થતો નથી, તેના નિવાસસ્થાનની સમીપ રોગ પ્રવેશ પામી શકતો નથી, કુદરત પણ તેને અનુકૂળ બને છે અને જંગલમાં રહેનારાં હિંસક પશુઓ પણ તેની સમીપમાં શાન્ત થઇ જાય છે."

આવી અમોઘ શક્તિ તેમના જીવનમાં પ્રકટ થતી દેખાય છે. તેમનામાં જાણે એક પ્રકારની વશીકરણ વિદ્યા હોય એમ બાહ્ય મનુષ્યોને લાગે છે.

જે સમયે આપણે ભય પામીએ છીએ તેજ સમયે તે ભયજનક વસ્તુને આપણા તરફ આકર્ષાઇ આવવાનું દ્વાર પણ આપણે ખુલ્લું કરીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ. જે મનુષ્ય કોઇ પશુથી ભય પામતો નથી, તે મનુષ્યને તે પશુ કદાપિ હેરાન કરતું નથી. ડરવાથીજ ભયજનક વસ્તુ આપણા તરફ આકર્ષાય છે. કૂતરા જેવું પ્રાણી પણ મનુષ્યને લાગેલો ભય તરત સમજી જાય છે અને તેને કરડવાનું સાહસ કરે છે; માટે જેટલા પ્રમાણમાં પરમાત્મા સાથેની આપણી એકતા આપણને સમજાશે તેટલાજ પ્રમાણમાં આપણે વધારે શાન્ત અને વધારે ગંભીર થઇશું, અને જે નાની નાની બાબતો પ્રથમ આપણને ઉશ્કેરતી હતી તેનાથી તે પછી આપણે ઉશ્કેરાઇશું નહિ. વળી આવા મનુષ્યો બીજા મનુષ્યોથી છેતરાતા પણ નથી, કારણ કે તેઓ બીજાઓનાં હૃદયો વાંચી શકે છે અને સામા મનુષ્યનો અંતર આશય સમજી શકે છે.

એક દિવસ એક ગૃહસ્થ મારા એક મિત્રને મળ્યા; અને અહારનો શિષ્ટાચાર દર્શાવી બોલ્યા કે "આપના દર્શનથી મને આજે બહુજ આનંદ થયો છે." વિજળી જેવી ચપળતાથી તેના વિચાર જાણી લઇને મારા મિત્રે તેની આંખ સામી દૃષ્ટિ રાખી જવાબ વાળ્યો "ના, તમે ભૂલ કરો છો, મને મળવાથી તમને આનંદ નથી થયો; પણ તેથી તમારું ચિત્ત ખિન્ન થયું છે જે તમારી મુખમુદ્રાપરથી જણાઇ આવે છે." તે ગૃહસ્થે સત્ય રીતે જવાબ વાળ્યો કે "આ બાહ્ય શિષ્ટાચારના જમાનામાં અંદર ગમે તે હોય પણ બહારથી તો આનંદ બતાવવો જોઇએ." મારા મિત્રે ફરીથી તેની દૃષ્ટિ સામે તાકીને જવાબ વાળ્યો. "ભાઈ! તમે ભૂલ કરો છો; તમારા હૃદયમાં એક વાત છે ત્યારે બોલવામાં તમે બીજી વાત જણાવો છો. આવી કુટિલતાનો ત્યાગ કરી જે તમારા હૃદયમાં હોય તે સ્પષ્ટ કહી દેવાની જો તમે ટેવ પાડશો તો તમને તમારા પોતાના મહત્ત્વનો ખ્યાલ આવશે અને આવા સદાચારથી તમે જગતમાં સારી રીતે વિજયી નીવડશો. આ ટુંક બોધ હૃદયમાં રાખશો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે આપણે લોકોની ખરેખરી પરીક્ષા કરતાં શીખીશું ત્યારે આપણને નિરાશ થવાના પ્રસંગ પણ ઓછા આવશે. આપણે કોઇને પણ એકદમ ઉંચા આસમાને ચઢાવી દઇશું નહિ કે જેથી તેના પડવા સાથે આપણી આશાઓ નિષ્ફળ થાય. અસત્ય લાંબો વખત ટકી શકતું નથી. અન્ય મનુષ્યની ખરી પરીક્ષા કરવાની શક્તિ આપણામાં નહિ હોવાથી ઘણી વખત આપણે અન્યની હદ બહાર પ્રશંસા કરીએ છીએ, અને આપણે આ રીતે ખરી મિત્રતા બતાવતા નથી. શાન્તિસ્વરૂપ પરમાત્મા સાથેના ઐક્યનો જો આપણને યથાર્થ ખ્યાલ આવે તો પછી અમુક વ્યક્તિએ મને નુકસાન કર્યું એવા વિચાર હૃદયમાં ઉત્પન્ન થઇ મનની શાન્તિનો ભંગ કરી શકશે નહિ. જે સત્ય અને ન્યાયનાં તત્ત્વો અખિલ વિશ્વમાં વ્યાપી રહેલાં છે અને જે તત્ત્વોજ અંતે વિજયી નીવડવાનાં છે, તે તત્ત્વોને અનુસરીને જો આપણે આપણું જીવન ચલાવીએ તો આપણી શાન્તિમાં કદાપિ ભંગ થશે નહિ.

આપણને પરમાત્મા સાથેના આપણા ઐક્યનો ખ્યાલ આવે તો પછી આપણને આપણા મિત્ર અથવા સંબંધીઓના મૃત્યુથી કે આધિ-વ્યાધિથી વ્યાકુલતા પણ થશે નહિ. ઉચ્ચ અનુભવવાળા મનુષ્યને મિત્રના દેહપતન–જેને સામાન્ય ભાષામાં મરણ કહે છે તેથી કાંઇપણ શોક થતો નથી; કારણકે તે જાણે છે કે મૃત્યુ એ માત્ર દેહપતન સિવાય બીજું કાંઇજ નથી. તેનો મરેલો કહેવાતો મિત્ર કે જે ખરી રીતે અનંત ચૈતન્યનોજ એક અંશ હતો અને છે, તે તો સદાને માટે અજર અમર હોઇને જીવનરૂપજ છે. શરીરના પડવાથી કાંઇ તે અમરપણામાં કે જીવનમાં ખલેલ પહોંચતી નથી; એ વાતની એને અડગ ખાત્રી થયેલી હોય છે અને આવા ઉચ્ચ જ્ઞાનને લીધે તે પોતે તો નિરંતર શાન્તિમાંજ રહે છે. એટલુંજ નહિ પણ બીજા નિર્બળ માનવ બંધુઓ જેઓ આવા જ્ઞાનના અભાવે મિત્રવિયોગથી ઉદ્વેગ પામતા હોય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓને ઉદ્દેશીને પણ તે જણાવે છે કેઃ—

"Loving friends! be wise and dry
Straightway every weeping eye;
What you left upon the bier
Is not worth a single tear;
'Tis a simple sea-shell, one-
Out of which the pearl has gone
The shell was nothing, leave it there;
The pearl-the soul was all, is here."

"હે પ્રેમાળ મિત્રો! જ્ઞાન મેળવો અને તમારા નયનમાંથી ત્વરાથી આંસુ લુછી નાખો. તમે જે શરીરને શમ્માસનપર મૂક્યું, તે તો એક આંસુને માટે પણ યોગ્ય નથી. તે તો એક એવી રદ્દી છીપ સમાન છે કે જેમાંથી મોતી ઉડી ગયું છે. હવે–તે છીપ નકામી છે માટે તેનું ચિંતન જવા દો અને તે મોતી–તે આત્માજ કે જે તેમાં સર્વસ્વરૂપ હતો તે તો આ રહ્યો."

વિયોગના સંબંધમાં પણ તેવા મનુષ્યને પ્રતીતિ થતી જાય છે કે આત્માને કશી મર્યાદા નથી, અને બે જીવાત્માની વચ્ચેનો સંબંધ ચાહે તો બંને જીવાત્માઓ શરીરમાં હોય અથવા એક જીવ શરીરમાં હોય અને બીજો શરીરરહિત સ્થિતિમાં હોય. તોપણ થઈ શકવો સંભવિત છે; અને જે પ્રમાણમાં મનુષ્ય ઉચ્ચ આત્મિક દશાનો અનુભવ કરે છે, તે પ્રમાણમાં તેવો સંબંધ રાખવાની શક્તિ પણ તેનામાં ગુપ્ત હતી તે પ્રકટ થતી જાય છે.

આપણે આપણા હૃદયનાં દ્વાર જે વસ્તુને માટે ખુલ્લાં મૂકીએ તેજ વસ્તુ આપણને મળે છે. પ્રાચીનકાળમાં લોકો ઈશ્વરી દૂતો ઈશ્વરીઓને જોવાની પ્રબળ ઇચ્છા કરતા હતા અને તેમને તેઓ જોઈ પણ શકતા હતા. તેઓ ત્યારે જોઇ શકતા અને અત્યારે આપણે ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇ શકીએ એવું કાંઇજ નથી. કારણ કે સૃષ્ટિના મહાન નિયમો તે સમયની માફકજ અત્યારે પણ એક સરખી રીતે કામ કરી રહ્યા છે. હાલમાં જો દેવદૂતો આવતા ન હોય તો તેનું કારણ એજ છે કે આપણે તેમને આમંત્રણ આપતા નથી; અથવા તો તેઓ આવી શકે તેવી અનુકૂળ સ્થિતિ રચતા નથી અને જે દ્વારદ્વારા તેઓ આવી શકે તેમ હોય છે તે દ્વારોને આપણે બંધ રાખીએ છીએ. અતુલ્ય શાન્તિના અપાર સાગરસ્વરૂપ પરમાત્માની સાથે જેમ જેમ આપણો સંબંધ અધિક થતો જશે તેમ તેમ આપણામાં શાન્તિ અધિક ને અધિક પ્રસરશે; અને જ્યાં જ્યાં આપણે ફરીશું ત્યાં ત્યાં પણ આપણી સાથે શાન્તિનો પરિમલ લેતા જઇશું. જેટલા પ્રમાણમાં પરમાત્માનું પરમ શાન્તિપ્રદ ચૈતન્ય ઝીલવાને આપણા હૃદયનાં દ્વાર આપણે ખુલ્લાં કરીશું તેટલા પ્રમાણમાં ચારે બાજુએથી શાન્તિને આપણે આપણામાં આકર્ષી શકીશું; અને આપણી પાસે જેટલા પ્રમાણમાં તે શાન્તિ હશે તેટલા પ્રમાણમાં આપણે બીજાઓને પણ શાન્તિ આપી શકીશું અને આપણી ચારે બાજુએ આશીર્વાદનો પ્રવાહ વહેવરાવી શકીશું. જેને એ આંતર શાંતિ મળી છે તેવા પુરુષના સંબંધમાં આવવાથી આપણને આનંદ અનુભવાય છે, ચિંતા અને ઉદ્વેગ દૂર જાય છે, અને મગજપરનો બોજો આપોઆપજ દૂર થતો ભાસે છે. જગતમાં એવા પણ કેટલાક મનુષ્યો માલૂમ પડે છે કે જેઓ ચારે બાજુએ શાંતિ અને આશીર્વાદનોજ પ્રવાહ ફેલાવ્યા કરે છે, દિલગીરી દેખાય ત્યાં આનંદ ફેલાવે છે, ભય હોય ત્યાં ધૈર્ય ઉત્પન્ન કરે છે, નિરાશાના પ્રસંગમાં આશા આપે છે અને નિર્બળને સબળ બનાવે છે.

तत्त्वमसि તુંજ તે છે અથવા **सोऽहं** "તે હું" આ વાક્યનો જેને અનુભવ થયો છે તે મહાપુરુષ જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં શાન્તિજ પ્રસરાવે છે, તેણે પોતાનું મધ્યબિન્દુ શોધી કાઢયું છે. આખા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વમાં એકજ મધ્યબિન્દુ છે અને તે પરમાત્માની અનંત ચૈતન્ય શક્તિ–ચિત્‌શક્તિ છે. જગતના સર્વ વ્યવહારની સંચાલક એજ શક્તિ છે. જેણે આ મધ્યબિન્દુ શોધ્યું હોય છે, તેજ તે ચિત્‌શક્તિની સાથે ઐક્ય અનુભવી શકે છે અને તેજ આત્મિક પુરુષ છે, કારણ કે પરમાત્મા તેજ આત્મા છે.

આવા પુરુષની શક્તિની સીમા નથી, કારણ કે સર્વ શક્તિઓનું ઉદ્‌ભવસ્થાન જે પરમાત્મા તેની સાથે તેને ઐક્યનો સંબંધ છે અને તેથી સર્વ સ્થળેથી તે પોતાની તરફ શક્તિને આકર્ષે છે. પોતાના ખરા બળનું તેને ભાન હોવાથી સર્વ બાજુએ બળના વિચારોને તે મોકલે છે; અને તેમ કરીને સરખે સરખાનું આકર્ષણ થતું હોવાના નિયમ પ્રમાણે તે પોતાના પ્રત્યે પણ બળનાજ વિચારો ચોતરફથી આકર્ષી શકે છે અને વિશ્વમાંના બળના વિચારો સાથે તે ઐક્ય અનુભવે છે.

"જેની પાસે હશે તેને આપવામાં આવશે" આ બાઇબિલના વાક્યમાં કુદરતી નિયમનું સ્પષ્ટીકરણ છે. તેના બલિષ્ઠ, નિશ્ચયાત્મક અને સામર્થ્યયુક્ત વિચારો સર્વ બાજુએથી તેને વિજય અપાવે છે અને તેદ્વારા સર્વ બાજુએથી તેને સાહાય્ય મળે છે. તેની ભાવના પ્રમાણેજ તેની વિચારસૃષ્ટિ રચાય છે અને તે વિચારસૃષ્ટિ ધીમે ધીમે સ્થૂલ સૃષ્ટિ રૂપે પણ પરિણમે છેજ, કારણ કે વિચારો અદૃશ્યપણે કામ કરતા હોવા છતાં તે વહેલા કે મોડા સ્થૂલ રૂપમાં પણ પ્રકટ થાય છેજ.

આવા મનુષ્યને ભયના કે નિષ્ફળતાના વિચાર કદાપિ આવતાજ નથી. કદાચ આવો કોઈ વિચાર તેના હૃદયમાં ઉદ્‌ભવે તોપણ તે તરતજ તેને પોતાની માનસ સૃષ્ટિમાંથી દૂર કરે છે અને આથી બાહ્ય-સૃષ્ટિમાંથી આવા વિચારો તેના ભણી આકર્ષાતા નથી, કારણ કે વિચાર પણ બીજા પણ પોતાના જેવાજ વિચારોને પોતાના તરફ આકર્ષે છે. આ કારણથી તેની આસપાસ રહેલા બીકણ અને અસ્થિર મનના તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશુભદર્શી પુરૂષોના નિર્બળ અને નિરુત્સાહી વિચારોની તેનાપર અસર થતી નથી. એથી ઉલટું જે મનુષ્ય નિર્બળતા તેમજ ભયનાજ વિચારો કર્યા કરે છે તેની માનસિક શક્તિ તેમજ શરીરબળ પણ તે વિચારોને લીધે ઘટતાંજ જાય છે; એટલુંજ નહિ પણ વિશ્વમાં રહેલા એવા કનિષ્ઠ વિચારોની સાથે તે સર્વથા સંબંધમાં આવતો હોવાથી પ્રમાણમાં જગતના નિર્બળ, ભયપ્રદ અને નિરુત્સાહી મનવાળા મનુષ્યોની તેનાપર અસર થવા લાગે છે. આવી રીતે શક્તિમાન્ થવાને બદલે તે શક્તિહીન થતો જાય છે. જો કે આમાં પણ કુદરતી નિયમ પોતાનું કામ કરે છે.

જેમ જેમ વિચાર પ્રબળ થતા જાય છે તેમ તેમ તેને મળતા સજાતીય વિચાર અંદરમાં ઉત્પન્ન થાય છે, તેમજ તેવા વિચાર બહારથી પણ તે ખેંચે છે. જેથી ધૈર્યના વિચારથી હિંમત આવે છે ત્યારે ભયના વિચારથી નિર્બળતા આવે છે. જેનામાં શ્રદ્ધા અથવા ધૈર્ય છે તેજ સંયોગોનો સ્વામી બનીને પોતાની શક્તિ જગતમાં પ્રદર્શિત કરે છે. ત્યારે જે મનુષ્યમાં શ્રદ્ધા અર્થાત્ ધૈર્ય નથી તે ભય અને આગામી આપત્તિઓનો વિચાર કરી નિર્બળ બને છે, કારણ કે તે સંયોગોને આધીન થઈ વર્તે છે.

મનુષ્યને જે જે સ્થિતિ પ્રાપ્ત થાય છે તે તે સ્થિતિનો ઉત્પાદક તે પોતેજ હોવાથી ફલિત થાય છે કે પોતાની સ્થિતિ કેવી બનાવવી એ દરેકના પોતાનાપરજ આધાર રાખે છે. આ દૃશ્ય જગતની દરેક વસ્તુનું ઉદ્ભવસ્થાન અદૃશ્ય, આધ્યાત્મિક અને વિચાર સૃષ્ટિમાં રહેલું છે. દૃશ્ય જગત એ કાર્યરૂપ છે, અદૃશ્ય જગત કારણરૂપ છે. મનુષ્ય અદૃશ્ય વિચારસૃષ્ટિમાં જે જીવન ગાળે છે તે ધીમે ધીમે દૃશ્ય સ્થૂલરૂપમાં પણ પ્રકટ થતું જાય છે; માટે જો તેણે પોતાની બાહ્ય–સ્થૂળ પરિસ્થિતિ બદલવી હોય તો પ્રથમ તેણે અદૃશ્ય જગતમાં–પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંતરસ્થિતિમાં જરૂરનો ફેરફાર કરવો જોઇએ. મનુષ્યોને જો આ સિદ્ધાંતનો યથાર્થ ખ્યાલ આવે તો નિરાશામાં ગરક થયેલાં હજારો મનુષ્યો ધૈર્ય ધારણ કરી કામ કરવા લાગશે અને વિજય પ્રાપ્ત કરશે; પીડા પામતાં અને રોગથી રીબાતાં અનેક મનુષ્યો અસાધારણ બળ અને તંદુરસ્તી મેળવી શકશે અને શોકમાં મગ્ન થયેલાં હજારો મનુષ્યો આનંદી થશે.

ભયની ગુલામગીરીમાં રહેનારાં હજારો મનુષ્યો આપણી આસપાસ નજરે પડે છે. જે સ્ત્રી–પુરૂષો વસ્તુતઃ શક્તિસંપન્ન અને પરાક્રમી હોવા જોઇએ તે નિરુત્સાહી અને નિર્બળ જણાય છે.

તેઓની શક્તિ મંદ પડી ગયેલી જણાય છે, તેઓના પ્રયત્ન શિથિલ જણાય છે, ચારે બાજુએ તેઓને ભયજ દૃષ્ટિએ પડે છે. અમુક વસ્તુની તંગીનો ભય, ભૂખમરાનો ભય, લોકમતનો ભય, અમુક વ્યક્તિઓના ખાનગી અભિપ્રાયનો ભય, આગામી આપત્તિનો ભય, મંદવાડનો ભય, મરણનો ભય આ વિવિધ પ્રકારના ભયમાંથી કોઇ ને કોઈ પ્રકારના ભયમાં મનુષ્યો સપડાયેલા માલૂમ પડે છે. ઘણા મનુષ્યોને તો ભય રાખવાની ટેવજ પડી ગયેલી હોય છે. જગતમાં ભયના વિચાર પણ સર્વત્ર વાતાવરણમાં ઘૂમી રહેલા હોવાથી તેમના તરફ ચારે બાજુએથી તેવા વિચારો આકર્ષાય છે. "અમારા ઉપર ઉપરી નારાજ થશે, હું નિર્ધન થઈ જઈશ, મને નોકરીથી અલગ કરશે, મારો ધંધો નહિ ચાલે," એવા એવા અનેક ભયપૂર્ણ વિચારો કરીને જે દશાથી ભય પામવામાં આવે છે તેજ દશાને મનુષ્યો પોતા-તરફ આકર્ષે છે.

ભયથી કોઇ પણ પ્રકારનો લાભ નથી, પણ હાનિ સર્વથા છે. કોઇ એમ પણ કહેતું માલૂમ પડે છે કે, "હું જાણું છું કે ભયથી હાનિ છે, પરંતુ શું કરૂં ? તેનો ત્યાગ કરવાનું સામર્થ્ય મારામાં નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવું કહેનાર પોતાના ભયનું એક કારણ તો પ્રદર્શિત કરે છે, અને તે એ કે તેને પોતાના સ્વરૂપનું અથવા પોતે કોણ છે તેનું બિલકુલ ભાન નથી. **તમારી શક્તિઓને જાણવાને તમારે પ્રથમ તમારા આત્માને ઓળખવો જોઇએ** અને જ્યાંસુધી તમારી શક્તિઓનો યથાર્થ ખ્યાલ તમને નહિ આવે ત્યાંસુધી તમે ડહાપણપૂર્વક પૂર્ણરીતે તેનો ઉપયોગ પણ ન કરી શકો.

'ભય દૂર થતો નથી' એવો વિચાર સરખો પણ ન કરો. 'મારાથી નહિ બની શકે' એવો વિચાર જો તમે રાખશો તો મોટે ભાગે તમે તે કરી શકશો પણ નહિ; પણ જો તમે 'હું કરી શકીશ' એવી ભાવના કરો અને ભાવના પ્રમાણે વર્તો તો તમે તે કામ મોટે ભાગે કરી શકશો; એટલુંજ નહિ પણ જો તમારી ભાવના અલિષ્ટ હશે તો તેમાં તમે ચોક્કસ વિજય પ્રાપ્ત કરશો. વર્જીલ કવિએ કેટલાક બલાસીઓના સંબંધમાં લખ્યું છે કે "તેઓ વિજય મેળવી શક્યા, કારણ કે તેઓને પૂર્ણ શ્રદ્ધા હતી કે 'અમે વિજય મેળવીશું.'" મનની શ્રદ્ધામય સ્થિતિ તેઓનાં શરીરોમાં નવો ઉત્સાહ રેડે છે, જેથી તેમને બળ અને સહનશક્તિ મળે છે અને તેદ્વારા તેઓ વિજય મેળવે છે.

માટે તમારાથી બની શકશેજ એવી શ્રદ્ધા રાખો અને એટલી શ્રદ્ધા ન હોય તો પ્રથમ આ વિચારને બીજરૂપે ગ્રહણ કરો. તમારા ચૈતન્યમાં તેને રોપો, તેને પાણી સિંચતા રહો, તેનું પોષણ કરતા રહો, ધીરે ધીરે તે ફેલાશે અને ચારે બાજુએથી બળ ગ્રહણ કરશે; ચારે બાજુએ વીખરાઇ જવાથી નિરૂપયોગી થઇ પડેલી તમારી આત્મ-શક્તિને આ વિચાર એક સ્થળે એકઠી કરશે અને તેને ઉપયોગી અને ફળપ્રદ બનાવશે; પોતાના સરખા સ્વભાવના સબળ, ધૈર્યવાન્ અને નિર્ભય મનુષ્યોની સાહાય્ય એ વિચારરૂપી બીજ પોતે મેળવી શકશે અને બીજા એવાજ વિચારોની શ્રેણી સાથે તમારો આ રીતે સંબંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થશે. જો તમે તમારા કામમાં આગ્રહી અને શ્રદ્ધામય હશો તો એવો સમય પણ ઘણો ત્વરાથી આવશે કે જ્યારે ભયનો કાણુ તમારાપર રહેશે નહિ; અને નિર્બળતાના પૂતળારૂપ અથવા સંયોગોને આધીન થવાને બદલે તમે બળવાન સ્તંભરૂપ અને સંયોગોના સ્વામી થશો.

જે શક્તિ સર્વના ભલાને વાસ્તે કામ કરી રહી છે, તે શક્તિમાં, અનન્ત શક્તિમય પરમાત્મામાં અને આપણા પોતામાં વધારે વિશ્વાસની આપણને જરૂર છે. પરિસ્થિતિ ગમે તેવી પ્રતિકૂળ હોય, સંયોગો ગમે તેટલા વિરૂદ્ધ હોય, તોપણ આ સત્ય પ્રતીતિને ન ખોવી કે "અનેક બ્રહ્માંડો અને સૃષ્ટિઓ જેના નિયમમાં છે, તે સર્વશક્તિ પરમાત્માના હાથમાં આપણી લગામ છે." આ સત્યની પ્રતીતિ આપણને શિખવશે કે "સૌ સારૂંજ છે." "**જે મનુષ્યનું મન પરમાત્મામાં લીન છે, તેની સંભાળ પરમાત્મા રાખે છે.**"

પરમાત્મા કરતાં કોઈ પણ વસ્તુ વધારે દૃઢ, સુરક્ષિત અથવા વિશ્વાસપાત્ર નથી. આપણા હૃદયનાં દ્વાર ખોલી તે પરમાત્મશક્તિને આપણાદ્વારા વહેવા દેવી એ આપણા પોતાનાજ હાથમાં છે, એ બાબતનો જેમ જેમ આપણને અધિક અધિક ખ્યાલ આવતો જશે તેમ તેમ આપણામાં અધિક અધિક બળ પ્રકટ થતું માલૂમ પડશે.

જો આપણે તેની સાથે એક થઇ કામ કરીશું તો તે પણ આપણી સાથે એક થઇ કામ કરશે અને આ ઉપરથી આપણને અનુભવ પણ થશે કે **જે લોકો ભલાઇને પસંદ કરે છે, તેના ભલાને વાસ્તે જગતની સર્વ વસ્તુઓ એકઠી થઈ કામ કરે છે.** આ સમયે ભય કે સંશય આપણામાંથી ચાલ્યો જશે અને તેનું સ્થાન શ્રદ્ધા–સ્વશક્તિમાં વિશ્વાસ–તે મળશે. જો શ્રદ્ધાનો યથાર્થ ખ્યાલ આવે, અને જો તેનો યથાર્થ ઉપયોગ કરવામાં આવે તો શ્રદ્ધા સમાન બીજું કાંઈ પણ બળ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જડવાદ મનુષ્યને નિરાશા તથા દ્વેષદૃષ્ટિ તરફ ધસડી જાય છે. જડવાદ બીજું કરી પણ શું શકે? આપણામાં અને આપણીદ્વારા તેમજ જગતની વસ્તુઓમાં અને વસ્તુઓદ્વારા કામ કરતી આધ્યાત્મિક શક્તિ, મનુષ્યને ધર્મિષ્ઠપણા ભણી લઇ જાય છે, એ પ્રકારનું જ્ઞાનજ મનુષ્યને આશાયુક્ત અને શુભદર્શી બનાવે છે. **અશુભદર્શીપણું એજ નિર્બળતા** છે. શુભ દૃષ્ટિ મનુષ્યને સામર્થ્ય તરફ દોરે છે. જેને પરમાત્મામાં વિશ્વાસ છે તે દરેક પ્રકારનું કષ્ટ સહન કરી શકે છે, અને શ્રદ્ધાથી–પોતાની અંદર રહેલી શક્તિના વિશ્વાસથી–સુંદર હવાને જેટલી ગંભીરતાથી અને પ્રસન્નવદને તે સ્વીકારે છે, તેટલીજ ગંભીરતાથી અને પ્રસન્નવદનથી તે દરેક તોફાનની સામો થઈ શકે છે. આનું પરિણામ શું આવશે તે તે અગાઉથી જાણે છે. શાશ્વત રક્ષણ કરનારા હાથ તેને સાહાય્ય આપવાને તૈયાર હોય છે. તેને નીચેના સત્યમાં સંપૂર્ણ વિશ્વાસ હોય છે કે "પ્રભુપર વિશ્વાસ રાખો, ધીરજથી તેની રાહ જુઓ અને તે તમારી મનઃકામના પૂર્ણ કરશે." જે મનુષ્ય લેવાને તૈયાર છે, તેને સર્વ મળે છે. આ કરતાં વધારે સ્પષ્ટ શબ્દોમાં શું કહી શકાય?

જે પ્રમાણમાં આપણે તે સર્વ શક્તિમાન્ પરમાત્માની સાથે રહી કામ કરતાં શીખીશું તે પ્રમાણમાં ફળની ચિંતા આપણે ઓછી કરવી પડશે. આ સત્યનો પૂરેપુરો અનુભવ કરી જીવન ગાળનારને પૂર્ણ શાન્તિ પ્રાપ્ત થાય છે–તે શાન્તિ અત્યારે પૂર્ણ લાગે છે, અને જેમ જેમ દિવસ જતા જાય છે તેમ તેમ તે શાંતિનું બળ વધવા લાગે છે. જે મનુષ્યને પરમાત્માપર પૂર્ણ વિશ્વાસ છે અને આવી શાન્તિ જેણે પ્રાપ્ત કરી છે તેજ અનુભવી શકે અને કહી પણ શકે કેઃ—

I stay my haste, I make delays,
For what avails this eager pace?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

I stand amid eternal ways,
And what is mine shall know my face.
Asleep, awake, by night or day,
The friends I seek are seeking me;
No wind can drive my bark away,
Nor change the tide of destiny.
The waters know their own, and draw
The brooks that spring in yonder height;
So flows the good with equal law
Unto the soul of pure delight.
The stars come nightly to the sky;
The tidal wave unto the sea;
No time, nor space, nor deep, nor high,
Can keep my own away from me.

" હું ઉતાવળથી નહિ પણ ધીરજથી કામ કરૂં છું, કારણ કે ઉતાવળથી શું પ્રાપ્ત થાય છે ? હું શાશ્વત માર્ગનો પથિક છું અને જે વસ્તુતઃ મારૂં છે તે મને અવશ્ય પ્રાપ્ત થશેજ. જાગતાં અથવા ઉંઘતાં દિવસે તેમજ રાત્રે **હું જે મિત્રોને શોધું છું તે મિત્રો પણ મને શોધે છેજ.** કોઇ પણ તોફાની પવન મારી જીવનનૌકાને અવળે માર્ગે દોરવા તેમજ મારા ભાગ્યના પ્રવાહને ફેરવવા સમર્થ નથી. જેવી રીતે સમુદ્ર પોતાનાં સજાતીય જળને પીછાણે છે અને પર્વત ઉપર ઉત્પન્ન થતા ઝરાને નદીરૂપમાં ફેરવી પોતાના તરફ આકર્ષે છે, તેવીજ રીતે પવિત્ર આનંદી આત્મા તરફ શુભ વસ્તુ આકર્ષાય છે. જેવી રીતે રાત પડતાં તારાઓ આકાશમાં પ્રકાશે છે અને જેવી રીતે દરિયામાં ભરતી–ઓટ થાય છે તેવી રીતે જે મારૂં છે તે અવશ્ય મને મળશેજ. તેમાં સમય, સ્થાન, ઉંચાઈ, નીચાઈ કાંઇ પણ અંતરાયભૂત થઈ શકે તેમ નથીજ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૭ મું

પૂર્ણ શક્તિની પ્રાપ્તિ.

ઈશ્વર અનન્ત શક્તિમય છે અને જે પ્રમાણમાં આપણા અંતઃકરણ એ અનન્ત શક્તિમય પરમાત્મા તરફ ખુલ્લાં રાખીશું તે પ્રમાણમાં આપણામાં પણ તે શક્તિ પ્રકટ થશે. ઈશ્વરને સર્વ વસ્તુ શક્ય હોવાથી ઈશ્વરની સાથે એકતા અનુભવનારને પણ કશું અશક્ય નથી. સર્વ વસ્તુઓના નિયામક પ્રભુની સાથે એકતા અનુભવવી એમાંજ ખરા સામર્થ્યનું રહસ્ય રહેલું છે, અને જે પ્રમાણમાં આપણે આ એકતા અનુભવીશું તે પ્રમાણમાં સર્વ લૌકિક મર્યાદાઓને આપણે અવશ્ય ઉલ્લંઘી જઈશું જ.

જો આ ઉપરનો નિયમ સત્ય હોય (અને તે સત્યજ છે) તો પછી શક્તિ પ્રાપ્ત કરવાને માટે જ્યાં ત્યાં ફાંફાં મારવાથી લાભ શો ? તે પ્રાપ્ત કરવાને આ અથવા પેલી બાબતનો અભ્યાસ કરવાથી ફાયદો શો ? પર્વતના શિખર તરફ એકદમ જવાને બદલે તેની ખીણોમાં અને તેની બાજુઓમાં ભટકવાથી નફો શો ? આ સંસારનાં સર્વ ધર્મપુસ્તકોમાં મનુષ્યનું જે સર્વોપરિ પ્રભુત્વ બતાવવામાં આવ્યું છે, તેનું કારણ તેનું સ્થૂળ–એ હાથ ને એ પગવાળું શરીર નહિ પણ તેનો દૈવી સ્વભાવ છે. એવાં ઘણાં મોટાં અને બળવાન પશુઓ જગતમાં છે કે જેનાપર સ્થૂળ દૃષ્ટિએ મનુષ્યનું સ્વામિત્વ ચાલી શકતું નથી, પરંતુ પોતાને સ્વાભાવિક રીતે મળેલી માનસિક, નૈતિક અને આત્મિક શક્તિઓનો ઉપયોગ કરવાથી તે પશુઓ ઉપર પણ મનુષ્ય પોતાનું સ્વામિત્વ ચલાવી શકે છે.

જે કામ શરીરબળથી નથી થતું તે આત્મિક શક્તિથી થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે છે. જે પ્રમાણમાં મનુષ્ય પોતાને આત્મા તરીકે ઓળખવા લાગીને તે પ્રકારનું જીવન ગાળવા માંડે છે તે પ્રમાણમાં બીજા પોતાને જડ માનનાર મનુષ્યો કરતાં તેની શક્તિમાં પુષ્કળ વધારો થતો ચાલે છે. દુનિયાના ધાર્મિક સાહિત્યમાં જ્યાં ત્યાં જે જે ચમત્કારોની વાતો આપણે સાંભળીએ છીએ તે ચમત્કારો કાંઇ તે સમયમાં કે સ્થાનમાંજ બનતા, અથવા તો ચમત્કારને વાસ્તે અમુકજ યુગ મુકરર રહેતો એમ નથી. જે કાંઇ ભૂતકાળમાં બની શક્યું છે તે સર્વ આજે પણ તે નિયમોનો આશ્રય લેવાથી બની શકે તેમ છે. આ ચમત્કારો મનુષ્યો કરતાં કાંઈ જુદી તરેહનાં પ્રાણીઓ તરફથી કરવામાં આવ્યા ન હતા. જેઓ પરમાત્મા સાથે એકતા પ્રાપ્ત કરી દિવ્ય પુરુષ બન્યા હતા અને જેમનાદ્વારા ઉચ્ચ શક્તિઓ કાર્ય કરી રહી હતી, તેવાં મનુષ્યો-એજ તે ચમત્કારો પણ કર્યા હતા. હવે પ્રશ્ન એ થાય છે કે ચમત્કાર એટલે શું ? શું ચમત્કાર કોઇ અલૌકિક બનાવ છે ? સામાન્ય મનુષ્યો સામાન્ય સ્થિતિમાં જે કામ કરી શકે તેના કરતાં ઉચ્ચ પ્રકારનો બનાવ તે અલૌકિક કહેવાય છે. ચમત્કારનો અર્થ આના કરતાં જુદો સમજવાનો નથી. સર્વવ્યાપી, સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન્ પરમાત્મા સાથે જેણે પોતાની એકતા અનુભવી છે, તેવો મનુષ્ય ઈશ્વરી નિયમો અને શક્તિઓનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેનો ઉપયોગ કરે છે. તે સામાન્ય લોકોના જોવામાં આવતાં, તેઓ અલ્પ અને મર્યાદિત શક્તિવાળા હોવાથી આ દૈવી શક્તિસંપન્ન પુરુષોનાં કાર્યોને ચમત્કારરૂપ ગણે છે અને તે ચમત્કાર કરનારને લોકોત્તર પુરુષ ગણે છે; પરંતુ ચમત્કાર કરનારા પુરુષો જે નિયમોનો અને શક્તિઓનો ઉપયોગ કરે છે, તે નિયમો અને શક્તિઓ સમજીને આપણે પણ જો તેનો ઉપયોગ કરીએ તો આપણે પણ તેવાજ ચમત્કાર કરી શકીએ. આપણે આ સાથે એ પણ સ્મરણમાં રાખવું જોઇએ કે જેમ જેમ આપણે નીચી

CC-0. JM. Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દશામાંથી ઉંચી દશામાં આવતા જઇએ છીએ, અને જેમ જેમ જડવાદમાંથી અધ્યાત્મવાદ તરફ વળતા જઇએ છીએ, તેમ તેમ ભૂતકાળમાં ચમત્કારરૂપ ગણાતી બાબતો આપણને સામાન્ય અને સ્વાભાવિક લાગવા માંડે છે, અને આજે જે ચમત્કારરૂપ લાગે છે તે પણ તેજ રીતે ભવિષ્યમાં સ્વાભાવિક લાગવા માંડશે. આ રીત શરૂથીજ ચાલી આવે છે.

જે મનુષ્યે ઈશ્વરની સાથે એકતા પ્રાપ્ત કરી છે, તે ચમત્કારી લેખાતાં કાર્યો કરે છે અને પોતાની ઉચ્ચશક્તિઓના અનુભવને લીધે તે બીજા મનુષ્યોની વચમાં જૂદો પંકાઈ આવે છે.

જે કામ એક મનુષ્ય કરી શકે તે બીજો પણ કરી શકે; કેમકે સર્વત્ર એકજ નિયમ પ્રસરી રહેલો છે. શક્તિમાન થવું અથવા શક્તિહીન થવું એ સર્વ આપણા પોતાનાજ હાથમાં છે. જ્યારે મનુષ્યને પૂર્ણ વિશ્વાસ આવે છે કે હું ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકીશ, તો જરૂર તે તેવી સ્થિતિ પ્રાપ્ત કરી શકશે. મનુષ્ય પોતે જે જે મર્યાદાઓ પોતાને માટે બાંધે છે, તે મર્યાદાઓજ તેને આગળ વધતો અટકાવે છે. દુધમાંની મલાઇ ઉત્તમ હોવાથી ઉપરજ તરી આવે છે; તેમ જગતમાં જેઓ પોતામાં રહેલી ઉચ્ચ શક્તિઓને કેળવવા ઇચ્છે છે, તેઓ પણ ઉત્તમ હોવાથી બીજા સામાન્ય મનુષ્યોની ઉપરજ તરી આવે છે.

આપણે પરિસ્થિતિ–બાહ્ય સંજોગોના સંબંધમાં ઘણી બાબતો સાંભળીએ છીએ; પરંતુ આ વાત ખાત્રીપૂર્વક માનવી કે પરિસ્થિતિથી મનુષ્ય બનતો નથી, પણ મનુષ્યજ પરિસ્થિતિને બનાવે છે અને તેટલા માટે તેણે તેને પોતાની ભાવના પ્રમાણે દોરવી જોઇએ. જ્યારે આ બાબતનું જ્ઞાન આપણને સારી રીતે થશે, ત્યારે આ વાત પણ આપણને માલૂમ પડશે કે આપણી પરિસ્થિતિમાંથી બહાર નીકળવું એ ઘણી વખત જરૂરનું હોતું નથી, કારણ કે તે પરિસ્થિતિમાંથીજ આપણે કેટલુંક શીખવાનું હોય છે; અને જે શક્તિ આપણામાં વિધ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન છે, તેનો જો આપણે યોગ્ય ઉપયોગ કરીએ તો આપણી વર્તમાન પરિસ્થિતિમાંથી પણ આપણે અધિક હિતાવહ નવીન સંયોગોને ઉત્પન્ન કરી શકીએ તેમ છીએ.

ઉપલું ધોરણ વંશપરંપરાના સંસ્કારને પણ લાગુ પડે છે. શું તે સંસ્કારોપર પણ જય મેળવી શકાય? એવો પ્રશ્ન ઘણીવાર પૂછવામાં આવે છે; પરંતુ જેને પોતાના સ્વરૂપનું જ્ઞાન નથી હોતું તેજ આવો પ્રશ્ન પૂછે છે. એ પ્રશ્નનો ઉત્તર એજ છે કે, જો આપણે એમ માનીએ કે વંશપરંપરાના સંસ્કારોપર આપણે જય નહિ મેળવી શકીએ તો મોટે ભાગે આપણે જય પામીશું નહિ અને આપણી સ્થિતિ જેવી ને તેવી રહેશે. પણ જેમ જેમ આપણા પોતાના સ્વરૂપનું આપણને ભાન થશે અને આપણી આત્મિક પ્રચંડ શક્તિઓનો ખ્યાલ આવશે, તેમ તેમ હાનિ કરનાર વંશપરંપરાગત સંસ્કારો પણ ઘટવાજ માંડશે; અને આપણને આપણા આત્મસ્વરૂપનો પૂર્ણ અનુભવ થતાં તે સર્વ સંસ્કારો સમૂળા પણ નાશ પામશે. એક કવિ કહે છે કે:—

"એવી એક પણ ટેવ નથી કે તેનાપર જય ન મેળવાય. આ ખરાબ ટેવ તો બાપદાદાથી ઉતરી આવેલી છે એવા શબ્દો ઉચ્ચારતા નહિ; અથવા તો અમુક કુદરતી ટેવ જીવનને નીરસ બનાવે છે, અને અયોગ્ય શીક્ષા કરાવે છે એવું પણ કહેતા નહિ."

તારા પિતા અને પ્રપિતાની પાછળ પણ તે મહાન્ શાશ્વત શક્તિ રહેલીજ છે, અને તારો ખરેખરો વારસો તો તેજ છે. તે શક્તિ અત્યંત મજબૂત, સુંદર અને દૈવી છે, અને તેનાપર વિશ્વાસ રાખનારને વિજય ચોકસ અપાવે છે.

એવું એક પણ ઉચ્ચ પદ નથી કે જ્યાં તું ચઢી ન શકે, વખત જતાં તું સઘળા વિજય પ્રાપ્ત કરી શકે, અને તારી ગમે તેવી ભૂલો હોય તો પણ તું સુસ્ત થઇને પડી ન રહેતાં ઈશ્વરી રક્ષણરૂપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાલપર આધાર રાખીને પ્રયત્નવાન રહે.

પૃથ્વીની સઘળી વાસનાઓ ઉપર આત્મા જય મેળવી શકે. તું તે અનંત પરમાત્માનો એક વિભાગ છે એ સ્મરણમાં રાખજે. આત્માના બળ આગળ કાંઇજ ટકે તેમ નથી, કારણકે આત્માનો દિવ્ય વારસો ઉત્તમોત્તમ છે.

ઘણા મનુષ્યો હલકા પ્રકારનું જીવન ગાળે છે, કારણકે તેમનામાં વ્યક્તિસ્વાતંત્ર્ય નથી. શું તમારે આ જગતમાં પ્રભાવશાળી બનવું છે? તો પછી તમારા પોતાનાપરજ આધાર રાખો–સ્વતંત્ર બનો. તમારી જાતને સાધારણ મનુષ્યમાં ન ગણો અથવા અમે રંક છીએ, અમારાથી શું થશે, એમ પણ ન બોલો.

જેમનામાં વ્યક્તિસ્વાતંત્ર્ય નથી અને જેઓ પોતાની જાતને રૂઢીના બંધનોને વેચી ચુકયા છે, તેવા મનુષ્યોએ બનાવેલી રૂઢીઓને અને રીવાજોને તમારો આત્મા–કે જે તમારૂં સર્વસ્વ છે, તે આધીન કરી દેશો નહિ. જો તમે આવા ખોટી રૂઢીઓના ગુલામોને તમારી જાત વેચી દો તો તમારી અનિષ્ટ દશાને લાંબા વખત સુધી ચલાવવામાં તમે પોતેજ સાહાય્ય આપો છો; પરંતુ એક એવો વખત પણ આવશે કે જેમને ખુશ રાખવાને માટે તમે તે અનિષ્ટ રૂઢીઓ સ્વીકારી હશે તેઓ પણ તે બદલ તમારા તરફ અસંતોષ દર્શાવશે.

જો તમે ડહાપણ વાપરીને વ્યક્તિત્વ જાળવી રાખો તો તમે તમારી જાતના સ્વામી બનો છો; અને વધારે ઉચ્ચ અને લાભદાયક સ્થિતિ લાવી આપવામાં તમારો મોટો પ્રભાવ પડશે. વ્યક્તિત્વ છોડીને બીજાઓમાં ઘેટાંની માફક ભળી જવાથી તમને જે માન મળશે, તેના કરતાં તમારૂં વ્યક્તિત્વ બતાવવામાં જગતના લોકો તમને વિશેષ માન આપશે અને તમારા વિષે સારો અભિપ્રાય બાંધશે. ખરો વીર પુરૂષ સર્વને પોતાના ભણી આકર્ષે છે, અને સર્વ તેનાપર વિશ્વાસ રાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની જાતનું ભાન થવું એજ મહત્ત્વની વાત છે; અને જગતમાં કરવાયોગ્ય પણ તેજ છે. "સંયોગો પ્રમાણે ચલાવી લેવું એ શું ઠીક નથી?" એવો પ્રશ્ન પૂછવામાં આવે તો એકજ જવાબ આપી શકાય કે, સારી નીતિ તો પોતાના આત્માને માન આપીને ચાલવું એજ છે.

"This above all–to thy own self be true;
And it must follow, as the night the day
Thou canst not then be false to any one."

સર્વ બાબતો કરતાં તું તારા આત્માનો વફાદાર બન અને પછી જેવી રીતે દિવસ પછી રાત્રિ નક્કીપણે આવે છે, તેમ તું પણ નક્કીપણે કોઇને દગો દઈશ નહિ.

જો આપણે પરમાત્મા પર વિશ્વાસ રાખીએ અને લોકોના સારા યા ખોટા અભિપ્રાયથી આપણે ન ડરીએ, તો પ્રભુ પણ અવશ્ય આપણને સાહાય્ય આપશે. લોકોને ખુશ કરવાના ધરાદાથીજ જો આપણે જીવન ગાળીએ તો લોકો તેથી કદાપિ ખુશ થતા નથી, પણ જેમ જેમ તેમને ખુશ કરવાને આપણે તેમના વધારે ગુલામ બનતા જઇએ છીએ તેમ તેમ ઉલટી તમારા તરફ તેમની માગણીઓ વધતીજ જાય છે. તમારું જીવન કેમ દોરવવું એ માત્ર તમારી અને તમારા પ્રભુની વચ્ચેનો સવાલ છે અને તેમાં જો તમે બીજા કોઇ કારણથી દોરવાઈ જાઓ તો તમે ખોટા માર્ગમાં પડવાના ભયમાં છો.

જ્યારે આપણને આપણા આન્તરિક રાજ્યનું ભાન આવે છે, અને સર્વ નિયંતા પરમાત્માને આપણા જીવનનું મધ્યબિન્દુ બનાવીએ છીએ, ત્યારે આપણે જાતેજ નિયમરૂપ બનીએ છીએ, અને બીજા રૂઢીઓના ગુલામોને અનિષ્ટ રૂઢીઓમાંથી મુક્ત કરવાનું કામ આપણે હાથ ધરી શકીએ છીએ.

પરમાત્મારૂપી મધ્યબિન્દુ આપણા હાથમાં આવે છે, ત્યારે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહર સરલતા કે જે મહાન્ પુરૂષને આકર્ષણીય અને શક્તિમાન બનાવે છે, તે આપણા જીવનમાં પણ ઉતરે છે. તે પછી આપણામાંથી આડમ્બર જતો રહે છે, કારણ કે **જેનામાં નિર્બળતા છે અને ખરી શક્તિનો અભાવ છે, તે મનુષ્યજ બાહ્ય આડમ્બર બહુ રાખે છે.** બાહ્ય બબકો બતાવી બીજાને આંજવા જેઓ ફરે છે, તેમનામાં કાંઈ પણ વસ્તુની ખામી અવશ્ય હોવી જોઇએ.

આ સ્થળે પુંછડી કાપેલા ઘોડાપર સ્વારી કરનાર રાજપુત્રની વાત અમને યાદ આવે છે. બીજાઓનું ધ્યાન ખેંચાય એવું પોતામાં કાંઇ પણ નથી એવો એને ખ્યાલ હોવાથી તે પોતા તરફ લોકોનું ધ્યાન ખેંચવાના હેતુથી પોતાના ઘોડાની પુંછડી કાપવાની ઘાતકી રીત સ્વીકારે છે.

પણ જે આ પ્રમાણે બીજાઓને મૂર્ખ બનાવવા ઇચ્છે છે, તે જાતેજ અધિક મૂર્ખ બને છે. જે મનુષ્યોમાં ખરૂં જ્ઞાન અને વિવેકશક્તિ છે, તેઓ તો અમુક વ્યક્તિ શા ઉદ્દેશથી અને કયા કારણથી અમુક કામ કરે છે તે ત્વરાથી સમજી જાય છે. **જે કુદરતી રીતે પોતાનું સામર્થ્ય જણાવે છે તેજ ખરો મહાન્ પુરૂષ છે.** જે સ્ત્રીપુરૂષોને પોતાની સત્ય શક્તિઓનું જ્ઞાન થયું હોય છે, તેઓ બાહ્ય દૃષ્ટિએ ઘણું થોડું કામ કરતાં જણાય છે, પણ વસ્તુતઃ તેઓજ મોટાં કર્મયોગી હોય છે. તેઓ ઉચ્ચ સ્થિતિમાં રહીને અને ઉચ્ચ શક્તિઓ સાથે કામ કરે છે. અનન્ત જીવનની સાથે એમનો પૂર્ણ સંબંધ થયેલો હોવાથી, તેઓ સર્વ તરફની જોખમદારીથી મુક્ત થઇને ચિન્તારહિત સ્થિતિમાં રહે છે; કારણ કે તેમની અંદર અનન્તશક્તિજ કાર્ય કરી રહી હોય છે અને તેઓ તો તે શક્તિના હથિયાર તરીકેનુંજ કાર્ય કરતા હોય છે.

સર્વોત્તમ શક્તિ પ્રાપ્ત કરવાનું મુખ્ય રહસ્ય અને સાધન એ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે કાર્ય કરવાનાં બાહ્ય સાધનો સાથે આપણી આંતરશક્તિનો સંબંધ કરવો. જો તમે ચિત્રકાર હો તો જે પ્રમાણમાં તમે આંતર શક્તિઓનો ઉપયોગ કરો છો, તે પ્રમાણમાં તમે ઉત્તમ પ્રકારના ચિત્રકાર બનો છો. તમારા આત્માદ્વારા જે પ્રેરણા આવે છે, તેના કરતાં બીજે પ્રકારે વધારે ઉચ્ચ ચિત્ર તમે કદી પણ બનાવી શકશો નહિ; તમારા આત્મામાં ઉચ્ચ પ્રેરણા આવવાને માટે તમારે માત્ર તમારા હૃદયના દ્વારને પરમાત્માની પ્રેરણા ઝીલવાને ખુલ્લું રાખવું જોઇએ.

શું તમારે છટાદાર વક્તા થવું છે ? જેટલા પ્રમાણમાં તમે ઉચ્ચ શક્તિઓ સાથે સંબંધમાં આવશો અને તેને અનુસરીને વર્તશો, તે પ્રમાણમાં તે શક્તિઓ તમારાદ્વારા બોલવા લાગશે, અને તમે મનુષ્યોનાં મન જીતવાની અને તેને સન્માર્ગે વાળવાની શક્તિ પ્રાપ્ત કરશો. જો તમે કેવળ બરાડા પાડયા કરીને અને હાથપગ પછાડયા કરીને કેવળ સ્થૂલ સાધનોનોજ ઉપયોગ કરશો તો તેનું પરિણામ પણ તેવાજ પ્રકારનું આવશે; પણ જો તમે હૃદયનું દ્વાર ખુલ્લું રાખી પરમાત્મા તરફ વળશો તો અંદરથી ઈશ્વરી અવાજ તમારા સ્થૂલ શરીરદ્વારા બોલવા લાગશે અને તમે સત્ય અને અસરકારક વક્તા થઇ શકશો. જે પ્રમાણમાં તમે વધારે અંતર્મુખ બનશો તે પ્રમાણમાં તમારી આ શક્તિ વધારે પ્રકટ થશે.

જો તમારે ગાયક થવું હોય તો તે શક્તિને માટે ઈશ્વર તરફ તમારા હૃદયને ખુલ્લું મૂકો; અને ઈશ્વરી નાદ તમારામાં સૂરના રૂપમાં પ્રકટ થશે. બીજી રીતે ભલે તમે લાંબા વખત સુધી અને સ્થિરતાથી અભ્યાસ કરો, તોપણ ઉપરની કળાથી તમે જે લાભ મેળવી શકશો તેટલો લાભ તે વિના તમે કદી પણ મેળવી શકશો નહિ. જેનામાં ગાયકની સામાન્ય કળાના જ્ઞાનની સાથે પરમાત્માની સાથે એકતા અનુભવવાની કુંચી છે, તેનામાંથી એવા તો મધુર અને આહ્લાદક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર નીકળે છે કે જેથી સાંભળનારના મન ઉપર ન ભૂંસાય તેવી અસર થાય છે.

ગરમીના દિવસોમાં જ્યારે મારો તંબુ કોઈ જંગલમાં ખડો કરવામાં આવ્યો હોય છે, ત્યારે કોઇ કોઇ વાર પ્રાતઃકાળમાં હું મારા ખાટલાપર જાગતો પડી રહું છું. પ્રથમ તો તદ્દન શાન્તિ હોય છે, પણ પછી કોઇ કોઇ સ્થળે રહી રહીને ચીં ચીંના અવાજ કાને પડે છે; અને જેમ જેમ દિવસ ઉગવા માંડે છે તેમ તેમ તે અવાજ વધારે ને વધારે પ્રમાણમાં કાને પડે છે, અને છેવટે તો આખું જંગલજ એક મધુર ગીતથી ગાવા લાગી ગયું હોય એવો ખ્યાલ આવે છે. આશ્ચર્ય! આશ્ચર્ય! આ મધુર ધ્વનિ કાઢવામાં વૃક્ષો, પાંદડાં અને ઝાડીઓ સર્વ ભાગ લેતાં હોય એમ મને લાગતું હતું. એક સમયે આ પ્રમાણે કુદરતનો રાગમય ધ્વનિ ચાલી રહ્યો હતો, ત્યારે મેં વિચાર્યું કે ગીતશાસ્ત્રમાં આમાંથી કેટલું બધું શીખી શકાય? આપણે પક્ષીઓ પાસેથી પણ કેટલું બધું જાણી શકીએ?

જે રીતે પક્ષીઓ કુદરતી ઉચ્ચ શક્તિઓ તરફ પોતાના હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખી તે શક્તિઓને પોતાની અંદર કાર્ય કરવા દે છે, તે પ્રમાણે આપણામાં પણ તે શક્તિઓને કામ કરવા દઇએ તો આપણે પણ શું ખરા ગાયક ન બનીએ અથવા તો શું મનુષ્યનાં મન હરણ ન કરી શકીએ? શ્રી કૃષ્ણ અને ગ્રીસ દેશના મહાત્મા ઑર્ફીઅસ પોતાના મધુર ધ્વનિથી મનુષ્યોના, પશુ પક્ષીઓના અને છેવટે વૃક્ષોના અને નદીઓના આત્માને પણ પોતાની તરફ હરી લેતા તેમાં આ પ્રયોગ સિવાય બીજું શું હોઈ શકે?

મી. સેંકી નામનો એક સારો ગાયક છે. તેણે ડેનવર નામના શહેરમાં પોતાનું અતિ પ્રખ્યાતિ પામેલું ગાયન ગાઈ બતાવવા પહેલાં પોતાનું જીવનવૃત્તાન્ત નીચે પ્રમાણે કહી સંભળાવ્યું હતું:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મેં મી. મુડી નામના મારા મિત્રની સાથે ગ્લાસગોથી એડીનબરો જતાં એક સ્થળે પુસ્તકો વેચનારની દુકાનેથી એક ધાર્મિક વર્તમાનપત્રની એક નકલ એક આનો આપીને લીધી. અમે બન્ને જણ ગાડીમાં જતા હતા, તે વખતે તે વર્તમાનપત્રનાં પાનાં ફેરવતાં મારી દૃષ્ટિ તેમાંની એક કવિતાપર પડી. મુડી તરફ વળીને મેં કહ્યું કે મારે જોઇતું ગાયન મને મળી આવ્યું. મુડી પોતાના વિચારમાં મગ્ન હતો અને મારા કથનપર તેણે લક્ષ આપ્યું નહિ. મને તેનો સુર ગોઠવવાનો સમય મળ્યો નહિ, જેથી મારા ગાયનોના પુસ્તકમાં તે કવિતાવાળો કકડો વર્તમાનપત્રમાંથી કાપીને મૂકી દીધો.

એક દિવસ એડીનબરોમાં મોટી સભા મળી. તે સમયે ડો. બોનરે 'સાધુચરિત્ર ભરવાડ' એ વિષય ઉપર ઘણું સારૂં ભાષણ આપ્યું. તે પછી મી. મુડીએ મને એક ગાયન લલકારવા કહ્યું. મારા મનમાં તેવીસમું ભજન ગાવાનો વિચાર આવ્યો, પણ તે મેં ઘણીવાર ગાયું હતું. પછી તે વર્તમાનપત્રવાળું ગાયન ગાવા મેં વિચાર્યું. એનો રાગ તો મને માલૂમ ન હતો, તેમજ તેનો રાગ બેસાડવાનો સમય પણ મને મળ્યો ન હતો; જેથી હું જરા ગુંચવાયો કે હું તે શી રીતે તે ગાઇ શકીશ ? પછી છેવટે એવો વિચાર સુઝ્યો કે તેનો રાગ ગમે તે હોય પણ હું તે ગાઇશજ. મેં તે ગાયનને પોતાના સંમુખ મૂક્યું. વાજું વાગવા લાગ્યું અને મ્હોં ખોલીને મેં ગાવાનો પ્રારંભ કર્યો. પહેલું પદ પૂરૂં કર્યું. લોકો મૌનપણે સાંભળતા રહ્યા. મેં એક લાંબો શ્વાસ લીધો અને આ રીતે શું હું બીજું પદ ગાઇ શકીશ, એવું મનમાં આશ્ચર્ય થયું. મેં પ્રયત્ન કર્યો, તે ફાવ્યો અને પછી તો કામ ઘણું સુગમ થયું. જ્યારે ભજન પૂરૂં થયું ત્યારે તે ભજનનો એટલો બધો પ્રભાવ પડ્યો કે આખી સભા ગાવાની ઢબથી છક થઈ ગઇ અને ઘણાં મનુષ્યો આનન્દાશ્રુ પાડવા લાગ્યાં. મારા જીવનનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ઘણો બારીક સમય હતો. મી. મુડી કહેવા લાગ્યો કે તેવું ગાયન તેણે પૂર્વે કદી પણ સાંભળ્યું ન હતું. પછી તે ગાયન સર્વત્ર ગવાવા લાગ્યું અને મારી કીર્તિ સર્વત્ર વ્યાપી રહી."

જો આપણે પણ સર્વોત્કૃષ્ટ પ્રેરણાના પ્રવેશને માટે આપણા હૃદયમંદિરને ખુલ્લું રાખીશું તો તે પ્રેરણા જરૂર ત્યાં પ્રવેશ કરશેજ. જેટલા પ્રમાણમાં આપણે તેમ કરવામાં ન્યૂનતા રાખીએ છીએ, તેટલુંજ આપણું પરિણામ પણ ન્યૂન આવે છે.

શું તમે લેખક છો? તો ફ્રેન્ચ લેખકોના વિજયની કુંચી પણ યાદ રાખવા જેવી છે. "જે વિચારો તમારા અંતઃકરણમાં ઉત્પન્ન થાય તે લખો. સત્યવાદી બનો, નિર્ભય બનો. તમારા આત્માની પ્રેરણાને વફાદાર રહીને લખો–અને જરૂર તમે પણ એક સારા લેખક થઇ શકશો." "ગમે તેટલું લાંબું ચોડું લખવા છતાં પોતાનામાં હોય તેના કરતાં અધિક સત્ત્વ કોઇ પણ લેખક આપી શકતો નથી, માટે જો તેણે વધારે સારૂં લખવું હોય તો પ્રથમ પોતે જાતેજ વધારે સારા બનવું જોઇએ. તે પોતાના વિચારોનો લહીઓ છે. તે પોતાની જાતનેજ પુસ્તકાકારમાં લખે છે, માટે પોતામાં હોય તે કરતાં વધારે મહત્ત્વની વાતો તેનાથી લખી શકાયજ નહિ."

જે લેખકનું વ્યક્તિત્વ મહાન્ હોય, જેનો ઉદ્દેશ ઉદાત્ત હોય, જેની લાગણીઓ ઉંડી હોય અને જે તે નિરંતર દિવ્ય પ્રેરણા તરફ પોતાના હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખતો હોય તો તેના લખાણમાં પણ એવાં તો અવર્ણનીય સૌંદર્ય, જ્વલંતશક્તિ અને હૃદયસ્પર્શિતા ઉભરાઈ જાય છે કે જેથી વાંચકોના હૃદયમાં પણ લેખકે અનુભવેલી પ્રેરણાઓ ઉત્પન્ન થયા વિના રહેતી નથી.

સારા વાંચનારાઓ શબ્દોની પેલી પાર જઇ લેખકનું હૃદય પણ વાંચી શકે છે. લેખકનો આત્મા તે શબ્દોદ્વારા પ્રકટ થાય છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી શક્તિ વાંચનારમાં ઉત્પન્ન કરે છે. આ કારણથીજ આવા લેખકોનાં પુસ્તકો સામાન્ય ગણાતાં પુસ્તકોથી જુદાં જણાઇ આવે છે અને અસાધારણ પુસ્તકોમાં તેમની ગણના થાય છે.

મહાપ્રભાવશાળી લેખક પોતાની આત્મિક શક્તિ પુસ્તકમાં રેડે છે, અને તેથી તે ત્વરાથી વેચાય છે; કારણકે આવું પુસ્તક દરેક મનુષ્ય જાતે વાંચે છે અને પોતાના મિત્રોને–સ્વજનોને વાંચવા ભલામણ કરે છે. ઇમર્સન કહે છે કે 'સારૂં પુસ્તક જગતમાં ફરતુંજ ફરે છે, સારા સારા મનુષ્યોના હાથમાં તે જાય છે, અને તેઓ તેને આનંદથી વાંચીને પછી બીજા પોતાના સજાતીય વિચારના મનુષ્યો પાસે તેને લઇ જાય છે. આ પ્રમાણે અનેક ડાહ્યા અને ઉદાર પુરૂષોને તે પુસ્તક પોતા તરફ આકર્ષે છે, તેઓના ગુપ્ત વિચારોનું સમર્થન કરે છે અને તેઓની દિલસોજીથી જગતમાં તે પોતાની જાતને વધુ ને વધુ પ્રસિદ્ધિ આપે છે."

આવા ગ્રન્થકાર તે પુસ્તકની સાહિત્યમાં ગણના થાય તે હેતુથી કદાપિ પુસ્તક લખતા નથી, પણ ઉચ્ચ વિચારોની લોકોના હૃદયપર અસર થાય તથા લોકોને તે પુસ્તકદ્વારા એવું કાંઇક તત્ત્વ મળે કે જેથી તેઓનું જીવન વધારે વિશાળ, મધુર, સુંદર અને પરિપૂર્ણ બને, તેઓ ઉચ્ચ જીવનનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે અને તે સાથે તે ઉચ્ચ શક્તિઓ અને ઉચ્ચ આનંદ તેમને મળે તેવા આશયથીજ આ લેખકો પોતાનાં પુસ્તકો લખે છે. જો આ ગ્રન્થકારનો ઉદ્દેશ સફળ થયો તો જરૂર તે પુસ્તકને ઉચ્ચ દરજ્જાના સાહિત્યમાં સ્થાન મળશે. સાહિત્યની ખાતર સાહિત્ય લખવાથી જે કામ તે કરી શકત તેના કરતાં આ રીતે તે વધારે સારૂં કામ કરી શકે છે.

આથી જુદા પ્રકારના લેખકો માત્ર નિયમોનાજ ગુલામ હોય છે. તેઓ પોતાની નવું ઉત્પન્ન કરવાની શક્તિને સંકુચિત બનાવે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને મોટે ભાગે ગાડરીઆ પ્રવાહ પ્રમાણેજ ચાલે છે. હાલનો એક સારો ગ્રન્થકાર લખે છે કે "મારા પુસ્તકમાં તાડના ઝાડની ગંધ આવશે, માખીઓના ગણગણાટથી તે ગાજી ઉઠશે અને મારી બારી-પર બેસી પોતાની ચાંચમાં ઘાસનું તણખલું અથવા દોરીનો કકડો લઈ જનાર ચકલી પણ મારી વાર્તામાં ભાગ લેતી જણાશે." આના જવાબમાં હું કહું છું કે "પ્રિય લેખક ! આજકાલ તમારા જેવા નીડર અને મહાન થોડા ગ્રન્થકારોનાં પુસ્તકો વાંચીને પણ તેમાંથી-બીજાને બોધ આપવા નીકળી પડેલા સંખ્યાબંધ લેખકોનાં નજીવાં પુસ્તકો કરતાં-આ તમારા તાડના ઝાડની સુગંધ અને માખીઓનો ગણગણાટ વધારે આવકારદાયક હું ગણીશ."

શેક્સપીઅરપર એવો આરોપ મૂકવામાં આવે છે કે તેણે પોતાના ગ્રન્થોમાં પૂર્વના ગ્રન્થોમાંથી થોડા યા વધારે ઉતારા કર્યા છે. તેના જવાબમાં **લેન્ડોર** કહે છે કે "He was more original than originals. He breathed upon dead bodies and brought them into life." "અસલના કરતાં તેનામાં પોતાના વિચારોની અધિકતા છે. તેણે મૃત શરીરોમાં જીવનશક્તિનો સંચાર કર્યો છે" આવા મનુષ્યો સંસારે પાડેલે ચીલે ચાલતા નથી, પણ સંસારને પોતે બનાવેલે ચીલે ચલવે છે.

સારો લેખક સાહિત્યશાસ્ત્રના અમુક જડ નિયમોના ગુલામ થવાનું કદાપિ પસંદ કરતો નથી. તે તો હૃદયસ્થ સર્વજ્ઞ પરમાત્માના એક લહી-આનું કામ કરે છે કે જેથી જગતમાં રહેલા પોતાના માનવ બાંધ-વોના દરરોજના જીવનકલહ ઓછા થાય. તેઓના જીવનમાં આશા અને મધુરતાનાં કિરણ રેડાય, અવિચારી અને પશુવૃત્તિનાં મનુષ્યો વિચારશીલ, દયાળુ અને નમ્ર થાય, બીકણ અને સંકોચ પામતી સ્ત્રીઓની ગુપ્ત શક્તિઓ પ્રકટ થઈને તેનો પ્રભાવ એવો અવર્ણનીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય કે જે તે સ્ત્રીઓને પણ હેરત પમાડે—આ બધું જેથી થાય એવું જ્ઞાન ફેલાવવું એજ સારા લેખકનું પરમ કર્તવ્ય છે. દરેક મનુષ્યને આત્માની દિવ્યતા અને અમરપણાનું ભાન થાય, અને પોતાના આત્માની દિવ્યતાનો તેની સમૃદ્ધિ, શક્તિ અને વૈભવ સાથે સાક્ષાત્કાર થાય, તેવા માર્ગ તરફ જો લેખક પોતાના વાચકને દોરી શકે તો પછી ટીકાકારો તેના પુસ્તકની પ્રશંસા કરે વા નિંદા કરે તેની કશીજ દરકાર કર્યા વિના તે લેખક પોતાને કૃતકૃત્ય માનશે. મોટા તાડોના વનની અંદર શાન્ત વસન્ત ઋતુનો વાયુ જે અનુપમ સંગીત ઉત્પન્ન કરે છે, તેની સાથે સરખાવતાં જમીનપર પડેલી થોડી ઝાડની ડાંખળીઓનો ખડખડાટ જેમ કશાજ હીસાબમાં નથી; તેમ તેના પુસ્તકે ઉત્પન્ન કરેલી અનુપમ અસર આગળ તે પુસ્તકની કરવામાં આવતી નિંદા પણ કશાજ મહત્ત્વની નથી.

જો તમે ધર્મગુરૂ હો તો, બીજાઓના મર્યાદિત—સંકુચિત અભિપ્રાયોની ધુંસરીમાંથી જાતે મુક્ત થઇને જે પ્રમાણમાં તમારા અંતરમાં રહેલા દિવ્ય નાદને તમે માન આપતા ચાલશો, તે પ્રમાણમાં તમે પોતેજ સારી સત્તાથી બોલી શકશો. અને ભવિષ્યવાદીઓનાં વચનોનો અભ્યાસ તમારે કરવો પડવાને બદલે તમે જાતેજ ભવિષ્યવાદી થશો. કેમકે તે માર્ગ ભૂતકાળમાં જેમ ખુલ્લો હતો, તેમ અત્યારે પણ દરેક મનુષ્યને વાસ્તે તેટલોજ ખુલ્લો છે. આ વિશ્વમાં શક્તિનું મૂળ સર્વ સ્થળે એકજ છે તો પછી તમે ચિત્રકાર હો, વક્તા હો, ગાયક હો, લેખક હો, ધર્મગુરૂ હો કે ગમે તે હો, તો પણ આટલું સ્મરણમાં રાખજો કે બીજાઓનાં હૃદયને આકર્ષવાને માટે જોઇતી શક્તિનું રહસ્ય તે અનંત શક્તિરૂપ પરમાત્માની સાથે રહીને કામ કરવામાંજ રહેલું છે કે જેથી કરીને તે શક્તિ પણ નિરંતર તમારા દ્વારા કાર્ય કરે અને તમારાદ્વારા પ્રકટ થાય. જો તમે આ બાબતમાં નિષ્ફળ નીવડયા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો પછી સર્વ બાબતોમાં નિષ્ફળજ નીવડશો. જો તમે આ કામમાં ભૂલ કરી તો પછી તમારૂં કામ ત્રીજા નંબરનું કે ચોથા નંબરનું અને બહુ તો કોઇકવાર બીજા નંબરનું થશે; પણ તે પહેલા નંબરનું તો નહિજ થાય. કોઈ પણ કામમાં તમે સર્વોપરિપણું તો ભોગવી શકશોજ નહિ.

તમે જેટલા પ્રમાણમાં તમારા આત્માની કીંમત આંકી શકશો, તેટલા પ્રમાણમાં તમે કોઈ પણ કાર્યમાં કૃતોહમંદ થશો. જ્યાંસુધી તમે સ્થૂલ શરીરના અને મનના વ્યાપારોમાંજ રમો છો, ત્યાંસુધી તમે અમુક એવાં બંધનો ઉત્પન્ન કરો છો કે જે તમને આગળ વધવા દેશે નહિ; પણ જ્યારે તમે અનંતશક્તિ અને અનંત જીવનરૂપ પ્રભુ સાથેની તમારી કુદરતી એકતાને સ્વીકારો છો અને તમારીદ્વારા તે પ્રભુ કાર્ય કરે એવી રીતે તમારા હૃદયનું દ્વાર ખુલ્લું રાખો છો ત્યારે તમને તદ્દન નવીનજ પ્રકારના જીવનનો અનુભવ થશે, અને નિરંતર વધતી જતી શક્તિ તમારામાં પ્રકટ થતી તમને જણાશે. તે વખતે તમારૂં બળ દશ મનુષ્યના બળ જેટલું થશે, કારણકે તમારૂં હૃદય પવિત્ર છે. તે વખતે તમે કહી શકશો કે:—

"હે પ્રભુ! હું મારા જન્મસિદ્ધ હક્કથી તારી સાથે એક છું; અને સર્વ સ્વર્ગીય શક્તિઓ પણ પૃથ્વીના છેડા સુધી આ દિવ્ય હક્ક પ્રકટ કરે છે. હું મારા એ દિવ્ય હક્કનો વિચાર કરૂં છું એટલે મારૂં જીવન ગુલાબની માફક વિકાસ પામે છે અને સુગંધમય વાદળ મારી ઉપર અને મારી બાજુએ ફેલાય છે. મારા આત્માના ઉંડા પડમાં આનંદનું મધુર ગીત હું સાંભળું છું અને દેવો ભેગા મળીને સુંદર રીતે ગીત ગાતા હોય તેવી અસર તે સ્વર્ગીય મધુર ગીતના શ્રવણથી મારા મન પર થાય છે. આંતરપ્રભુની ઉંચે લઇ જતી શક્તિનું મને ભાન થવા લાગે છે, તે શક્તિ મારી ચારે બાજુએ ચળકતી દિવાલની માફક ફરી વળે છે, અને મને આ પૃથ્વી પરથી ઉંચે લઇ જાય છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૮ મું.

વૈભવપ્રાપ્તિ.

પરમાત્મા અષ્ટ સિદ્ધિ અને નવ નિધિના સ્વામી છે. સર્વ વસ્તુઓને દૃશ્ય યા સ્થૂલરૂપમાં તેજ પ્રકટ કરે છે. એવા અનન્ત શક્તિમય પ્રભુની સાથે જેને એકતાની પ્રતીતિ થએલી છે તે જેવી રીતે લોહચુંબક લોઢાને આકર્ષે છે, તેમ પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ વસ્તુઓને પોતાના તરફ આકર્ષે છે.

જે મનુષ્ય નિરંતર મનમાં ગરીબાઈનાજ વિચાર કર્યા કરે છે, તેને તેવાજ સંયોગો મળતા રહે છે અને તેથી કરીને તે ગરીબજ રહે છે અથવા બને છે; અને મનુષ્યની હાલની સ્થિતિ ગમે તે હોય તોપણ જો તે પોતાના મનમાં નિરંતર વૈભવનાજ વિચારો કર્યા કરે તો સર્વ સમૃદ્ધિદાતા ઈશ્વરી મહાશક્તિની સાથે સંબંધમાં આવીને પરિણામે તે વહેલો કે મોડો સમૃદ્ધિને પ્રાપ્ત કરે છેજ. આકર્ષણનો જે નિયમ જગતમાં સર્વથા અને સર્વદા પ્રવૃત્ત થઈ રહેલો છે, તેની સાથે સંબંધ રાખતી એક સત્ય વાત એ છે કે દરેક વસ્તુ પોતાના જેવી–સજાતીય વસ્તુને પોતાના તરફ આકર્ષે છે; અને તેથી કરીને વિશ્વના સર્વ પદાર્થોના ઉદ્ભવસ્થાનરૂપ પરમાત્માની સાથેના આપણા ઐક્યનો જેમ જેમ આપણને વિશેષ વિશેષ અનુભવ થતો જાય છે, તેમ તેમ સૃષ્ટિના વસ્તુસમુદાયમાંથી આવશ્યક સર્વ વસ્તુઓ વિપુલતાથી પ્રાપ્ત કરવાની શક્તિ આપણે મેળવી શકીએ તેમ છીએ. આ શક્તિ પ્રાપ્ત કરવાથી જે સમયે જે કોઈ સ્થિતિ પ્રાપ્ત કરવાને આપણે ચાહીએ તે પ્રાપ્ત કરી શકીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ શાસ્ત્રોનો સિદ્ધાન્ત છે કે જેમ પરમાત્મા સર્વ પદાર્થોમાં છે, તેમ સર્વ પદાર્થો પણ પરમાત્માની સત્તામાંજ છે. જેટલા પ્રમાણમાં મનુષ્ય સર્વ પદાર્થોમાં ઈશ્વરને રહેલો જાણી શકે છે તથા એ જ્ઞાનને અનુસરીને જેટલા પ્રમાણમાં તે પોતાનું જીવન ગાળે છે, તેટલા પ્રમાણમાં જે કાંઇ પરમાત્માનું છે તે સર્વ તેનુંજ બને છે. મનુષ્ય પોતાને તેની પાસેથી લઈ શકવા જેવી સ્થિતિમાં જેટલા પણ પ્રમાણમાં મૂકે છે તેટલા પ્રમાણમાં પરમાત્મા તે તેને ઉદારતાથી આપે છે. હા, **સારી વસ્તુઓ કોઇને પરાણે આપતો નથી.**

લક્ષ્મી અને સરસ્વતીને વિરોધ હોવોજ જોઇએ એ કલ્પના પણ અસત્ય હોવાના આજે અનેક પુરાવા આપણી નજરે પડે છે, તેજ પ્રમાણે ગરીબાઇમાંજ પવિત્રતા હોવી જોઇએ એ કલ્પના પણ મહત્ત્વ-વિનાની છે, માટે તેવી અસત્ય કલ્પનાઓથી આપણે વેળાસર મુક્ત થવું જોઇએ. ખરૂં ધર્મિષ્ઠપણું એજ જે ખરૂં જ્ઞાનીપણું છે. જ્ઞાની પોતાની શક્તિઓને સત્કાર્યમાંજ યોજે છે, અને વિશ્વ પણ તેવાજ મનુષ્યને માટે પોતાના ભંડારો ખુલ્લા મૂકી દે છે. જો તેની આકાંક્ષા યોગ્ય અને ડહાપણભરેલી હોય તો તેના પ્રમાણમાં કુદરતી ખજાનામાંથી તે પુરી પડે છે. **મનુષ્યને સૃષ્ટિના ઉચ્ચ નિયમોમાં પૂર્ણ વિશ્વાસ આવશે, ત્યારે ગરીબાઇ તેનાપર સત્તા ચલાવી શકશે નહિ.**

શું હાલમાં તમે નોકરી વગરના ભમો છો ? તમને બીજી સારી નોકરી નહિ મળે, એવો ભય જો તમારા મનમાં દૃઢ થઇ જશે, તો તેવી નોકરી મળવાનો સંભવ ઓછો થશે, અને મળશે તો પણ તમારી યોગ્યતા કરતાં હલકા પ્રકારની મળશે. તમારી હાલની સ્થિતિ અને સંયોગો ગમે તેવા પ્રતિકૂળ હોય તો પણ તમારે આ સત્ય વાત તમારા અંતઃકરણમાં પૂર્ણ શ્રદ્ધાથી જાગ્રત રાખવી કે, તમારી અંદર એવી શક્તિઓ રહેલી છે કે જેનામાં હાલમાં જણાતી પ્રતિકૂળ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાનિકારક સ્થિતિપર જય મેળવવાનું સામર્થ્ય રહેલું છે. જો તે શક્તિનો તમે આશ્રય લો અને તેનો ઉપયોગ કરો તો લોહચુંબકની તરફ જેમ લોઢું ખેંચાતું આવે છે, તેમ નોકરી તમારી તરફ ખેંચાતી આવશે, અને તમે જે નોકરી પ્રથમ ખોઇ હતી, તેના કરતાં વધારે સારી નોકરી તમને મળી આવશે અને તમને એવું કહેવાનો પણ પ્રસંગ આવશે કે " મારી પ્રથમની નોકરી ગઇ તે ઠીક થયું, ઇશ્વરે મારા પર મોટો અનુગ્રહ કર્યો. "

જે અનન્તશક્તિમય પરમાત્મા સચરાચર વિશ્વને ચલવે છે અને નિયમમાં રાખે છે, અને જે સર્વ બ્રહ્માંડોનો નિયંતા છે, તેજ પરમાત્મશક્તિ તમારી અંદર કામ કરી રહી છે, એનો યથાર્થ ખ્યાલ લાવો; અને તેની સાથે તમારા વિચારબળનો ઉપયોગ કરતાં શીખો. વિચાર એ મહાન શક્તિ છે, અને જો તેનો ઉપયોગ બુદ્ધિપૂર્વક કરવામાં આવે તો તેનું સામર્થ્ય વિલક્ષણ અને કલ્પનાતીત છે. માટે 'તમને યોગ્ય સમયે યોગ્ય નોકરી અવશ્ય મળશે' એવી સતત ભાવના રાખો; અને તેને કદી પણ શિથિલ ન બનવા દેતાં આશારૂપી જળથી તેનું સિંચન કર્યા કરો. આમ કરવાથી તમે એક એવા દૈવી વર્તમાનપત્રમાં જાહેર ખબર આપો છો કે જેના ગ્રાહકની સંખ્યા અસીમ છે, જે પૃથ્વીના આ છેડાથી તે પેલા છેડા સુધી પ્રસરેલું છે, અને જેની ખ્યાતિ સકલ વિશ્વવ્યાપી છે. જો તમને એ દૈવી વર્તમાનપત્રમાં યોગ્ય રીતે જાહેર ખબર આપતાં આવડે તો બીજાં વર્તમાનપત્રો કે જે જાહેર ખબર માટે ઉત્તમ સાધનરૂપ ગણાય છે, તેના કરતાં આ દૈવી વર્તમાનપત્રથી તમને વિશેષ લાભ થશે. જે પ્રમાણમાં ઉચ્ચ નિયમોને તમે પીછાણશો અને તદનુસાર તમારું જીવન ગાળશો તે પ્રમાણમાં તમે આ કામ સંતોષકારક રીતે કરી શકશો એમાં સંશયજ નથી.

જ્યારે " જોઇએ છે " એવા મથાળાવાળાં વર્તમાનપત્રોનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોલમો વાંચો ત્યારે પણ તે એમ ને એમજ તરત વાંચી જતા નહિ. હૃદયની ઉચ્ચ શક્તિઓવાળી આગળ જણાવેલી ભાવના જાગ્રત કર્યા પછીજ વર્તમાનપત્ર વાંચવા માંડો. વર્તમાનપત્ર વાંચતી વખતે નીચેની ભાવના કરો કે 'યોગ્ય નોકરીની ખબર પ્રત્યે મારૂં હૃદય તરતજ તે વાતની સાક્ષી પૂરજો.' જો તમે આ પ્રમાણે પૂર્ણ શ્રદ્ધાથી કરશો તો યોગ્ય નોકરીની જાહેર ખબર આગળ તમે આવી પહોંચશો કે તરતજ અંતઃસ્ફુરણ થશે કે અમુક નોકરી સ્વીકારવા યોગ્ય છે. આ અંતઃસ્ફુરણ એ યથાર્થ રીતે તમારા આત્માનોજ અવાજ છે, માટે તે અવાજ તમે સાંભળો ત્યારે તરતજ તેને અમલમાં મૂકો.

તમને કોઈ નોકરી તમારે લાયકની ન મળી હોય અને તમને એમ લાગતું હોય કે તમે તેના કરતાં વધારે ઉચ્ચ દરજ્જાની નોકરી મેળવવાને લાયક છો, તો આ નોકરીમાં દાખલ થતાંજ તમે તમારા મનની એવી વૃત્તિ રાખો કે આ નોકરી ઉંચે ચઢવાની સીડીના એક પગથીઆરૂપ છે. આ વૃત્તિ–ભાવનાને દૃઢતાથી વળગી રહો, તેના પર વિશ્વાસ રાખો, પણ તે સાથે તમારી હાલની નોકરી પ્રમાણિકપણે કરો કે જેથી તમે વખત આવ્યે વધારે ઉંચી નોકરી મેળવી શકો. જો તમે તમારી હાલની નોકરીનું કામ સારી રીતે પ્રમાણિકપણે અને એકનિષ્ઠાથી નહિ કરો તો તે નોકરી ઉંચે લઈ જનાર પગથિયારૂપ નહિ પણ નીચે લઈ જનાર પગથિયારૂપજ થઈ પડશે.

વૈભવપ્રાપ્તિનો પણ આજ મુખ્ય નિયમ છે. તમારાપર કોઈ દેખીતી આપત્તિ આવી પડે તો તે વખતે શોકમગ્ન ન થતાં તે સ્થિતિનો બને તેટલો સદુપયોગ કરો, અને મનની એવી ભાવના રાખો કે શુભ દિવસો શીઘ્ર આવશે. આવી ભાવના મનની સન્મુખ સતત અને અડગ રીતે રાખવાથી આપણે એવી સૂક્ષ્મ પણ અનિવાર્ય શક્તિઓને ગતિમાં મૂકીએ છીએ કે જેના પ્રભાવથી હાલ જે વસ્તુઓનો આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવળ વિચારજ કરીએ છીએ, તે વસ્તુઓ કાળક્રમે સ્થૂલરૂપમાં પ્રકટ થશેજ. વિચારની ગુપ્ત શક્તિ અકલ્પનીય છે. જો તે વિચારોને યોગ્ય રૂપમાં લાવવામાં આવે, અને તેને યથાર્થ જળસિંચન મળે તો યોગ્ય સમયમાં તેને સ્થૂલરૂપમાં પ્રકટ થયેલા આપણે જોઇ શકીશું.

'મારૂં નશીબ ફુટેલું છે' એવા નિરાશાજનક વિચારો કરવામાં સમયનો દુરૂપયોગ કરવાને બદલે તમારી ઇચ્છા પ્રમાણે ભવિષ્યની સ્થિતિ થાય તેવા પ્રયત્નો કરવામાં તમારા સમયનો સદુપયોગ કરો. તમારી દશા સમૃદ્ધ અને વૈભવસંપન્ન થશેજ, એવી ભાવના શાંતિથી, દૃઢતાથી અને શ્રદ્ધાથી જાગ્રત રાખો. તેને આશાના જળનું નિરંતર સિંચન કર્યા કરો. આ પ્રમાણે કરવાથી તમે તમારી ઇષ્ટ સ્થિતિને તમારી તરફ લોહચુંબકની માફક આકર્ષી શકો એવી તમારી દશા થાય છે. આ પ્રમાણે તમે વિશ્વની અનેક સૂક્ષ્મ પણ પ્રબળ શક્તિઓનો ઉપયોગ કરી શકો તેમ છો. 'અમુક વસ્તુને પ્રાપ્ત કરવાથી તમારી માનસિક અને શારીરિક ઉન્નતિ થશે, અને તમે બીજાઓને વધારે ઉપયોગી થઇ શકશો' એવી જો તમારી હૃદયની અભિલાષા હોય તો તમારા મન સાથે એવો નિશ્ચય કરો કે તે વસ્તુ તમને યોગ્ય સમયે, યોગ્ય રસ્તે અને યોગ્ય સાધનદ્વારા મળી આવે અથવા તમને એવો માર્ગ જડે કે જે દ્વારા તમે તે વસ્તુને પ્રાપ્ત કરી શકો.

અમેરિકાના એક શહેરમાં એક સ્ત્રી રહેતી હતી, તેને અમુક સારા કામને માટે અમુક રકમની જરૂર હતી. તે રૂપીઆ નહિ મળવાનું કારણ તે સમજી શકતી ન હતી. અંદરની શક્તિઓના બળમાં તેને સંપૂર્ણ વિશ્વાસ હતો. તેણે આપણે આગળ વિચારી ગયા તે નિયમો પ્રમાણે પોતાના મનની સ્થિતિ બનાવી. પ્રાતઃકાળમાં તે કેટલાક સમય સુધી એકાંતમાં શાંતિથી બેસીને આ વિશ્વની મહાન શક્તિની સાથેનું પોતાનું ઐક્ય અનુભવવા લાગી. તે દિવસની સાંજ પણ ન પડી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં તો એક સદ્‌ગૃહસ્થ જેના કુટુંબ સાથે તેને પરિચય હતો, તે ત્યાં આવ્યો અને આવા તરીકે તેને ત્યાં થોડા સમય સુધી કામ કરવા વિનતિ કરી. આ પોતાની ભાવનાનો પ્રત્યુત્તર છે, એમ સમજી તેણે તે માગણી સ્વીકારી. તેણે તે કામ માથે લીધું અને તે સદ્‌ગૃહસ્થને પૂર્ણ સંતોષ થાય તેવી રીતે તે બજાવ્યું. જ્યારે કામ પૂર્ણ થયું ત્યારે તેને આશા હતી તેથી પણ અધિક રૂપીઆ તે સદ્‌ગૃહસ્થે તેને આપ્યા. તેની મહેનતના પ્રમાણમાં તે રકમ વધારે હોવાથી તેણે તે લેવા ના પાડી. તેના જવાબમાં તે સદ્‌ગૃહસ્થે કહ્યું: " અમારા બાળકની જે ઉત્તમ સેવા તમે ખરા દિલથી કરી છે, તેના પ્રમાણમાં આ રકમ કાંઇજ નથી." આ પ્રમાણે તે બાઇને જે પરમાર્થી કામ માટે જેટલા ધનની જરૂર હતી તેથી પણ અધિક રકમ મળી ગઇ, અને તેણે પોતાનું પરમાર્થનું કામ ખરા અંતઃકરણથી આરંભ્યું.

ઉચ્ચ શક્તિઓ કેવી રીતે કામ કરે છે, તેના જે અનેક દાખલા આપી શકાય તેમ છે, તેમાંનો એક ઉપર જણાવેલો દાખલો આપણને એક વધુ ઉપયોગી બોધપાઠ આપે છે કે: " કેવળ હાથ જોડી બેસી રહેતા નહિ; તમારા બોળામાં વસ્તુઓ તેની મેળે આવીને પડશે એમ પણ માનતા નહિ. ઉચ્ચ શક્તિઓને ગતિમાં મૂકો અને પછી જે કામ કરવાનું હાથ આવે તે કરવા માંડો. જે કામ કરવાનું જડી આવે તે કરો અને તે પણ સારી રીતે કરો; અને એથી પણ ઉચ્ચ પ્રકારના કામની આકાંક્ષા રહેતી હોય તો ભાવના જગવો કે આ કામ તમને વધારે ઉચ્ચ કામ મેળવી આપવામાં સાધનભૂત થાય.

જગતની સર્વોત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરવાની જો તમારા હૃદયમાં આકાંક્ષા હોય તો તે સ્થિતિને માટે યોગ્ય હોય તેવા વિચારોથી તમારા મનને ભરી દો, તે વિચારોના રાજ્યમાં તમે રહો. જો તમે મનથી હવેલીમાં રહેવાની ભાવના કરશો તો હવેલી જેવાં મકાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારી તરફ ખેંચાતાં આવશે; પણ આ ભાવના કરતી વખતે હાલની તમારી ઝુંપડી ઉપર તમને તિરસ્કાર ન થવો જોઇએ. તેમજ તે ભવ્ય સ્થિતિ પ્રાપ્ત કરવાને અધીરા પણ બનવું નહિ. તમારી વર્તમાન સ્થિતિમાં રહીનેજ ઉચ્ચ સ્થિતિનો અનુભવ કરતા હો એવી ભાવના રાખો. આવી ભાવનાઓ શાંતિથી કરવી પણ સતત કરવી. જો તમે પીતળની થાળીમાં ભોજન કરતા હો તો તે વખતે ભાવના રાખો કે આ પીતળની થાળીમાંથી રૂપાની થાળીમાં ખાવાનો પ્રસંગ પણ આવશેજ; પરંતુ ચાંદીની થાળીમાં ભોજન કરનારપ્રતિ તમને દ્વેષ જરા પણ ન આવવો જોઇએ, કારણ કે એવા દુષ્ટ મનોવિકારો મહત્ત્વાકાંક્ષાની સિદ્ધિમાં ઉપયોગી થઈ પડનાર મનોબળને અસ્તવ્યસ્ત કરી નાખે છે અને તેથી વિજય આઘો ને આઘો જતો જાય છે.

જેને આંતર શક્તિઓ સંબંધી જ્ઞાન છે અને જે પોતાનું દરેક કર્તવ્ય તે જ્ઞાનને અનુસરીને બજાવે છે, તેવો એક મિત્ર નીચે પ્રમાણે સૂચન કરે છે. "તમે કોઇ વાર ભયંકર જંગલમાં જાઓ, અને તે સમયે જો કોઈ રીંછ તમારાપર હલ્લો કરવાનું કરે, તો તે સમયે તમે ભયભીત થયા તો અવશ્ય માનજો કે તેના પંઝામાંથી તમે બચી શકશો નહિ; પણ નિર્ભય ચિત્તથી જો તમે એક નજરે તે પશુ તરફ દૃષ્ટિ રાખશો, તો તે પશુ તમને હેરાન કર્યા સિવાય નાસવા માંડશે. *"

આ ઉપરથી આપણે એ શીખવાનું છે કે આપત્તિ આવી પડતાં ધૈર્ય છોડી દેવાથી તે આપત્તિ આપણાપર એવડું બળ દાખવશે, અને જો આપણી બાહ્ય સ્થિતિપર સ્વામિત્વ ચલાવવાનું બળ આપણામાં રહેલું છે એવી ખાત્રી આપણને હોય તો તે આપત્તિ દૂર ભાગવા માંડશે અને તેને બદલે સંપત્તિ આવવા લાગશે. જ્યારે આપત્તિ આવે

* જુઓ સ્વામી રામતીર્થ ચરિત્ર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે ધૈર્યથી અને શાંત ચિત્તથી તેનું સ્વરૂપ વિચારો અને નિષ્કારણ ચિંતા, ભય કે પશ્ચાત્તાપમાં સમય ગાળવાને બદલે તમારી અંદર રહેલી મહાન શક્તિરૂપી અજેય સેનાને તેની સામે લાવો એટલે તેના બળવડે વિપત્તિરૂપ શત્રુ પરાજય પામી જશે.

અંતરાત્માના સામર્થ્યપર પૂર્ણ વિશ્વાસ હોવો એ વિજયનો રામબાણ ઉપાય છે. પ્રત્યેક મનુષ્યના વિજય યા પરાભવનો આધાર બાહ્ય પરિસ્થિતિપર નહિ પણ તેના પોતાના ઉપરજ રહેલો છે, એ ભાળતનો જ્યારે આપણને પરિપૂર્ણ ખ્યાલ આવશે ત્યારે આપણામાં એક એવી શક્તિ પ્રકટ થશે કે જે આપણી બાહ્ય પ્રતિકૂળ સ્થિતિને ફેરવીને અનુકૂળ સ્થિતિ ઉત્પન્ન કરશે. જેમ જેમ આપણને ઉચ્ચ નિયમોનું જ્ઞાન થશે અને જેમ જેમ તે નિયમોને આપણા જીવનમાં ઉતારીશું તેમ તેમ આપણે આપણી જાગ્રત થયેલી આંતર શક્તિઓને એવા રૂપમાં દોરવીશું કે તે બાહ્ય સૃષ્ટિમાંથી ઘરએઠાંજ આપણા ઈષ્ટ પદાર્થોને અને વિજયને આપણા તરફ આકર્ષી લાવશે.

જગતમાંના ઘણાખરા મનુષ્યો પોતાને વ્યવહારકુશળ લેખીને તે ભાળતનું તેઓ અભિમાન રાખે છે, પણ ખરૂં જોતાં તો તેમના જેવા અવ્યવહારકુશળ બીજા કોઇ નથી; કારણ કે પોતાનું–પોતાના આત્માનું શ્રેય શેમાં રહેલું છે, તે તેઓ બીલકુલ જાણતા નથી અને તેથી જગતના અશાશ્વત પદાર્થોની પાછળ દોડવા જેટલીજ તેમની વ્યવહારકુશળતા છે.

કોઈ મનુષ્ય આખી દુનિયાને જીતે, પરંતુ જો તે પોતાના આત્માને ન ઓળખે, હું કોણ અને મારૂં અહીં શું પ્રયોજન છે એ વાત ન જાણે તો તેના દુનિયાના જયથી લાભ શો ? લાખો અને કરોડો મનુષ્યો એવા અજ્ઞાનને લીધે ખરા જીવનનો આસ્વાદ ખુએ છે, કારણ કે ખરૂં જીવન શું છે તેનો કક્કો પણ તેમના જાણવામાં નથી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ ધનસંપત્તિના અને વૈભવના ગુલામ છે; તેઓ પોતાને ધન–વૈભવના માલીક માને છે, પણ વસ્તુતઃ તો ધન–વૈભવજ તેમનાપર માલીકી ચલવતા હોય છે; તેઓ પોતાના મિત્રોનું કે જગતનું કંઇ પણ ભલું કરી શકતા નથી; તેઓનું જીવન નિરર્થક વ્યતીત થાય છે, અને જે સ્થૂલ શરીરવડે આ સ્થૂલ દુનિયાની સાથે તેઓ સંબંધમાં હતા, તે શરીર જ્યારે તેઓને છોડવું પડે છે, ત્યારે તેઓની સ્થિતિ ખરેખર ઘણી શોચનીય બને છે. કારણ કે આ સંચિત કરેલા દ્રવ્યમાંથી તેઓ પોતાની સાથે એક કુટેલી બદામ પણ લઇ જઇ શકતા નથી; અને માત્ર ભૌતિક સંપત્તિ સિવાય આત્મિક સંપત્તિનો લેશ પણ ભાગ તેમની પાસે નહિ હોવાને લીધે આધ્યાત્મિક દૃષ્ટિએ પરલોકમાં તેઓ તદ્દન નગ્નાવસ્થામાં અને ગરીબ હાલતમાં માલૂમ પડે છે. દયાળુ કામો, ઉચ્ચ પ્રકારના સદ્‌ગુણો, આત્માની ખીલવેલી શક્તિઓ ઇત્યાદિ આંતર જીવનની સમૃદ્ધિ કે જે આત્માનો ખરો વૈભવ છે, તે બાબતને તેવા મનુષ્યોના વિચારોમાં ભાગ્યેજ સ્થાન મળ્યું હોય છે અને તેથી આ ખરા વૈભવથી તેઓ નિરંતર દૂરજ રહે છે; એટલુંજ નહિ પણ ઉલટી કેટલીક નહિ ઇચ્છવાયોગ્ય બાસીઅતો તેમનામાં દૃષ્ટિગોચર થાય છે. જગતમાં રહીને પોષેલી ખરાબ વૃત્તિઓ અને વાસનાઓનો નાશ કાંઇ સ્થૂળ શરીરના નાશ સાથે થતો નથી. ખરાબ આદતો દેહના નાશ સાથે નાશ પામી જશે અને આપણું અંતઃકરણ એકદમ નિર્મળ થઇ જશે, એ માન્યતા તદ્દન ખોટી છે.

જેણે અશાશ્વત સ્થૂલ વૈભવનો સંચય કરવામાંજ પોતાનું સમગ્ર જીવન વ્યતીત કર્યું છે, તે સ્થૂલ શરીરનો ત્યાગ કર્યા પછી પણ વાસનાની બેડીમાંથી મુક્ત થતો નથી, કેમકે પરલોકમાં તેની વાસના તૃપ્ત કરવાનું સાધન તેને મળતું નથી. તે અમુક ટેવનો ગુલામ થયેલો હોવાથી કેટલાક વખત સુધી તો બીજી સારી બાબતોપર તેનું ચિત્તજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોંટતું નથી અને પોતાની ઇચ્છા તૃપ્ત કરવાનું સાધન નહિ હોવાથી તે રીબાય છે. જે ધનસંચય તે પોતાનો માનતો હતો, તેનો તેની પાછળના ઉડાઉ છોકરાઓ અથવા વારસોના હાથે થતો દુરૂપયોગ જોઇને ઘણીવાર તે વિશેષ દુઃખી થાય છે. તે પોતાના ધનનું વસીયત નામું કરે છે, પણ તેની સૂચના પ્રમાણે તેનો અમલ કરવામાં તે હવે ભાગ લઇ શકતો નથી, એ પણ ઘણીવાર દુઃખનું કારણ બને છે.

જો આમજ હોય તો પછી સ્થૂલ વૈભવ અને સમૃદ્ધિને આપણી માનવામાં આપણે કેટલી મોટી મૂર્ખતા દર્શાવીએ છીએ? પ્રભુની પૃથ્વીને અમુક એકરની વાડ બાંધીને કહેવું કે આ પૃથ્વી મારી છે, તે કેવું વિચિત્ર છે? જે ચીજને આપણે આપણી પાસે સદા રાખી ન શકીએ, તે આપણી છેજ નહિ. આપણે વસ્તુઓના માલીક કહેવાઇએ, અથવા તો આપણે તે વસ્તુઓને સંગ્રહી રાખીએ, તેથી કાંઈ તે વસ્તુઓ આપણા ઉપયોગમાં આવતી નથી. આપણે તે વસ્તુઓને વાપરીએ, તેનો સદુપયોગ કરીએ, તેટલા માટેજ તે આપણા હાથમાં આવે છે. આપણે તો ફક્ત તેના ટ્રસ્ટી છીએ, અને આપણને જે સોંપવામાં આવ્યું હતું, તેનો આપણે શો ઉપયોગ કર્યો, તેનો ટ્રસ્ટી તરીકે આપણે જવાબ આપવો પડશે. આ ટ્રસ્ટીની જોખમદારીનો નિયમ આપણે યથાર્થ ન સમજીએ અથવા આપણા પોતાના સંબંધમાં પણ તે કાર્ય કરે છે એમ આપણને કદાચ ખ્યાલ ન આવે, છતાં તે એકસરખી રીતે સર્વત્ર પ્રસરી રહ્યો છે.

જે મનુષ્યને ઉચ્ચ જીવનનો અનુભવ થવા લાગ્યો છે, તે મનુષ્ય પુષ્કળ ધન એકઠું કરવા કદી ઇચ્છતો નથી તેમજ બીજી વસ્તુઓમાં પણ હદબહાર જવા કદી તે ચહાતો નથી. મારી અંદરજ અતિ ઉત્તમ ધન ભરેલું છે, એનો જેમ જેમ તેને ખ્યાલ આવતો જાય છે તેમ તેમ બાહ્ય ધનનું મહત્ત્વ તેને મન ઓછું થતું ચાલે છે. તે એ વાતને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યથાર્થ સમજવા લાગે છે કે તેની અંદર જે ભંડાર ભરેલો છે, ત્યાંથી તેની જરૂરીઆત પ્રમાણે ઇષ્ટ વસ્તુઓ જ્યારે જોઇએ ત્યારે તે મેળવી શકે તેમ છે; એટલે પછી તે સ્થૂલ ધન એકઠું કરવામાંજ તે પોતાનો સમય ગુમાવતો નથી. કારણ કે તે જાણે છે કે તેમ કરવાથી તેનો સમય જીવનની શાશ્વત વસ્તુઓ પરથી ખસેડી તે હલકી વસ્તુઓની ચિંતા અને સંભાળ પાછળ ગાળવો પડે છે. તેવો મનુષ્ય તો પ્રથમ આંતરરાજ્યને શોધે છે; અને તે માને છે કે જ્યારે તે મળશે, ત્યારે તેની સાથે અન્ય સર્વ વસ્તુઓ પણ અધિક પ્રમાણમાં તેને મળી જશે.

એક મહાન્ પુરૂષ કે જેની પાસે પ્રત્યક્ષ રીતે કાંઈજ ન હતું, પણ વસ્તુતઃ સર્વ હતું, તેણે કહ્યું છે કે ઉંટને સોયના કાણામાં પેસવું જેટલું કઠણ છે, તેટલું ધનવાનને સ્વર્ગમાં જવું કઠણ છે. કહેવાનો ભાવાર્થ એ છે કે જો કોઇ મનુષ્ય પોતાનો સઘળો વખત પોતાને જોઇએ તે કરતાં પણ અધિક જડ પદાર્થો એકઠા કરવામાં, અને સંગ્રહી રાખવામાં પસાર કરે તો પછી તે આંતર અલૌકિક રાજ્ય કે જેની પ્રાપ્તિથી સર્વ વસ્તુઓ પ્રાપ્ત થાય છે, તે રાજ્ય મેળવવાને તેને ક્યાંથી સમય મળે ? નીચે જણાવેલી બે બાબતોમાં કયી વધારે ઉત્તમ છે, તેનો ખ્યાલ લાવો. એક બાજુએ લાખો–કરોડો રૂપીઆ એકઠા કરવા અને તેની સંભાળ રાખવી; (કારણ કે રૂપીઆની સાથે તેના રક્ષણની ફીકર આવી જાય છે) અને બીજી બાજુએ એવી શક્તિઓ અને નિયમોનું જ્ઞાન થવું કે જેથી યોગ્ય સમયે આપણી માગણીના પ્રમાણમાં સઘળી જરૂરીયાતની ચીજો મળી આવે; આ બેમાં જે ઉત્તમ માર્ગ હોય તે પસંદ કરો.

ઉચ્ચ જ્ઞાનના આંતર રાજ્યમાં પ્રવેશ કરનાર મનુષ્ય, દુનિયાના બીજા ધનની પાછળ ગાંડા થઈ ફરનારા મનુષ્યોના જેવો હોતો નથી. જેમ શરીરના રોગથી મનુષ્ય કંટાળે તેમ તે એવા ગાંડપણથી કંટાળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. જ્યારે ઉચ્ચ શક્તિઓનો આપણને અનુભવ થતો જશે, ત્યારે આપણે કેવળ પુષ્કળ ધન કે જે આપણને ખરી રીતે મદદ કરવાને બદલે આપણી ઉન્નતિને અટકાવે છે–તેની પ્રાપ્તિ પાછળજ ધ્યાન આપવાને બદલે ખરા જીવનને શોધીશું. બીજી ઘણી બાબતોની માફક આ બાબતમાં પણ આપણે મધ્યમ માર્ગ પકડીશું તો આપણે આ પ્રશ્નના ખરા સમાધાનની સમીપ આવીશું.

ધનની પણ સીમા હોય છે. અમુક પ્રમાણથી અધિક ધનનો બરાબર ઉપયોગ થતો નથી, તે સમયે તે ધન સહાયક થવાને બદલે એક પ્રકારનું બાધક થાય છે–આશીર્વાદરૂપ થવાને બદલે શાપરૂપ થાય છે.

આપણી આસપાસના મનુષ્યોના મોટા ભાગનું જીવન આપણને ઘણું સંકુચિત અને હલકું લાગે છે; કારણ કે તેમણે અત્યારસુધીની જીંદગી કેવળ ધન કમાવામાંજ વ્યતીત કરી છે, પરંતુ હજી પણ જો તેઓ જીંદગીનો સદુપયોગ કરવા માંડે તો તેઓ પોતાની બાકીની જીંદગીને સુખમય, સુંદર અને આનંદિત બનાવી શકે તેમ હોય છે.

જે મનુષ્ય આખી જીંદગી સુધી ધન કમાવામાં અને સંગ્રહવામાંજ પ્રવૃત્ત થયેલો હોય છે, અને જે બહુ તો માત્ર મરતી વખતેજ પરોપકારને વાસ્તે નાણાં કાઢે છે; તે મનુષ્યની જીંદગી ઉત્તમ તો નજ કહી શકાય. હું મરતી વખતે સર્વ પરોપકારમાં ખર્ચીશ, એવા આશયથી મેં ધન એકઠું કર્યું હતું એવી તેની દલીલ વ્યાજબી ન ગણાય. મારા ફાટી ગયેલા જુના જોડા, જે હવે મારા કામમાં આવે એવા નથી તે જો હું કોઇને આપું તો તેમાં કાંઇ ખાસ મહત્ત્વ ગણાય નહિ; પરંતુ જો હું એક નવા મજબૂત જોડા એવા મનુષ્યને આપું કે જેની પાસે ગરમીની ઋતુમાં જોડા નથી અને જે પોતાના કુટુંબનું પાલનપોષણ કરવાને પોતાનાથી બનતું પ્રમાણિકપણે કરે છે; તો તેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરો પરોપકાર છે. વળી તે જોડાની સાથે જો હું તેને મારો પ્રેમ પણ આપું તો તેને એવડી બક્ષીસ મળે છે, અને મને બમણી આશિષ મળે છે.

મનુષ્યે એકઠા કરેલા ધનનો સદુપયોગ કરવાનો સારામાં સારો માર્ગ એ છે કે તેણે પોતે જીવે ત્યાં સુધી દિનપ્રતિદિન તેનો જાતે પોતાનાથી બને તે રીતે બીજાના કલ્યાણાર્થે ઉપયોગ કરવો. આ પ્રમાણે તેનું જીવન વધારે ઉન્નત અને વિકાસવાળું થશે. એક સમય ભવિષ્યમાં એવો પણ આવશે કે જ્યારે મનુષ્યે પોતાની પાછળ પુષ્કળ ધન મૂકી જવું એ તેની એક પ્રકારની અપકીર્તિ લેખાશે. કહેવાનો ભાવાર્થ એ છે કે પરોપકારનાં કામ પોતાની ભવિષ્યની પ્રજાને સોંપી જવા કરતાં દરેક મનુષ્યે જીવતાંજ જાતે પોતાની મીલકતનો બને તેટલો સદુપયોગ કરવો જોઇએ.

આજકાલ મહેલમાં રહેનારા ઘણા પુરૂષો સામાન્ય ઝુંપડામાં રહેનાર પુરૂષ કરતાં પણ ખરા જીવનની ખુબીમાં ઘણા ગરીબ હોય છે. એવો મનુષ્ય ભલે મહેલનો માલીક હોય અને મહેલમાં રહેતો હોય, છતાં તે મહેલ તે મનુષ્યને માટે તો અનાથાલય જેવોજ છે. જે ધન કેવળ એકઠુંજ કરી રાખવામાં આવ્યું હોય છે અને જે કોઇના પણ કામમાં આવે તેમ હોતું નથી, તેનો નાશ કરવામાં અને તેને વિખેરી નાખવામાં તથા બીજા સારા ઉપયોગી આકારમાં લાવવામાં ઈશ્વર ડહાપણથીજ ઉધઈ અને કાટ વગેરે સાધનોનો ઉપયોગ કરે છે. વળી એક એવો પણ નિયમ કુદરતમાં કામ રહી રહ્યો છે કે જેના પ્રભાવથી કેવળ સંચય કરનારની આનંદ ભોગવવાની શક્તિ ખુઠ્ઠી થતી જાય છે, અને ઉચ્ચ શક્તિઓ પણ નાશ પામતી જાય છે.

ઘણા પુરૂષો જુની વસ્તુઓને વળગી રહીને ઘણી ઉમદા અને સારી ચીજો મેળવવાને બેનશીબ રહે છે. તે જુની ચીજોને જો તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાપરે અથવા બીજાને આપે તોજ નવી ચીજોને માટે અવકાશ થાય છે. કેવળ સંચય કરવાથી તો કોઇ ને કોઈ પ્રકારની હાનિજ ઉદ્‌ભવે છે; અને સદુપયોગ કરવાથી નવું જીવન મળ્યાં કરે છે.

જો એકાદ વૃક્ષ અજ્ઞાનથી તેમજ લોભથી પોતાપરનાં ચાલુ વર્ષનાં પાંદડાંનો ઉપયોગ થઈ રહ્યા પછી પણ તેને પોતાના ઉપર વળગી રહેવા દે તો પછી વસંતઋતુમાં પૂર્ણ અને સુંદર નવજીવન તેને કેવી રીતે પ્રાપ્ત થાય? પરિણામે તેવું વૃક્ષ ધીમે ધીમે જીર્ણ થવા લાગીને છેવટે મરી જાય છે. માટે તે વૃક્ષે પોતાનું જીવન લંબાવવાને માટે જૂનાં પાંદડાં નીકળી જવા દઈને નવાં પાંદડાંને માટે અવકાશ આપવોજ જોઇએ. મતલબ કે જગતના પદાર્થોનો સંગ્રહજ ન કર્યા કરતાં તેનો સદુપયોગ કરવાથી અને વિવેકપૂર્વક તે બીજાને આપવાથી નવી ચીજો પોતાની મેળેજ આપણને આવી મળશે કે જે અસલની ચીજો કરતાં આપણી હાલની જરૂરીયાતોને વિશેષ લાભકારી થશે. પરમાત્માનો અખૂટ ભંડાર પણ એજ પ્રકારે આપણને પ્રાપ્ત થઈ શકે છે; એટલુંજ નહિ પણ આપણે પોતે પણ પરમાત્માના સામર્થ્ય અને ઐશ્વર્યને જગત તરફ વહેવરાવનારી એક એવી નળીરૂપ બની શકીએ છીએ કે જે નળીદ્વારા બીજાં પણ અનેક યોગ્ય મનુષ્યો તે સામર્થ્ય અને ઐશ્વર્યનો લાભ મેળવવાને શક્તિમાન થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૯ મું.

મહાત્મા, જ્ઞાની, ઋષિ અને જગદુદ્ધારક થવાનો નિયમ

આપણે અહીં સુધી જે સત્યો વિચાર્યા તે સર્વનો આધાર મનુષ્યની બુદ્ધિ અને અંતર્દૃષ્ટિપર રહેલો છે. બીજાનો ઉપદેશ પછી ભલેને તે જ્ઞાનીઓનો હોય–તેનાપર આધાર રાખી કોઇ પણ વસ્તુનું વર્ણન અત્યાર સુધી કરવામાં આવ્યું નથી. આજે આપણે સંસારના મહાન આત્માઓ અને વિચારકોએ પ્રકટ કરેલા વિચારોના પ્રકાશથી તે સત્યોની તુલના કરીએ.

અત્યાર સુધી જે કાંઇ લખવામાં આવ્યું છે તેનો સારાંશ એ છે કે મનુષ્યજીવનનું સર્વોત્કૃષ્ટ તત્ત્વ અનન્ત ચૈતન્યની સાથે જ્ઞાનપૂર્વક એકતાનું ભાન કરવામાં અને તેના દિવ્ય પ્રવાહ તરફ આપણા અંતઃકરણને ખુલ્લું મૂકવામાં રહેલું છે. એક મહાત્માએ કહ્યું છે કે "હું અને મારા પરમ પિતા એકજ છીએ." વળી તેમણે કહ્યું છે કે "જે વાત હું તમને જણાવું છું, તેનો કહેનાર હું નહિ પણ અંતર્યામી પરમાત્મા છે, કારણ કે સર્વ કાર્યનો કર્તા તેજ છે." અર્થાત્ મનુષ્ય પોતે કર્તા નથી, પણ જે પ્રમાણમાં તે પ્રભુની સાથે રહીને કામ કરે છે; તે પ્રમાણમાં તેની મારફતે પરમ પિતાજ કાર્ય કરે છે. તે આગળ કહે છે કે "મારા પિતા કામ કરે છે, અને હું કામ કરું છું–અર્થાત્ પરમાત્મા શક્તિ મોકલે છે, હું તેને ઝીલું છું અને તેની સાથે એકતાન થઇ કામ કરું છું." આગળ વધીને તે એટલે સુધી કહે છે કે "તમે ઇશ્વરી રાજ્ય અને તેની ધાર્મિકતાને શોધો કે જે વડે સર્વ વસ્તુઓ આપોઆપ તમને મળી જશે." વળી તેમણે કહ્યું છે કે "સ્વર્ગ કાંઇ બહાર નથી, પણ આપણી અંદરજ રહેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. સ્વર્ગીય રાજ્ય અથવા ઈશ્વરી રાજ્ય આપણાથી ભિન્ન નથી.'' જ્યારે ઈશ્વરની સાથેના ઐક્યનું તમને ભાન થશે ત્યારે તમને ઈશ્વરી રાજ્ય જડશે, અને સર્વ ઇષ્ટ વસ્તુઓ સ્વયમેવ આવી મળશે. બાઇબલમાં એક ઉડાઉ છોકરાનું દૃષ્ટાન્ત છે; તે આ સ્થળે બરાબર બંધબેસતું આવે તેવું છે. જ્યારે તે ઉડાઉ છોકરાએ વિષયભોગમાં પોતાની પાસેની સઘળી દોલત ખર્ચી નાખી, છતાં પણ જ્યારે તેનું ચિત્ત સંતોષ ન પામ્યું અને પોતે જાણે માત્ર પશુજ હોય એમ તેને ભાસવા લાગ્યું ત્યારે તેને ભાન આવ્યું અને તે કહેવા લાગ્યો કે " હું હવે જાગીને મારા પિતા પાસે જઇશ." બીજી રીતે વિચારીએ તો આ બધું ભ્રમણ કર્યા પછી તેનો આત્મા તેને કહેવા લાગ્યો કે " તું ફક્ત પશુ નથી. તું તારા પિતાનો પુત્ર છે. ઉઠ અને તારા પિતા પાસે જા કે જેની પાસે સર્વ ખજાનો છે." આ ઉપરથી જણાય છે કે સત્ય જીવન પરમાત્માંથીજ પ્રાપ્ત થાય છે. આપણાં માતપિતા તો આપણને રહેવા વાસ્તે શરીરરૂપી ઘર પુરૂં પાડનારાં છે; પરંતુ આપણું સત્ય જીવન તો તે પરમાત્મામાંથીજ ઉદ્‌ભવેલું છે.

એક દિવસે કોઇએ એક મહાન પુરૂષને કહ્યું કે તમારાં ભાઈ બ્હેન વગેરે તમને મળવાને વાસ્તે બહાર આવી ઉભાં રહ્યાં છે. તેના જવાબમાં તેમણે કહ્યું કે "મારો ભાઈ કોણ? મારી બ્હેન કોણ? મારી માતા કોણ? જે મારા પરમ પિતાની ઇચ્છાને અનુસરીને જીવન ગાળે છે, તેજ મારો ભાઈ છે, તેજ મારી બ્હેન છે અને તેજ મારી માતા છે."

ઘણાં મનુષ્યો સ્વજનના બંધનમાં બંધાયેલાં હોય છે; પરંતુ લોહીના સંબંધથી જોડાયેલાં સ્ત્રી પુરૂષોજ આપણાં ખરાં સંબંધીઓ નથી. જેઓ આપણી સાથે વિચારમાં, આચારમાં એક છે, તેઓજ વસ્તુતઃ આપણાં ખરાં સંબંધીઓ છે. પછી તે સંબંધીઓ આપણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજદીક રહેતાં હોય કે દુનિયાના બીજા ભાગમાં રહેતાં હોય, તેની દરકત નથી. એવાં સંબંધીઓને આપણે કદી પણ જોયાં નહિ હોય છતાં આકર્ષણના નિયમાનુસાર આપણાં હૃદય એકબીજા પ્રત્યે આકર્ષાશેજ.

એક સ્થળે કહ્યું છે કે **त्वमेव माता च पिता त्वमेव**। આ કથનમાં પ્રભુના પિતૃત્વનો મહાન સિદ્ધાંત રહેલો છે અને જો ઈશ્વર સર્વનો પિતા હોય તો તે ઉપરથી ફલિત થાય છે કે આપણે સર્વ બંધુઓ છીએ. વળી એમાં ઉત્તમ બાબત એ રહેલી છે કે મનુષ્ય અને ઈશ્વરની એકતા છે, અને તેટલા માટે સકળ મનુષ્ય જાતિની એકતા છે. જ્યારે આપણને આ બાબતનું જ્ઞાન થાય છે ત્યારે આપણને ખુલ્લું જણાઇ આવે છે કે જે પ્રમાણમાં આપણે પરમાત્માની સાથેની આપણી એકતાનો અનુભવ કરીશું અને જે પ્રમાણમાં આપણે ઈશ્વરાભિમુખ થઇશું; તે પ્રમાણમાં સકળ માનવજાતિને ઉંચે લઇ જવામાં–ઈશ્વરપ્રતિ એક પગથિયું ચઢાવવામાં આપણે સહાયક થઇશું.

મહાત્મા ક્રાઇસ્ટે એક સ્થળે કહ્યું છે કે "જ્યાં સુધી તમે નાના બાળક સમાન નહિ થાઓ, ત્યાંસુધી સ્વર્ગીય રાજ્યમાં તમે પ્રવેશ કરી શકશો નહિ." બીજે સ્થળે એમ પણ કહ્યું છે કે "માનવજાતિનો જીવનનો આધાર કેવળ રોટીપરજ નથી."

આ ઉપરથી એ ઉપદેશ નીકળે છે કે આ સ્થૂલ જીવનનો આધાર કેવળ અન્નપર નથી, પણ જે પ્રમાણમાં મનુષ્ય અનન્ત જીવનની સાથે સંબંધ કરી શકે છે; તે પ્રમાણમાં તેનું સ્થૂલ જીવન સુધરતું જાય છે. "જેઓ હૃદયના પવિત્ર છે, તેઓને ધન્યવાદ ઘટે છે, કારણ કે તેઓ પરમાત્માને જોઇ શકશે."

મનુ ભગવાને કહ્યું છે કે "જે મનુષ્ય પોતાના આત્મામાં સર્વ પ્રાણીઓના પરમ આત્માને જોઈ શકે છે અને જે સર્વ તરફ સમભાવથી જુએ છે, તે મનુષ્યજ સર્વોત્કૃષ્ટ આનન્દ પ્રાપ્ત કરે છે." એથેનેસીઅસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું છે કે " આપણે આ સ્થૂલ દેહમાં રહેવા છતાં પણ પ્રભુ થઇ શકીએ." જે સત્યનો આપણે વિચાર કરીએ છીએ, તે સત્ય, ગૌતમ-બુદ્ધના જીવનમાં તેમજ ઉપદેશમાં પણ પ્રત્યક્ષ માલૂમ પડે છે. તેમણે કહ્યું છે કે " લોકો અહંભાવને છોડતા નથી માટેજ બંધનમાં પડયા છે." દેહાભિમાનને દૂર કરી પરમાત્મ–તત્ત્વ સાથે એકતા અનુભવવી; એજ મહાત્મા બુદ્ધના ઉપલા ઉપદેશનો રહસ્યાર્થ છે. સર્વ મહાત્માઓનો એવોજ અભિપ્રાય છે.

મહાત્મા **સ્વીડ**નબોર્ગ પણ જણાવે છે કે ઉચ્ચ જીવનના અનુભવને માટે દિવ્ય પ્રવાહની જરૂર છે, અને જે પ્રમાણમાં તે પ્રવાહ ઝીલવાને આપણે લાયક થઇએ; તે પ્રમાણમાં તે પ્રવાહ આપણી અંદર અને આપણાદ્વારા કામ કરે છે. 'ફ્રેન્ડઝ' નામના એક મંડળનો ધર્મ અને માન્યતા પણ એજ હતી કે મનુષ્ય જે પ્રમાણમાં પરમાત્મા તરફ પોતાના આત્માને વાળે છે; તે પ્રમાણમાં મનુષ્યના આત્મામાં પરમાત્મા બોલે છે. એક બીજા સંતે પણ કહ્યું છે કે આપણે સર્વ દિવ્ય સામર્થ્ય-મય પરમાત્માને વહેવા માટેની નીકો છીએ અને જે પ્રમાણમાં મનુષ્ય તે દિવ્ય પ્રવાહને પોતાની અંદર વહેવા દે છે; તે પ્રમાણમાં તે ભવિષ્યવેત્તા કે પેગમ્બર કે મહાત્મા બને છે. સકળ સંસારના ઇતિ-હાસ તરફ દૃષ્ટિ કરવાથી પણ એ વાત સ્પષ્ટ જણાઈ આવશે કે જે જે મનુષ્યોએ અધ્યાત્મ જ્ઞાનના રાજ્યમાં પ્રવેશ કરીને અલૌકિક શક્તિ મેળવી છે, તેઓએજ સત્ય શાંતિ અને અપૂર્વ આનન્દ અનુભવ્યાં છે. ડેવીડ નામનો એક સાધુ બહુજ દૃઢ તેમજ શક્તિમાન્ હતો. જે પ્રમાણમાં તે ઈશ્વરી ધ્વનિ શ્રવણ કરતો હતો, તે પ્રમાણમાં તેનો આત્મા ઈશ્વરની સ્તુતિમાં લીન થઈ જતો અને તે તે ઈશ્વરી અવાજને અનુ-સરીનેજ પોતાનું જીવન ગાળતો હતો. એમ કરવામાં જ્યારે પણ તેની ભૂલ થતી ત્યારે તેનો આત્મા દુઃખ અને દીલગીરીથી રોતો હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ તેને લાગતું હતું. આ બાબત દરેક વ્યક્તિ તેમજ દરેક પ્રજાને એકસરખી રીતે લાગુ પડે છે. જ્યાં સુધી યાહુદી લોકો ઈશ્વરને માનતા હતા અને તેની આજ્ઞાને અનુસરીને વર્તતા હતા, ત્યાં સુધી તેઓ સુખી, સંતોષી અને શક્તિમાન હતા; અને તેમના સામે થવાને કોઇની પણ તાકાત નહતી. પછી જ્યારે તેઓ કેવળ પોતાનાજ બળ-પર આધાર રાખવા લાગ્યા અને તેઓની પાછળ જે ઈશ્વરી બળ કામ કરતું હતું તેને ભૂલવા લાગ્યા, ત્યારે તેઓ હારવા લાગ્યા અને નિરાશાના વમળમાં પડયા.

જેઓ ઈશ્વરીય આજ્ઞાને સાંભળે છે, અને તે પ્રમાણે પોતાનું જીવન ગાળે છે, તેમને ધન્ય છે.—આ વાક્યમાં પરમ સત્ય રહેલું છે. જે પ્રમાણમાં એ ઉચ્ચ પ્રકાશને અનુસરીને આપણે આપણું જીવન ગાળીશું, તે પ્રમાણમાં આપણું જ્ઞાન વધતું જશે.

સર્વ પેગમ્બરો, ઋષિઓ અને જગદુદ્ધારકો એ મહત્ત્વનું પદ અમુક કુદરતી નિયમો પ્રમાણે વર્તવાને લીધેજ મેળવી શક્યા છે. અનંત જીવન—પરમાત્મા સાથેનું પોતાનું ઐક્ય સમજી તેઓએ તેને જ્ઞાનપૂર્વક અનુ-ભવ્યું હતું. પરમાત્મા તો સર્વ તરફ સમભાવથી જુએ છે. તે પોતે સંતો, ઋષિઓ અને જગદુદ્ધારકોને ઉત્પન્ન કરતો નથી. તે તો મનુ-ષ્યોને ઉત્પન્ન કરે છે, પણ જે મનુષ્ય પોતાના જીવનની પરમાત્મ-જીવન સાથે એકતા અનુભવે છે, તે પેગમ્બર કે ઋષિ કે મહાત્મા બને છે. તે કોઈ અમુક પ્રજા કે દેશ વિષે પક્ષપાત ધરાવતો નથી, પણ જે પ્રજા અથવા દેશના લોકો તેને પીછાણે છે, તેઓને તે પોતાના પ્રિય જનો માને છે. ચમત્કાર પણ અમુક સ્થાનમાં અથવા તો અમુક સમયમાંજ થવા જોઇએ, એવું કાંઇજ નથી. જ્યાં પણ અનુકૂળ સ્થિતિ અને સંયોગો ઉત્પન્ન થાય છે, ત્યાં સર્વ કાળમાં ચમત્કારો થવા પામ્યા છે. જેવી રીતે પ્રાચીન કાળમાં ઉચ્ચ નિયમને માન આપવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતું હતું, તેવું માન આપવામાં આવે તો અત્યારે પણ પ્રાચીન કાળના જેવાજ ચમત્કારો બની શકે. પ્રાચીન કાળના મહાન પુરૂષો ઈશ્વરની સાથે ચાલતા હતા. 'ઈશ્વરની સાથે ચાલતા હતા' એ શબ્દોમાંજ તે પુરૂષોના મહત્ત્વનું રહસ્ય રહેલું છે. જે પ્રમાણમાં મનુષ્ય ઈશ્વરની સાથે ચાલે છે, તે પ્રમાણમાં તે મહાન્ છે. અહીં પણ કાર્ય–કારણનો નિયમ કામ કરી રહ્યો છે.

પ્રભુ કોઇને સમૃદ્ધિશાળી બનાવતો નથી, પણ જે મનુષ્ય પ્રભુને પીછાણી ઉચ્ચ નિયમને અનુસરી, પોતાનું જીવન વ્યતીત કરે છે, તે સમૃદ્ધિશાળી થાય છે. સોલોમાનને તેની મરજી પ્રમાણે માગવાને તક આપવામાં આવતાં તેણે બુદ્ધિ વાપરીને જ્ઞાનનીજ માગણી કરી; કારણ કે જ્ઞાનમાં સર્વ બાબતો સમાઇ જાય છે.

आत्मैव ह्यात्मनो बन्धु रात्मैव रिपुरात्मनः ॥

આત્માજ આત્માનો બંધુ છે અને આત્માજ આત્માનો શત્રુ છે. આપણા મિત્ર અને શત્રુ આપણે પોતેજ છીએ. જે પ્રમાણમાં આપણા હૃદયમાં રહેલા સર્વોત્કૃષ્ટ અને સર્વોત્તમ તત્ત્વના આપણે મિત્ર બનીશું તે પ્રમાણમાં આપણે સર્વના સાચા મિત્ર બનીશું, અને જે પ્રમાણમાં તે તત્ત્વના આપણે વિરોધી બનીશું તે પ્રમાણમાં આપણે સર્વના શત્રુ બનીશું. જે પ્રમાણમાં આપણે આપણા હૃદયને ઉચ્ચ શક્તિઓ તરફ ખુલ્લું રાખીશું અને તે ઉચ્ચ પ્રવાહને આપણા હૃદયમાં વહેવા દઇશું, તે પ્રમાણમાં આત્મિક પ્રેરણાઓના બળથી આપણે મનુષ્ય-જાતિના અને એકબીજાના ઉદ્ધારક બનીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૦ મું.

સર્વ ધર્મોનું સમાન તત્ત્વ.

જે પરમ સત્યનો આપણે અત્યારસુધી વિચાર કરતા આવ્યા છીએ, તેજ સર્વ ધર્મનું મૂળ તત્ત્વ છે. દરેક ધર્મમાં તે માલૂમ પડે છે. સર્વ ધર્મો તેના સંબંધમાં એકમત છે. મનુષ્યો અમુક એકજ ધર્મ માનતા હોય કે ભિન્ન ભિન્ન ધર્મના અનુયાયીઓ હોય, છતાં તે સર્વે આ બાબતમાં મળતા આવે એ અસ્વાભાવિક નથી.

કોઇએક સ્થળના લોકો માંહોમાંહે લડયા કરતા હોય, એવામાં જો તે સ્થળમાં એકાએક કોઈ આફત આવી પડે–નદીમાં રેલ આવે અથવા દુષ્કાળ પડે કે મરકી જેવો કોઇ રોગ ફેલાય–તો તે સમયે તેઓ અંગત મતભેદોને છોડી દઇ કલેશકંકાસને દૂર કરે છે, અને તે સંકટ દૂર કરવાને સર્વે એક મત થઈ સાથે મળીને કામ કરવા મંડી પડે છે. આમ થવાનું કારણ એ છે કે બદલાતું અને ધીમે ધીમે ઉન્નતિ પામતું અશાશ્વત તત્ત્વ તકરારો–વાદવિવાદો–કલેશો વગેરેને ઉત્પન્ન કરે છે, પણ આત્મારૂપી શાશ્વત તત્ત્વ પ્રેમ અને સેવાના રૂપમાં સર્વની સાથે મળી કામ કરે છે.

સ્વદેશાભિમાનનો ગુણ ઉત્તમ છે અને દરેક મનુષ્ય પોતાના દેશપ્રતિ પ્રેમ રાખે એ બહુ સારી વાત છે; પરંતુ જો હું મારા સ્વદેશપ્રતિ પ્રેમ રાખું અને બીજા દેશોને ધિક્કારું તો તેથી મારા હૃદયની લઘુતા પ્રકટ થાય છે અને તેથી સ્વદેશ પ્રત્યેના સાચા પ્રેમની કસોટીમાં પણ હું નિષ્ફળજ નીવડીશ. હું સ્વદેશપ્રતિ પ્રેમ રાખું તેટલોજ પ્રેમ અન્ય દેશોપ્રતિ રાખું તોજ મારા હૃદયની ઉદારતા અને વિશાળતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવાય; અને આવા પ્રકારનું સ્વદેશાભિમાનજ પ્રશસ્ય અને વિશ્વાસ રાખવાલાયક છે.

પરમાત્મા અખિલવિશ્વના સર્વ જીવોના અનંત મૂળરૂપ છે, તે સર્વેના આધારભૂત છે, સર્વ જીવોની મારફતે અને સર્વ જીવોમાં તેમના જીવનરૂપે તે પ્રભુજ કામ કરી રહ્યો છે. સર્વ લોક અને સર્વ ધર્મ આ બાબતનો સ્વીકાર કરે છે; અને જો આ વાત ખરા હૃદયથી સ્વીકારવામાં આવે તો પછી કોઇ પણ નાસ્તિક કે અધર્મી ઠરે તેમ નથી.

ઈશ્વરના સંબંધમાં કેટલાકો જે અભિપ્રાયો ધરાવે છે, તે જો ખરા હોય તો તેને અનુસરીને કેટલાક નાસ્તિક અને અધર્મી ઠરે ખરા. કેટલાક ભક્તો અને ધાર્મિક ઝનુનવાળા પુરુષો ઈશ્વરમાં–ગુણના નામથી–એવા દોષોનું આરોપણ કરે છે કે જે દોષો કોઇ સામાન્ય મનુષ્ય પણ પોતાને લાગુ પાડવાની રજા આપી શકે નહિ. ઈશ્વર પોતાના બાળકો ભણી ક્રોધ, ઈર્ષ્યા, વેર જેવી વૃત્તિઓ રાખી શકેજ નહિ; છતાં અણસમજુ મનુષ્યો ઈશ્વર માટે તેવોજ અભિપ્રાય ધરાવે છે. ક્રોધ, ઇર્ષ્યા, વેર વગેરે દોષો જેનામાં હોય તેવા પુરૂષ કે સ્ત્રી સંબંધી આપણે પણ હલકો અભિપ્રાય ધરાવીએ છીએ, તે છતાં આશ્ચર્યની વાત છે કે એવા દોષોનું ખુદ ઈશ્વર ઉપરજ આરોપણ કરતાં મનુષ્યો અચકાતા નથી !

ખરી રીતે વિચારીએ તો ચોકખા દિલના સ્પષ્ટ વક્તાઓજ ધર્મના ખરા મિત્રો છે. તેઓજ પરમાત્માના ખરા ભક્તો છે. તેઓજ મનુષ્ય જાતિના ખરા સેવકો છે. મહાત્મા બુદ્ધ, ક્રાઇસ્ટ, નાનક, કબીર વગેરે એવા ખરેખરા સ્પષ્ટ વક્તા હતા; કારણ કે તેઓ ચાલતા આવેલા અયોગ્ય રીતરીવાજો અને માન્યતાઓથી જરા પણ બંધાયા ન હતા.

જ્યારે મહાત્મા બુદ્ધે હિંસારૂપી દુષ્ટ રાક્ષસીની વિરૂદ્ધ પ્રબળ શસ્ત્ર ઉઠાવ્યું અને પ્રાચીન રીવાજ પશુ–યજ્ઞની વિરૂદ્ધમાં ઉપદેશ આપવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રારંભ કર્યો; ત્યારે તે સમયના ધર્મિષ્ઠ ગણાતા ઘણાએ આસ્તિક પુરુષોએ તેમને નાસ્તિક અને પાખંડી ઠરાવવામાં જરાએ પાછી પાની કરી ન હતી. પરંતુ જ્યારે તેમના ઉપદેશનો પ્રચાર થયો અને ઈશ્વરી જ્યોતિ તેમનાદ્વારા ચમકવા લાગી; ત્યારે સર્વ કોઇ તેમના તરફ પૂજ્યબુદ્ધિથી જોવા લાગ્યું, અને લોકો તેમને ઈશ્વરાવતાર તરીકે ઓળખવા લાગ્યા.

જે અતિ મહત્વના સત્યની બાબતમાં આપણે સર્વે એકમત છીએ, તે સત્ય એક સોનેરી દોરીરૂપ છે, અને તે સર્વ ધર્મમાં વ્યાપી રહેલી છે. જ્યારે પણ આપણે તે સત્યને આપણા પોતાના દરરોજના જીવનમાં વણીશું, ત્યારે નજીવા મતભેદો, સાંકડા હૃદયના બાંધી લીધેલા અભિપ્રાયો, અને હાસ્ય ઉત્પન્ન કરે તેવી તકરારો તેમની ક્ષુદ્રતાને લીધે પોતાની મેળેજ ચાલ્યાં જશે; અને હૃદયમાં એવી વિશાળ ઉદારતા આવશે કે એક યાહુદી ખ્રીસ્તીદેવલમાં, એક ખ્રીસ્તી યાહુદીદેવલમાં, એક મુસલમાન હિંદુમંદિરમાં, અને એક હિંદુ મસ્જીદમાં, તેમજ એક બૌદ્ધ ખ્રીસ્તીમંદિરમાં અને એક ખ્રીસ્તી બૌદ્ધમંદિરમાં જઇ પ્રભુની ઉપાસના કરતાં જરા પણ અચકાશે નહિ. લોકો પોતાના ઘરમાં બેસીને, પર્વતપર જઇને અથવા તો પોતાનો દરરોજનો ધંધો કરતાં કરતાં પણ પ્રભુની ઉપાસના કરી શકશે. ઉપાસનાને માટે પ્રભુ અને આત્મા એ બેનીજ જરૂર છે; અમુક કાળ, સ્થાન કે પ્રસંગની જરૂર નથી. દરેક સમયે અને દરેક સ્થળમાં મનુષ્યનો આત્મા અને પ્રભુ મળી શકે અને પરસ્પર વાત પણ કરી શકે.

ઘણી બાબતો એવી હોય છે કે, જેના સંબંધમાં બધા એકમત ન પણ થાય; પરંતુ તે બાબતો નજીવી અને અંગત હોઇને કાળે કરીને નાશ પામી જાય છે. મૂળ સિદ્ધાન્તને નહિ સમજનાર એક ખ્રીસ્તી પ્રશ્ન કરે છે કે શું ક્રાઇસ્ટને ઈશ્વરી પ્રેરણા નહોતી થઇ ? હા, થઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી, પણ ઈશ્વરી પ્રેરણા ઝીલનાર તે એકલાજ ન હતા. એક બૌદ્ધ પૂછવાને દોરવાય કે શું બુદ્ધને સત્યનો પ્રકાશ મળ્યો ન હતો? હા, મળ્યો હતો, પણ તે પ્રકાશ મેળવનાર તે એકલાજ ન હતા.

મુસલમાનબંધુ એમ સવાલ કરવાને દોરવાય કે શું મહમદ સાહેબે ઈશ્વરી અવાજ નહોતો સાંભળ્યો? હા, સાંભળ્યો હતો, પણ તે અવાજ સાંભળનાર કાંઇ તેઓ એકજ ન હતા. કોઇ ખ્રીસ્તી પૂછે કે શું બાઇબલ ઈશ્વરપ્રેરિત નથી? હા, છે, પણ બીજા પણ ઈશ્વરપ્રેરિત ગ્રન્થો છે. એક બ્રાહ્મણ એમ પૂછી શકે કે શું વેદો ઈશ્વરપ્રેરિત નથી? હા, છે, પણ બીજા પણ પવિત્ર ગ્રન્થો ઈશ્વરપ્રેરિત છે. તમારા પવિત્ર ગ્રન્થોને ઈશ્વરપ્રેરિત માનવામાં તમારી ભૂલ થતી નથી, પણ જગતમાં બીજા પણ જે ઈશ્વરપ્રેરિત ગ્રન્થો છે, તે બાબતમાં આનાકાની કરવામાંજ તમારી ભૂલ થાય છે, અને તમારી સંકુચિત હૃદયવૃત્તિ જણાઇ આવે છે.

પવિત્ર પુસ્તકો અથવા પ્રેરિત ગ્રન્થો–સર્વનું મૂળ એકજ પરમાત્મા છે. પોતાનાદ્વારા ઈશ્વર બોલી શકે એવી રીતે જેઓ પોતાના આત્માને ખુલ્લા રાખે છે તેમનાદ્વારા ઈશ્વરજ ઉપદેશ આપે છે. તેની પ્રેરણા ઝીલવાને માટે કેટલાક વિશેષ લાયક હોય અને કેટલાક ઓછા લાયક પણ હોય. તેનો દિવ્ય અવાજ સાંભળવાને માટે જે પ્રમાણમાં મનુષ્ય પોતાના આત્માને ખુલ્લો રાખે છે, તે પ્રમાણમાં તે તેની પ્રેરણાને અવશ્ય ગ્રહણ કરી શકે છે. પવિત્ર ગ્રન્થનો એક લેખક જણાવે છે કે:–જ્ઞાન એ દિવ્યશક્તિનો શ્વાસ છે અને દરેક જમાનામાં જે પવિત્ર આત્મામાં તે શ્વાસ આવે છે, તેઓ પ્રભુના મિત્રો અને પેગમ્બરો બને છે.

પરમાત્માએ અમુકજ મુઠીભર પોતાના બાળકો સન્મુખ અમુકજ સમયે અને આ પૃથ્વીના અમુકજ વિભાગમાં પોતાનું સ્વરૂપ પ્રકટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યું છે, એવું વિચારનારા મનુષ્યો ખરેખરજ સંકુચિત વૃત્તિવાળા છે. પ્રભુ એવી રીતે કામ કરતો નથી. આ વાત પુરેપુરી સત્ય છે કે પ્રભુ અમુક દેશ કે અમુક મનુષ્યો તરફજ પ્રેમ અને જ્ઞાન દર્શાવવાવાળો નથી. તેનો પ્રેમ અને જ્ઞાન તેની પોતાની પેઠેજ સર્વ દેશ અને સર્વ કાળમાં સર્વ મનુષ્યો માટે તૈયાર છે. દરેક દેશમાંથી જે કોઇ મનુષ્ય તેને પૂર્ણ ભાવથી ભજે છે, અને સત્યપરાયણ જીવન ગાળે છે, તેના તરફ અનિવાર્ય નિયમને અનુસરીને આપોઆપજ તે જ્ઞાન અને પ્રેમ આકર્ષાઇ આવીને તેને જીવાત્મામાંથી મહાત્મામાં ફેરવી નાખે છે.

જો ઉપરના સત્યની આપણને યથાર્થ પ્રતીતિ થાય તો પછી અમુક વ્યક્તિ કયા ધર્મને અનુસરે છે, એ બાબત નકામી થઇ પડે છે; અને આ પરમ સત્ય પ્રમાણે પોતાનું જીવન તે કેટલે અંશે ગાળે છે, તેજ વાત તે માણસની યોગ્યતાની તુલના કરવા માટે ખાસ અગત્યની રહે છે. 'મારો ધર્મજ સાચો છે' એવી એકદેશી વૃત્તિ જેટલા પ્રમાણમાં આપણે ઓછી કરીને ઉપલા સર્વમાન્ય સત્ય તરફ પ્રીતિ વધારતા જઇશું તેટલાજ પ્રમાણમાં, બીજાઓને તેમના ધર્મમાંથી આપણા ધર્મમાં લાવવાનું કામ આપણને ભૂલભરેલું અને બીનજરૂરનું લાગ્યા વિના રહેશે નહિ; એટલુંજ નહિ પરંતુ તેમને અનુકૂળ આવે તેવે માર્ગે તેમને સત્યનો સાક્ષાત્કાર કરાવવામાં આપણે ઉલટી સહાયજ આપીશું. ચીનનો વિદ્વાન્ જણાવે છે કે:–"**હૃદયના પ્રમાણિકપણામાંજ ધર્મનું ખરૂં રહસ્ય સમાયેલું છે,**" અને આપણને શોધ કરતાં માલૂમ પડશે કે ધર્મસંસ્થાપકના નામને યોગ્ય દરેક મહાન પુરુષનો આવોજ સિદ્ધાંત છે.

સઘળા ધર્મનાં મૂળ તત્ત્વો એકસરખાંજ છે. જૂદા જૂદા લોકોના વિકાસના પ્રમાણમાં માત્ર નાની નાની બાબતોમાંજ તેમના મત જુદા પડે છે. મને ઘણીવાર પૂછવામાં આવે છે કે "તમારો ધર્મ કયો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું પ્રત્યુત્તરમાં જણાવું છું કે "પ્રિય બન્ધુ! આવો પ્રશ્ન કેમ પૂછવો પડ્યો? જેમ અનંતજીવન–પરમાત્મા એકજ છે તેમ ધર્મ પણ એકજ છે. જુદા જુદા લોકોની જુદી જુદી સમજશક્તિને લીધે તેમજ દેશ, કાળ ઇત્યાદિ સંયોગોના ભેદને લીધે એકજ મૂળ ધર્મના જુદા જુદા ફાંટારૂપી સંપ્રદાયો નીકળેલા છે, અને તે ભેદો પણ વસ્તુતઃ બહુજ ઓછા મહત્ત્વના છે. જેમ જેમ જીવાત્મા વિશેષ વિકાસ પામતો જાય છે તેમ તેમ તેને આ ભેદો ઓછી અગત્યના લાગે છે; જેથી જગતમાં દેખાતા જુદા જુદા નામવાળા ધર્મો યથાર્થ રીતે તો એકજ ધર્મ છે. જે ક્ષણે આપણે ઉપર જણાવેલા સત્યનો અનાદર કરીને સત્ય ધર્મના શાશ્વત અને જીવનપ્રદ તત્ત્વથી દૂર ખસીએ છીએ તેજ ક્ષણે આપણે અમુક બંધનોથી બંધાઇએ છીએ; અને જે પ્રમાણમાં આપણે ઉપર પ્રમાણે વર્તીએ છીએ તે પ્રમાણમાં આપણે આપણી આસપાસ એવી દિવાલો બાંધીએ છીએ કે જેથી બીજા ધર્મના મનુષ્યો પણ આપણાથી દૂરજ રહે છે, અને આપણને પોતાને પણ વિશ્વવ્યાપી સત્યનો સાક્ષાત્કાર કરવામાં તે દિવાલો અડચણરૂપ થાય છે; કેમકે જે **માન્યતા કે સિદ્ધાંત સર્વવ્યાપી નથી તે સત્યના નામને લાયક નથી.**

ધર્મ તો ફક્ત એકજ છે. ઇશ્વરી પ્રેરણા પામેલો ઇરાનના પવિત્ર ગ્રન્થોનો લેખક જણાવે છે કે:–"હું ગમે તે રસ્તો ગ્રહણ કરું, છતાં આગળ જતાં તે તારી પાસે લઇ જનારા ધોરી માર્ગમાંજ ભળી જાય છે." ઇશ્વરે જગતમાં પાથરેલી ધર્મરૂપી વિશાળ શેત્રંજીમાં જુદા જુદા ધર્મોરૂપી જુદા જુદા રંગના અટાપટાઓ છે અને તેપર આકાશની પેઠે ઉંચ અને નીચ, ધનવાન અને ગરીબ એ સર્વને માટે એકસરખો અને પુરેપુરો અવકાશ છે.

એક બૌદ્ધ મહાત્મા કહે છે કે **પવિત્ર મનુષ્ય પ્રત્યેક ધર્મને માન આપે છે.** એક ચીનનો તત્ત્વજ્ઞાની જણાવે છે કે:–"વિશાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયના મનુષ્યો ભિન્ન ભિન્ન ધર્મોમાં રહેલા એક અભિન્ન સત્યને જુએ છે, ત્યારે સંકુચિત દૃષ્ટિવાળાની નજરે કેવળ ભેદભાવજ દેખાયા કરે છે." હિંદુ ધર્મ જણાવે છે કેઃ–" अयं निजः परो वेति गणना लघुचेतसाम् । उदारचरितानां तु वसुधैव कुटुंबकम् અર્થાત્–આ માઇ છે અને આ પારકું છે, એવું સંકુચિત હૃદયના પુરૂષોજ માને છે, પરંતુ ઉદાર ચરિત્રવાળા સજ્જનોને મન તો સમગ્ર પૃથ્વી પોતાના કુટુંબતુલ્ય છે." એક ખ્રિસ્તી જણાવે છે કેઃ–" વેદી પર જુદા જુદા પ્રકારનાં પુષ્પ ચઢે છે પણ સઘળી પૂજાનું લક્ષ્યબિંદુ તો એકજ હોય છે." સ્વર્ગ એક મહેલરૂપ છે અને તેમાં પેસવાનાં અનેક દ્વાર છે. દરેક મનુષ્ય પોતાને અનુકૂળ આવે તે દ્વારથી તે મહેલમાં દાખલ થઈ શકે છે. શું આપણે બધા એકજ પ્રભુના બાળકો નથી ? પ્રભુએ આ પૃથ્વી ઉપર વસવા માટે સઘળી પ્રજાઓને એકજ લોહીની બનાવી છે. અર્વાચીન કાળના એક જ્ઞાનીએ કહ્યું છે કેઃ–" મનુષ્યના આત્માને માટે પ્રાચીન સમયમાં જે લાભકારક હતું તે પ્રભુએ તે સમયના લોકોને શીખવ્યું હતું અને અત્યારે જે લાભકારક છે તે તે આજે શીખવે છે."

રાજકવિ ટેનીસને એક સ્થળે કહ્યું છે કેઃ–" મેં એક સ્વપ્ન જોયું કે જેમાં પત્થર ઉપર પત્થર મૂકી એક પવિત્ર મકાન બનાવ્યું. તે પવિત્ર મકાન નહોતું મંદિર, કે નહોતી મસજીદ, કે નહોતું (ખ્રિસ્તી ભાઇઓનું) દેવળ; પણ તે ઘણુંજ ઉંચું અને સારું હતું અને સ્વર્ગમાંથી આવતી દરેક પવનની લહેરના પ્રવેશ માટે તેનાં દ્વાર ખુલ્લાં હતાં. સત્ય, શાન્તિ, પ્રેમ અને ન્યાય આ ચાર તત્ત્વોએ આવીને તે પવિત્ર મકાનમાં નિવાસ કર્યો હતો."

ધર્મ તેના ખરા સ્વરૂપમાં મનુષ્યના આત્માને આનંદ આપનાર ઉંચામાં ઉંચી વસ્તુ છે. જ્યારે આપણને ધર્મનો તેના ખરા સ્વરૂપમાં અનુભવ થાય છે ત્યારે આપણને લાગે છે કે તે ધર્મ કદાપિ ઉદાસી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નતા, અંધકાર કે દુઃખ ઉત્પન્ન કરશે નહિ, પણ સર્વથા તે શાન્તિ, આનંદ અને સુખનોજ આપનાર થશે. તે ધર્મ કોઇને પણ તિરસ્કાર-પાત્ર નહિ લાગે પણ સર્વને રુચિકર થશે. ધર્મગુરૂઓએ આ સત્ય સિદ્ધાન્તોને બરોબર સમજવા જોઇએ અને લોકોને તેમના આત્માના સ્વરૂપ સંબંધી અને આત્મા પરમાત્માના ઐક્ય સંબંધી જ્ઞાન આપ-વામાં તેઓએ પોતાના સમય અને શક્તિનો વ્યય કરવો જોઇએ. જો આમ થાય તો એટલો બધો આનંદ વ્યાપી રહે અને મંદિરો, મ-સ્જીદો અને દેવળોમાં લોકોનાં એટલાં તો ઝુંડનાં ઝુંડ આવે કે તે સ્થળોમાં એ લોકો સમાઇ પણ ન શકે; અને લોકોના હૃદયમાંથી આનંદના ઉદ્‌ગાર એટલા પ્રમાણમાં નિરંતર નીકળ્યા કરશે કે જેથી તે દરરોજના જીવનને ઉપયોગી થઈ પડનારા સત્ય અને જીવનશક્તિને આપનારા ધર્મને સર્વ કોઇ ચહાવા લાગશે. સંસારના દરરોજના જીવન-પ્રસંગમાં અમુક ધર્મ જેટલે અંશે લાભકારી નીવડે છે તેટલે અંશેજ તે ધર્મ સત્ય છે. જો તે આ કસોટીમાં પસાર ન થઇ શકે તો સમ-જવું કે તે ધર્મ ધર્મના નામને પાત્ર નથી. આ દુનિયાના આપણા દરરોજના કાર્યમાં ઉપયોગી થઈ પડે એવા ધર્મનીજ આપણને અત્યારે જરૂર છે. એવા ધર્મ સિવાય બીજા ધર્મના સંબંધમાં કરેલો શક્તિ અને સમયનો વ્યય નિરર્થક છે. વ્યવહારમાં દરરોજ આવી પડતા પ્રસંગો ઉપર તે ધર્મનો આપણે ધ્યાનપૂર્વક સદુપયોગ કરીએ, તોજ આપણે ખરી રીતે જીવ્યા કહીએ એમ કહી શકાય; જો એટલું પણ ન કરી શકીએ તો આપણું જીવન નિરર્થકજ ગયું એમ માનવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૧ મું.

સર્વોત્કૃષ્ટ લક્ષ્મીનો અનુભવ કરવાનો માર્ગ.

મને વારંવાર એ પ્રશ્ન પૂછવામાં આવે છે કે "પરમાત્મા સાથેના ઐક્યનો અનુભવ કરવાનો વ્યવહારિક માર્ગ કયો ? તમે જણાવેલા સિદ્ધાંતો ઘણાજ સુંદર છે અને ખરા પણ લાગે છે; પરંતુ જે અનુભવથી અતિ આશ્ચર્યકારક પરિણામ આવે, તે અનુભવને આપણા જીવનમાં આપણે કેવી રીતે ઉતારી શકીએ ?"

માર્ગ તો સરલ છે, તેને વિકટ બનાવવો કે નહિ એ આપણા હાથમાં છે. અનુભવની કુંચી **"ખુલ્લાં રાખો"** એ શબ્દમાં રહેલી છે.

આપણે ફક્ત આપણાં મન અને હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખવાનાં છે કે જેથી ચૈતન્યનો દિવ્ય પ્રવાહ પોતાને પેસવાના માર્ગની રાહ જોયા કરે છે તે આપણામાં દાખલ થઇ શકે. ઉપરના મુખ્ય જળાશયમાં તો તે દિવ્ય ચૈતન્યરૂપ પાણી ભરેલુંજ છે. માત્ર તેની સાથે સંબંધ રાખતો દરવાજોજ ખુલ્લો કરો એટલે તરતજ તે પાણી પોતાના જાતિ સ્વભાવને અનુસરીને નીચેનાં ખેતરોમાં ભરાવા લાગશે અને ખેતરોને ફળદ્રૂપ બનાવશે. અનંત જ્ઞાન, સામર્થ્ય અને આનંદના અનુપમ સાગરરૂપ પરમાત્મા સાથે આપણે શો સંબંધ છે, અને તેનો આપણી સાથે શો સંબંધ છે તે અત્યારસુધીમાં આપણે બહુજ સારી રીતે વિચારી ગયા છીએ. જેથી હવે ફક્ત કહેવાનું એટલુંજ છે કે તે પરમાત્મા અને આપણી વચ્ચેના ઐક્યનો સાક્ષાત્કાર કરો. મન અને હૃદય તેના અદ્‌ભુત ઐશ્વર્યને ગ્રહણ કરવાયોગ્ય અનુકૂળ સ્થિતિમાં આવી શકે તેવી રીતે તેમને ખુલ્લાં રાખવાં એ સર્વથી મુખ્ય બાબત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, અને તે પછી અંતઃકરણની તીવ્ર ઇચ્છા એ બીજી બાબત છે. સ્થૂલ ઇંદ્રિયો બાહ્ય પદાર્થોથી સંક્ષોભ ન પામે તેવી મનની એકાંત શાન્ત સ્થિતિમાં દરરોજ થોડી પળ સુધી રહેવાનો અભ્યાસ પાડવો એ પ્રારંભના પગથીઆમાં ઘણુંજ સહાયકારક થઇ પડશે. એ શાન્તિના સમયમાં પ્રભુની કૃપાનો અથવા તેની સાથેના ઐક્યનો અનુભવ મેળવવાને અનુકૂળ સ્થિતિમાં રહો અને આ પ્રસાદરૂપ અનુભવ તમને અવશ્ય થશે એવી દૃઢ ભાવના રાખો. અનુભવરૂપ કિરણ પ્રથમ તમારા અંતરાત્મામાં ઉતરશે, અને પછી તમારા મનમાં તે પ્રકટ થશે, અને ધીમે ધીમે તેની શક્તિ તમારા શરીરના દરેક અંગમાં તમે પ્રકટ થતી અનુભવશો. જે પ્રમાણમાં તમને આ અનુભવ થશે, તે પ્રમાણમાં તેની શાંતિજનક અને પ્રકાશ આપનારી શક્તિ તમારામાં કામ કરતી તમને લાગશે; આથી તમારો અંતરાત્મા, મન અને શરીર પરસ્પર અનુકૂળતાથી વર્તવા લાગશે અને તે આખા જગતની સાથે પણ અનુકૂળ સંબંધમાં આવવા લાગશે. તમે ઉપર જણાવેલી ઉચ્ચ દશારૂપી પર્વતની ટોચે ઉભા હો, ત્યારે પ્રભુનો જે હિતાવહ નાદ તમે સાંભળો, તે નાદને તમે ત્યાંથી નીચે ઉતરો ત્યારે પણ યાદ રાખીને તમારી સાથે લાવવાનું ભૂલતા નહિ. જો કે તમને તે પર્વતના શિખરપરનો અનુભવ દરેક પળે નહિ થાય તો પણ આ રીતે તમે ત્યાં અનુભવેલી સુંદરતા, પ્રેરણા અને પ્રકાશનું સ્મરણ કરી તદનુસાર ઉત્તમ પ્રકારનું જીવન ગાળી શકશો.

આ રીતે અભ્યાસ વધારતાં વધારતાં એવો પણ સમય તમારા જીવનમાં આવી પહોંચશે કે જ્યારે એકાદ વ્યાપારીની દુકાનમાં અથવા તો ધોંધાટવાળા બજારમાં પણ તમે બાહ્ય વિષયોપર માનસિક પડદો નાખી તમારા મનને અંતર્મુખ વાળી શકો અને ત્યાં પણ તમે અનંત જીવન, અનંત પ્રેમ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત શક્તિ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનંત સમૃદ્ધિના મૂળરૂપ પરમાત્મા કે જે તમને દોરવે છે, તમને જાળવે છે, તમારું રક્ષણ કરે છે, અને તમને માર્ગ દર્શાવે છે, તેનો તમે અનુભવ કરી શકશો. શાશ્વત પ્રાર્થના તે આનું જ નામ છે. નિરંતર પ્રાર્થના કરવી તે આજ. પ્રભુને પીછાણવો અને પ્રભુ સાથે ચાલવું તે પણ આજ સ્થિતિ. પ્રભુને પોતામાં જોવો તે પણ આજ દશા. આનું જ નામ નવો જન્મ અથવા બીજો જન્મ. પહેલો જન્મ સ્વાભાવિક જન્મ છે, બીજો જન્મ આધ્યાત્મિક જન્મ છે; કેમકે આ સમયે પશુવૃત્તિ નાશ પામી દૈવી વૃત્તિનો જન્મ થાય છે. મનુષ્યની ગમે તેવી માન્યતા યા શ્રદ્ધા હો, પણ આ સ્થિતિનો અનુભવ કરનાર મનુષ્યજ અનંત પ્રભુમય જીવનનો આસ્વાદ લે છે; કારણ કે પ્રભુને પીછાણવો તેજ પ્રભુમય જીવન છે. 'ધીમે ધીમે આપણને પ્રભુનો અનુભવ થશે' એવાં વાક્યોને બદલે 'અત્યારે આ પળેજ તે સુંદરતાની મૂર્તિનો સાક્ષાત્કાર' એવાજ ઉદ્‌ગારો એવા મનુષ્યના હૃદયમાંથી સ્ફુરવા લાગે છે.

જો આપણી ઇચ્છા હોય, અને આપણે દૃઢ સંકલ્પ કરીએ તો આ દિવસે, આ કલાકે અને આ પળે પણ આપણને આવા અનુભવની પ્રાપ્તિ થઇ શકે. જો આપણે આપણું મુખ ખરી દિશા ભણી ફેરવીએ તો સંપૂર્ણ સાક્ષાત્કારની પૂર્ણ ભવ્ય સ્થિતિ આજ નહિતો કાલ પણ જરૂર પ્રાપ્ત કરી શકીશું. જો પર્વતના શિખર ભણી આપણું મુખ રાખીએ, અને પછી ધીમે અથવા ઉતાવળે જો આપણે ચાલ્યાં કરીએ તો વહેલા કે મોડા તે શિખર આગળ આપણે પહોંચી જઇશું; પણ જ્યાંસુધી સીધી દિશા ભણી મુખ રાખીએ નહિ અને તે ભણી જવાનો પ્રયાસ કરીએ નહિ ત્યાંસુધી કદાપિ ત્યાં આપણે પહોંચી શકીએ નહિ. કવિ ગથેએ યથાર્થ રીતે કહ્યું છે કે:—

"જો તમે ખરેખરા અંતઃકરણથી કામ કરવા ઇચ્છતા હો તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પળનોજ લાભ લો, અને જે તમે કરી શકો અથવા તમે કરી શકશો એમ ધારતા હો તેનો પ્રારંભ કરો. હિંમતમાં બુદ્ધિ, શક્તિ અને ચમત્કાર રહેલો છે. તે કામમાં જોડાઓ, અને પછી મનને વેગ આવશે; કામનો પ્રારંભ કરો અને પછી તે પુરું થશે."

ગૌતમસિદ્ધાર્થ–ભવિષ્યના બુદ્ધે—કહ્યું હતું કેઃ–" સત્ય શું છે તે મારા જાણવામાં આવ્યું છે; હું જરૂર કાર્યસિદ્ધિ કરી શકીશ. હું બુદ્ધ થઇ શકીશ." આ નિશ્ચયની પ્રબળતાથીજ ગૌતમસિદ્ધાર્થે બુદ્ધ થઇ અહીંને અહીં નિર્વાણની પ્રાપ્તિ કરી. આ નિર્વાણપ્રાપ્તિ–પરમાત્મ–સાક્ષાત્કાર–અહીં અને અત્યારે પણ શક્ય છે, એ બુદ્ધનો ઉપદેશ હતો. આ કારણથી તે કરોડો મનુષ્યોને પ્રકાશનો માર્ગ બતાવી શક્યા હતા.

મહાત્મા જીસસે પણ કહ્યું હતું કેઃ–" શું તમને માલૂમ નથી કે મારે મારા પિતાનું કામ કરવાનું છે?" આ બાબતને પોતાના જીવનનો મુખ્ય ઉદ્દેશ બનાવી તેમણે પ્રયત્ન કર્યો અને હું તથા મારા પિતા એક છીએ–એ પરમ સત્યનો સાક્ષાત્કાર કર્યો. આ પ્રમાણે પૃથ્વીપર વસવા છતાં તેમણે સ્વર્ગીય રાજ્યનો પૂર્ણ અનુભવ કર્યો. તેમનો પણ એ ઉપદેશ હતો કે અહીં આ વખતે પણ મનુષ્યો આ તત્ત્વનો અનુભવ કરી શકે તેમ છે. આ ઉપદેશદ્વારા તેમણે લાખો મનુષ્યોને અનુભવનો પ્રકાશ આપ્યો છે.

દુનિયાની વ્યવહારિક વાતોના સંબંધમાં પણ આ કરતાં વધારે પ્રભાવશાળી અને લાભકારી ઉપદેશવચન અન્ય થોડાંજ મળશે કે " પ્રથમ પ્રભુના સામ્રાજ્ય અને તેની સત્યપરાયણતાનો અનુભવ કરો એટલે દુનિયાની સર્વ ચીજો તમને પોતાની મેળે મળી જશે."

જે મનુષ્ય સત્યનિષ્ઠ અને પ્રમાણિક છે, અને જેણે એવા ઉપદેશોનું રહસ્ય સમજવા પ્રયત્ન કર્યો છે, તે મનુષ્ય જરૂર તેની સત્યતા અને કયા નિયમોપર તે ઉપદેશનો આધાર છે, તે સર્વ બરાબર રીતે સમજ્યા વગર રહેશે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું જાતે એવા મનુષ્યોના સંબંધમાં આવ્યો છું કે જેમણે અનન્ત જીવન સાથેની પોતાની એકતાનો અનુભવ કર્યો છે, અને જેઓ તે અનન્ત જીવનરૂપ પરમાત્માની પ્રેરણા અનુસાર પોતાનું જીવન ગાળે છે; તેઓ આ પરમ અને અત્યુપયોગી સત્યના મૂર્તિમંત જ્વલંત દૃષ્ટાંતરૂપ છે. તેઓના જીવનમાં સામાન્ય પ્રેરણાઓજ મળે છે એમ નથી; પરંતુ તેઓનું આખું જીવનજ તે પ્રેરણાઓ પ્રમાણે દરેક બાબતમાં ચાલ્યા કરે છે.

અનન્તજીવનરૂપ પરમાત્મા સાથે પોતાની એકતા છે, એનો યથાર્થ ખ્યાલ લાવી તદનુસાર પોતાનું જીવન ગાળનારજ નિરંતર સ્વર્ગીય રાજ્યનો અનુભવ કરી શકે છે. તેવા મનુષ્યોને સઘળી વસ્તુઓ વિપુલતાથી મળે છે. કોઇ પણ ચીજની તેમને ખામી પડતી નથી. શું કરવું અથવા કેવી રીતે અમુક કામ કરવું એ બાબતની તેમને ચિંતા કરવી પડતી નથી. તેઓ નિશ્ચિંત જીવન ગાળે છે. અનન્ત શક્તિ તેમની માર્ગપ્રદર્શક હોવાથી તેઓને કોઇ પણ જાતની જોખમદારી અથવા ચિંતા હોતી નથી. આવા પુરૂષોના ગુણોનું કેટલું વર્ણન કરવું ? જો આવા મનુષ્યોનો અને તેમાં પણ ખાસ કરીને જે બે ત્રણ પુરૂષોનો ખ્યાલ આ (મૂળ) લખનારને આ પળેજ આવે છે, તેમનો જીવનક્રમ સવિસ્તર આપવામાં આવે તો કેટલાકને તે ચમત્કારરૂપ અથવા તો અવિશ્વાસયોગ્યજ જણાશે; પણ આ બાબત સ્મરણમાં રાખવી ઘટે છે કે જે કામ એક મનુષ્ય કરી શક્યો, તે કામ બીજો પણ કરી શકે. આ ખરી રીતે મનુષ્યનું નૈસર્ગિક સત્ય જીવન છે. જો મનુષ્ય એ ઉચ્ચ તત્ત્વો અને નિયમોની સાથે એકતા અનુભવી તદનુસાર જીવન ગાળે તો દરેક મનુષ્યનું જીવન પણ તેવાજ પ્રકારનું થઇ શકે. આખા જગતમાં વ્યાપી રહેલા દિવ્ય પ્રવાહમાં દાખલ થવારૂપ આ જીવન છે. મનુષ્ય આ દિવ્ય જીવનરૂપી સમુદ્રના પ્રવાહમાં દાખલ થાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પછી તેને જીંદગી બોજારૂપ લાગતી નથી. જેવી રીતે ભરતીઓટ નિયમિત રીતે આવે છે, જેવી રીતે ગ્રહો પોતાના અમુક ચક્રમાં ફર્યા કરે છે, જેવી રીતે ઋતુઓનું પરિવર્તન થયા કરે છે, તેવીજ સ્વાભાવિક રીતે તેનું જીવન પણ ચાલ્યા કરે છે.

આપણા જીવનમાં સર્વ પ્રકારના કલેશકંકાસો, શંકાઓ, વ્યાધિઓ, દુઃખ, ભય, ચિંતા, હાડમારીઓ વગેરે ઉદ્ભવે છે, તેનું મુખ્ય કારણ એજ છે કે આપણે દિવ્ય ક્રમાનુસાર આપણું જીવન ગાળતા નથી; અને જ્યાં સુધી આપણે હાલની પેઠેજ આપણું જીવન ચાલુ રાખીશું ત્યાં સુધી ઉપર જણાવેલાં દુઃખો આવ્યાંજ કરવાનાં. દિવ્ય જીવનપ્રવાહની વિરૂદ્ધ વર્તવું એ કઠિન છે પણ તે પ્રવાહની સાથે ચાલવાથી મહાન નૈસર્ગિક શક્તિનો આપણને લાભ મળે છે. આ કામ સરલ અને નિર્ભય છે. અનંત જીવન સાથેના આપણા ઐક્યનો જ્ઞાનપૂર્વક અનુભવ કરવો એનું નામજ દિવ્ય જીવન અથવા પ્રભુમય જીવનના પ્રવાહમાં પ્રવેશવું છે. આ અનંત જીવન સાથેના ઐક્યનો અનુભવ કરવાથી આપણી આસપાસની સર્વ વસ્તુઓ-સ્વર્ગ અને અખિલ બ્રહ્માંડની સાથે આપણે અનુકૂળ સંબંધમાં આવી શકીએ છીએ. આપણા અંતરાત્મા, મન તથા શરીરની વચ્ચે એકવાક્યતા વ્યાપી રહે છે. જ્યારે આવી સ્થિતિ થાય છે, ત્યારેજ પૂર્ણઅને સર્વાંગ જીવનનો આપણને અનુભવ થાય છે. જ્યાં આ સ્થિતિ થઇ, ત્યાં ઇંદ્રિયોનું રાજ્ય આપણાપર ચાલી શકશે નહિ. સ્થૂલ જીવન માનસિક જીવનને વશ થશે, અને માનસિક જીવનનું રાજ્ય સ્થૂલ જીવનપર ચાલશે, અને માનસિક જીવનપર આત્મિક જીવન પ્રકાશ પાડી માનસિક જીવનને વશ રાખી શકશે. જીવનની અપૂર્ણતા અને એકદેશીયપણું ચાલ્યાં જશે. પણ શારીરિક, માનસિક અને આત્મિક જીવનનો, તેની સુંદરતા, તથા નિરંતર વધતા જતા આનંદ અને શક્તિઓ સાથે આપણને અનુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવ થશે. જીવનના પ્રશ્નોનો નીકાલ લાવનાર એ એક મધ્ય માર્ગ છે, એનું આપણને ભાન થશે. કેવળ હદ બહાર શરીરને કષ્ટ આપવાથી તેમજ હદ બહાર શરીરને લાલન કરવાથી આ માર્ગ જડશે નહિ. દરેક વસ્તુનો ઉપયોગ છે, પણ તેનો સંપૂર્ણ ઉપભોગ કરવાને તેનો ડહાપણ-પૂર્વક ઉપયોગ થવો ઘટે છે. જેમ જેમ આપણને ઉચ્ચ અનુભવો થતા જાય છે, તેમ તેમ ઇન્દ્રિયોની શક્તિઓ ઓછી થતી નથી; પણ વિશેષપણે ખીલતી જાય છે. જેમ જેમ શરીરમાંથી હલકા પર-માણુઓ ઓછા થતા જાય છે અને જેમ જેમ સૂક્ષ્મ અને ઉચ્ચ પ્રકારના પરમાણુઓ તેનું સ્થાન લે છે, તેમ તેમ બધી ઇન્દ્રિયો સૂક્ષ્મ આંદોલનો ગ્રહણ કરવાને વધારે લાયક બને છે અને જે શક્તિઓ આપણામાં હોવાનો આપણને ખ્યાલ પણ નથી હોતો તે શક્તિઓ ખીલવા લાગે છે. આ પ્રમાણે સ્વાભાવિક અને કુદરતી રીતે ઇન્દ્રિયા-તીત જીવનનો આપણને અનુભવ થાય છે અને ત્યાં ઉચ્ચ નિયમો અને સત્યની વિવિધ બાજુઓ આપણી આગળ પ્રત્યક્ષ થાય છે. આ ઇન્દ્રિયાતીત જીવન અને ભુવનોનો અનુભવ થતાં અમુક મનુષ્યમાં અમુક શક્તિઓ કે જ્ઞાન હતું કે નહિ એ બાબતની તકરાર કરવામાં વખત ગુમાવવાનું આપણે છોડી દઇએ છીએ; કારણ કે આપણે જાતેજ તે જ્ઞાન અને શક્તિઓનો અનુભવ કરી શકીએ છીએ. હવે આપણે કેવળ બીજાના વચનને આધારે અન્ય મનુષ્યોને અમુક માર્ગે દોરવીશું નહિ, પણ આપણે દરેક બાબત આપણા પોતાના જ્ઞાન અને અનુભવ-પૂર્વક બોલીશું અને આ કારણથી પૂર્ણ સત્તા સાથે બોલીશું. દુનિયામાં ઘણી વસ્તુઓ એવી છે કે, જ્યાં સુધી આપણે અમુક પ્રકારનું જીવન ગાળીને તે વસ્તુઓ પ્રત્યક્ષ થાય એવી સ્થિતિમાં આપણી જાતને મૂકીએ નહિ ત્યાં સુધી તે આપણે યથાર્થ જાણી શકીએ પણ નહિ.

" જે પ્રભુની ઇચ્છા પ્રમાણે ચાલશે, તે પ્રભુનો સિદ્ધાંત સમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જશે.” મહાતત્ત્વજ્ઞાની પ્લેટીનસે કહ્યું છે કેઃ “જે મન પ્રભુને જાણવા ઇચ્છે છે, તે મને પ્રભુમય બનવું જોઇએ.” જે પ્રમાણમાં આ ઉચ્ચ નિયમો અને સત્યોનું આપણને પ્રત્યક્ષ જ્ઞાન થશે, તે પ્રમાણમાં આપણે પણ જ્ઞાની બનીશું અને એવી પ્રણાલિકાઓરૂપ થઇશું કે જેદ્વારા બીજાઓ પણ તે નિયમો અને સત્ય જાણી શકે.

આ ઉચ્ચ જાગૃતિનો અનુભવ થયા પછી તે મનુષ્ય જ્યારે જ્યારે કોઇ પણ સ્થળે જાય છે અને જુદા જુદા મનુષ્યોના સંબંધમાં આવે છે, ત્યારે ત્યારે તે સર્વમાં એવા પ્રકારની પ્રેરણા ઉત્પન્ન કરે છે કે જેના બળથી તે સર્વને એક પ્રકારની શક્તિ પોતામાં આવી હોય એવો અનુભવ થાય છે. જે શક્તિઓ આપણામાં કામ કરી રહી છે, તેનો પ્રભાવ આપણે પ્રતિક્ષણ ચારે બાજુએ પાડીએ છીએ. જેવી રીતે પુષ્પમાંથી તેની સુગંધ ફેલાય છે, તેવી રીતે આપણામાંથી એક પ્રકારની સારી યા નરસી અસર ચારે બાજુએ ફેલાય છે. ગુલાબનું પુષ્પ સર્વ દિશાએ પોતાની સુગંધ ફેલાવે છે અને તેની સમીપમાં આવનારા સર્વને તે સુગંધની અસર થઇને તેમને આનંદ અને પ્રોત્સાહન મળે છે; જ્યારે એક ખરાબ છોડવો ચારે બાજુએ દુર્ગંધ ફેલાવીને લાંબો વખત તેની સમીપમાં રહેનારને માંદો પાડે છે અથવા તો ગાંડો બનાવે છે. એવી રીતે મનુષ્યનું જીવન જેમ વધારે ઉચ્ચ પ્રકારનું હોય છે, તેમ તે મનુષ્ય ચારે બાજુએ બીજાઓને પ્રોત્સાહન આપનારાં અને લાભદાયી આંદોલનો ફેલાવે છે; અને મનુષ્યનું જીવન જેમ વધારે અધમ, તેમ તે મનુષ્ય પોતાના સંબંધમાં આવનાર મનુષ્યોને નુકસાનકારક આંદોલનો ફેલાવે છે. દરેક મનુષ્ય પોતાની યોગ્યતા પ્રમાણે એક યા બીજા પ્રકારની અસર બીજાપર અવશ્ય કરે છે.

જે નાવિકો હિંદી મહાસાગરમાં પોતાનાં નાવ ચલાવે છે, તેઓ જાણતા છે કે કેટલાક ટાપુઓમાંથી ચંદનની સુગંધ ઘણે દૂરથી આવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગે છે, અને એ સુગંધને લીધે તેઓ અમુક ટાપુની નજદીકમાં આવી પહોંચ્યા છે, એવું તેમને જ્ઞાન થાય છે. આ ઉપરથી તમારે પણ તમારા અંતરને એવું શુદ્ધ બનાવવું જોઇએ કે જેથી તમે જ્યાં જ્યાં જાઓ, ત્યાં ત્યાં તમારામાંથી છૂપી પણ પ્રબળ શક્તિ વહ્યા કરે અને સર્વને શુભ અસર કર્યા કરે. એમ કરવાથી તમે તમારી સાથે પ્રેરણા-શક્તિ લઈ જશો અને દરેક સ્થળે આશીર્વાદ ફેલાવી શકશો. આથી તમારા મિત્રો અને બીજા લોકો પણ કહેવા લાગશે કે તમારા આવ-વાથી અમારા ઘરમાં શાન્તિ અને આનંદ ફેલાય છે. જ્યારે જ્યારે તમે બહાર ફરવા નીકળશો, ત્યારે ત્યારે થાકેલા, કંટાળેલા અને માંદા મનુષ્યોપર પણ તમારો પ્રભાવ પડશે; જેથી તેમનામાં નવો જીવનપ્રવાહ વહેવા લાગશે, નવી સ્ફૂર્તિ આવશે. જે ઘોડાની પાસે થઇ તમે પસાર થશો તે ઘોડો પણ તમને જોઈ અર્ધા મનુષ્યની માફક તમારા સામું આતુરતાથી જોવા લાગશે. જ્યારે મનુષ્યના આત્માને દિવ્યજીવનનો અનુભવ થાય છે, ત્યારે મનુષ્યની શક્તિઓમાં જુદ્દાજ પ્રભાવ આવે છે. આપણે આવા પ્રકારનું જીવન અત્યારે અને અહીં પણ ગાળી શકીએ તેમ છીએ, એ જાણવું એ પણ જીંદગીમાં મોટામાં મોટો ઉત્સવ છે અને તેવો મનુષ્ય આનંદનાં ગીત ગાવા લાગે છે; પણ જ્યારે તે જીવનનો—દિવ્ય જીવનનો અનુભવ—સાક્ષાત્કાર થાય છે, ત્યારે તો તેના હૃદયમાંથી નીચેના ઉદ્‌ગાર પણ નીકળી પડે છે કેઃ—

"અહા ! હું સર્વ કાળને વાસ્તે અનન્ત જીવનમાં વિદ્યમાન છું. સર્વ વસ્તુઓ મને હવે દિવ્ય ભાસે છે. હું સ્વર્ગના અન્નનું ભોજન કરું છું અને સ્વર્ગના અમૃતનું પાન કરું છું. જ્યારે હું ઇન્દ્રધનુષ્યના ચળકતા લાલ, વાદળી, સોનેરી રંગોનું પ્રકાશમય મિશ્રણ આકાશમાં જોઉં છું ત્યારે તે રોશનીમાં મને પ્રભુનો પ્રેમ દેખાઇ આવે છે. જ્યારે હું પક્ષીઓને આનંદ સાથે ગાતાં જોઉં છું અથવા તો સુંદર અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારે બાજુએ ખુશબો ફેલાવતાં પુષ્પોને ખીલી રહેલાં નીહાળું છું અથવા તો પ્રાતઃકાળના તેજસ્વી રંગો કે રાત્રિનો પ્રકાશિત ભવ્ય દેખાવ મારી નજરે પડે છે; ત્યારે મારો આત્મા આનંદમાં ગરકાવ થઇ જાય છે અને મારી વૃત્તિઓ તે જોઇ પ્રભુના મહિમામાં તન્મય થઇ જાય છે."

જેમ જેમ કોઇ મનુષ્ય અનન્ત જીવન સાથેના પોતાના સ્વાભાવિક ઐક્યનો જ્ઞાનપૂર્વક અનુભવ કરે છે અને તે પ્રમાણે જીવન ગાળે છે, તેમ તેમ બાકીની સર્વ ચીજો આપોઆપજ તેને મળી આવે છે. અનન્ત જીવનની સાથે સંબંધમાં આવનાર વ્યક્તિનેજ તેનો અનુભવ થઇ શકે તેવી ભવ્યતા, સુંદરતા અને આનંદનો સાક્ષાત્કાર આવા પ્રકારનું જીવન ગાળનારનેજ થાય છે. આવું જીવન ગાળનાર પૃથ્વીપર વસવા છતાં સ્વર્ગીય સામ્રાજ્યનો ઉપભોગ કરી શકે છે. આ રીતે આપણે સ્વર્ગને પૃથ્વીપર લાવીએ છીએ અથવા ખરૂં કહીએ તો પૃથ્વીને સ્વર્ગમાં લઇ જઇએ છીએ. આથી દુર્બળતાને બદલે સબળતા; નિસ્તેજતાને બદલે તેજસ્વિતા; દુઃખ અને દિલગીરીને બદલે સુખ અને આનંદ; ભય અને શંકાને બદલે નિર્ભયતા; અને શ્રદ્ધા અને ઇચ્છા કે આશાને બદલે અનુભવજ્ઞાન પ્રકટે છે. આ રીતે મનુષ્ય શાંતિ, શક્તિ અને સર્વ વસ્તુની વિપુલતાનો સાક્ષાત્કાર કરે છે અને આ રીતે તે અનન્ત ચૈતન્યની સાથે અભેદ અનુભવી પ્રભુમય જીવન ગાળી શકે છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુનાં નાનાં બાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખકના બે બોલ

(આગલી આવૃત્તિ ઉપરથી)

આજકાલ કહેવાતા સુધારાની અંદર પણ પશુઓ ઉપર તથા પ્રાણીઓ ઉપર જે ઘાતકીપણું ગુજરે છે, તેનો ખ્યાલ આપવો મુશ્કેલ છે. આ જગતમાં જે દુઃખ, કલેશ, કંકાસ, હાડમારી મનુષ્યો ભોગવે છે, તેનું મુખ્ય કારણ મનુષ્યોની બેદરકારી છે અને તે બેદરકારીથી પશુઓ ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવવાને તેઓ કોઇ પણ પ્રકારના ઉપાયો યોજતા નથી. ધર્મશાસ્ત્રો તો એટલે સુધી પોકારી પોકારીને જણાવે છે કે ગેરવાજબી અને ક્રૂર કાર્યો જેઓ જુએ છે અને તે અટકાવવાની પોતાની **શકિત** છતાં અટકાવવા **પ્રયત્ન** કરતા નથી તેઓ તે ગેરવાજબી અને ક્રૂર કાર્યોમાં ભાગ લેનારા ગણી શકાય. આ દૃષ્ટિએ વિચારતાં આપણામાંના ઘણા ખરા આડકતરી રીતે પશુઓ ઉપર ગુજરતા ઘાતકીપણામાં ભાગ લઇએ છીએ. આ બાબતનો ખ્યાલ વાચકવર્ગને આવે અને તેઓ પોતાની જોખમદારી સમજતા થાય, તે માટે આ લઘુ પુસ્તકમાં જુદી જુદી રીતે પશુઓ ઉપર ગુજરતું ઘાતકીપણું અને તે અટકાવવાના ઉપાયો દર્શાવવામાં આવ્યા છે. તે સાથે બાળકોને નાનપણથી કેવી રીતે કેળવવા કે જેથી મોટપણે તેઓ દયાળુ, વિચારશીળ અને મનુષ્ય તથા પ્રાણિવર્ગ તરફ દિલસોજી રાખતા થાય, તે દાખલા દલીલો સાથે દર્શાવવામાં આવ્યું છે.

* * * * *

* * * * *

રતનપોળ અમદાવાદ.
તા. ૧–૩–૧૦.

મ. ન. દ્વારકી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુનાં નાનાં બાલ

માતપિતાનું કર્ત્તવ્ય

કૂતરાને મારવાને માટે જમીન ઉપરથી પત્થર ઉપાડતાંજ કૂતરો દૂર નાશી જાય છે; પરંતુ કહે છે કે જાપાનમાં તેમ કરવાથી કૂતરો નાશી ન જતાં શાન્તભાવથી નિર્ભયપણે ઉભો રહે છે. આનું કારણ એ છે કે ત્યાં કૂતરા તરફ કદિ પણ પત્થર ફેંકવામાં આવતો નહિ હોવાથી પત્થર શા સારૂ ઉપાડવામાં આવે છે તેજ કૂતરો સમજી શકતો નથી. જાપાની લોકો તરફ દૃષ્ટિ કરવાથી આપણને જણાયા વગર નહિ રહે કે તેઓ નમ્ર, દયાળુ અને પ્રાણિવર્ગની સંભાળ રાખનારા અને પોતાના અન્ય માનવ બાંધવો સાથેના વર્તનમાં પણ દયાળુ છે. આથી પરિણામ એ આવે છે કે બીજા દેશો કરતાં એ દેશમાં ત્યાંની વસ્તીના પ્રમાણમાં દરવર્ષે અપરાધો બહુજ થોડા થાય છે.

આ વિષયનું વિવેચન કરતાં મી. ટ્રાઇન લખે છે કે, યૂરોપ અથવા અમેરિકામાં અમારા ખ્રીસ્તીધર્મની ભાવનાવાળા સુધારાથી અમે ભગરૂર થઇએ છીએ; પરંતુ હિંદુસ્તાનના લોકો પક્ષી તથા પશુ-વર્ગ પ્રત્યે જે રીતે વર્તે છે તે તરફ અમે જોઇએ છીએ, ત્યારે અમને લજ્જા આવે છે. ઇંગ્લાંડમાં મનુષ્યની વસ્તી બે કરોડની છે, ત્યારે હિંદુસ્તાનની વસ્તી આશરે ત્રીસ કરોડની છે; અને તોપણ ઇંગ્લાંડમાં જેટલા અપરાધ થાય છે, તેથી ફક્ત ચોથા ભાગ જેટલાજ અપરાધ હિંદુસ્તાનમાં થાય છે. અમેરિકામાં તેથી પણ અધિક અપરાધ થાય છે, છતાં યુનાઇટેડ સ્ટેટ્સની વસ્તી હિંદુસ્તાનથી ચોથાજ ભાગની છે. આ બાબતો ઘણીજ અર્થસૂચક (Significant) છે. આ સત્યો ઘણાંજ અગત્યવાળાં છે અને તેઓની કદર બુજવી તે ખરેખરા ડહા-પણનું કામ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યના હૃદયમાં દયાના વિચાર જેટલા વહેલા ઠસાવવામાં આવે તેટલું ઉત્તમ કામ છે. દરેક મનુષ્યના જીવનના આરંભકાળથીજ એનો ઉપદેશ આપવો જોઇએ; છતાં અફસોસની વાત છે કે બાળપણથીજ બાળકને દયાનો ઉપદેશ આપવાને બદલે માતાઓ અવિચારીપણે નિર્દયતાના પાઠ શિખવે છે; અને તેનું પરિણામ એ આવે છે કે મોટી ઉંમરે તે બાળકો નિર્દય થાય છે, અને અનેક પ્રકારના અપરાધ કરે છે. મનુષ્યની આખી જીંદગી સુધીનાં કાર્યોની ઉત્તમતા તેને બાળપણમાં આપેલા ઉપદેશપર આધાર રાખે છે, તેથી જો બાળકને દયાળુ બનાવવા માગતા હોઇએ તો બાળપણથીજ તેવો ઉપદેશ આપવાની આવશ્યકતા છે.

બાળપણમાં બાળક માતા પાસે રહે છે અને તેથી જેવો ઉપદેશ માતા આપે તે ઉપરજ તેની ભવિષ્યની ચાલચલગતનો મુખ્ય આધાર રહે છે. બાળપણમાં બાળકોનું હૃદય કોમળ હોય છે અને તેથી જો માતા સારો ઉપદેશ આપે તો બાળકો સદાચારી અને દયાવાનજ નીકળે છે; પરન્તુ પ્રારંભથીજ માતાઓ અજ્ઞાનપણે તેમને નિર્દય થવાનો ઉપદેશ આપે છે. બાળક સાવધાનીથી પોતાની માતાનાં દરેક કાર્ય જુએ છે અને સાંભળે છે; માટે માતાએ બાળકની સન્મુખ એવું એક પણ અયોગ્ય કાર્ય* ન કરવું અથવા એવો એક પણ અયોગ્ય શબ્દ ન

---

* આ મૂળ ઇંગ્રેજી પુસ્તક માંસાહારી દેશમાં તે દેશને માટે લખાયલું છે તેથી આ વાક્ય ત્યાંને માટે સાર્થકજ છે; કેમકે માંસાહારી માતાઓ પક્ષી ઇત્યાદિને છોકરાંના દેખતાંજ જભે કરે છે. આ દેશમાં પણ માંસાહારી કોમો અને કુટુંબોમાંની માતાઓ માટે આ વાક્ય સાર્થક અને શિક્ષણીયજ છે. બીજા પણ અનેક અવગુણો માંસ ન ખાનાર વર્ગની માતાઓની મૂર્ખતાથી પણ બાળકોમાં આવે છે; માટે તેમણે પણ "એ વાઘ આવ્યો" ઇત્યાદિ મહાવાક્યો (!) વદતાં તેમજ બીજું અજ્ઞાનભરેલું વર્તન કરતાં બાળકોના હિતને ખાતર અટકવું જોઇએ. **મંત્રી. સ. સા.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલવો કે જેથી કરીને બાળક તે પ્રમાણે ખોટે રસ્તે વર્તવાને દોરાય.

બાળકને જરા હીંડતાં આવડેથી માતા તેને એક લાકડી આપે છે અને તેનો ઘોડો કરવાનું કહે છે. પછી તેના નાજુક હાથમાં એક ચાબુક આપવામાં આવે છે અને તેની મા કહે છેઃ—" બાપુ ! ઘોડો ચાલતો નથી, એક ચાબુક માર, અને ચલાવ ! " બાળક તે લાકડીના ઘોડાને ચાબુક મારીને બહુજ રાજી થતું જણાય છે.

જ્યારે તે બાળક યુવાન થાય છે અને ગાડીમાં બેસીને સાચા ઘોડાને હાંકે છે, ત્યારે પણ ઉપર પ્રમાણે માતા તરફથી મળેલા પ્રાથમિક શિક્ષણને લીધે તે ઘોડાને ચાબુક મારવાની પ્રબળ ઇચ્છા તેને થતી જણાય છે અને ચાબુક મારે છે પણ ખરો. આ પ્રમાણે માતા પોતાની મેળેજ બાળકોને નિર્દયતાનો ઉપદેશ અજ્ઞાનપણે આપે છે. વળી જ્યારે તે નાનો હોય છે અને ઉભા રહેતાં નહિ આવડવાને લીધે ખુરશી આદિ વસ્તુઓ સાથે અથડાઇને રોવા માંડે છે ત્યારે માતા પોતાના બાળકનું દુઃખ દેખી શકતી નથી; તેને શાન્ત કરવાની કોઇ યુક્તિ નહિ સુજવાથી તેના હાથમાં એક લાકડી આપીને પોતાનાજ આરામ અને શાન્તિની દરકાર કરનાર માતા કહે છે કે, " સાળી ખુરશીએ મારા ભાઇને વગાડયું. ચાલો, આપણે ખુરશીને મારીએ ! " એ રીતે પોતે લાકડીથી ખુરશીને મારીને પોતાના વહાલા બાળકને નિર્દય થવાનો ઉપદેશ કરે છે. બાળક પણ માતા પાસેથી ઉપદેશ મેળવી તે પ્રમાણે વર્તવાને દોરાય છે. આજે તે ખુરશીને મારવાને દોરાય છે તો કાલે કદાચ કૂતરાના બચ્ચા સાથે અથડાય તો તેને મારવા મંડી પડે છે, અને ધીમે ધીમે પોતાની સાથે રમવા આવનાર બાળક સાથે પણ પછી તેવોજ વ્યવહાર રાખે છે. એટલેથીજ આનું પરિણામ અટકતું નથી, પણ જ્યારે તે મોટી ઉંમરનો થઇને જુદા જુદા મનુષ્યોના સંબંધમાં આવે છે ત્યારે પણ તેમની સાથે કઠોરતાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્તે છે અને સહજ સહજ બાબતમાં વેર લેવાને દોરાય છે. આ પ્રમાણે અવિચારી અથવા સ્વાર્થી માતાનો ટુંક ચિતાર વાચક સમક્ષ અમે રજુ કર્યો છે, પણ સર્વ માતાઓ કાંઇ એક સરખી હોતી નથી અને બાળકને દુષ્ટ શિખામણ આપતી નથી. જ્યારે મૂર્ખ માતા ઉપર જણાવ્યા પ્રમાણે બાળકોને નિર્દય બનાવે છે, ત્યારે સુશિક્ષિત માતા તેમને બાળપણથીજ સદ્‌બોધ આપવાને પ્રયત્ન કરે છે. તે માતા સર્વદા વિચારીને વર્તે છે. બાળકના કુમળા મગજ ઉપર શ્રેષ્ઠ પ્રકારની છાપ પાડવાને તે સદા આતુર હોય છે અને તે સમજે છે કે જે સંસ્કાર પ્રથમ પાડવામાં આવે છે તે બાળકના હૃદયમાં જીવનપર્યન્ત સ્થાયી રહે છે. તેવી માતાના બાળકને ખુરશીની ઠેસ વાગે, અથવા ખુરશી તેનાપર પડે તો તેવે સમયે તે માતા શું કરે છે ? પ્યારથી તે બાળકને પોતાના ખોળામાં લઈ લે છે, તેના ઇજા થયેલા ભાગને શાંત કરે છે અને તેના ક્રોધનો તથા ભયનો ઉભરો તેમ જ તેનાં આંસુ પોતાના પ્રેમભર્યા શબ્દો અને વર્તનવડે દૂર કરે છે. બાળક માતાના ખોળામાં જતાં રોવાનું બંધ કરે છે. એવી માતા તેને ખુરશી પાસે લઇ જઇ કહે છે કે:–"જો, તારા પડવાથી આ ખુરશીને ઇજા થઈ, જેથી તે પણ રૂવે છે ! લાવ એને હું શાંત કરું." આમ જ્યારે કરવામાં આવે છે, ત્યારે કાંઇ પણ ન બન્યું હોય તેમ દેખાય છે અને તે બાળક શાંતિથી રમવા માંડે છે. બીજે દિવસે તે બાળક જો કૂતરાના બચ્ચાની સાથે અફળાય તો તેની માએ તેનું દુઃખ દૂર કર્યા પછી તે કૂતરાને શાંત કરવાને અને દિલાસો આપવાને અડબડીયાં ખાતો ચાલ્યો જાય છે; કારણ કે તેની માતાના દૃષ્ટાંતથી તે દયા કરવાનું શિખ્યો છે. આ બાળક મોટો થાય છે, ત્યારે પણ તે પોતાના સોબતીઓની સાથે દયાથીજ વર્તે છે અને ઉત્તમ આચારવાળો થાય છે. માતા અને બાળકના સંબંધમાં એવા લાખો પ્રસંગો મળી આવે છે કે જે દ્વારા માતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચહાય તો બાળકને ઉત્તમ પ્રકારનો બોધ આપી શકે તેમ છે. માતાનો પ્રભાવ બાળકપર કેટલો છે, તેનો કાંઈક ખ્યાલ વાચકવર્ગને આ ઉપરથી આવ્યો હશેજ.

કેવળ કાર્ય અને શબ્દો ઉપરજ માતાએ ધ્યાન આપવું જોઇએ એટલુંજ નહિ, પરંતુ પોતાના વિચાર પણ તેને શુદ્ધ રાખવાની જરૂર છે, અને તે પણ બાળકના જન્મ પછીજ નહિ, પણ બાળક ગર્ભમાં હોય તે વખતે પણ માતાના વિચારો બાળકનું માનસિક તથા શારીરિક બંધારણ બંધાવામાં અસર કરે છે; કારણ કે વિચારમાં અપૂર્વ સત્તા રહેલી છે અને તેથી કરીને ગર્ભવતી સ્ત્રીએ ક્રોધ, નિર્દયતા, અદેખાઇ, દ્વેષ, દ્રોહ ઇત્યાદિ બુરા વિચારોને હૃદયમાં આવવા દેવા જોઇએ નહિ; પણ તેને બદલે દયા, નમ્રતા, પ્રેમ અને કૃપાના વિચારોજ હૃદયમાં રાખવા તરફ લક્ષ આપવું. આવા ઉત્તમ વિચારો ગર્ભમાંના બાળકપર અસર કરે છે અને તેની અસર તેના જન્મ પછી બહાર પણ દેખાય છેજ. આ પ્રમાણે તે બાળકમાં ગર્ભાવસ્થામાંથીજ દયાના તેમજ સદાચારીપણાનાં જે બીજ નખાશે તે બીજ તેના શરીરની સાથે સાથેજ વૃદ્ધિ પામતાં તે બાળક દયાળુ તેમજ સદાચારી બનશે અને તેના કુળને દીપાવશે.

હૃદય-કેળવણી

આ વાત હવે સર્વમાન્ય થઇ પડી છે અને સર્વ લોકો તેનો સ્વીકાર કરે છે, કે માત્ર મનનીજ કેળવણીને સંપૂર્ણ કેળવણીનું નામ ન આપી શકાય. મનુષ્ય ગમે તેટલો વિદ્વાન થાય, સર્વ વિષયનું જ્ઞાન મેળવે, જગતના જાણવા યોગ્ય સર્વ પદાર્થ જાણે; પણ જ્યાં લગી તેનું હૃદય શુદ્ધ થયું નથી અને જ્યાં સુધી પોતાના જ્ઞાન પ્રમાણે તે વર્તી શકતો નથી ત્યાં સુધી સર્વ જ્ઞાન નિષ્ફળજ છે. જગતના સર્વ ધર્મોનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસ્ત્રોનો તે અભ્યાસ કરે, પરંતુ તેમાં કથન કરેલા ઉપદેશ પ્રમાણે તે ન વર્તી શકે ત્યાં સુધી તેને જ્ઞાનથી કાંઇ લાભ નથી. ઉલટી આવી હૃદયની કેળવણી વિનાની મનની કેળવણી મનુષ્યને દુષ્ટ કાર્ય કરવાને વધારે શક્તિમાન બનાવે છે. સારાંશ કે, મનની કેળવણી સાથે હૃદય પણ કેળવાય તોજ કેળવણી સારાં કાર્ય કરવાને મનુષ્યને સમર્થ કરે છે. આ જે સત્ય છે, તે પરમ સત્ય છે. હૃદયની કેળવણીથીજ સુકાર્ય કરવાની શક્તિ વધે છે; અને **હૃદયની કેળવણી સાથેની મનની કેળવણીનેજ ખરી કેળવણીનું નામ આપી શકાય.**

આવી કેળવણીનો અવશ્ય બાલ્યાવસ્થાથીજ આરંભ કરવો જોઇએ; કેમકે બાલપણમાં શિખેલા પાઠો ભાગ્યેજ ભુલાય છે. માટી નરમ હોય ત્યારે કુંભાર તે માટીના પોતાની મરજી મુજબ આકારો બનાવી શકે છે. પછીથી થોડીવારમાં તે કઠિન થવા માંડે છે, ત્યારે તેના ઉપર તેની સત્તા રહેતી નથી. આ બાબત બાળકને પણ લાગુ પડે છે. તેના મનમાં ઠસાવેલા, તેના હૃદયમાં રોપેલા, સદાચરણના વિચાર મૂળ ઘાલે છે અને ઉગવા માંડે છે, અને જેમ જેમ તે બાળપણમાંથી યુવાવસ્થામાં આવતો જાય છે તેમ તેમ તે તત્ત્વો દૃઢ થતાં ચાલીને તેઓ પોતાની અસર તેના પર પાડે છે. જગતમાં એવી શક્તિ ભાગ્યેજ હશે કે જે બાળપણમાં રોપેલા સંસ્કારોને તદ્દન ફેરવી શકે. આખી જીંદગી સુધી તેના હૃદયપર તેની છાપ રહે છે અને તેનું ભવિષ્ય તેના ઉપરજ આધાર રાખે છે. બાળકના હૃદયમાં દ્વેષ, ઇર્ષ્યા, સ્વાર્થ, અને દ્રોહના વિચાર નહિ; પણ નમ્રતા, દયા, પ્રેમ અને કરૂણાના વિચાર ઠસાવવાની કેટલી બધી અગત્ય છે, તે આટલા વિવેચન ઉપરથી સહજ સમજાશે.

જે મનુષ્ય બાળપણામાંજ દયાના, પ્રેમના, સદાચારના અને એવા બીજા ઉચ્ચ વિચારોનો ઉપદેશ મેળવે છે; તે મોટો થાય ત્યારે ન્યાયપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમ રાખનાર તથા ન્યાય પ્રમાણે ચાલનાર નિવડે છે. તેવો મનુષ્ય સર્વત્ર પૂજ્ય થાય છે અને એક ઉમદા ખવાસવાળો સદ્‌ગૃહસ્થ બને છે; પણ જો નાનપણમાંથી તેના ક્રમનશીએ દુરાચારી અથવા નિર્દય બનવાનો ઉપદેશ મળ્યો હોય, તો તે કાયદાનો ભંગ કરી રાજ્ય-નિયમની વિરૂદ્ધ વર્તે છે અને અનેક મોટા અપરાધ કરે છે; માટે હવે પછી જે જમાનો આવશે તેની સ્થિતિનો આધાર હાલના જમાનાનાં બાળકોને મળેલી કેળવણી ઉપરજ રહેલો છે, તે વાત શિક્ષકોએ તેમજ બાળકોને ઉછેરનાર માતપિતાએ ભૂલવી જોઇતી નથી.

સર્વ અનર્થનું મૂળ ઇન્દ્રિયો અને મનોવિકારો છે. મનુષ્ય પોતાની ઇન્દ્રિયોને સંતુષ્ટ કરવાને ખાતરજ અનેક પ્રકારનાં પાપાચરણ કરે છે. આપણે ઇન્દ્રિયોના ગુલામ બન્યા છીએ. તેમને વશ થઈ તેમના કહ્યા પ્રમાણે વર્તીએ છીએ. તેમને વશ કરવી તે કામ અસંભવિત નહિ, પરંતુ કઠિન તો જરૂર છે. એક વાર આપણે ઇંદ્રિયોને આપણાપર સ્વાર થવા દીધી એટલે પછી તેમને વશ કરવી એ કાર્ય સરળ નથી; માટેજ બાળકને બાલ્યાવસ્થામાંથી મનોવિકારો ઉપર વિજય મેળવતાં શીખવવું એ અતિ જરૂરનું છે. તેને એવાજ પ્રકારનો ઉપદેશ આપવો જોઇએ કે જેથી તે દયાળુ અને માયાળુ થાય. આ બાબત સિદ્ધ કરવાને પ્રાણીમાત્રપર દયા કરવાનું શીખવવા કરતાં બીજો એક પણ વધારે ઉત્તમ ઉપાય નથી.

મનુષ્યથી ઉતરતા વર્ગનાં પ્રાણી છે, તે આપણા કરતાં ઉન્નતિક્રમમાં નીચેના પગથીયાપર ઉભેલા જીવો છે; અને નીચેના પગથીયાપર હોવાને લીધે ઉલટા તેઓ તો વધારે દયાને પાત્ર છે; માટે જેમ આપણને આપણો જીવ વહાલો છે તેમ તેમને તેમનો જીવ પણ વહાલો છે, એ સૂત્રને સ્મરણમાં રાખી તેઓપર દયા કરવાનો ઉપદેશ બાળકોને આપવો જોઇએ છે. જો બાળકોને આ પ્રમાણે દયા બતાવતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીખવવામાં આવે તો તે તત્ત્વ તેમના હૃદયમાં ઠસી જશે અને તેઓ હલકા પ્રાણિવર્ગ તરફ અવશ્ય માયાળુ બનશે; એટલુંજ નહિ પણ પુખ્ત ઉંમરનાં થશે ત્યારે તેમના જાતિ ભાઇઓ તરફ પણ તેઓ દયાળુ થશે, સંસારમાં પાપ ઓછું થશે અને મનુષ્યો પૃથ્વીપર વસવા છતાં સ્વર્ગીય પ્રેમ ચારે બાજુએ અનુભવશે. બાળકોને આ ઉપદેશ પણ આપવો જોઇએ કે આપણીજ માફક હલકા પ્રાણીઓ પણ પરમાત્માનાજ પુત્રો છે.

તેઓ પણ આ સંસારમાં રહી, અનુભવ મેળવી પોતાની ઉન્નતિ સાધે છે અને તેમને પણ **જીવન અને રક્ષણનો** આપણા સરખોજ હક્ક છે. સઘળા ઉદાર હૃદયના પુરુષોએ માન્ય કરેલો આ સિદ્ધાંત બાળકોના હૃદયપર ઠસાવવો જોઇએ કે, જે મનુષ્ય કેવળ નીચ અધમ અને ક્રીકણ સ્વભાવનો છે તેજ હલકા અનાથ પ્રાણીઓને હેરાન કરે છે અને તે પોતાનું બળ ગરીબોનું રક્ષણ કરવામાં નહિ વાપરતાં તેમને પીડા કરવામાં વાપરે છે. વળી આ બાબત પણ વિચારવા જેવી છે કે ગાય, બકરી અને હરણનું માંસ ખાવાવાળા સિંહનું માંસ કેમ ખાતા નથી? અશક્ત અથવા નિર્બળનું રક્ષણ કરવામાંજ ખરા ધૈર્ય અને ખરા બળની પરીક્ષા છે. જે બળ અનાથને પીડવામાં નહિ, પણ પોતાના હલકા મનોવિકારોને વશ કરવામાં વપરાય છે તેનું નામજ ખરૂં બળ છે. ધન્ય છે તેવા બળને ! !

ન્યાયયુક્ત દયાના ઉપદેશથી ઉત્પન્ન થતા લાભનું મૂલ્ય ગણી શકાય તેમ નથી. જે બાળકને દયા સંબંધી કાંઇ પણ શીખવવામાં આવ્યું નથી, તેનાપર પ્રાણીઓ રક્ષણ અને દયાનો શો હક્ક ધરાવે છે એ બાબતનો કોઈ પણ દિવસ જેને ખ્યાલ આપવામાં આવ્યો નથી, તે તેમની દરકાર નહિ રાખતાં તેઓ તરફ નિર્દય થતાં શીખે એ સ્વાભાવિકજ છે; અને જો તે તેમના પ્રતિ નિર્દય થશે તો પછી દયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કરૂણાની અસર વિનાનું બનેલું તેનું હૃદય તેના કુટુંબ પ્રત્યે અને પછી મનુષ્ય જાતિ પ્રત્યે પણ નિર્દય થવાનેજ દોરાશે. તેથી ઉલટું તેના ઉપર પ્રાણિવર્ગનો શો હક્ક છે તેનો જેને ખ્યાલ આપવામાં આવ્યો હશે અને જેનું હૃદય દયા અને કરૂણાના બોધથી પિગળ્યું હશે, તે બાળક તેની મધુર છાયા નીચે કુટુંબ પ્રત્યે તથા અન્ય મનુષ્યો-પ્રત્યે વિશાળ હૃદયનો, દયાળુ અને વીર પુરૂષજ બનશે. તેટલા માટે બાળકોને, તેઓના હાથને, તેઓના મનને અને તેમના હૃદયને અવશ્ય કેળવો. જે અવાક્ પ્રાણીઓ કૃપાપાત્ર છે, જેઓ પોતાનું રક્ષણ કરી શકતાં નથી, જેઓ પોતાની નિર્બળતા દુઃખ અને સંકટ બીજાને સમજાવી શકતાં નથી, તે પ્રાણીઓ તરફ દયાની વૃત્તિ રાખતાં તેમને શીખવો; અને આથી નિર્બળ અને નિરાશ્રિતની સંભાળ લેવાનો મહાન નૈતિક સિદ્ધાન્ત તેઓના અનુભવમાં આવશે; અને આટલેથીજ તેની અસર નહિ અટકતાં મનુષ્યની મનુષ્ય પ્રત્યેની ફરજ શીખવનારા ઉચ્ચમાં ઉચ્ચ સિદ્ધાંત તરફ પણ આ અનુભવ તેને દોરી જશે.

શિકાર (મૃગયા)

બાલ્યાવસ્થામાંથી દયાના વિચારો ઠસાવવાની અગત્ય ઉપર જેટલું લખવામાં આવે તેટલું ઓછું છે. એ વિષે આ લેખમાં જે સૂચનાઓ આપવામાં આવશે તે જેમ બનશે તેમ સરળ ભાષામાં અને દૃષ્ટાન્તો સહિત અપાશે, કે જેથી તેની અસર હૃદયમાં સદાને માટે રહે. મનુષ્યને દુનિયામાં એટલા બધા પ્રસંગો ક્ષણે ક્ષણે પ્રાપ્ત થાય છે કે જો તે તે પ્રસંગોનો લાભ લેવા ધારે તો તેવડે પણ બાળકોને દયાની અથવા નિર્દયતાની કેળવણી આપી શકે.

જો હું પિતા હોઉં અથવા જો મારા હાથમાં બાળક ઉછેરવા સારૂ આપવામાં આવતાં હોય તો, પ્રથમ તો હું તેમને ગમ્મતને ખાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિકાર કરવામાં રહેલું અવિચારીપણું, સ્વાર્થવૃત્તિ, હૃદયની નિષ્ઠુરતા અને નિર્દયતા દૃષ્ટાન્ત સહિત જણાવું. જે જે સાધનોદ્વારા નાનાં નાનાં બાળકો, પક્ષીઓને અથવા પશુઓને હેરાન કરી શકે છે અથવા મારી નાખે છે, તેવી નાની બંદુકો વગેરે સાધનો હું તેમના હાથમાં કદાપિ પણ મૂકું નહિ. જન્મગાંઠને દિવસે અથવા કોઇ તહેવારના દિવસે તેમને તેવી વસ્તુઓ કોઇ ભેટ તરીકે આપવું હોય તો તેને તેમ કરતાં અટકાવીને જીવદયાની સચિત્ર ચોપડીઓ આપવાની ભલામણ કરું. પ્રાણીઓને મારી નાખવાના નિર્દય કાર્યમાં ઉત્તેજન આપવાને બદલે પક્ષીઓના ગીતથી કેટલાં બધાં મનુષ્યોને આનંદ થાય છે તે દર્શાવું. તેમના વિવિધ રંગોની સુન્દરતા મનુષ્ય માત્રનાં નેત્રોને કેટલો બધો સંતોષ આપે છે, તે વાત પક્ષીઓનાં ચિત્રો તેમજ પક્ષીઓ બતાવીને સિદ્ધ કરી આપું. વિવિધ પશુ–પંખીઓમાં શા શા ગુણ રહેલા છે તે જણાવું; અને પશુઓમાં ઉદ્યોગની ટેવ, સાનુકૂળ થવાની અદ્‌ભુત શક્તિ, નિરીક્ષણશક્તિ, સ્વામિભક્તિ વગેરે જે જે ઉમદા ગુણો રહેલા જણાય છે તે દૃષ્ટાન્તથી જણાવું. આવા આવા પ્રાણીઓથી મળતા લાભો જણાવી હું તેમને પ્રાણીઓ ઉપર પ્રેમ રાખતા કરું, અને તેઓનું ભરણપોષણ તથા રક્ષણ કરી કૃતઘ્ની થતાં અટકો એવો ઉપદેશ નિરંતર તેમના કાનમાં આપું.

જે મનુષ્યો શિકાર કરે છે તેઓ તે બે કારણથી કરે છે, એમ જરા લાંબો વિચાર કરતાં જણાય છે. અવિચારને લીધે કાંતો તેઓ શિકાર કરે છે અથવા તો પ્રાણીના નાશથી મળતા લાભથી લોભાઇને તે ઘોર કૃત્ય કરે છે. આ કૃત્ય એટલું બધું અવિચારી છે કે તે ક્ષમાને પણ યોગ્ય નથી, એમ લખવામાં કલમ આંચકો ખાતી નથી.

ખરો વિચારવંત પુરુષ અથવા સ્ત્રી આવા ઘાતકી કાર્યમાં ભાગ લેજ નહિ. જ્યારે એવું સાંભળવામાં આવે છે કે અમુક સ્ત્રી મૃગયામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસિદ્ધ છે, ત્યારે તેનું ખરૂં ચારિત્ર અને તેનો સ્વભાવ સહજ સમજાય છે. ભલે તે સ્ત્રી સમાજમાં પ્રસિદ્ધ હોય, ભલે તે કોઇ પ્રતિષ્ઠિત ગૃહસ્થની પત્ની હોવાનું ગુમાન ધરાવતી હોય, પણ તેના આ અવિચારી અને અયોગ્ય કાર્યથી એટલું તો ચોખ્ખું જણાય છે કે તેનું આ કાર્ય વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થવાની આશાથી અથવા સ્વાર્થમય પશુબુદ્ધિને લીધે થવા પામેલું છે.

થોડા સમય ઉપર એક શહેરના ધર્માધ્યક્ષે વર્તમાનપત્રોદ્વારા આખી આલમને જણાવ્યું હતું કે તેના જેવા ધંધાવાળા માણસોને માટે શિકાર જેવી આરામ આપનારી ઉત્તમમાં ઉત્તમ રમત બીજી એક પણ નથી અને પોતે જેમ તે અઘટિત કાર્ય ઉપાડી લીધું હતું તેમ અન્ય મનુષ્યોને પણ તેવાં કાર્યો કરવાને તેણે પોતાના લેખથી પ્રેર્યા હતા. આ તેના લખાણ ઉપર હે પ્રિય વાચકવૃન્દ! વિચાર કરો. એમાં શું અર્થ રહેલો છે તેપર ધ્યાન દોડાવો.

માયાળુ ગૌતમબુદ્ધ અથવા જીવદયાનો ઝંડો ફરકાવનાર મહાવીર સ્વામી જેમને ભાષણમાં અથવા પ્રાર્થનામંડળમાં આ પૂજ્ય (?) સદ્‌ગૃહસ્થ નાસ્તિક કહેતાં અચકાતો નથી તેમના દયામય ઉપદેશો તો દૂર રહ્યા; પણ જે ઈસુ ખ્રિસ્તને તે માને છે તેના પણ નમ્ર અને દયામય શિક્ષણના સ્વરૂપની તેને ગંધ સરખી આવેલી જણાતી નથી. તેનું આ કાર્ય અક્ષમાપાત્ર, નિષ્ઠુર, પશુવત્, અધમ તથા નિન્દનીય સ્વાર્થાન્ધતાનું પરિણામ છે એમ કહેતાં શા સારૂ આપણે ડરવું જોઇએ?

આ વિષય સંબંધી **આર્ચડીકન ફ્રેરે** ઉચ્ચારેલાં કેટલાંક વાક્યો એટલાં બધાં બંધબેસતાં છે કે તેમનો ઉતારો કર્યા સિવાય મારાથી રહેવાતું નથી.

"એક બે વાર નહિ પણ ઘણી વાર સમુદ્રને કાંઠે એવા લજ્જાજનક અને દુઃખપ્રદ દેખાવ મારી નજરે પડેલા છે કે જેનું સ્મરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને નિરંતર થયા કરે છે. રેત ઉપર બેડોળ કરેલાં સંખ્યાબંધ નિરપરાધી સમુદ્રવાસી પક્ષીઓ મરેલાં પડેલાં હતાં. રૂધિરથી તેમનાં ધોળાં પીછાં રાતાં બનેલાં હતાં, મુવેલાં સાથે અર્ધમુવેલાં પણ ફેંકી દેવામાં આવેલાં હોવાથી તેમને વેદના થતી હતી અને આવા કતલના કાર્યથી તે નિર્દય અને બુદ્ધિવગરનાઓને રમત (?) થતી હતી. હું કહું છું કે તે ખરેખર અધમ રમત હતી. રમવાને ખાતરજ મારવું તેના કરતાં વધારે અધમ કાર્ય બીજું શું હોઇ શકે? વાદળી રંગના પાણીનાં મોજાં–ઉપર સૂર્યના પ્રકાશવડે ચળકતી ધોળી પાંખોવાળાં રમણીય પક્ષીઓને જોઇને જે મનુષ્ય હોડીમાં બેસાડી પોતાનાં છોકરાઓને લઈ જાય, અને આ રમ્ય પ્રાણીઓને મારી નાખવામાં અથવા ઘાતકી રીતે ઘાયલ કરવામાં અને એકાંતમાં નસાડવામાં રમત છે તેમ દેખાડી પશુવત્ અધમ થતાં શીખવે; તે મનુષ્યની જડતા, નિષ્ઠુરતા અને દયા તથા રમણીયતાના અંકુર વિનાના હૃદય વિષે શી કલ્પના કરવી તે આ લેખકને સુઝતું નથી. જગતમાં જેમ ક્રૂર મનુષ્યો છે તેમ દયાળુ પણ છે, અને તે દયાળુ મનુષ્યોના વાસને લીધેજ જગત ટકી રહ્યું છે. થોડા સમય ઉપર મનુષ્યજાતિ પ્રતિ દયાળુ હૃદયના એક મિત્રે નીચે પ્રમાણે પોતાના જીવનવૃત્તાન્તમાં લખેલું છે. તે લખનાર પ્રખ્યાત રશીઅન કથાકાર મી. ટરજનીફ છે. જે બનાવ વિષે આપણે બોલવા માગીએ છીએ, તેણે તેના ઉપર એટલી બધી અસર કરી હતી કે તેનાં બધાં લખાણોમાં તે બનાવથી ઉપજેલી દયાની ઉંડી છાપ જણાઇ આવે છે.

ટરજનીફ દશ વર્ષની વયે પહોંચ્યો ત્યારે તેનો પિતા એક દિવસે પક્ષીઓના શિકારાર્થે તેને પોતાની સાથે લઈ ગયો. તેઓ જંગલ સમીપ પહોંચ્યા તેવામાં સમીપની જગ્યામાંથી ધીમો ફરફરાટ કરતું સુવર્ણરંગી તિત્તર પક્ષી ઉડતું જણાયું. તેજ સમયે તેના હૃદયમાં સ્ફુરતા શિકારના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદથી તેણે બંદૂક ઉંચી કરી અને ફોડી કે તરતજ દુઃખ અને ગભરાટથી બોબાકળું થયેલું તે પક્ષી તરફડીયાં મારતું તેની બાજુએ આવીને પડયું. તે પક્ષી હવે મૃત્યુની સમીપમાંજ હતું, તેના શરીરમાંથી જીવ જવાની તૈયારીમાં હતો; છતાં પણ માતાનો બાલક પ્રતિનો પ્રેમ મૃત્યુ કરતાં વધારે બલિષ્ઠ નીવડયો અને તે પ્રેમથી કહો કે તે લાગણીથી કહો તે મારા પ્રાણી ભયથી અણુજાણ એવાં પોતાનાં બચ્ચાં જ્યાં હતાં તે માળા તરફ ઉડી ગયું. માતાને દેખી તે બચ્ચાં આનંદથી કોલાહલ કરવા લાગ્યાં. બચ્ચાંઓના રક્ષણ અર્થે પોતાની પાંખોથી માળાને બંધ કરતી ત્યાંજ તે મારા પડી રહી. ટરજનીફ ત્યાં ઉભો ઉભો આ સર્વ એકચિત્તથી નિહાળતો હતો. પોતાને કરેલા ઘાને સારૂ ઠપકો આપતી હોય, તેમજ પોતાનાં બચ્ચાંના રક્ષણ અર્થે આજીજી કરતી હોય તેવી દૃષ્ટિ તે મારા તેના તરફ ફેંકવા લાગી. પોતે અપરાધી છે એ વિચારે ટરજનીફનું હૃદય વિંધી નાખ્યું, તેની સાથે તેના હૃદયમાંથી દયાનો ઝરો સ્ફુર્યો. થોડાજ વખત પછી તે પક્ષીએ પોતાની આંખો બંધ કરી, તેનું માથું જમીનપર પડયું અને તે માળાના દ્વાર આગળજ તેણે પ્રાણનો ત્યાગ કર્યો. આ બનાવથી તેને વધારે પશ્ચાત્તાપ થયો અને મરણ પર્યંત તે બનાવે આપેલો બોધ તે ભૂલી ગયો નહિ.

પોતાનું ભયભ્રાન્ત (બોબાકળું) મુખ પિતા ભણી ફેરવતાં તે બોલી ઉઠયોઃ—"પિતા ! હે પિતા ! મેં આ શું કર્યું ?" પિતાને આ બનાવ કરૂણાજનક નહિ લાગવાથી બોલી ઉઠયોઃ—"મારા વહાલા પુત્ર ! તેં ઠીક કર્યું. બંદૂક ફોડવાનો પ્રથમ જ પ્રયત્ન હોવા છતાં પણ તેં ઠીક કર્યું છે, અને થોડા સમયમાં તું પ્રખ્યાત શિકારી થઇશ." તે બાળકે કહ્યુંઃ—"નહિ, પિતા નહિ. આજથી કોઇ પણ દિવસ એવું અનુચિત કાર્ય હું કરીશ નહિ. કદાપિ પણ **જીવતાં પ્રાણીનો વિનાશ કરીશ નહિ.** જો આને તમે રમત કહેતા હો તો મારે તેવી રમતનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે કાંઈ કામ નથી. જીંદગી મૃત્યુ કરતાં મને વધારે પ્રિય છે. હું **જીંદગી આપી શકું નહિ તો તે લેવાનો મને શો અધિકાર છે?**"

આ ઉપરથી એટલું અનુમાન થાય છે કે શિકારથી મરણ પામેલા પંખીને જોવામાં આવે તો જરૂર દયા ઉપજ્યા વિના રહે નહિ; પણ શિકારીઓ ક્યારે તેવી બાબતોપર ધ્યાન આપતાં શીખશે? માટે હું તો પ્રાણીને લંગડું કરવામાં, રીબાવવામાં અથવા નાશ કરવામાં સાધનભૂત થાય તેવું એક પણ હથિયાર બાળકના હાથમાં કદાપિ આપીશ નહિ; પણ તેને બદલે ફીલ્ડગ્લાસ (Fieldglass) અથવા કેમેરા આપીશ. અને પ્રાણીમાત્રના મિત્ર થવાને, તેઓનાં લક્ષણ અને ટેવનું અવલોકન કરવાને, તેમના સંબંધીની હકીકતોનો અભ્યાસ કરવાને અને તેમની પાસેથી શીખવા યોગ્ય અદ્‌ભુત પાઠો શીખવાને જંગલોમાં બાળકોને મોકલીશ. આ પ્રમાણે તેનો સંપૂર્ણ સ્વભાવ પક્ષીઓ તરફ માનની, પ્રેમની અને સંભાળની લાગણી રાખવામાં ખીલશે અને તેથી કરી તે કાળજી વગરનો, અધમ અને નિષ્ઠુર થવાને બદલે ખરેખરો વીર અને ઉમદા ગુણવાળો મનુષ્ય થશે.

પ્રાણીઓ ઉપર અખતરા નિમિત્તે થતી નિર્દયતા

મનુષ્યના કોમળ હૃદયને પત્થર તુલ્ય સખ્ત બનાવનાર શિકારની બાબત આપણે વિચારી ગયા. હવે જે રીત મનુષ્યને ક્રૂર બનાવે છે અને જે રીત બાળકો અને વિદ્યાર્થીઓને ઘણીવાર જોવી પડે છે, એવી **વિવિસેકશન**ના નામથી પ્રસિદ્ધ થયેલી રીત સંબંધી હું કાંઈક જણાવવા ઇચ્છું છું. જીવતાં પ્રાણીને કાપીને, બાળીને, દઝાડીને, શેકીને, અંગ કાપીને, વીજળી લગાડીને એવા એવા અનેક પ્રકારના પ્રયોગ (અખ્તરા) કરીને જ્ઞાન મેળવવાની આ રીત બહુજ ધિક્કારવા લાયક છે. આ રીતે વર્તનાર ઉપર થતી નિષ્ઠુર અને નિર્દય લાગણીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવાલ કોરાણે મૂકીએ; તોપણ પ્રાણીઓ ઉપર જે ઘાતકીપણું જ્ઞાનના નામે કરવામાં આવે છે તે આજની સુધરેલી દુનિયાના સુધારાપર મોટામાં મોટું કલંક છે. મી. ટ્રાઈનિ લખે છે કે આ બાબતનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી અને જગતના મોટામાં મોટા પદાર્થવિજ્ઞાનશાસ્ત્રીઓ અને સરજનોના અભિપ્રાય તપાસી, તેને એવા અનુમાન ઉપર આવવાની જરૂર પડી છે કે પ્રાણીઓને રીબાવી રીબાવીને મારી નાખ્યા સિવાય બીજી કોઇ રીતે નજ મળે તેવું ખરૂં ઉપયોગી જ્ઞાન આ રીતે મળ્યું નથી.

હું પોતે તો તેવી રીતનો ઉપયોગ થતો હોય તેવી કોઇ પણ નિશાળે મારા બાળકને જવા અથવા રહેવા દઉં નહિ. જ્યારે જ્યારે મને પ્રસંગ મળશે ત્યારે ત્યારે મારા સઘળા સામર્થ્યથી તે રીતની વિરૂદ્ધ વિચારો જણાવીશ અને તેને બદલે હાલમાં સંપૂર્ણ રીતે સાબીત થયેલી વાત બાળકોના મનમાં ઠસાવીશ કે " **મન** એ શરીરનું સ્વાભાવિક રક્ષણકર્ત્તા છે અને શરીર મનને વશ છે. આપણી માનસિક શક્તિઓ અને લાગણીઓની અસર આપણા શરીરપર થાય છે અને જેવી સ્થિતિ મનની થાય છે, તેવી ધીમે ધીમે શરીરની પણ થાય છે. માનસિક વિકારોનો પ્રબળ પ્રભાવ શરીરપર થતો આવે છે. ક્રોધ, નિર્દયતા, ઇર્ષ્યા, ભય, આલસ્ય, કામ, માન, મદ ઇત્યાદિ વિવિધ પ્રકારના માનસિક વિકાર મનમાં જણાય છે તે પ્રમાણે શરીરમાં પણ તરેહ તરેહના રોગ પેદા થાય છે. "

રોગોના ઔષધ નિમિત્તે ઉપર જણાવ્યા પ્રમાણે પ્રાણીઓનો નાશ કરાય છે તોપણ યોગ્ય ઔષધિ તો પ્રાપ્ત થતીજ નથી; કારણ કે મનુષ્યનાં અને પ્રાણીઓનાં શરીરના બંધારણમાં ભેદ હોવાથી એકને માટે યોજેલો ઉપાય બીજાને લાભકારી નીવડશે કે કેમ એ મોટો સવાલ રહે છે અને આખરે મનુષ્ય ઉપર તે પ્રયોગ અજમાવવાની જરૂર પડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. રોગોનું ખરૂં ઔષધ એ માનસિક વિકારોપર જય મેળવવામાંજ રહેલું છે. આ સંસારમાં જેટલાં પાપ છે તે સર્વનું કારણ માનસિક રોગ છે.

દુર્ગુણોનાં ઝેરી અને નાશકારક પરિણામરૂપે શરીરને રોગી બનાવવું અને પછી તેના ઔષધમાં સહાયભૂત થાય તે માટે નિરપરાધી પ્રાણીઓનો અધમ રીતે વિનાશ કરવો, તે ખરેખર અન્યાયયુક્ત અને બાયલાપણાનું કામ છે.

પુચ્છછેદન

ઘણીવાર ઘોડા આદિ જનાવરનાં પુંછડાં કાપેલાં આપણી દૃષ્ટિએ પડે છે. હવે તેવું કાર્ય કરનાર વિષે શો વિચાર બાંધવો, તે હું બાળકોને સારી રીતે સમજાવીશ. કાંતો તેઓ સ્વમત પ્રમાણે વર્તવાને અશક્ત હોવાથી રૂઢિના ગુલામ બનેલા છે, અથવા બહારના ખોટા દાહમાહથી અન્ય પુરુષોનું ધ્યાન પોતાના તરફ આકર્ષવાની ઘણા મનુષ્યોમાં જોવામાં આવતી હલકી ઇચ્છાથી તેઓ તે પ્રમાણે કરે છે. બીજાઓનું ધ્યાન ખેંચાય તેવા ઉત્તમ ગુણ રહિત તે પુરુષ હોવો જોઇએ અથવા જેથી ઘાતકીપણું કરતાં મનુષ્ય અટકે તેવી દયા વગરનો તે પુરુષ હોવો જોઇએ. તે પુંછડી કાપતી વખતે તેમજ બાળતી વખતે પ્રાણીને જે હેરાનગતિ થાય છે, તે સર્વ હું બાળકોને જણાવીશ અને તેને લીધે પાછળથી તે પ્રાણીને કેટલું બધું દુઃખ ખમવું પડે છે, તેનો યથાર્થ ખ્યાલ આપીશ.

પ્રથમ જ્યારે પુંછડી કાપવામાં આવે છે ત્યારે લોહીની ધાર વહેવા માંડે છે. તેને અટકાવવાને તપાવેલો તાવેતો ત્યાં લગાડવામાં આવે છે. આ પ્રમાણે દુઃખમાં દુઃખ વધે છે. ઘણા દિવસ પછી તે ભાગ રૂઝાય છે. પણ પુંછડી વિના પાછળથી તે પ્રાણીને કેવી ઇજા થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, તે બાબત ખાસ વિચારવા જેવી છે. માખીઓ, ડાંસ અને હેરાન કરનારાં બીજાં જંતુઓના કરડવાથી અને ચટકાથી અતિશય અસર થાય તેવી ઘોડાની ચામડી છે; અને તે જંતુઓ ઉનાળામાં ઘોડાને બહુ હેરાન કરે છે. હવે તેવા જંતુઓથી બચવાનું કુદરતે બક્ષેલું સ્વાભાવિક સાધન લઈ લેવાથી, તેની જીંદગી કેવી અસહ્ય થતી હશે, તેનો ખ્યાલ તો તેવી સ્થિતિ અનુભવનારનેજ બરોબર લક્ષમાં આવે તેમ છે. કેવી ઘાતકી રીતે તેને અંગરહિત કરવામાં આવે છે અને કેવી મૂર્ખાઈ ભરેલી રીતે તેની શોભાનો વિનાશ કરવામાં આવે છે, તે હું બાળકો આગળ ખુલ્લી રીતે દર્શાવીશ.

ઘણાં રાજ્યોમાં આ કાર્યને ગુન્હા તરીકે ગણવામાં આવે છે અને તે કાર્ય કરનારને દંડની અથવા તો કેદખાનાની સજા કરવામાં આવે છે. તે છતાં પણ થોડે ઘણે અંશે આ મૂર્ખતાભરેલું ઘાતકી અને શોકજનક કાર્ય ચાલ્યા કરે છે. જ્યાં સુધી જનસમાજની લાગણી તે વિરૂદ્ધ ઉશ્કેરાઇ નથી ત્યાં સુધી તેનો સંપૂર્ણ અંત આવશે નહિ. જે મનુષ્યે તેવું કાર્ય કર્યું હોય તેને ઉનાળાની ઋતુમાં અર્ધો દિવસ સૂર્યના તડકામાં ઉભો રાખવાની ફરજ પાડવામાં આવી હોય; અને તેને ગાંડો બનાવી દે તેવાં માખો, ડાંસ અને બીજાં જંતુઓના બચકા અને ચટકાને વાસ્તે તેની પીઠ ખુલ્લી મૂકવામાં આવી હોય; અને તે માખોને દૂર કરી શકે નહિ તેવી રીતે તેના હાથ બાંધવામાં આવ્યા હોય; તો પછી ઘોડાને કેટલી દયા થતી થશે, તેનો કાંઇક ખ્યાલ આવા મનુષ્યને આવે ખરો!

આ રીતે જેની પુંછડી કાપવામાં આવી હતી તેવો એક સકોમલ ઘોડો, ચટકાથી પોતાના શરીરનો બચાવ કરવાને અશક્ત હોવાથી ગાંડો ઘેલો થઇ ગયો હતો. ઘોડાને વશ રાખવાનું ચોકકું–ઘાતકીપણું ગુજારવાની રાક્ષસી યુક્તિ–ને ખેંચવાથી તે એટલો બધો મત્ત થઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો કે તે હાથમાં ન રહ્યો અને દોડતો દોડતો રસ્તાપરથી હેઠો ઉતર્યો અને તેના માલિકને એવી રીતે ફેંફી દીધો કે તેનું મરણ થયું અને તેની સ્ત્રી લંગડી થઈ. જે તેઓએ વાવ્યું તે તેમને લણવું પડયું! કારણ કે દરેક મનુષ્યને એક અથવા બીજી રીતે વાવેલું લણવું પડશે એવો સૃષ્ટિનો નિયમ છે.

ઢોરને દેશાન્તર મોકલવાની રીત.

અમેરિકા અથવા પશ્ચિમ તરફના દેશોમાં જે લોકો ઘાતકી રીતે પશુઓને ભૂખે મરવા દે છે, તેવાં મનુષ્યો હું બાળકોને બતાવીશ. પશુઓનો વ્યાપાર કરનારાઓ શિયાળાના દિવસોમાં ઘાસ અથવા સ્થાનના અભાવથી બીડમાં ચરવા સારૂ પશુઓને મોકલે છે. નોકર તે પશુઓને બીડમાં લઈ જઇ ચરાવે છે, પરન્તુ બીડમાં શિયાળા સુધી સર્વે પશુઓ પેટ ભરી શકે એટલું ઘાસ ન મળવાથી હજારો પશુઓ ખોરાક નહિ મળવાથી તેમજ ઠંડીથી મરણ પામે છે. ઢોરોને યોગ્ય ખોરાક અને આશ્રયસ્થાન પૂરું પાડવાના ખર્ચ કરતાં દરેક વર્ષે શિયાળામાં કેટલાંક ઢોર આ રીતે મરણ પામે તે પૈસાના હિસાબે તેમને સોંઘું પડે છે; કારણ કે તેમને મન તે પ્રાણીઓની જીંદગી કરતાં પૈસો એ વધારે કીમતી ચીજ છે. આ કારણથી એધડક આવું અધમ કાર્ય દરવર્ષે તેઓ કરે છે. ગયાં વર્ષોમાં હજારો પ્રાણીઓ આ રીતે ખોરાકના અભાવે રીબાઇ રીબાઈને મરણ પામ્યાં છે. ત્યાંની સરકાર આવા કાર્યને ગુન્હો ગણતી નથી. ખેતરમાં અથવા તબેલામાં પોતાનાં ઢોર-ઢાંખરને ભુખે મરવા દે, તેને ગુન્હેગાર ગણી તેને યોગ્ય દંડ દેવામાં આવે છે; પરંતુ જંગલ અથવા બીડમાં એવું કાર્ય કરનાર કાયદાથી બચી જાય છે, કારણ કે તે પ્રાણીઓની તરફથી કોઈ બોલનાર નથી. મને તો લાગે છે કે તબેલામાં ભુખે મારનારની પેઠેજ બીડમાં ભુખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારનારનો દંડ લેવો જોઇએ, કે જેથી કરી ભવિષ્યમાં પ્રાણીઓને ભુખે મારી નાખવાનાં દુષ્ટ કાર્યથી તેઓ દયાથી નહિ તો દંડના ભયથી પણ અટકે.

આ બાબત સાથે સંબંધ ધરાવનાર એક બીજો વિષય છે, તે પણ તેટલોજ નીચ, અધમ અને ઘાતકી છે. એ વિષય પ્રાણીઓને એક મુલકથી બીજા મુલકે રેલવે અથવા વહાણ મારફતે મોકલવા સંબંધી છે. દરવર્ષ ઘેટાં ઘોડાં વગેરે અનેક પ્રાણીઓ એક દેશમાંથી બીજા દેશમાં મોકલવામાં આવે છે. તેમને વાસ્તે વહાણ જુદાં હોય છે, પણ સમાય તેના કરતાં વધારે મોટી સંખ્યામાં અને નિર્દય રીતે તે પ્રાણીઓને તેમાં ભરવામાં આવે છે. માર્ગમાં તેમની યોગ્ય સંભાળ લેવાતી નથી. ખાવાપીવાનું તેમને મળતું નથી; તેથી કરી જ્યારે વહાણ નીમેલે સ્થાને આવી પહોંચે છે, ત્યારે તે ઢોરનો ચોથો ભાગ અને કેટલીક વાર તો ત્રીજો ભાગ મરેલો માલુમ પડે છે. અને બીજાં કેટલાંક એવી ગુંગળાએલી અને નરમ સ્થિતિમાં માલુમ પડે છે કે વહાણમાંથી ઉતારતાં વારજ તેઓને મારી નાખવામાં આવે છે. દયાળુ હૃદયના પુરુષોએ આ બાબતપર ખાસ વિચાર કરી તેવાં અધમ કાર્યો અટકે તેમ પ્રયત્ન કરવો જોઇએ છે.

પોશાક અને ફેશન.

જન્મથીજ મનુષ્ય અનુકરણ કરનારૂં પ્રાણી છે. જેવા જેવા આચારવિચાર આસપાસનાં માણસોમાં જુએ છે તેવા તે ગ્રહણ કરે છે અને તેમનું જોઇને તેમના વંશમાં ઉત્પન્ન થયેલા પણ તેવું કાર્ય કરે છે. આ પ્રમાણે ઘણા માણસો એક સરખી રીતે વર્તવાથી એક પ્રકારનો તેવો ચાલ અથવા રીવાજ પડી જાય છે. જો અમુક રીવાજને પ્રથમ હયાતીમાં લાવનાર વિચારવંત માણસ હોય તો પરિણામ બહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાભકારી થાય છે અને તેથી તે સર્વ લાભનું પુણ્ય તે રીવાજને પ્રચલિત કરનાર મેળવે છે; પરંતુ જો તે રીવાજ અવિચારીપણાથી ઉત્પન્ન કર્યો હોય તો તેમાંથી જે અશુભ પરિણામ આવે તે બધાનો જવાબદાર તે અવિચારી મનુષ્ય છે. આવીજ રીતે રીવાજો હયાતીમાં આવે છે અને પોશાકમાં શું પહેરવું તેનો રીવાજ પણ આમજ ચાલુ થયો છે.

માણસમાં દયાનો ગુણ ખીલે તે વાસ્તે તે કેવો પોશાક ધારણ કરે છે તે મુદ્દાને પણ વિચાર બહાર રાખવો જોઇતો નથી. આ બાબત પુરૂષો કરતાં સ્ત્રીઓને વધારે લાગુ પડે છે. ભભકા અને શણગાર વાસ્તે બચ્ચાંઓને પક્ષીઓની ચામડી અને પીંછાં પહેરાવવાની રીત બહુજ વિચાર વગરની અને નિર્દય છે, અને તેનો કોઇ પણ રીતે બચાવ થઈ શકે તેમ નથી. આ રીત હાલમાં હિન્દુસ્તાનમાં કેટલેક અંશે પાશ્ચાત્ય પ્રજાના સમાગમથી દાખલ થવા પામી છે. યૂરોપાદિ પાશ્ચાત્ય દેશોમાં તે એટલી બધી ચાલે છે કે તે જોઇ દયાળુ માણસોનાં હૃદયો ફટકી જાય છે; કારણકે તેમને બંધ કરાવવા જેટલું સામર્થ્ય તેમનામાં હોતું નથી. લંડનમાં ગયે વર્ષે એક દિવસમાં અને એકજ હરાજીના જથ્થામાં છ લાખ પક્ષીઓની ચામડી વેચવામાં આવી હતી. આ ઉપરથી દુનિયામાં દરેક વર્ષે શરીરની શોભાને અર્થે કેટલાં પક્ષીનો વિનાશ થતો હશે તેનો તમે ખ્યાલ બાંધી શકશો. આ જાતનો વ્યાપાર કરનારા મનુષ્યો, સ્ત્રીઓનાં હૃદયમાં જુદી જુદી ફેશનોનો શોખ ઉત્પન્ન કરે છે અને પછી વધતા જતા વ્યાપારને પહોંચી વળવાને કરોડો બલકે અબજો પક્ષીઓનો દરેક વર્ષે સંહાર થાય છે. અસલમાં જણાતી ઘણીક પક્ષીઓની જાતીઓનો આ રીતે તદ્દન વિનાશ થયો છે અને આ દુષ્ટ રીવાજ જો બંધ નહિ થાય તો મને ભય લાગે છે કે ધીમે ધીમે બીજી બધી જાતોનો નાશ થશે. આ બાબત દૃષ્ટાન્ત આપી સિદ્ધ કરી શકાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફ્લોરીડા શહેરમાં થોડાં વર્ષપર હજારો સારસ પક્ષીઓ માલૂમ પડતાં હતાં, અને તેમનો સુંદર અને રમણીય આકાર તેમના તરફ જોનારની આંખને આનંદ આપતો હતો; પણ જો હાલ તે શહેરમાં જોઇશું તો કોઈ રડયુંખડયું સારસપક્ષી ભાગ્યેજ જણાશે. વર્ષના જે ભાગમાં તે સંતતિ ઉત્પન્ન કરે છે અને માળો બાંધે છે તે સમયમાં કુદરત તેના લગ્નનો સમય છે એમ વિચારી તે પક્ષીને એવાં રૂવાં આપે છે કે જાણે તે પક્ષીએ લગ્નનો જમો પહેર્યો હોય નહિ ! આ વખતે તેનો દેખાવ અધિક રમણીય ભાસે છે, પણ શું તેની રમણીયતા લાંબો વખત ટકી શકે છે ? ખેદ સાથે કહેવું પડે છે કે ના. કારણ કે તેવા સમયમાં તેમનાં પીછાં તથા ચામડીના લોભથી નિર્દય વ્યાપારીઓ–ખરૂં કહીયે તો વ્યાપારીના રૂપમાં કસાઇઓ–તેમનો પ્રાણ લે છે, અને સ્ત્રીઓની ટોપીઓમાં તથા ગળાના પોશાકમાં ઘાલવાને તે વેચવામાં આવે છે.

આ ઋતુ તે પક્ષીઓને માટે આનંદની હોય છે, અને તેઓ ઘણાં નિર્દોષ અને શાંત દેખાય છે. તેઓ પોતાનાં બચ્ચાંની સંભાળ લે છે, અને સૌ સાથે ટોળાબંધ ફરે છે. કેટલીકવાર ભીની જગ્યામાં ઉગેલાં ઉચ્ચ વૃક્ષોની વચમાં હજાર હજારનું ટોળું પણ માલૂમ પડે છે, અને તેથી પક્ષી પકડનારાઓને સંતાઇ રહેવાનું સુગમ પડે છે. આવી રીતે સંતાઇ રહીને તેઓ, બચ્ચાં સારૂ ભોજન લઇને માળા ભણી પાછાં ફરવાના સમયે આવતાં પક્ષીઓને મારી નાખે છે. આવી રીતે એકજ દિવસમાં હજારો નિર્દોષ નિરપરાધી પક્ષીઓને મારી નાખવામાં આવે છે. કેવળ માતપિતાજ આ રીતે મરણ પામે છે એટલુંજ નહિ, પણ ભોજન નહિ મળવાથી તેમનાં બચ્ચાંઓ પણ પોતાની મેળેજ ભૂખથી મરી જાય છે. સરેરાશ ચાર ચાર બચ્ચાંઓના ભોજનનો આધાર એક ઉપર હોય છે, તેથી એકના મરણથી પાંચનું મરણ સમજવું; એટલે એક પક્ષીનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીંછું પહેરનાર સ્ત્રીએ યાદ રાખવું જોઇએ કે ચાર અથવા પાંચ પક્ષી-ઓના નાશની કારણભૂત તે પોતે થયેલી છે.

આ ઠેકાણે કોઇકિ સ્ત્રી એમ કહેવા બહાર પડે કે મેં એક પણ પક્ષી માર્યું નથી અને મારે પક્ષી મારવા સાથે કાંઇ પણ સંબંધ નથી; હું તો ફક્ત પીંછાનું બનેલું વસ્ત્રજ પહેરું છું; તો અમે તેને કહીએ છીએ કે તારી વાત ખરી છે; કારણકે જો સ્ત્રીને જાતે આ કામ કરવાનું હોત તો કચિત તે કરત નહિ અને આવો પોશાક પહેરત પણ નહિ. ખરેખર સ્ત્રીઓ **અજ્ઞાનપણાથી** આ પીંછાંનો અને ચામડાંનો પોશાક પહેરે છે. જો સ્ત્રીઓના જાણવામાં આવે કે તેમના શોખને લીધે દરવર્ષે કરોડો પ્રાણીઓનો સંહાર થાય છે તો અમને ખાત્રી છે કે સ્ત્રીઓ આવા કાર્યને દૂરથીજ પ્રણામ કરત. બીજા શબ્દોમાં કહીએ તો તેઓ કદાપિ પક્ષીઓનાં પીંછાં તથા ચામડાંનો પોશાક પહેરત નહિ; કારણકે તેઓનાં હૃદય સ્વાભાવિક રીતેજ બહુ દયાળુ છે.

વળી આવું કહેનાર સ્ત્રીએ જાણવું જોઇએ કે તેના જેવી હજારો સ્ત્રીઓ પીંછાંની પહેરનાર ન હોય તો તેનો વ્યાપારી પોતાનું મન તથા શક્તિ કોઈ બીજાજ કામમાં લગાડત; કારણ કે જો પીંછાંની માગણીજ ન હોય તો પછી તે પક્ષીઓ શું કરવા મારે ? માટે પહે-રનારજ દૂષિત ઠરે છે, કારણ કે તે પહેરનારને વાસ્તેજ પક્ષી માર-વામાં આવે છે.

થોડા સમય ઉપર વિલાયતમાં એક પારધીએ ૧૩૦,૦૦૦ પક્ષી-ઓને એકજ ઋતુમાં મારી નાખ્યાં હતાં અને તેમની ચામડી ઉતારી લીધી હતી. જ્યારે થોડા દિવસની એક ઋતુમાં તેણે એકલાએ આટલાં બધાં પક્ષીનો સંહાર કર્યો ત્યારે આખા વર્ષમાં બધા પારધીઓને હાથે કેટલાં બધાં પક્ષીઓનો સંહાર થતો હશે તેનો વિચાર કરતાં કંપારી છુટ્યા વિના રહેતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવો પોશાક પહેરનારી સ્ત્રીઓ વિષે આપણે શો વિચાર બાંધવો? સ્ત્રીઓ તરફ અન્યાય દાખવ્યા સિવાય કહી શકાય કે આમાં સ્ત્રીઓની અજ્ઞાનદશા અને અવિચારીપણુંજ પ્રદર્શિત થાય છે. પક્ષીઓનાં પીંછાંથી પોતાની જાતને તથા પોતાનાં બાળકોને જે સ્ત્રીઓ શણગારે છે તે સ્ત્રીઓ તે પક્ષીને મારનારા સાથે તે જગ્યા ઉપર જાય, કતલ કરતાં પક્ષીઓની નસોમાંથી નીકળતું લાલ રૂધિર દેખે, અને જે પીંછાંઓ તે પહેરે છે તેને લોહીથી ખરડાયેલાં અને ડાઘાવાળાં જુએ, મરતી વખતની તેમની હૃદયભેદક અને દયા ઉપજાવે તેવી સ્થિતિ તપાસે અને માબાપ ખોરાક લઈને હમણાં આવશે એ આશાથી ઉઘાડાં મ્હોંડાં કરી રાહ જોતાં નાનાં બાળક પક્ષીઓ તરફ નજર કરે; **આ સર્વ** જે પોતાની આંખથીજ જુએ તો અમને સ્ત્રીજાતિ વિષે ખાત્રી છે કે તે તેજ દિવસથી પીંછાં પહેરવાનું મૂકી દેશે અને બીજી સ્ત્રીઓને પણ પીંછાં નહિ પહેરવા સંબંધી બોધ આપશે. તે આવા વિચારરહિત, નિર્દય અને મૂર્ખાઈ ભરેલા રીવાજને કદાપિ વશ થશે નહિ. મને સ્ત્રીજાતિની હૃદયની કોમળતા અને ઉચ્ચ લાગણીઓ વિષે એવો સારો અભિપ્રાય અને ખાત્રી છે કે તે આ કાર્ય એકવાર જોયા પછી પીંછાં પહેરવાનું કદિ પણ પસંદ કરશેજ નહિ. કોઈ એવી સ્ત્રી પણ હશેજ કે જેણે ઉપરનો ત્રાસદાયક દેખાવ જોયો હોય છતાં તેના હૃદયપર કાંઈ પણ અસર ન થઈ હોય; પણ ઘણેભાગે તેઓ દયાળુ હૃદયની હોય છે અને તેથી આવી બાબતનો એકવાર ખ્યાલ આવ્યા પછી કેવળ ફેશનને ખાતર પક્ષીઓને મારવાથી ઉત્પન્ન થયેલાં પીંછાં તથા ચામડાં પહેરવાનું તે કદિ પણ કબૂલ કરશે નહિ.

આવો રીવાજ બંધ કરવા સંબંધી થોડીક હીલચાલ કેટલીક દયાળુ હૃદયની વિચારવંત સ્ત્રીઓએ શરૂ કરી છે. જો હું સ્ત્રી હોત તો આવી સ્ત્રીઓનાં ટોળાંની નાયક થાત, અને આવો રીવાજ કેવી રીતે બંધ થાય તેને વાસ્તે સતત પ્રયાસ કરત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષીઓનાં રૂવાંની ટોપીઓમાં શી વધારે સુંદરતા રહેલી છે, તે મારા સમજવામાં આવતું નથી. સાધારણ બુદ્ધિવાળી સ્ત્રી પણ પોતાની કલ્પનાશક્તિ અને ચતુરાઇથી એવી એવી નવી નવી ફેશનો શોધી કાઢે કે જે જોઇને આપણે આશ્ચર્યમાં ગરક થઇએ. રૂવાં ધારણ કરવાની રીત કેવળ જંગલી રીવાજ છે. ઘણા જંગલી રીવાજો તો અત્યાર સુધીમાં નાશ પામ્યા છે, છતાં આ દુષ્ટ રીવાજ કેમ હજુ સુધી ચાલવા પામ્યો છે તે ઉપર વિચાર કરતાં ખરેખર સ્ત્રીઓની મૂર્ખતા અને વિચારરહિતતાજ કારણભૂત જણાય છે. જો વિદુષી સ્ત્રીઓ વિચાર કરે અને આ બાબતને અટકાવવાનું દિલમાં લાવે તો મને ખાત્રી છે કે ઘણાજ થોડા સમયમાં આ દુષ્ટ રીવાજ નાશ પામે, અને તેથી પક્ષીઓની ઓલાદ વધ્યા કરે અને જ્યારે આપણે જંગલમાં જઇએ ત્યારે પક્ષીઓના મધુર અને પ્રિય સ્વરથી આપણું હૃદય સંતોષ અને આનંદ પામે.

આવો દુષ્ટ રીવાજ સ્ત્રીઓમાંથી શી રીતે નીકળી જાય તેને વાસ્તે અમે નીચેનો ઉપાય બતાવીએ છીએ. જે સ્ત્રી માતા છે તેણે પ્રથમજ આ જંગલી રીવાજનો જાતે ત્યાગ કરવો, અને પછી પોતાનાં પુત્ર પુત્રીઓને એથી દૂર રહેવાનો ઉપદેશ કરવો. બાલકો હમેશાં માતપિતા જે કરે છે અને જે કહે છે તે પ્રમાણે વર્તે છે, માટે માતાએજ પ્રથમ આ બાબતનો ત્યાગ કરવો જોઇએ છે.

બાળકોની સ્ત્રી શિક્ષકોએ પણ જાતે પીંછાં તથા રૂવાં પહેરવાનો ત્યાગ કરવો જોઇએ, અને પોતાના હાથ નીચે ભણતાં બાળકોને તેવું નહિ પહેરવાનો ઉપદેશ આપવો જોઇએ; કેમકે જેવો પોતે ઉપદેશ આપે તે પ્રમાણે શિક્ષકે પણ ચાલવું જોઇએ. જો શિક્ષકની કહેણી રહેણીમાં ફેર હોય તો બાળકો ઉપર તેના કહેવાની અસર થતી નથી. બાળકો વિરોધી વાતનો ઝટ ખ્યાલ લાવી શકે છે. તેઓ આવી બાબતો નહિ સમજે એમ કદાપિ ન જાણવું. બાળકો પણ સમજે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનો એક દાખલો નીચે જણાવીએ છીએ. એક દિવસ એક બાળાએ બીજી બાળાને કહ્યું:–"આપણી મહેતીજી આપણને નાનાં પક્ષીઓ નહિ મારવાનું જણાવે છે તેનું કારણ હું સમજ્યું છું. તે પક્ષીઓ મોટાં થાય ત્યારે તેમને મારી તેનાં ચામડાં તથા રૂવાં પોતાની ટોપીપર લગાડવાને તે ઇચ્છા રાખે છે." આવા શિક્ષકોના બોધની શી અસર થઇ શકે ? બાળકો શિક્ષકની ટોપીપર પીંછાં રૂંવાં તથા ચામડાં જુએ, ત્યારે તેઓ તરતજ વિચારે કે "આતો પોથીમાંનાં રીંગણાં" ! છે; માટે આચરણથી ઉપદેશને સિદ્ધ કરી આપવો જોઇએ.

આ બાબત કેવળ પક્ષી પ્રત્યે દયા રાખવાને લગતીજ નથી, પરંતુ બીજી રીતે તપાસીએ તોપણ આ જંગલી ફેશન અટકાવવાનાં પ્રબળ કારણ છે. આ જંગલી રીવાજ પ્રમાણે ચાલવાથી મનુષ્યમાંથી ધીમે ધીમે દયા તથા નમ્રતાનો ગુણ નાશ પામે છે અને દયા તથા નમ્રતા એવા ઉત્તમ ગુણો છે કે જે મનુષ્યમાં તે ન હોય તે ખરી રીતે મનુષ્યપણાને લાયક નથી. આવાં નિર્દયી કાર્યો કરવાથી ખરેખર માણસો કઠોર અને ઘાતકી થાય છે. વળી પક્ષીઓ આપણા ઉપર જે ઉપકાર કરે છે તે વાત પણ વિસારવી જોઇતી નથી. પક્ષીઓથી શાક ભાજીનું કેટલું બધું રક્ષણ થાય છે, તે તરફ નજર કરવી ઘટે છે. જો સર્વ પક્ષીઓને મારી નાખવામાં આવે તો માણસોને ઉદરનિર્વાહ કરવો પણ કઠિન પડે; કારણકે પક્ષીઓના ભયથી કીડાઓ શાક ભાજી વગેરેને કરડી ખાતા અને નાશ કરતા અટકે છે. જો પક્ષીઓ ન હોય તો કીડાઓ બધા છોડવા કરડી ખાય, માટે અનાજના બચાવ માટે પણ આપણે પક્ષીઓના આભારી છીએ. હમણાં થોડાં વર્ષમાં એટલા બધા કીડા વધ્યા છે અને વધતા જાય છે કે આ બધાનું કારણ પક્ષીઓની ઓછાશ છે એમ સ્પષ્ટ થાય છે. આ દલીલ આપીને મી. ડ્રાઇનિ જણાવે છે કે, આ સર્વ દુઃખ દૂર કરવાને બાલકોને નાનપણથી જ પક્ષીઓ નહિ મારવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તમ ઉપદેશ શિક્ષકોએ આપવો ઘટે છે. આ રીવાજને અનુસરનારના અને તેમાં વિશેષ કરીને સ્ત્રીઓના જાણવામાં તથા અનુભવવામાં આવે કે જે સીલ નામની દરિયાઇ બિલાડીની ચામડીનું વસ્ત્ર પહેરવામાં તે પોતાને શોભા માને છે તે અથવા જે પશુનાં રૂવાંને પહેરવાનું ચહાય છે અથવા કપડામાં લગાવવાનું પસંદ કરે છે તે ચામડી, રૂવાં વગેરે મેળવવામાં કેવી દુષ્ટતા વાપરવી પડે છે; તો અમને ખાત્રી છે કે સર્વ નહિ તો ઘણાંખરાં સ્ત્રી પુરૂષો ચામડાં અથવા રૂવાંનાં વસ્ત્ર પહેરવાનું છોડી દઇને અન્ય પ્રકારનાં વસ્ત્ર પહેરવાની તજવીજ કરશે. જ્યારે તે સીલ બિલાડી પોતાના સ્થાનમાં બરફ ઉપર શાંત રીતે બેઠેલી હોય છે ત્યારે તેને લાકડીઓ મારી મારીને મારી નાખવામાં આવે છે, તેનો મનમાં ખ્યાલ લાવવાની જરૂર છે અથવા પક્ષીઓને પકડવાને એવી જાતનાં જાળાં રચવામાં આવે છે કે તેમાં તેમનો પગ અથવા શરીરનો કોઈ ભાગ સપડાઈ જાય. આવી સ્થિતિમાં તે પક્ષીને બીજી બીજાને પકડવા તે ક્રૂર વ્યાપારીઓ દોડે છે ત્યાં સુધી તે પ્રથમ પકડાયલાં પક્ષીઓ તરફડીયાં મારે છે, અથવા કેટલાંક વેદનાથી મરણ પામે છે. કોઇકે આ વેદના સહન કરવાની અશક્તિથી પોતાના દાંતોથી જાળમાં સપડાયેલો પોતાનો પગ કરડી નાસવા ઇચ્છે છે. કેટલાંક ભૂખથી મરે છે. કેટલાંક કેટલીક ઘડી સુધી અથવા દિવસ સુધી ફંદામાં ફસાયેલાં પડી રહે છે અને અનેક પ્રકારનું દુઃખ અનુભવે છે, જેનો અંત કસાઇના ચપ્પાથી આવે છે. જો આ સઘળું તેમના જોવામાં આવે તો તેમની ખાત્રી થાય કે જે પોશાકને લીધે તે પોતાને શોભાવાળી ગણે છે તે પોશાકને ખાતર અનેક નિરપરાધી પક્ષીઓનો તથા પ્રાણીઓનો સંહાર થાય છે, તો આવું જાણનાર માણસ તેવો પોશાક પહેરવાને લલચાશે? માટે ચેતો ! ભાઇઓ ચેતો ! અને આવો અઘટિત અને નિર્દય રીવાજ આપણામાં પ્રવેશ પામતો અટકાવો; કારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે એકવાર બીજ રોપાયું તો પછી તેને ઉખેડવું મહા મુશ્કેલ થઇ પડશે. વધતા વ્યાધિ અને જીવતા શત્રુની ઉપેક્ષા કરવી નહિ; માટે આ શત્રુનો સંહાર કરો અને દયાના પવિત્ર નામને પવિત્રજ રાખો.

માંસભક્ષણનો ત્યાગ

હવે માંસ ભક્ષણમાં શા અનર્થ છે, તે બતાવી તેનો ત્યાગ કરવાનો ઉપદેશ આપવાની જરૂર વિચારીએ છીએ. માંસ પ્રાણીની હિંસા સિવાય મળતું નથી, માટે તેમાં તો પ્રાણીને મારવાથી થતું પાપ ખુલ્લુંજ છે. આ વિષયના સંબંધમાં જેટલું ધ્યાન આપવું ઘટે તેટલું આપવામાં આવ્યું નથી; પણ તેના ઉપર બહુજ લક્ષ આપવાની જરૂર છે. યૂરોપ અને અમેરિકામાં તો માંસભક્ષણ થાય છેજ; પણ હિંદુસ્તાનના કમભાગ્યે આર્ય ગણાતી પ્રજામાં પણ તે દુષ્ટ રીવાજે કેટલેક અંશે ઘર ઘાલ્યું છે, અને દિન ઉગતે તેમાં વધારો થતો દેખી દયાળુ હૃદય દુઃખ પામે છે. રાલ્ફવોલ્ડો ટ્રાઇન નામનો દયાળુ લેખક જણાવે છે કે:–"આ બાબતનો સંપૂર્ણ અભ્યાસ કર્યા પછી અને માંસનો નહિ ઉપભોગ કરવાના લાંબા જાતિઅનુભવપરથી હું બેધડક કહી શકું છું કે **માંસ એ ખોરાકને વાસ્તે જરૂરનો પદાર્થ નથી.**" તેના ઉપયોગથી થોડાને કદાચ લાભ થયો હશે પણ ઘણા માણસોને તો નુકસાનજ થયું છે; અને જ્યાં જ્યાં તેનો અતિશય ઉપયોગ થયો છે ત્યાં ત્યાં તો હાનિકારક પરિણામ આવ્યા વગર રહ્યુંજ નથી.

તેજ ખોરાક ઉપયોગી છે કે જે ઝટ પચી શકે અને શરીરને દૃઢ તથા પુષ્ટ બનાવે. ખોરાકના એટલા બધા પદાર્થો આ દુનિયામાં મળી આવે છે કે જેમાં શરીરનું પોષણ કરવાના, શરીરનો બાંધો બાંધવાના તથા શરીરને ટકાવી રાખવાના કામમાં માંસના ખોરાકમાં મળી આવે તેના કરતાં બમણાં અથવા તેથી પણ વધારે પુષ્ટિ આપનારાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્ત્વો રહેલાં છે; માટે માંસની અપેક્ષાએ અન્ય પદાર્થો ખોરાક તરીકે વાપરવા એજ બહુ ઉત્તમ છે.

પ્રથમ માંસની પાચનશક્તિના સંબંધમાં વિચાર કરીએ. આ બાબતમાં ભૂલ થવાનો મોટો સંભવ છે; કારણકે જ્યારે માંસ ભક્ષણ કરવામાં આવે છે, ત્યારે બીજા ખોરાક કરતાં તે ઓક્સીજન (પ્રાણવાયુ) સાથે ઝટ મળી જાય છે અને તેથી એક પ્રકારની શક્તિ ઉત્પન્ન કરે છે; પરંતુ આ શક્તિ થોડે ઘણે અંશે દારૂના ખોટા જોશ જેવી છે. લોકો ભૂલથીજ તેને શરીરનું પોષણ કરનાર અને ટકાવનાર શક્તિરૂપે માને છે; પરંતુ તેથી શરીર હૃષ્ટપુષ્ટ બનતું નથી. માત્ર દારૂની માફક થોડીવાર શરીરને ઉત્તેજન આપી પાછળથી ઉલટી હાનિ પહોંચાડે છે, માટે એવી ખોટું ઉત્તેજન આપનારી શક્તિને પોષણ આપનારી શક્તિ માનવી એ લોકોની મોટી ભૂલ છે.

માંસનો ખોરાક ઇન્દ્રિયોને અને વિકારોને જાગ્રત કરે છે; અને આખા શરીરને ઉશ્કેરી મૂકે છે. આ પ્રમાણે જાગ્રત થયેલા વિકારોને પોષવાને અને સંતોષ આપવાને બીજા ઉત્તેજક પદાર્થોની જરૂર પડે છે; અને પછી મનુષ્યો દારૂ પીએ છે. માંસભક્ષણ આવી રીતે મદ્ય-પાનનું એક સબળ કારણ છે. આ બાબતના અનુભવી વૈદ્યો ઘણાં વર્ષ સુધી અભ્યાસ કર્યા પછી એવા અનુમાનપર આવ્યા છે કે જ્યાં સુધી માંસનો ખોરાક ખાવાની રીત બંધ થશે નહિ; ત્યાં સુધી વીસ્કી અને બીર વગેરે દારૂનું પાન અને તેમાંથી નિપજતા છાકટાપણાનો અને ગુન્હાઓનો કદાપિ અંત આવશે નહિ, તેમ તે ઓછાં પણ થશે નહિ.

આ સિવાય માંસભક્ષણના સંબંધમાં બીજી ઘણી બાબતો વિચાર કરવા જેવી છે. તેનો ઉપયોગ કરનારાનો સ્વભાવ ચીડીઓ બને છે, તેઓ સહેજ બાબતમાં ક્રોધી બને છે અને તેઓની ઉચ્ચ લાગણીઓ માંસના ખોરાકથી અજાણપણે બુઠી થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી માંસ ખાવામાં ઘણો ભય રહેલો છે. ઘણીવાર સડેલાં અને રોગવાળાં પ્રાણીઓનાં માંસ વેચાય છે, તે જેના ખાધામાં આવે છે તેવા રોગવાળો તે થાય છે. જે પશુઓ રોગથી મરી જાય છે, તેનું માંસ પણ કસાઇ લોકો ખાનગી રીતે વેચે છે. આ બાબતમાં અનેકવાર કમીશનો બેઠેલાં છે, અને તેઓએ ખુલ્લી રીતે જાહેર કર્યું છે કે ઘણાં રોગવાળાં પ્રાણીઓનું માંસ કસાઇ લોકો વેચે છે. જો જગ્યા હોત તો આવા ઘણા પુરાવા અત્ર ટાંકી બતાવત. જે માંસ લોકો ખાય છે તે પણ આવા રોગવાળા પ્રાણીનું નથી એમ કોણ કહી શકે?

મનની શરીરપર અસર થાય છે, એ બાબત હવે સત્ય તરીકે સર્વ સ્થળે માનવામાં આવે છે. ચિંતાથી શરીર શોષાઈ જાય છે અથવા સંગ્રહણી વગેરે રોગ લાગુ પડે છે; અને ચીડીઆ સ્વભાવવાળાનું ખાધેલું બળી જાય છે તે પણ સર્વ કોઇના જાણવામાં છે. તેજ રીતે ક્રોધથી શરીરમાં એક પ્રકારનું ઝેર ઉત્પન્ન થાય છે, જે શરીરના આખા ભાગમાં ફેલાય છે. પશુઓને પણ ક્રોધની વૃત્તિ હોય છે. તેમને મારી નાખવામાં આવે છે તે વેળાએ તેઓ ગુસ્સે થાય છે અને બહુજ ઉશ્કેરાઇ જાય છે; તેથી તેમના શરીરનાં રૂંવેરૂંવામાં ક્રોધથી પેદા થયેલું ઝેર પ્રસરી રહેલું હોય છે. આવું ઝેરવાળું માંસ ખાવાથી શો લાભ હાંસલ થઈ શકે? તે વિચારવા જેવો સવાલ છે. ખરેખર તે ખાનારાની બુદ્ધિ મંદ થઈ જાય છે અને મનની સ્થિરતા રહી શકતી નથી.

ઘણીવાર પ્રશ્ન પૂછવામાં આવે છે કે શું માંસનો ખોરાક સ્વાભાવિક નથી? શું મનુષ્ય પોતાની જંગલી દશામાં માંસનું ભક્ષણ નહોતા કરતા? શું પશુઓ એક બીજાનું ભક્ષણ કરી નથી જીવતાં? અમે કબૂલ કરીએ છીએ કે તમારૂં કહેવું ખરૂં છે, પણ આપણે હવે જંગલી નથી; તેમજ આપણે પશુ પણ નથી, પણ બુદ્ધિશાળી મનુષ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ. આપણી જંગલી સ્થિતિમાં જે રીવાજ પ્રમાણે ચાલતા હોઇએ તે રીવાજનો નાશ કરવો અને સારા માર્ગે ચાલવું એજ આપણું કર્તવ્ય છે. તેમ કરવાનો સમય આવી પહોંચ્યો છે. તે જંગલી રીવાજનો ત્યાગ કરવાથી પણ ઘણી સહેલાઇથી ગુજરાન ચાલી શકશે; અને લોકો રહી શકશે. જો તેનો પુરાવો જોઇતો હોય તો દુનિયાંમાં અર્ધા કરતાં વધારે મનુષ્યો માંસ ભક્ષણ કરતા નથી, છતાં તેઓ સારી રીતે ટકી શકે છે. એશિયાખંડના લોકોને યૂરોપ અને અમેરિકાના કેટલાક લોકો નાસ્તિક (Heathen) ગણે છે, અને તેમને વિશ્વાસી (Christian) બનાવવાને મીશનરીઓ મોકલે છે; પરંતુ ખરી વાત એ છે કે માંસનો ત્યાગ કરનારા એશિયાના લોકો આ બાબતમાં યૂરોપ અને અમેરિકાના લોકો કરતાં આગળ વધેલા અને વધારે દયાળુ છે. હિંદુસ્તાનના ઘણા ભાગમાં–દાખલા તરીકે હિંદુ, જૈન અને બુદ્ધધર્મ પાળનારામાં મીશનરીઓ અસર કરી નથી શકતા તેનું બહુજ સબળ કારણ આ છે. જે ધર્મ પોતાના અનુયાયીઓને પ્રાણીનો વધ કરવા દે અને તેમના માંસનું ભોજન કરવા દે; તે ધર્મ પોતાના દયામય ધર્મ કરતાં કેવી રીતે ઉત્તમ હોઇ શકે તે તીક્ષ્ણબુદ્ધિવાળા અને અધ્યાત્મમાર્ગમાં આગળ વધેલા હિંદવાસીઓના સમજ્યામાં આવતું નથી, અને તેથી મીશનરીઓ પોતાના ધર્મની ગમે તેટલી ઉત્તમતા સ્થાપન કરવા પ્રયત્ન કરે છતાં તેમની અસર ઘણે ભાગે થતી નથી, અને થઈ શકશે પણ નહિ. હિંદુસ્તાન અને અમેરીકાની આ બાબતમાં સરખામણી કરવી હોય તો તે એક દાખલાથી વધારે સારી રીતે સમજાશે.

અમેરીકાના બજારમાં પોતાનાં ઘરોમાં કસાઈ લોકો પશુઓની લાસો લટકાવે છે, કોઇ કોઈ વાર તો પોતાની દુકાનો તેઓ પશુઓની લાસોથી શણગારે છે અને બારીઓમાં શોભાને સારૂ લાસો રાખે છે; પણ મુંબાઇમાં અને હિંદુસ્તાનના બીજા ભાગોમાં લોકોની નજરે પડે

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવી રીતે પશુઓની લાસો ઉઘાડી રાખવાનું કાયદાથી બંધ કરવામાં આવ્યું છે; આ ઉપરથી તેઓમાં દયાળુપણું કેવું છે, તેનો કંઇક ખ્યાલ તમને આવી શકશે.

માંસાહારીઓ કહે છે કે અમે તે ખોરાકનો ત્યાગ કરી શકતા નથી, પણ આ તેમની દલીલ ગેરવાજબી છે; કારણ કે પ્રથમ માંસ ખાનારા પણ પાછળથી ત્યાગ કરનારા અનુભવી લોકો જણાવે છે કે જો તમે માંસ ખાવાનું બંધ કરો અને શરીરને પુષ્ટિ આપનારા બીજા ખોરાકનું સેવન કરો તો એવો સમય આવશે કે જ્યારે તમને માંસના ખોરાકને વાસ્તે ઓછી ને ઓછી દરકાર થશે, અને છેવટે તેની ઇચ્છા-સરખી પણ નહિ થાય. આખરે તમે તે ખોરાક તેમજ તેનાથી નીપજતાં હાનિકારક પરિણામ તરફ તિરસ્કારની લાગણીથી જોતાં શિખશો; અને પછી તમને તે ખોરાક ફરીથી લેવાને કોઈ પણ લલચાવી શકશે નહિ. આજે યુરોપ, અમેરીકામાં તમને એવા કેટલાક માણસો માલુમ પડશે કે જેઓએ માંસ ખાવાનો ત્યાગ કર્યો છે. જેઓ એમ ધારે છે કે માંસ નહિ ખાનારા બધા બળવગરનાજ હોવા જોઇએ, તેઓ તેમ ધારવામાં મોટી ભૂલ કરે છે. અમેરીકાની પાઠશાળાનો એક અધ્યાપક જેણે છેલ્લાં અઢાર વર્ષથી માંસ ખાવાનું છોડી દીધું છે, છતાં તેનું શરીર એવું બળવાન અને દૃઢ છે કે લાંબા વખત સુધી કાર્ય કરવાની અને સહનશીલતાની બાબતમાં કોઇ પણ માંસાહારી તેની સરખામણી કરી શકે તેમ નથી.

કોઈ પણ પ્રકારના માંસનો જ્યાં ઉપયોગ થતો નથી તેવી ઘણી હોટેલો લંડનમાં છે. બર્લીનમાં લગભગ તેવી વીસ છે અને યુરોપમાં તેની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. અમેરીકામાં પણ ઘણા થોડા સમયમાં આવી ઘણી હોટેલો હયાતીમાં આવશે એમ આશા રખાય છે. વેજીટેરીયન લીગ તથા તેમના તરફથી પ્રસિદ્ધ થતું માસિક "હેરલ્ડ ઓફ ધ ગોલ્ડન એજ" આ બાબતમાં ઘણો પ્રયાસ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે માંસનું ભક્ષણ કરતો નથી તેજ ખરેખરો દયાળુ છે

આવા પ્રકારનો બોધ જો બાળકોને આપવામાં આવે અને તે ઉપદેશ અનુસાર વર્તવાને ડહાપણ ભરેલી રીતે બાળકોને દોરવામાં આવે તો અમને ખાત્રી છે કે તેનું પરિણામ મનુષ્યના તથા પ્રાણિવર્ગના સંબંધમાં બહુજ લાભકારી થાય.

જો કોઈ મનુષ્ય જર્મની અથવા ઇંગ્લાંડ જાય અને જ્યાં માંસનો બીલકુલ ઉપયોગ થતો નથી તેની વીશીઓમાં ખોરાક લે તો "માંસના ખોરાક વિના ચલાવવું તે મુશ્કેલ છે અથવા અસંભવિત છે," એમ કહેનારા ઘણા લોકોનું બહાનું પાયા વગરનું છે તે તેના સમજવામાં તરત આવશે. જો માંસ વગર ન જ ચાલી શકતું હોત તો આ હોટેલોમાં માણસો શા સારૂ જાત ? બીજા દેશોમાં હજારો જાતના ભોજન કરવા લાયક પદાર્થો માલુમ પડે છે; તે એવી રીતે તૈયાર કરવામાં આવે છે કે જીભને સ્વાદિષ્ટ લાગે છે; એટલુંજ નહિ પણ તે ભૂખને વધારે છે. માંસ ખાનારા આ બાબત તરફ જરાપણ લક્ષ આપતા નથી એ તેમની મોટી ભૂલ છે. યુરોપ અને અમેરીકામાં ઘણા મનુષ્યો માંસને ખોરાક તરીકે જરૂરનું ગણે છે; તેનું એક ખરૂં કારણ એ છે કે ત્યાંની હોટેલો, વીશીઓ અને ઘણાખરા ઘરમાં ખાણાના વાસ્તે તૈયાર કરેલા ખોરાકમાં માંસનો મુખ્ય ભાગ હોય છે, અને લગભગ સઘળી ચાતુરી તેને તૈયાર કરવામાં વપરાય છે, પણ બીજા પદાર્થોને ફક્ત તેજાના–મશાલારૂપ ગણવામાં આવે છે, અને તેથી તેમને પકાવવામાં બહુ કાળજી રાખવામાં આવતી નથી. આ કારણથી કેટલાક લોકો એમ માનવાને દોરાય છે કે માંસ એ જરૂરનો ખાવાલાયક પદાર્થ છે, પણ જો માંસનો ખોરાક ઘટતો જાય અને બીજા ઘણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીંમતી જુદા જુદા પ્રકારના ખોરાકો ચાતુરીથી પકવવામાં આવે, અને તે તરફ કાળજી રાખવામાં આવે તો આટલા લાંબા સમય સુધી માંસના જંગલી રીવાજના દાસ રહેવા બદલ લોકોને આશ્ચર્ય અને શોક થાય અને માંસને જરૂરનો ખોરાક માનવામાં પોતાની મોટી ભૂલ થઇ હતી એમ તેમના સમજવામાં આવે.

એક પ્રખ્યાત હિંદુ લેખકે માંસનો ખોરાક ખાવો નહિ, તે વિચારને પુરવાર કરનારી દલીલો એવી સમર્થ રીતે બતાવી છે કે અહીં તેનો લંબાણથી ઉતારો કર્યા સિવાય રહેવાતું નથી.

પ્રાણી તેમજ વનસ્પતિમાં ફાઇબ્રીન (fibrin) નામનો એક પદાર્થ છે જે સ્નાયુ અથવા નાડીઓ બાંધવામાં બહુ ઉપયોગમાં આવે છે. પ્રાણીઓમાં તે અધિક જણાય છે, અને તે માંસની સાથે શરીરમાં દાખલ થઇ શરીરમાં ગરમી પેદા કરે છે; તથા તે ગરમીને લીધે અસાધારણ ચપળતા અને વ્યાકુળતા નીપજીને છેવટે ઘણા માંસાહારીઓ શરીરે નિર્બળ થાય છે. માંસને પચતાં બહુ વાર લાગતી હોવાથી જઠરને માંસના નિરંતર ઉપયોગને લીધે બહુ કાર્ય કરવું પડે છે; અને તેથી પ્રાણશક્તિનો અકાળે નાશ થાય છે. સર એડવર્ડ હોમ જેવા પદાર્થવિજ્ઞાન શાસ્ત્રને જાણનારા તેમજ પ્રાણી તથા મનુષ્યના શરીરની રચનાનો નિરંતર અભ્યાસ કરનારા વિદ્વાનોએ દાંત, પેટ, પોષક નળીઓ, મનુષ્યના શરીરમાં રહેલા સૂક્ષ્મ લોહીના કણીયા અને પાચનક્રિયા વગેરેની પરીક્ષા કરી એવું સાબીત કરી આપ્યું છે કે માણસ માંસાહારી કરતાં ફળ, ફૂલ અને વનસ્પતિ ઉપર રહેનારાં પ્રાણીઓને વધારે મળતો આવે છે.

જુદી જુદી વનસ્પતિ, અનાજ, ફળ અને કઠોળનું તેમજ જુદા જુદા પ્રાણીઓના માંસનું રસાયન ક્રિયાવડે પૃથક્કરણ કરીએ અને વનસ્પતિના બંધારણમાં રહેલાં તત્ત્વોને પ્રાણીઓના માંસનાં તત્ત્વો સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરખાવીએ તો આપણને સહેજજ જણાશે કે સ્નાયુ વધારવા વાસ્તે, જ્ઞાનતંતુના પોષણ સારૂ અને આખા શરીરને બળવાન બનાવવા માટે જે તત્ત્વોની જરૂર છે, તે સર્વ તત્ત્વો વનસ્પતિના ખોરાકમાંથી સહેલાઇથી મળી શકે છે. જ્યારે આમજ છે, તો પછી મનુષ્યો માંસ શા માટે ખાય છે એ સવાલ એકદમ ખડો થાય છે. શું તેઓ શરીરના પોષણ અર્થે વાપરે છે? ના, કદી નહિ; કેમકે તેજ પ્રકારનું પોષણ વનસ્પતિ, અનાજ તેમજ કઠોળમાંથી મળી શકે છે. શું ત્યારે તેઓ તંદુરસ્તી સારૂ માંસ ખાય છે? ના, કદાપિ નહિ! કારણ કે માંસ નહિ ખાનારા લોકો એકંદર માંસાહારી ઘણા પુરૂષો કરતાં વધારે નિરોગી માલુમ પડે છે. ત્યારે શા કારણથી માંસ ખાવામાં આવે છે? તેનું ખરૂં કારણ તો બાપદાદાથી ચાલતી આવેલી ટેવ, વહેમ, દુરાગ્રહ અને ખરી બાબતનું અજ્ઞાનજ છે.

માંસાહારી લોકો વનસ્પતિનો આહાર કરનારા સામે ઘણી ઘણી દલીલો રજુ કરે છે, તેમાંની એક એ છે કે જો પ્રાણીઓને ખોરાક તરીકે વાપરવામાં ન આવે તો આખી પૃથ્વી તેમનાથી ઉભરાઇ જશે. હિંદુઓ ગાયને મારતા નથી, છતાં હિંદુસ્થાન દેશ ગાયોથી ઉભરાઇ જતો નથી. સરકારી રાજ્યમાં કતલખાનાં સ્થપાયાં તે પહેલાં હિંદુસ્તાનમાં કતલખાનાં નહોતાં. જે રાજ્યો ઉપર હિંદુરાજાઓનો વહીવટ છે તે રાજ્યોમાં પશુ પક્ષીઓનો વધ નહિ કરવા સંબંધી સખત મનાઇ છે તોપણ આ રાજ્યોમાં પશુઓ ઉભરાઇ જતાં નથી; તેમજ તે રાજ્યોના વતનીઓને પશુઓ હાંકી કાઢતાં નથી. વળી કેટલાક તરફથી એવી દલીલ લાવવામાં આવે છે કે જો માંસનું ભક્ષણ નહિ કરવામાં આવે તો લોકો બળ વગરના, કામ કરવાને અશક્ત, હિમ્મત વિનાના અને ધૈર્યરહિત થશે. આ દલીલો પણ ભૂલ ભરેલી છે. હિંદુસ્તાનમાં એક શીખ પ્રજા છે, જે સરકારની સેનામાં સૌથી વધારે બળવાન અને બહાદુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લડાયક કોમ છે. તેઓ લડાઇમાં કદાપિ દુશ્મનને પીઠ બતાવતા નથી. આવો એક શીખ વીર ત્રણ માંસાહારી સિપાઇઓની સામે હસ્તયુદ્ધમાં (બાથમ બાથામાં) ટકી શકે છે; છતાં તે શીખ-સિપાઇઓ કદાપિ માંસ અથવા મચ્છીને અડકતા નથી, દારૂ પીતા નથી, તેમજ તંબાકુ પણ પીતા નથી. તેઓ કેવળ અનાજ અને વનસ્પતિ ઉપરજ રહે છે. વનસ્પતિનો ખોરાક મનુષ્યને સહનશક્તિ આપે છે અને શાંત સ્વભાવનો બનાવે છે. ઘાતકી, ચપળ અને ઉદ્ધત સ્વભાવના મનુષ્યોને ઘણીવાર ભૂલથીજ આપણે ધીરજવાન અને બળવાન માનીએ છીએ. માંસાહારીઓ જણાવે છે કે વનસ્પતિપર જીવનારા ઘોડા, ભેંસ અને હાથી કરતાં માંસનો આહાર કરનારા વાઘ અથવા વરૂ વધારે બળવાન છે. ક્રૂર અને ઘાતકી સ્વભાવને તેઓ **બળ**ના ઘોરણરૂપે માને છે. વાઘ ઘોડાને મારી નાખે છે એ વાત ખરી છે; પણ ઘણે દૂર સુધી ભાર ઉંચકી લઇ જવાની જે શક્તિ ઘોડાના સ્નાયુઓમાં છે તે શું વાઘના સ્નાયુમાં છે? વાઘ હાથીને મારી શકે પણ શું તે સેંકડો મણ વજનવાળી તોપને ખેંચી શકે? ક્રૂરતા અને સ્નાયુબળ એ બે તદ્દન જુદાં હોવાથી તેનો ભેદ આપણે સારી રીતે સમજવો જોઇએ. બળનો આધાર માંસ અને રૂધિરમાં નથી, પણ વનસ્પતિના ખોરાકપર રહેલો છે. શરીરના બળ સારૂ માંસનો ખોરાક વાપરવાનીજ જો જરૂર હોય તો માંસાહારી મનુષ્યો માંસાહારી પ્રાણીનુંજ માંસ કેમ વાપરતા નથી? અને શા સારૂ તેઓ અન્ન ઉપર જીવનારા પ્રાણીનું માંસ વાપરે છે?

માંસાહારીઓ એવી દલીલ રજુ કરે છે કે માંસમાં વનસ્પતિની સઘળી શક્તિ એકજ સ્થળે એકઠી થયેલી છે. માંસ ખાવાની તેમની ટેવને સારૂ આ કારણજ હોય તો તેઓએ વાઘ, વરૂ, ગીધ અને બાજ જેવાં માંસાહારી પશુ પક્ષીઓનું માંસ ખાઇને જીવવું જોઇતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું; કારણ કે તેમના માનવા પ્રમાણે તો વનસ્પતિનો આહાર કરનારાં પ્રાણીઓના માંસ કરતાં માંસ ખાવાવાળાં પ્રાણીઓના માંસમાં વધારે શક્તિ છે.

ફળાહારી કરતાં માંસાહારી પશુઓ વધારે ચીડીયાં અને ઓછાં ગંભીર માલુમ પડે છે; તેજ રીતે મનુષ્યોમાં પણ ફળાહારી કરતાં માંસાહારી મનુષ્યો વધારે ઉદ્ધત અને ઓછાં આત્મસંયમી દેખાય છે.

આત્માની ઉન્નતિને સારૂ શાંતિવાળા, ગંભીર અને આત્મસંયમી સ્વભાવની ખાસ જરૂર છે; તે ઉપરથી પણ સાબીત થાય છે કે આત્માની ઉન્નતિને માટે પણ માંસના ખોરાકની જરૂર નથી.

હાલના સમયમાં યૂરોપ અને અમેરિકામાં કોઇ પુરૂષ અથવા સ્ત્રી માંસ ખાવું છોડી દે તો લોકો તે બાબત આશ્ચર્યની નજરથી જુએ છે, પરંતુ સંસારના ઇતિહાસમાં એવો પણ કોઇકિ સમય આવશે (અને તેવો સમય સમીપ આવે તેને સારૂ હાલ પણ પ્રયાસ ચાલી રહ્યા છે) કે જ્યારે માંસભક્ષણ કરવાવાળા તરફ લોકો આશ્ચર્યથી જોશે. હાલમાં માંસનો ત્યાગ કરનારા વીરલા છે, ત્યારે તે સમયમાં માંસનું ભક્ષણ કરનારજ જવલ્લે મળી આવશે. બીજા ઘણા વિચાર-શીલ પુરૂષોની સાથે મારો પણ અંગત વિશ્વાસ એવા પ્રકારનો છે કે જ્યારે મનુષ્ય બીજી ત્યાગ કરવા લાયક વસ્તુઓની સાથે માંસ અને લોહીવાળા ખોરાકનો ત્યાગ કરશે ત્યારેજ તે મનની, શરીરની અને આત્માની ઉન્નતિ મેળવી શકશે.

આ સંબંધમાં એક ઘણીજ અગત્યની બાબત અહીં હું રજુ કરૂં છું, અને તે ઉપર ખાસ મનન કરવાને આગ્રહ કરૂં છું કે, પશુઓ તથા મનુષ્યો બન્ને તરફની ફરજોનો વિચાર થવો જોઇએ. પશુવર્ગ આપણા કરતાં વધારે નિર્બળ છે, માટે તેમનું તો રક્ષણ કરવું, તેમની સંભાળ લેવી, એજ આપણો પરમધર્મ છે. પ્રાણીઓનો વધ કરવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારૂ જે કસાઇઓ રોકવામાં આવે છે તેમના તરફ મનુષ્ય તરીકે આપણી શી ફરજો છે તેનો પણ જરા વિચાર કરવો ઘટે છે; કારણ કે એ કાર્ય જાતે નહિ કરતાં, કસાઇઓ પાસેજ કરાવવામાં આવે છે. છતાં કસાઇઓ પણ મનુષ્યો હોવાથી આપણા તે બાંધવોને ઉત્તમ ઉપદેશ આપી ઉત્તમ બનાવવા જોઇએ, તેને બદલે તેમની પાસે પશુવધ કરાવી તેમને નિર્દયી બનાવવા એ બહુજ ખરાબ છે. આ વિષયના સંબંધમાં દયાધર્મનો વર્તમાનકાળમાં પ્રચાર કરવા ઇચ્છા રાખનાર **મી. હેનરી સોલ્ટ**ના વિચાર અત્ર જાહેર કરીશઃ—

" કસાઇઓ પ્રાણિવર્ગ તરફ નિર્દયતા બતાવે છે, એટલેથીજ આ સવાલનો અંત આવતો નથી. તે કતલખાનાના કાર્યનું પરિણામ પ્રાણીના નાશથીજ બંધ થતું નથી, પણ તે મનુષ્યજાતિના સંબંધમાં બહુજ ઉપયોગી સવાલ છે; કારણ કે તે સવાલ તે કામમાં રોકાયેલા મનુષ્યોના સામાજિક તથા નૈતિક કલ્યાણને લગતો છે. કહેવાતા સુધરેલા દેશોમાં ગુજરાન મેળવવાના જે સઘળા ધંધા છે તેમાં ફાંસી દેનારાના કરતાં બીજે દરજ્જે આવતા કસાઇના ધંધા તરફ લોકો બહુજ તિરસ્કારની લાગણીથી જુએ છે. કસાઇ શબ્દ જ કેવા હલકા અર્થમાં વપરાય છે તે ઉપરથીજ કસાઇના ધંધાની અધમતાનો આપણને ખ્યાલ આવી શકે છે. નિરપરાધી નાનાં અને મોટાં પ્રાણીની માંસ સારૂ કતલ કરવી તે કામ બહુજ નિર્દય, ત્રાસદાયક અને અધમ છે. સુધરેલા મનુષ્યોને તે તરફ તિરસ્કાર આવે છે, તેથીજ તે કામ જનસમાજમાંના ઉતરતા મનુષ્યોને–કસાઇઓને સોંપવામાં આવે છે. આ રીતે તેમની અધમતામાં વધારો કરવામાં આવે છે. જે કામ માણસ જાતે ન કરી શકે તે કામ બીજા પાસે કરાવી, તેની અધમતા વધારવાનો તેને શો અધિકાર છે? માંસ ખાનારા ખરેખર તે કસાઇઓને મોટો અન્યાય કરે છે. એક સમયે વ્હાઇટ ચેપલના એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કસાઇને એક માંસાહારીએ તેની અધમતા વાસ્તે ઠપકો આપ્યો, ત્યારે તેણે જે જવાબ આપ્યો હતો તે વ્યાજબી અને વિચારવા લાયક હતો. તેણે કહ્યું હતું કેઃ—

"હું આવું અધમ કામ **તમારે સારૂ** કરૂં છું, તમારા જેવાઓજ અમારા જેવાને આમ અધમ બનાવે છે." લોકો માંસ ખાવાની ઇચ્છા રાખે છે, તે મેળવવામાં પ્રાણીઓને અતિશય વેદના ખમવી પડે છે, અને કસાઈ લોક વધારે અધમ અને નીચ બને છે. આવું કાર્ય સોમાંથી એક પણ માંસાહારી કોઇ પણ સંજોગોમાં જાતે કરશે નહિ. જાતે તે કામ કરવાની વાત તો દૂર રહી, પણ તેવું કાર્ય કરતાં બીજાને જોઈ પણ શકશે નહિ.

"જે કામ આપણે જાતે કરી શકીએ નહિ અથવા બીજાને તે કામ કરતા જોઇ શકીએ પણ નહિ તેવા કાર્યમાં આપણા સારૂ બીજાને રોકવા તે પણ ખરેખર સ્વાર્થી, નિર્દય અને તદ્દન અઘટિત કાર્ય છે."

"તે કસાઇ તદ્દન નિર્દય બને છે, પ્રાણીઓની ત્રાસ ઉપજાવતી ચીસ તેના મનપર અસર કરી શકતી નથી અને છરાનો ઉપયોગ કરવો એ તેને મન સ્વાભાવિક કાર્ય થઈ પડે છે. ઉતરતા અને જોખમદારી વિનાના મનુષ્યોના હાથમાં આવી પ્રબળ શક્તિ મૂકવી તે ખરેખર જનસમાજને વાસ્તે બહુજ ભયંકર છે. ગમે તેવાં ઘાતકી કૃત્યો, ખુનો અથવા અપરાધ તે કસાઇ કરે પણ તેને વાસ્તે તે ઠપકાપાત્ર નથી; જે લોકો તેને આવા નિર્દયી કાર્યમાં રોકે છે તેમનોજ એમાં દોષ છે."

'જગતનું મોટામાં મોટું કતલખાનું' એ નામથી **ચિકાગો** હાલમાં જગજાહેર છે. જેટલાં પશુઓનો વધ એ શહેરમાં થાય છે, તેટલો બીજા કોઇ શહેરમાં થતો નથી; અને તે શહેરના પોલીસ ખાતાના મુખ્ય અમલદારોએ જે જે બાબતો રજુ કરી છે. તે ઉપરથી જણાય છે કે આ ધંધાની અથવા ખરૂં કહીએ તો આ કાર્યની,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને થોડાં વર્ષોમાં તે શહેરમાં થયેલા ત્રાસદાયક ગુન્હાઓની વચ્ચે ઘણોજ ગાઢ સંબંધ છે. કારણ કે આ ગુન્હાઓ ઘણાખરા આ કામમાં ગુંથાયેલા મનુષ્યોએજ–કસાઇઓએ કરેલા છે; અને તેઓ તે દુષ્ટ કાર્યનું પરિણામ ભોગવે છે.

'ન્યુએજ' નામના સમાચાર પત્રમાં એક લેખકે લખ્યું છે કેઃ– "જે લોકો **ચી**કાગો જાય તેણે એક વાર તો એ કતલખાનાની મુલાકાત જરૂર લેવી જોઇએ."

આ દુનિયામાં દુષ્ટમાં દુષ્ટ સ્થાન આ કતલખાનાં છે. તેઓ વર્ણન ન કરી શકાય એટલો ત્રાસ અને સુગ ઉપજાવે છે. જે પશુઓનો તે કસાઇઓ વધ કરે છે, તેના કરતાં પણ વધારે અધમ તેમાં કામ કરનારાં મનુષ્યો છે. તે કાર્યમાંથી મળતા લાભમાંથી ઘણાં ધર્મ ફેલાવનારાં મંડળો અને સમાજો સ્થાપવામાં આવી છે, પણ તે કાર્ય કરનારાઓની જરા પણ દરકાર રાખવામાં આવતી નથી. તેમને સેતાનનેજ સોંપી દેવામાં આવે છે. જેઓ જનસમાજની સ્થિતિ સુધારવા ઇચ્છા રાખે છે અને જેમની માંસની માગણીને લીધે કસાઇઓને આ ઘોર કામ કરવું પડે છે, તેઓએ આ ગરીબ અધમ થઈ ગયેલા લોકો કતલખાનામાં કેવી રીતે કામ કરે છે તે એકવાર પોતાની નજરે જોવું જોઇએ; જેથી મનુષ્યોજ મનુષ્યોને કેવા અધમ બનાવે છે તેનો કાંઇક ખ્યાલ આવી શકશે.

કંસાસનું એક શહેર છે જ્યાં દરરોજ હજારો પ્રાણીઓને મારી નાખવામાં આવે છે અને તે કામ કરવાને હજારો મનુષ્યો અને બાળકોને રોકવામાં આવ્યાં છે. તે શહેરના કતલખાનાની મુલાકાત લેનાર એક ગૃહસ્થ નીચે પ્રમાણે પોતાના વિચારો જણાવે છેઃ—

"તે વિશાળ કતલખાનાની અંદરની જગ્યા તો લડાઇના મેદાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવી દેખાતી હતી. તેની જમીન લોહીથી લાલ ઘેરા રંગની બનેલી હતી. તેમાં કામ કરનારા મનુષ્યો પગથી તે માથા સુધી લોહીથી ખરડાયેલા હતા. દેખાવ ગમે તેવા ધાતકી હૃદયના પુરૂષને પણ કમકમાટ ઉપજાવે તેવો હતો. વીસ વીસ ઢોરોને સામટાં તે મારવાની જગ્યા તરફ લઈ જવામાં આવતાં હતાં, અને વહાણ બાંધવાના કાર્યમાં પાટીયાં ચીરતાં જેવો અવાજ ઉત્પન્ન થાય તેવો તે વાંસવાળી કુહાડીનો અવાજ થતો હતો. પછી દરવાજાનો આગલો ભાગ ઉંચો ચઢાવવામાં આવતો હતો, અને પછાડા મારતાં પ્રાણીઓને ભોંયપર પછાડવામાં આવતાં હતાં. તેમના પગની ખરીઓ સાંકળો વતી બાંધવામાં આવતી હતી, અને છેક છત સુધી ઉંચાં ચઢાવવામાં આવતાં હતાં. મનુષ્યોની હાર હાથમાં છરા સહિત ઉભી હોય ત્યાં આગળ સાંચાવડે તે પ્રાણીઓને એ રીતે ઉંચાં લઇ જવામાં આવતાં અને પછી તરતજ તેઓ પોતાના હાથથી ગરદન કાપવાનું ધાતકી કામ કરતા હતા. તેઓ તેમની ચામડી ઉતારી લેતા અને પછી મલિન ભાગોને ધોતા હતા."

કતલખાનાનું કેટલું વર્ણન કરીએ ! વર્ણન સાંભળતાંજ રોમાંચ ખડાં થાય છે અને હૃદયમાં ત્રાસ વછુટે છે. સઘળાં મોટાં કતલખાનાંની આવી સ્થિતિ છે. આ સઘળા ઉપર ધ્યાનપૂર્વક જો આપણે વિચાર કરીએ તો આપણને તરતજ સમજાશે કે જે માણસો માંસ ભક્ષણ કરે છે, અથવા માંસભક્ષણ કરવાનો બીજાને બોધ આપે છે, અથવા તે કામ કરવાવાળાને સહાય આપે છે, તેઓ પોતાના લાખો જાતિ ભાઇઓને અધમ અને પશુતુલ્ય બનાવવાના કાર્ય વાસ્તે ચોખ્ખી રીતે જોખમદાર છે. કસાઇઓ પણ આપણા માનવબંધુઓ છે, તો તેઓ જે કાર્યથી અધમ અને નિર્દય બને તેવા કાર્યને ઉત્તેજન આપનારાઓ શું દોષને પાત્ર નથી ? જરૂર તેઓ દોષને પાત્ર છે. કસાઇઓને પણ સુધારવા એ આપણું કર્તવ્ય છે. જ્યારે આપણા સ્વાર્થનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવાલ આવે છે ત્યારે આપણે આપણા જાતિ ભાઇઓના વાલી બનીએ છીએ, તો આ સવાલ બરાબર સમજ્યા પછી તે કસાઈઓના વાલી થઈ તે અધમ રીવાજને નામુદ કરવા શા સારૂ પ્રયત્ન કરતા નથી? એક વાર સત્ય વાત જણાયા પછી જોખમદારીમાંથી આપણે છુટા થઈ શકીએ નહિ.

ખોરાકમાં સુધારો કરવાની હિમાયત

વિદુષી એનીબીસેન્ટ આ સંબંધમાં એવી મતબલનું લખે છે કે:—"ખોરાકમાં સુધારો કરવાની હીલચાલને હવે વધારે કોઈ હસી કહાડે તેમ નથી. તેનો વિજય વાવટો ચારે બાજુએ ફરકે તેવો સમય આવે છે, અને સઘળા વિચારવંત અને બુદ્ધિશાળી પુરૂષો તે હીલચાલને સભ્યતાથી માન આપે છે. જે કારણોને લીધે મનુષ્યો વનસ્પતિનો ખોરાક જીવનવ્યવહારમાં વાપરે છે તે કારણોને ક્ષણવાર તપાસીશું તો ઘણી બાજુએથી તે કારણો જનસમૂહને માટે હિતકર દર્શાવી શકાય."

"આપણી આસપાસ રહેલાં સર્વ જીવતાં પ્રાણીને કાંઇ પણ ઈજા કર્યા સિવાય આપણે શી રીતે રહેવું, અને જે જગતમાં આપણે રહીએ છીએ તે જગતના દુઃખમાં વધારો કરતાં આપણા જીવનને શી રીતે અટકાવવું તે પ્રશ્ન પણ વિચારવો પડે છે. પ્રાણીઓમાં પણ મનુષ્યોની માફક સુખ–આનંદ અને દુઃખ અનુભવવાની શક્તિ આપણે જોઇએ છીએ, પ્રેમ અને દ્વેષથી તેમનાપર થતી અસર દેખીએ છીએ, ભય અને આકર્ષણની લાગણીઓની શક્તિ પણ લગભગ આપણને મળતીજ પ્રાણિવર્ગમાં પણ માલમ પડે છે અને જો કે આપણે **બુદ્ધિમાં** તેમનાથી ઘણે દરજ્જે ચઢીયાતા છીએ; તો પણ **લાગણીઓની બાબતોમાં આપણો સ્વભાવ પ્રાણીઓને મળતો આવે છે.** જ્યારે તેઓને ભય ઉપજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, ત્યારે આપણે જાણીએ છીએ કે ભય તે દુઃખ છે. જ્યારે તેઓ ઘાયલ થાય છે ત્યારે તે ઘાથી તેમને દુઃખ થશે અને ધમકી તેમને દુઃખ આપે છે એમ પણ આપણે સમજીએ છીએ.”

“આવી લાગણીઓ તેમનામાં છે, તેથી આપણને તરતજ સમજાય છે કે આપણી પ્રાણિવર્ગ પ્રત્યે દરેક દયાળુ અને વિચારવંત પુરૂષને માન્ય કરવા યોગ્ય ફરજ ઉભી થાય છે; અને તે એ છે કે પ્રાણિવર્ગ કરતાં આપણે બુદ્ધિમાં વધારે પ્રબળ હોવાથી આપણે તેમના-પર જુલમ ગુજારનાર અને પીડા કરનાર નહિ પણ એમના રક્ષણકર્ત્તા અને મદદગાર થવું જોઇએ. વળી આપણા જીહ્વાસ્વાદની તૃપ્તિને અર્થે અને આપણા જીવનના મોજશોખ વધારવાને તેમને ભય અને દુઃખ ઉત્પન્ન કરવાનો આપણને કાંઈ પણ હક્ક નથી.”

“ અભેદમય જીવનની આ સૃષ્ટિમાં મનુષ્યે કર્ત્તવ્ય કરવાનું છે. જેઓ સર્વે તેનાથી વધારે નિર્બળ છે અથવા તેને સ્વાધીન છે, અને જેઓને અસર કરવાને તે શક્તિમાન છે તે સર્વ તેના પ્રેમના ચક્રમાં આવે છે અથવા આવવાં જોઇએ. જે પ્રાણીઓ આપણી આસપાસ છે અને જેઓ પોતાની જીંદગીથી આપણને સહાય કરે છે, અને આપણી સેવાને અર્થે જેઓ પોતાના બળનો ભોગ આપે છે તેઓ એવી પ્રેમની સાંકળથી આપણી સાથે જોડાયાં છે કે તે સાંકળ તોડવાને દયાશીલતા આપણને મના કરે છે. જો આપણે કસાઇખાનાની બહુજ દુષ્ટ નિર્દયતાનો દાખલો બેસાડીએ, તો પછી પ્રાણીઓ ઉપર ગુજરતી નિર્દયતા અટકાવવાનું બીજાઓને શી રીતે કહી શકીએ? તેમજ વળી ગાડીવાનને, હળ બેડનારને અને આપણામાંના પશુપીડા કરનારને શી રીતે સજા કરાવી શકીએ? આ પ્રમાણે પ્રાણિવર્ગ તરફ નજર કરતાં આપણને આપણા કર્તવ્યનું ભાન થાય છે, અને જણાય છે કે તેઓ મનુષ્યના તરંગના ગુલામ થવાને તેમજ તેની મરજી અને ઇચ્છાઓના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોગ થવાને સરજેલા નથી; પણ તેઓ જીવતાં પ્રાણી છે, અને જો કે તેમનામાં આપણા કરતાં ઈશ્વરી જીવન ઓછે દરજ્જે વ્યક્ત છે, તો પણ તેજ ઈશ્વરી જીવન તેઓના પણ હૃદયનું હૃદય અને આત્માનો આત્મા છે."

"જો આમજ હોય, જો તેઓ તેમની સમંજ અને બળના પ્રમાણમાં આપણા પ્રત્યે ઈશ્વરી પ્રેમને વ્યક્ત કરતાં હોય તો શું તે વ્યક્તતાને દાબવી જોઇએ ? તેઓ પોતાના કરતાં ઉત્તમ મનુષ્યો પાસેથી કેળવણી, દયા અને ઉન્નતિક્રમમાં સહાય મેળવવાની જે આશા રાખે છે, તેને બદલે તેમને આપણી પાસેથી શું નિર્દયતા અને મોતજ મળવું જોઇએ ? અને આ પ્રમાણે શું તેમના ઉન્નતિક્રમને અટકાવવો જોઇએ ? કારણ કે પ્રાણિવર્ગ મનુષ્યની રક્ષણ કરતી બુદ્ધિની છાયા નીચે ઉન્નતિ પામે છે. ઘોડો, બળદ, કૂતરો, હાથી અને જુદા જુદા દેશોમાં જે જે પ્રાણી આપણી આસપાસ હોય, તેઓ જેમ જેમ તેઓના વડીલ બંધુઓ—પુરૂષો અને સ્ત્રીઓના માયાળુ સંબંધમાં આવે છે તેમ તેમ તેઓની વધતી જતી બુદ્ધિ ખીલે છે. તેઓ પ્રેમથી અને વધતી જતી બુદ્ધિથી આપણા પ્રેમનો જવાબ આપતાં જણાય છે, અને આપણને અનુભવ થતો જાય છે કે તેમને આપણી સાથેના કામ કરનાર બનાવીને તેમને કેળવવાની અને સહાય આપવાની તેમજ મનુષ્યના સહવાસથી તેઓની બુદ્ધિ ખીલવવાની આપણી ફરજ છે, પણ જેથી તેમની અને આપણી વચ્ચે રૂધિરનો પ્રવાહ ચાલે તેવી રીતે તેમનો વધ કરવાનો આપણો ધર્મ નથી."

"મનુષ્ય જે માર્ગે ચાલ્યો હોય તે માર્ગમાં તેણે નાશ, દુઃખ અને ભયંકર નુકસાન ઉત્પન્ન કરવાં જોઇએ નહિ; પરંતુ તેણે તો સૃષ્ટિને રમણીય બનાવનાર થવું જોઇએ. મનુષ્યે કોઈ પણ વખતે પગ ન દીધો હોય તેવા દ્વીપમાં જ્યારે મનુષ્યો જાય છે ત્યારે તેને જોઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આ નવો આકાર શું છે' તે જાણવાની ઇચ્છાવાળાં જિજ્ઞાસુ જંગલી પ્રાણી તે વિચિત્ર પ્રાણીરૂપી મનુષ્યની આસપાસ વિંટળાય છે; અને બ્બલાસીઓ આપણને જણાવે છે કે, જ્યારે આ પ્રાણીઓ અજ્ઞાનથી તેમની તરફ વિશ્વાસથી એકઠાં થાય છે ત્યારે દરેક બાજુથી તેમને મારવામાં આવે છે, ભયંકર શસ્ત્રોથી તેમનાપર ઘા કરવામાં આવે છે, તેમની ચામડી અને તેમનાં પીંછાં ઉતારી લેવામાં આવે છે અને આ પ્રમાણે નિરર્થક વધ કરીને ત્યાં કોઇની પણ સંભાળ વિના તેમને ફેંકી દેવામાં આવે છે."

"મનુષ્યની નિર્દયતાના અને ઘાતકીપણાના તેઓ લોહી વહેતા સાક્ષીઓ છે અને વારંવાર પ્રાણીઓ પ્રત્યે આવી ક્રૂર રીતો આચરવાથી તેમનામાં ભયની વૃત્તિ ઉત્પન્ન થાય છે; તેથી જ્યારે આપણે જંગલમાં અથવા ખેતરમાં જઇએ છીએ ત્યારે તે જંગલનાં રમણીય પશુ પંખીઓ આપણા પગનો અવાજ સાંભળતાંજ નાસી જાય છે. મનુષ્યજાતિની તવારીખમાં **સેંટ ફ્રેન્સીસ ઓફ એસીસીના** જેવા અથવા પ્રાચીન મહર્ષિઓ અને તીર્થંકરો જેવા દયાવાન અને અનહદ પ્રેમવાળા યોગીઓ જ્યારે જન્મે છે, ત્યારેજ મનુષ્યે પશુ તરફ-પોતાના નાના ભાઇઓ સાથે કેવી રીતે વર્તવું જોઇએ તેનું દૃષ્ટાંત આપણને મળે છે. જે પક્ષીઓ બીજાં મનુષ્યો પ્રતિ ઉદ્ધત હોય છે, તેઓ પણ તેના તરફ જશે, તેના ખભાપર બેસશે અને તે મનુષ્યની અંદરથી નીકળતા પ્રેમનો પ્રવાહ **અનુભવીને જેવી રીતે નિરપરાધી પ્રાણીઓ** પરસ્પરમાં વિશ્વાસ રાખે છે તેવોજ વિશ્વાસ તેના પ્રત્યે રાખશે. આ પ્રમાણે બેારાકને સુધારવાની યોજનામાં આપણે પ્રેમનો અથવા વિશ્વમાંની આપણી ખરી સ્થિતિના અનુભવનો આશ્રય લઇ શકીએ તેમ છીએ; માટે માત્ર આપણું શરીર શુદ્ધ પરમાણુઓનું બને તે માટે કે આપણા આત્મા અને મનને કામ કરવાનું સારું સાધન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે તેટલા માટેજ નહિ; પરંતુ જગત પ્રત્યે દરેક દિશામાં ઈશ્વરી પ્રેમને વહેવરાવનારી ઉત્તમ પ્રણાલિકારૂપ આપણે થઈ શકીએ તેટલા માટે પણ આપણે શુદ્ધજ ખોરાક લેવો જોઇએ. **મુખ્યત્વે આ કારણને લીધેજ હું અન્નાહારી** છું અને મારી આસપાસ વસતાં કોઇ પણ જીવતાં પ્રાણીનો નિરર્થક નાશ કરતી નથી."

"આને લગતો એક બીજો વિચાર પણ ધ્યાનમાં રાખવા લાયક છે. આપણી આપણા જાતિભાઇઓ પ્રત્યે શી ફરજ છે! (અને અહીં ખાસ રીતે હું સ્ત્રી જાતિને અરજ કરૂં છું; કારણ કે તેઓને જનસમાજમાં સુધારા, નમ્રતા, દયા, માયાળુતા અને શુદ્ધતાના ધોરણરૂપ ગણવામાં આવે છે.) ધારો કે જે પ્રાણીના શરીરનું ભોજન કરવાને એક સ્ત્રી ખુશી છે, તેજ પ્રાણીને પોતે જાતે મારી નાખવાનું હોય તો સોમાં એવી એક પણ સ્ત્રી નીકળશે કે જે કસાઇખાનામાં બળદ, વાછરડાં, ઘેટાં અથવા ડુક્કરની કતલ કરવાને જાય!! સો સ્ત્રીઓમાં એવી એક પણ હશે કે જે તે કામ થતું જોઇને પાછી નહિ હઠે? તે ઘુંટણ સુધી લોહીમાં ઉભી રહેતાં અને પ્રાણીના વધ પછી ત્યાં પડેલા મૃતશરીર (મુડદાં)ને જોઇને ભયભ્રાન્ત નહિ થાય? હવે જો આપણે તે કાર્ય કરીએ નહિ અથવા બીજાને તે કામ કરતાં જોઈ શકીએ નહિ અને જો આપણે એટલાં સુધરેલાં હોઇએ કે આપણા શરીરને તેવો ખોરાક પુરો પાડનાર કસાઇનો સ્પર્શ પણ થવા દઇએ નહિ; અને વળી જો આપણને એમ લાગતું હોય કે તેઓ તેમના વ્યાપારથી બહુ નીચ થાય છે તથા જે લોહીથી તેઓ નિરંતર ખરડાયલા રહે છે, તે લોહીના સ્પર્શથી તેઓનાં શરીર પણ અતિશય સુગ ઉપજાવે તેવાં થાય છે; તેમજ તેથી કરીને તેમનામાં જે અનિવાર્ય અધમતા ઉત્પન્ન થાય છે તેનો જો આપણને ખ્યાલ આવતો હોય; તો બીજાને અધમ બનાવીને તેની અધમતાથી નિપજેલું ફળ આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોગવીએ અને આપણે માટે બીજાએ અધમ થવું જોઇએ એવી ઇચ્છા રાખીએ તેથી આપણે શું શુદ્ધ કહેવાઇએ?"

"આપણે ખુલ્લી રીતે તેમાં ભાગ લેતા નથી, તે ઉપરથી કાંઇ તે વ્યાપારનાં અધમ પરિણામથી આપણે મુક્ત નથી."

આ વિષય સંબંધી વધુ વિવેચન કરતાં **મીસીઝ એની બીસેન્ટ** એવી મતલબનું જણાવે છે કે:–તેઓ થોડાં વર્ષ ઉપરજ દુનિયાના મોટામાં મોટા કતલખાના–**ચિકાગો** શહેરમાં ગયાં હતાં. ત્યાં હજારો અનાથ પ્રાણીઓને સવારથી તે મોડી રાત સુધી મારવાના કામમાં લાગેલા કતલ કરનારા વર્ગને તેમના જાતિભાઇઓના વર્ગ કરતાં તદ્દન નિરાળો ગણવામાં આવે છે. સિપાઇઓ તે વર્ગને જનસમુદાયમાં બારેમાં બારે ભયંકર ગણે છે. જોર જુલમના ઘણા અપરાધો તેઓ કરતા જણાય છે અને તેઓ છરાને તો સહજ વાતમાં વાપરી દે છે. એક દિવસ તેઓ એક અમલદારની સાથે આ બાબત ઉપર વાતચિત કરતાં હતાં, અને ખુનના તેમજ છરાવતી થયેલા ઘણા અપરાધો મનુષ્ય જાતિના અમુક વર્ગેજ કર્યા હશે એવું નિશ્ચયપૂર્વક તમે શી રીતે કહી શકો છો એમ તેમણે તે અમલદારને પૂછ્યું. અમલદારનો જવાબ જો કે ત્રાસદાયક હતો, તોપણ અર્થસૂચક હતો. તેણે કહ્યું:–"કતલખાનામાં તેઓ છરાનો એક ખાસ મરોડ વાપરતાં શીખે છે; કારણ કે યંત્રથી તેમની પાસે આવતાં જીવતાં પ્રાણીઓની ગરદન તેઓને કાપવી પડે છે અને ચિકાગોની વસ્તીમાં છરાથી થયેલા ઘણા અપરાધોમાં જણાતો તે મુઠીનો મરોડ ખાસ લક્ષણરૂપ હોય છે." તે જવાબ મને ખરેખર ભયપ્રદ તેમજ અર્થસૂચક જણાયો. જે વ્યાપારથી મનુષ્યો પશુ સમાન બને છે, તે ધંધામાં બીજાને નાખવાનો આપણને શો હક્ક છે? નિરંતર લોહી જોવાથી તેમજ સુંઘવાથી તેઓનો સંપૂર્ણ સ્વભાવ અધમ બને છે. હજારો પ્રાણીઓને મારવાની ટેવ પડવાથી જીવતાં પ્રાણી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યે તેમને જરા પણ માન રહેતું નથી. તેમની આસપાસ દુઃખ જોવાથી તેઓ ઘણી લાગણીવાળા થાય છે. દુઃખ દેવાની ટેવ પડવાથી દુઃખ જોઇને તેમને જરા પણ લાગણી થતી નથી. ઝડપથી મારવાની ટેવ પડેલી હોવાથી તેમજ પ્રાણી પુરેપુરૂં મરી જાય તે પહેલાં પણ તેની ચામડી ઉતારતા હોવાથી તેઓના જ્ઞાનતંતુ અધમ, સખ્ત અને પશુવત્ બને છે. ખરેખર તેઓ મનુષ્યજ નથી અને તેમને અધમ બનાવવામાં દરેક માંસાહારી મનુષ્યનો ભાગ છે. માંસનો ઉપયોગ કરનાર પ્રત્યેક મનુષ્ય પોતાના જાતિ ભાઇઓની એવી અધમતાના વાસ્તે અપરાધી છે. જે મનુષ્યો પ્રાણિવર્ગમાં આપણા જેવોજ આત્મા રહેલો માને છે, તેમને વાસ્તે તો પ્રાણિવધથી ઉત્પન્ન થયેલ માંસનો ખોરાક નહિ ખાવાનાં સબળ કારણો છેજ; પરંતુ જો અજ્ઞાનતાથી પશુઓમાં તમારા જેવી જીંદગી નથી તેમ તમે માનતા હો તોપણ હું તમને **પશુઓના નામથી નહિ તો મનુષ્ય જાતિની ભ્રાતૃતાના** નામથી પણ વિનતિ કરૂં છું અને તમારા જાતિભાઇઓ પ્રત્યેની તેમજ તમારી પ્રજા જેનો અમુક ભાગ કતલ કરનારાઓનાં છોકરાંઓનો થશે તે પ્રજા પ્રત્યેની ફરજો હું યાદ દેવરાવું છું. મનુષ્યજાતિને અધમ નહિ પણ ઉચ્ચ, પશુવત્ નહિ પણ દૈવી અને અશુદ્ધ નહિ પણ શુદ્ધ બનાવવાની પુરૂષો અને સ્ત્રીઓ તરીકેની તમારી ફરજો સ્વીકારવાને હું તમને વીનવું છું; અને તેટલા વાસ્તે મનુષ્યજાતિની ભ્રાતૃતાના નામથી હું તમને વિનતિ કરૂં છું કે તમે તમારો ખોરાક લોહીના ડાઘથી અને તમારૂં અંતઃકરણ તમારા જાતિભાઇઓની અધમતાથી મુક્ત રાખશો.”

કબુતર, તિત્તર, મરઘાં વગેરે અન્ય પશુપક્ષીઓનાં માંસ ખાવાવાળાએ એ પક્ષીઓને માથે શાં શાં દુઃખ પડે છે તે ઉપર ખાસ ધ્યાન આપવું જોઇએ. તેમને પકડીને કેવી રીતે મારી નાખવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે, પકડતી વખતે પોતાનો પ્રાણ બચાવવાને તેઓ કેવી રીતે અહીં તહીં ઉડી જાય છે, તે વખતની તેમની ફીકીયારી કેવી દયાજનક હોય છે એ સર્વપર ધ્યાન ન આપી કેવી રીતે ઘાતકી લોકો તેમનો વધ કરે છે અને કેવી નિર્દયતાથી કાપીને પકવવામાં આવે છે; એ સર્વનો જો લોકોને બરાબર ખ્યાલ આવે તો હું ખાત્રીથી કહું છું કે લોકો તેનો ઉપયોગ કરતા જરૂર અટકશે. જો પશુ અને માણસમાં જરા પણ ભેદ હશે અને જો મનુષ્યમાં દયાનો જરામાત્ર પણ અંશ હયાત હશે તો ઉપર જણાવેલી બાબતો જાણ્યા પછી તે કદાપિ માંસને અડકવાની હિંમત ધરશે નહિ.

માણસના બાહ્ય દેખાવથી અને વસ્ત્ર અલંકારથી કાંઇ તેના માણસપણાની ખાતરી થઇ શકતી નથી; પરંતુ તેના વિચાર અને કાર્યથીજ તે થઇ શકે છે; માટે જે ખરા મનુષ્યો છે તે કદાપિ આવાં અધમ કાર્યોથી ઉત્પન્ન થતું અને અધમ કાર્યને ઉત્પન્ન કરતું માંસ ખાવાને દોરવાશે નહિ. માંસનો જે ત્યાગ કરે છે તેનેજ ખરો મનુષ્ય કહી શકાય.

કેટલાક દિવસ ઉપર એક પ્રસિદ્ધ માસિક પત્રપર નજર નાખતાં ચીકાગોના એક પ્રસિદ્ધ કસાઇખાનાની જાહેર ખબરપર મારી દૃષ્ટિ પડી. તે જાહેર ખબરથી પુરૂં એક પાનું ભરાયું હતું; તેમાં કેટલાક આંકડા આપવામાં આવ્યા હતા, તે નીચે મુજબ હતાઃ—

"આ કસાઇખાનાને વાસ્તે ૬૫ એકર જમીન છે. ગયે વર્ષે તેમાં ૧૪, ૩૭, ૮૪૪ ઢોર; ૨૬, ૫૮, ૯૫૬ ઘેટાં; ૩૯, ૨૮, ૬૫૯ હુક્કર આવ્યાં હતાં. ૧૮,૪૩૩ મજુરો કામ કરે છે."

આથી જણાશે કે એકજ કારખાનામાં ૮૦ લાખ પશુઓનો વધ કરવામાં આવ્યો હતો. જો ત્યાંનાં બીજાં મોટાં મોટાં કારખાનાંઓમાં વધ થતાં પશુઓને ગણત્રીમાં લઇએ અને બીજાં શહેરોમાંનાં કતલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાનાંઓને પણ ધ્યાનમાં લઇએ, તો એકલા અમેરિકામાંજ દરવર્ષે કરોડો પશુઓનો વધ થતો આપણને જણાશે. એ સિવાય પક્ષીઓને મારી નાખવામાં આવે છે તેની તો ગણત્રીજ શી! ઉપલા એકજ કારખાનામાં ૧૮૦૦૦ ઉપર મનુષ્યો કામ કરતા હોવાની વાત વિચારીએ છીએ ત્યારે આખા દેશમાં કેટલાં બધાં માણસો, સ્ત્રીઓ અને બાળકો આવાં ઘોર કૃત્યમાં ભાગ લેતાં હશે અને અધમ બનતાં હશે તેનો આપણને કાંઇક ખ્યાલ આવી શકશે. તેજ માસિકનાં એક બે પાનાં ફેરવતાં મારી દૃષ્ટિ બીજી એક આખા પાનાની જાહેર ખબરપર પડી. તે જાહેર ખબર એક દારૂના મોટા કારખાનાને લગતી હતી. તે જાહેર ખબરનો કેટલોક ભાગ નીચે પ્રમાણે હતો.

"જ્યારે રેલવેના ૨૧૯ ડબ્બામાં ભરાય તેટલો બીર નામનો દારૂ મેનીલા વહાણ મારફતે મોકલવામાં આવ્યો ત્યારે જગતના લોકો હેરત પામ્યા હતા. આ તે કેવા પ્રકારનો વ્યાપાર હતો કે જેની પેદાશ દુનિયાના દૂર ભાગમાં મોકલવાને દોઢ માઇલની ટ્રેઇનની જરૂર પડી, એમ જાણીને લોકો અજાયબ થયા."

તોપણ આવા પ્રકારનો વ્યાપાર સેંકડોવાર કરવામાં આવ્યો છે. જ્યાં જ્યાં કહેવાતા સુધારાએ પ્રવેશ કર્યો છે ત્યાં ત્યાં બીર દારૂ પણ તેની સાથેજ દાખલ થયો છે. છેલ્લાં વીશ વર્ષ થયાં પૃથ્વીના ખુણાખોચરાના ભાગોમાં પણ તેની શાખાઓ ઉઘાડવામાં આવી છે. ગોરા લોકો આફ્રીકામાં દાખલ થયા ત્યારથીજ ત્યાંના લોકો તે દારૂથી જાણીતા થયા. સૈબીરીઆના ઠંડા જંગલી પ્રદેશોમાં પણ તે જથ્થાબંધ મોકલવામાં આવે છે. ચીન અને જાપાનનાં વર્તમાનપત્રોમાં તેની ખબર આવે છે. હિંદુસ્તાનમાં તેને બીર કહે છે, અને મીસર તથા તુર્કસ્થાનમાં તેને **બી**વરેજ (દારૂની મેળવણીથી ઉત્પન્ન કરેલી ચીજ) કહે છે. તેની વેચવાની દુકાનોપર સૂર્ય કદાપિ આથમતો નથી; કારણ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુનિયાંના દરેક ભાગપર તેની એજન્સીઓ આવેલી હોવાથી સદાકાળ કોઇને કોઇ એજન્સીપર તો મધ્યાહ્ન કાળ હોય છેજ.

જે પ્રજાઓ ક્રીશ્ચીઅન હોવાનો દાવો કરે છે અને દુનિયાની અજ્ઞાનમાં ફાંફાં મારતી પ્રજાઓને સુધારાના લાભ ચખાડવાનું મોટું માન લેવા માગે છે; તેજ પ્રજાઓ સુધારામાં માંસ, લોહી, બીઅર અને વ્હીસ્કીનો ફેલાવો કરવા માગે એ અમને તો ખરેખર આશ્ચર્યકારક લાગે છે. છતાં તપાસ કરતાં જણાશે કે મોટી મોટી પ્રજાઓનું વલણ તેજ દિશામાં માલૂમ પડે છે! એવા સુધારો કરનારાઓ પરોપકારી હોવાનો દાવો કરે છે, પણ તેમનો પરોપકાર સ્વાર્થમય છે અને તેઓ સુધારાની જે કાળી બાજુ છે તેનેજ દાખલ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂત દયા

પ્રાણિવર્ગનું રક્ષણ કરવું, તેમની તરફ આદરથી અને દયાભાવથી જોવું એ મનુષ્યનો ધર્મ છે. મનુષ્યની પોતાના જાતિભાઇઓ તરફ શી ફરજો છે અને બીજા મનુષ્યો સાથે પોતે શી રીતે વર્તવું તે આ લેખમાં બતાવવામાં આવશે.

જે મનુષ્યો **પ્રાણિવર્ગ** તરફ દયા બતાવે છે તેજ મનુષ્યો **મનુષ્યપ્રાણી** તરફ પણ દયા બતાવી શકે છે. દુનિયામાં કોઇપણ બે મનુષ્યો સરખા સ્વભાવનાં નથી. જેમ મનુષ્યના શરીરમાં આપણને ભેદ જણાય છે તેમ તેના સ્વભાવમાં અને વિચારોમાં પણ ભેદ જણાય છે. એવા કોઇ પણ બે મનુષ્યો નહિ મળે કે જેઓ દરેક બાબતમાં એકસરખા વિચારના હોય. બુદ્ધિ પ્રમાણે માણસોના વિચારોમાં મત-ભેદ પડે તે સ્વાભાવિકજ છે.

આવા મતભેદનો બે રીતે નિકાલ આવી શકે. જેઓ સમજુ અને વિવેકી છે; તેઓ તો જ્યાં જ્યાં વિચારનો ભેદ પડે અને જ્યાં જ્યાં તકરાર થવાનો સંભવ જણાય, ત્યાં ત્યાં તકરાર અથવા યુદ્ધ કરવાને બદલે વચમાં કોઇ તટસ્થ નીમીને મતભેદનો સલાહ-શાંતિથી અંત લાવે છે. આથી પૈસા બચે છે, વેર–વિરોધ ટળે છે, અને સલાહશાંતિથી સર્વ પ્રકારની વ્યવસ્થા ચાલે છે. જેઓ દુર્જન છે, જેઓ પોતાના વિચારોનેજ સત્ય માને છે, જેઓ અભિમાની છે, જેમના હૃદયમાં દયાનો અંશ પણ નથી અને જેમના હૃદ-યમાં ક્રોધ વ્યાપી રહેલો હોય છે તેવા પુરૂષોજ તકરારનો અંત મધ્યસ્થોને નીમીને નહિ લાવતાં તલવાર, બંદૂક અથવા છરાવતી લાવે છે; અને તેથીજ માણસોમાં, સમાજોમાં અને રાજ્યોમાં મતભેદ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંધા ચાલુ થાય છે અને કેટલીક વખત પરિણામ લડાઈમાં આવે છે.

મહારાણી ઈલીઝાબેથના સમયમાં ગોધાઓની અને રીંછોની લડાઇ કરાવવામાં આવતી હતી અને તેમનો શિકાર કરવામાં આવતો હતો, તે તરફ જેમ હાલમાં લોકો તિરસ્કારની વૃત્તિથી જુએ છે; તેજ પ્રમાણે થોડા સમય પછી હરણ અને બીજાં નિરપરાધી પ્રાણીનો શિકાર કરવાનું કામ પણ હલકું ગણાશે.

દયાળુ મનુષ્યોએ તો દેશોમાં જેમ બને તેમ શાંતિ ફેલાય અને લડાઇની ઉત્પત્તિ ન થાય તેવા પ્રયાસો કરવા જોઇએ. એમ કરવાથી લડાઇમાં લાખો ઘોડા, ખચ્ચર અને બળદોનો નાશ થાય છે તે અટકશે. તેઓને રેલ્વેના ડબ્બામાં તથા વહાણમાં જે રીતે ભરવામાં આવે છે તે તદ્દન ત્રાસદાયક છે, અને લડાઈ ચાલતી હોય છે ત્યારે તેમની તરફ તદ્દન બેદરકારીથી વર્તવામાં આવે છે. * *

લડાઇમાં એવા સંજોગો આવી પડે છે કે તે ઉમદા પ્રાણીઓના જાનનું રક્ષણ થઈ શકતુંજ નથી; અને દયાથી તેમની સાથે તેમના રખવાળો વર્તી શકતા નથી. તે વખતે લોકો ઉશ્કેરાઇ જાય છે અને ગુસ્સો એવો ફેલાઇ જાય છે કે ઘોડાવાળાઓ પણ ઘોડા તરફ જેમ મરજી આવે તેમ વર્તે છે. દયાધર્મનો પ્રચાર કરનારાએ આથી જરા પણ નિરાશ થવું નહિ; પરંતુ ઉત્સાહપૂર્વક પ્રયત્નમાં આગળ વધવું જોઇએ.

સંસારમાં જીવદયાનો પ્રચાર વિશેષ થવાથીજ આવાં પ્રાણીઓ તરફના ઘાતકીપણાનો અંત લાવી શકાય; કારણકે રાજ્યના નાયકોનું તેથી તે તરફ આખરે ધ્યાન દોરવાશે અને પશુઓ નિરર્થક હેરાન થાય તેવાં કાર્યો તે થવા દેશે નહિ.

હવે વખત એવો આવતો જાય છે કે જ્યારે સર્વે મનુષ્યો કવિ કાઉપરની સાથે એકમત થઈ કહેવા લાગશે કેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

I would not enter on my list of friends,
Though graced with polished manners and fine sense,
Yet wanting in sensibility, the man
Who needlessly sets foot upon a worm.

"જે મનુષ્યમાં સુધરેલી રીતભાત છે અને સુંદર બુદ્ધિ છે; છતાં જેનામાં લાગણી નથી અને જે નિરર્થક કીડા ઉપર પણ પગ મૂકે છે, તેને હું મારા મિત્ર તરીકે કદાપિ કબૂલ કરીશ નહિ."

ખરેખર આ વિચારો બહુજ સ્તુતિપાત્ર છે અને સર્વ મનુષ્યોના એવા વિચાર થાય તેવો દિવસ નજદીક આવે એવી આ લેખકની પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે. આ કાર્યમાં જોઇએ તેટલો પ્રયાસ તો થતો નથી; છતાં તે દિન ભવિષ્યમાં આવશેજ એવી આશા રહે છે.

દુનિયામાં એકાદ મોટો સેનાધિપતિ થવા કરતાં હું જાતે તો નીચેના વિચારો દર્શાવનારા કાવ્યનો લેખક હોવાનું વધારે પસંદ કરીશ અને તેમાં દર્શાવેલી હૃદયની ઉચ્ચતા અને પ્રેમ તથા દિલસોજી મારામાં આવે તેજ હું ઇચ્છીશ.

"એક દરિયાના કિનારે હું તથા એક કબુતર ચાલતાં હતાં. હું દરિયા કિનારે ઘસડાઇ આવેલા લાકડાના કડકા એકઠા કરતો હતો; અને તે પક્ષી કુદરતની શોભા આનંદ સાથે નિહાળતું હતું. સમુદ્રનાં મોજાંઓ તે કડકાને ખેંચી જવાને પોતાનો હાથ લંબાવતાં હોય તેવાં દેખાતાં હતાં, પવન જોસભેર વાતો હતો અને ભરતી ઉંચે ચઢતી હતી. તે વખતે દરિયા કિનારે હું અને એક કબુતર આમ તેમ ફરતાં હતાં. તે પક્ષી મધુર સ્વરે મંદમંદ તીણો ઉચ્ચાર કરતું હતું અને ચારે બાજુએ ગેલ કરતું કુદતું હતું. તે મારા ગાયનથી દૂર નાશી જતું નથી; તેમજ મારાં કપડાંના ફરફડાટથી ચમકતું નથી! "આ માણસ મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેરાન કરશે " તેવો ભય તેના મનમાં લેશ માત્ર નથી અને તેથી નિર્મલ દિલથી–નિર્ભય નજરથી તે મારા સામું ટગર ટગર જુએ છે, અને જાણે અમે ઘણા દિવસના મિત્રો હોઇએ એમ તે મારી સાથે વર્તે છે."

" મેં પૂછ્યું: હે મિત્ર ! આજ રાત્રે તું ક્યાં પડી રહીશ ? જ્યારે સમુદ્રનાં મોજાં ચારે બાજુએ અફળાશે ત્યારે તારૂં શું થશે ? મેં એકઠાં કરેલાં લાકડાંનો હું દેવતા સળગાવીશ; આના કરતાં વધારે સારૂં રક્ષણનું સ્થળ તને બીજું કયું મળી શકશે ? જો કે આકાશમાં ચારે બાજુ વાદળાનું તોફાન જણાય છે; છતાં મને તારા વાસ્તે જરા પણ ભય નથી, કારણ કે શું હું અને તું એક દયાળુ પિતાના પુત્ર નથી ? તું નાનું સુકોમળ કબુતર છે અને હું એક દયાળુ પન્થી છું. "

મનુષ્યે પોતાને લાભ મળે તે સારૂ બીજાનો નાશ કરવાની વૃત્તિનો હૃદયમાંથી સર્વથા ત્યાગ કરવો ઘટે છે. આ સુંદર દુનિયામાં માલૂમ પડતી અદ્‌ભુત એકતાનો કદાપિ આપણે ભંગ કરવો જોઇએ નહિ. જ્યારે **ઇમર્સને 'સહનશીલતા'** ઉપર કાવ્ય લખ્યું ત્યારે તેના હૃદયમાં જે ભાવ વિલસતો હતો તેવો ભાવ રાખવો જોઇએ.

" શું તેં બંદૂકનો ઉપયોગ કર્યા સિવાય સઘળાં પક્ષીઓને ગણ્યાં છે ? "

" શું તેં ગુલાબનું સુંદર પુષ્પ જોઇ તેને ડાંખળી ઉપર રહેવા દીધું છે ? શું તેં કોઇ શ્રીમંતને ત્યાં પણ ફક્ત દાળ રોટલીજ ખાધાં છે ?"

" શું તું ભય વખતે પણ તારા હૃદયમાં વિશ્વાસ રાખી શસ્ત્ર-રહિત ભયના સામો થયો છે ? "

" શું જ્યાં જ્યાં પુરૂષ કે સ્ત્રીમાં ઉચ્ચ સદ્‌ગુણો તેં જોયા ત્યાં તેની પ્રશંસા કરી છે ? "

" શું તેં ઉદાર વૃત્તિ બતાવી છે ? **જો આ સર્વ તેં કર્યું હોય તો ખરેખર તું મારો મિત્ર થવાને લાયક છે, અને તારો મિત્ર થવાને મને શીખવ.**"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપરાધીઓ તરફ આપણું વર્તન

જેમ જેમ નીતિ વધતી જાય, લોકોનાં હૃદય વિશાળ થતાં જાય, અને દયાની કેળવણીનો ફેલાવો થતો જાય તેમ તેમ જેને આપણે અપરાધી અથવા ગુન્હેગાર ગણીએ છીએ તેવા કમનસીબ મનુષ્યો સાથેના આપણા વર્તનમાં પણ બહુજ મોટો સુધારો થવો જોઇએ. આવા આપણા માનવબન્ધુઓ સાથે જેવી જોઇએ તેવી સારી રીતે આપણે વર્તતા નથી એ નિઃસંદેહ સત્ય વાત છે.

હાલની આપણી ગુન્હેગારો સાથેની રીત તપાસીશું તો જણાશે કે તેનો મુખ્ય ઉદ્દેશ ગુન્હેગારોને શિક્ષા કરવાનો હોય છે; પણ તેથી તેમનું હૃદય તો જરા પણ ખીલતું નથી તેમ અપરાધ પણ ઓછા થતા નથી. હાલના આપણા વર્તનથી અપરાધ અને અપરાધીઓની સંખ્યા વધતી જાય છે; પણ તેથી તેઓ સભ્યજનો થતા નથી કે કાયદાને માનનારા બનતા નથી.

કહેવામાં આવે છે કે અપરાધીઓને શિક્ષા આપવાથી બીજાઓને ઉપદેશ મળે છે, પણ જો ખરી રીતે તપાસ કરીશું તો જણાશે કે અપરાધીઓની સંખ્યા કોઈ રીતે ઓછી થયેલી નથી. દરેક મનુષ્ય ભૂલને પાત્ર છે. કોઇ ને કોઇ દિશામાં આપણે સર્વે ભૂલ કરીએ છીએ; છતાં જો તેવી સ્થિતિમાં કોઇએ ભૂલ કરી તો આપણામાં દંડ કરવાની વૃત્તિ પેદા થાય છે. કેવળ દંડ કરવાની નહિ પણ વેર લેવાની વૃત્તિ જાગ્રત થાય છે. આ રીતે જેને આપણે અપરાધી ઠરાવી શિક્ષા કરાવીએ છીએ તેના અપરાધમાં આપણે ભાગ લેઇએ છીએ. ગુન્હેગારો સાથે વર્તવાની બીજી ઉત્તમ, વિચારયુક્ત અને દયામય રીતિ છે; તે પ્રમાણે જો આ ગુન્હેગારો સાથે વર્તવામાં આવે, તો એવી સ્થિતિ આ જગતમાં લાવી શકાય કે જેને લીધે અપરાધીઓ અપરાધ કરવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોડી દે અને તેઓ જે સમાજમાં વસતા હોય તે સમાજના ભૂષણરૂપ થઇ રહે. * * * *

* * * *

આપણી ખાત્રી થાય કે સંસારમાંનાં સઘળાં પાપ, અપરાધ, ભૂલ અથવા કુકર્મનું અને તેને લગતાં સર્વ દુઃખનું કારણ ફક્ત અજ્ઞાન અથવા મૂર્ખતાજ છે; તો પછી દંડ કરવો અથવા વેર લેવું તેના કરતાં અપરાધીઓ તરફ દયા ભરેલી રીતે વર્તવાનીજ જરૂર છે. જે પડ્યો હોય તેને બેઠો થવામાં સહાય કરવી તેથીજ તેને ખરી મદદ થઇ શકે છે. પડ્યા ઉપર પાટુ મારવી જોઇએ નહિ. હાલ જે રીતે અપરાધીઓ તરફ વર્તવામાં આવે છે તેથી તો ઉલટી અપરાધીઓની વૃદ્ધિ થતી જાય છે; આ રીતે અપરાધીઓ કદાપિ પ્રમાણિક કે ઉત્તમ મનુષ્યો બની શકશે નહિ. પણ જો તેમની તરફ સારી રીતે વર્તવામાં આવે અને તેમનું હૃદય બોલે તેમ પ્રયાસ કરવામાં આવે તો મારી ખાત્રી છે કે તેમાંના દરેકને સુધારી શકાય.

ઇંગ્લાંડ અને વેલ્સમાં ગયા એકજ વર્ષમાં લગભગ એક લાખ અને સાઠ હજાર મનુષ્યોને કેદમાં મોકલવામાં આવ્યાં હતાં. આ સંખ્યામાંથી એ ૬૧ હજાર–લગભગ ત્રીજી સંખ્યા–ને ફક્ત એક અઠવાડીયા અથવા થોડા દિવસ સુધી કેદમાં પુરવામાં આવ્યાં હતાં. જો ઉત્તમ અને ડહાપણ ભરેલી રીતે તેમનો ન્યાય કરવામાં આવ્યો હોત તો, તેમાંના ઘણાખરાને કેદમાં મોકલવાની જરૂર પડત નહિ. માણસને પ્રથમ કેદખાનામાં નાખતી વખતેજ વિચાર કરવો જોઇએ; કારણ કે **કેદખાનામાં નાખવું તે ભયંકર પાપી બનાવવાના પ્રથમ પગથીયા સમાન** છે–પહેલીવાર કેદમાં જવું તેજ અપરાધીઓને કઠણ લાગે છે. પાછળથી તેઓ ટેવાઇ જાય છે અને વધારે અપરાધ કરવાને દોરાય છે. આ ૬૧ હજાર અભાગી અપરાધીઓમાંથી કેટલાક તો એવા હતા કે જેઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમજ અપરાધી ઠરાવવામાં આવ્યા હતા. અને તેમાંના ઘણાને તો ફક્ત ત્રણ ચાર દિવસ સુધીજ કેદ કરવામાં આવ્યા હતા. જેણે પોતાની આખી જીંદગી અપરાધ કરવામાંજ પસાર કરી હતી તેવા એક મોટા અપરાધીએ યથાર્થ કહ્યું છે કેઃ—

"જો મને બાળપણમાં ત્રણ ચાર દિવસ અથવા અઠવાડીયાં સુધી કેદમાં પુરવામાં ન આવ્યો હોત તો મારી આખી જીંદગી તદ્દન બદલાઈ ગઈ હોત." જો આપણે ખરેખર અપરાધીઓની સંખ્યા ઓછી કરવા માગતા હોઇએ તો અપરાધોની સંખ્યા વૃદ્ધિ ન પામે તેમ પ્રયત્ન કરવો જોઇએ; અને તે ખાસ કરીને નાની ઉંમરના અને નાના ગુન્હા કરનારાને કેદમાં મોકલતાં અટકવું જોઇએ.

આ સ્થળે જણાવવું જરૂરનું છે કે કેદીઓની સાથેની વર્તણુકમાં કેદીઓનું જે ખેદજનક અપમાન કરવામાં આવે છે તે ખરેખર નિન્દવા લાયક, જરૂર વગરનું અને તદ્દન અયોગ્ય છે. કેદખાનામાં તે માણસ દાખલ થયો એજ કાંઇ થોડું અપમાન નથી; ત્યારે પછી તે કેદીનું અપમાન કરવાને બીજી અનેક અધમ રીતોનો ઉપયોગ કરવામાં આવે છે તેથી શો લાભ ? જેલના અમલદારો બીજાનું દેખાને અથવા ચાલી આવેલા કુધારા પ્રમાણે બિચારા કેદીઓની સાથે સંપૂર્ણ નિર્દયતાથી વર્તે છે; તેથી કેદમાં ગયા પછી દયાની આશા તે કેદીઓને બિલકુલ છોડી દેવી પડે છે. ત્યાં કેદમાં કોઇ તેનીપર રહેમ બતાવતું નથી, પણ સર્વ તેના પ્રતિ ઘાતકી રીતે વર્તે છે અને અપમાન કરે છે; તેથી પરિણામ એ આવે છે કે કેદમાંથી બ્હાર નીકળ્યા પછી તે પણ વિશેષ ઘાતકી રીતે વર્તતો થાય છે. અતિશય દુઃખ સહન કરવાથી તેની લાગણી બુઠ્ઠી થયેલી હોય છે, અને તેથી તે વિશેષ દુરાચારી કે પાતકી થાય તો તે બનવા જોગ છે. આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે માણસને આખી જીંદગી સુધી અપરાધી બનાવવો હોય તો એકવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને જેલમાં મોકલવા જેવો બીજો કોઈ ઉપાય નથી. સર્વ સદ્‌ગુણોનું મૂળ 'દયા' છે. જે માણસમાં દયા છે તે કદાપિ પાપનાં કર્મ કરવા દોરાયજ નહિ; પણ તે દયાનાં બીજને પુષ્ટિ આપવાને અને તે કેદીમાં સ્વાત્મમાન (self–respect)ની લાગણી ઉત્પન્ન કરાવવાને બદલે તે કેદમાં દાખલ થાય છે ત્યારથીજ તે બીજ તેનામાં હોય તેનો નાશ કરવાના ઉપાય લેવામાં આવે છે. **જે માણસ તરફ દયા બતાવવામાં આવી હોય તે માણસજ બીજાઓ તરફ દયા બતાવતાં શિખી શકે,** પણ તેને બદલે તે કેદીની સાથે ક્રૂરતાથી વર્તવામાં આવે તો દયાનો ગુણ તેનામાંથી બિલકુલ નાશ પામે છે. કેદમાં તો દયા નામ શું છે તેનો તેને જરા પણ ખ્યાલ મળતો નથી. તે પોતાની આસપાસ અને પોતાના ઉપર ક્રૂરતાના દેખાવો પ્રતિદિન નિહાળે છે; અને તેથી તેનું બેદકારક પરિણામ એ આવે છે કે કેદમાંથી બહાર નીકળતાંજ તેના મનમાં ન્યાય અને રાજસત્તાપ્રતિ તિરસ્કાર છુટે છે, પોતે મનુષ્ય જાતિને પાપી ભાળે છે, વેર લેવાની વૃત્તિ તેના મનમાં પ્રબળ વ્યાપે છે, ઘણીવાર તે રાજદ્રોહી બને છે અને તે પોતાની જાતનો તથા જનસમાજનો એક ભયંકર શત્રુરૂપ થઈ જાય છે.

જે ફોજદારી કાયદાની કલમો અને જેલખાનાની વ્યવસ્થાઓ, અપરાધીને જ્યારે તે કેદમાં દાખલ થયો ત્યારે તેની જેવી સ્થિતિ હતી તેના કરતાં વધારે સારી સ્થિતિવાળો ન બનાવે અને ફરીથી અપરાધ કરતાં રોકી ન શકે; તે કલમો અને તે વ્યવસ્થા ખરેખર દિલગીરી ઉત્પન્ન કરનારી છે. ત્યારે આ બિચારા અપરાધીઓની સ્થિતિ સુધારવાને શા ઉપાયો યોજવા જોઇએ? મનુષ્ય જાતિના સુભાગ્યે કોઈ કોઈ સ્થળે પરોપકારી, દયાળુ હૃદયના વીર પુરૂષો અને વીર સ્ત્રીઓ જણાઇ આવે છે. જેઓ કેદખાનામાં જઈ કેદીઓની તરફ માયાળુ વર્તણુક બતાવી, પ્રેમ અને દૃઢતાથી કેદીઓને સુધારવાને અને તેમનામાં નીતિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંકુરો અને સ્વાત્મમાન ઉત્પન્ન કરાવવાને બનતો પ્રયત્ન કરે છે. ધન્ય છે તેવાં પ્રેમાળ સ્ત્રી-પુરૂષોને ! આ પરોપકારી કામ અમેરિકાના કેટલાક ભાગોમાં અને ઇંગ્લાંડમાં થાય છે. કૃતાર્થ છે તેમનો જન્મ ! તેમના પ્રયાસથી કેદીઓની સ્થિતિ સુધરતી જાય છે, પણ તેવું કામ કરનારા ઘણા વિરલા છે. તેઓ નિરંતર ઉપદેશ આપી પાપમાર્ગથી દૂર રહેવાનું ફરમાવે છે અને તેમની તરફ દયા બતાવી તેમનામાં ગુપ્ત રહેલાં દયાનાં બીજોને પ્રકટ કરે છે; જેથી તેમની સંભાળ નીચે રહેલા કેદીઓ કેદખાનાની બહાર નીકળતાં એક ગૃહસ્થને છાજે તેવાં લક્ષણવાળા થાય છે; અને જેમ જેમ સામાજિક સ્થિતિ સુધરતી જશે, અને સર્વ કોઈ ઉચિત ધંધો-વ્યાપાર કરવા દોરાશે, તથા હલકાથી તે છેક ઉપલા વર્ગના મનુષ્યોને એક બીજા તરફ દયા બતાવવાનો ઉમદા ઉપદેશ મળતો જશે, તેમ તેમ આ કેદખાનાસંબંધીના દુઃખભર્યા વિકટ પ્રશ્નનું કાંઇક યોગ્ય સમાધાન આવી શકશે.

આપણે આપણા દરરોજના જીવનવ્યવહારમાં પણ આપણા સોબતીઓની સાથે સંપૂર્ણ દિલસોજી દર્શાવવી જોઇએ. અમુક વ્યક્તિ કે અમુક પ્રજાના સંબધમાં પણ આ નિયમ એકસરખી રીતે લાગુ પાડી શકાય તેમ છે. અપરાધીઓને એવા પ્રકારની શિક્ષા કરવી ઘટે છે કે જેથી ફરીથી તે તેવા પ્રકારનો અપરાધ ન કરે, તેને શિક્ષણ મળે અને તે ઉચ્ચ દશા પ્રાપ્ત કરવા દોરાય. **જે દંડ કરવાની રીતિમાં ક્રોધ અને વેર લેવાની વૃત્તિ બહુ મજબૂત હોય તે રીતિ ધર્મશાસ્ત્રોની આજ્ઞાવિરૂદ્ધ છે;** તે રીતની મૂર્ખતા, અયોગ્યતા અને નિરર્થકતા શી રીતે વર્ણવી શકાય ? દ્વેષ મૂકનાર અને દૂષિત ઠરાવનાર કોણ હોઇ શકે ? કોઇ પણ સમજુ કે બુદ્ધિમાન પુરૂષ કે સ્ત્રી આ કામ કરશે નહિ; અને ખરેખર કમનશીબ અપરાધીઓને મૂર્ખના હાથમાં કદાપિ સોંપવા જોઇએ નહિ. પોંડાંજ વર્ષ ઉપર એવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સમય હતો કે જ્યારે ગાંડા માણસોની સાથે પણ અપરાધીઓની માફક ક્રૂરતા વાપરવામાં આવતી હતી. **ગાંડાપણું એ પણ એક અપરાધ ગણવામાં આવતો હતો,** પણ આપણા આ ક્રમનશીબ માનવ બાંધવોના સંબંધમાં આપણી રીતભાતમાં હવે સુધારો થયો છે, અને હવે આપણે જાણતા થયા છીએ કે ગાંડપણ એ એક જાતનો માનસિક રોગ છે, પણ જાણી જોઈને પોતાના સ્વભાવને આડે માર્ગે દોરવાપણું નથી અને ગાંડાપણું કાંઈ માણસની પોતાની ઇચ્છા ઉપર આધાર રાખતું નથી.

આપણે સર્વ માનતા થયા છીએ કે ગાંડાપણું એ એક જાતનો માનસિક રોગ છે; પરન્તુ જે લોક વિદ્વાન છે અને જેઓએ અપરાધીઓ તથા પાપી પુરૂષોના સ્વભાવનો ધ્યાનપૂર્વક અભ્યાસ કર્યો છે, અને જેઓ તે સ્વભાવમાં સુધારો કરવાને નિશદિન વિચાર કર્યા કરે છે, તેઓ એવા અનુમાનપર આવ્યા છે કે માનસિક રોગની પેઠે એક પ્રકારનો નૈતિક રોગ પણ ઉત્પન્ન થાય છે. અને જેનામાં તે **નૈતિકરોગ હોય** છે, તેઓ અપરાધ કરવાને દોરાય છે. આ બાબતપર ધ્યાન રાખી જો અપરાધીઓનો ન્યાય કરવામાં આવે તો આપણી કેદીઓ સાથેની વર્તણુંકમાં બહુજ મોટો સુધારો થયેલો આપણને જણાશે અને આપણી હાલની શિક્ષા કરવાની પદ્ધતિમાં સારો ફેરફાર થયેલો જણાશે.

આપણા માનવબંધુઓની પેઠેજ પશુપક્ષીઓ સાથે પણ આપણે દિલસોજી અને પ્રેમ બતાવવો એ આપણું પરમ કર્ત્તવ્ય છે; કેમકે તેમનામાં પણ આપણા જેવોજ જીવ છે. તેઓ કેવળ આપણા ઉપભોગની વસ્તુ છે એમ ગણી તેમના ઉપર ક્રૂરતા વાપરવી નહિ; પણ જેવી રીતે પશુ પક્ષી આપણી સેવા કરે છે, આપણને જરૂરની કેટલીક ચીજો પૂરી પાડે છે, આપણને હરેક રીતે ઉપયોગી થાય છે અને આપણા આનંદમાં વૃદ્ધિ કરે છે તેવી રીતે આપણે પણ તેમની સેવા કરવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંજરામાં રહેલ સારિકાપક્ષીની વાત સ્મરણમાં આવતાં હું અત્ર લખું છું:—

" Alas for the bird, who was born to sing,
They have made him a wing, they have clipped
his wings.
They have shut him up in a dingy street,
And they praise its singing and call it sweet.
But his heart and song are saddened and filled,
With the woods and nest, he never will build,
And the wild young dawn coming unto the tree,
And the mate that never his mate will be.
And day by day, when his notes are heard,
They freshen the street, but alas for the bird!"

" અફસોસની વાત છે કે ગાવાને અને હરવાને ફરવાને સરજાયેલા પક્ષીને લોકોએ પાંજરામાં કેદી બનાવ્યું છે. તેઓએ તેની પાંખો કાપી નાખી છે, અને એક ધોંધાટવાળા લત્તામાં તેને પૂરી રાખ્યું છે. તેના ગાયનનાં લોકો વખાણ કરે છે અને તે ગાયન મધુર છે એમ જણાવે છે; પણ તેનું હૃદય અને ગાયન બંને દીલગીરીથી ભરેલાં છે. જંગલમાં માળો બાંધવાના, વૃક્ષની અંદર પ્રાતઃકાલ નિરખવાના અને પોતાના સાથીના સાથે સંબંધમાં આવવાના વિચારથી તે શોકાતુર છે. જ્યારે જ્યારે તે સારિકા મધુર ગાયન ગાય છે ત્યારે તે લત્તાવાળા લોકો આનંદિત થાય છે, પણ બિચારૂં પક્ષી તો ખરેખર દયાપાત્ર છે."

જે સુવર્ણમય નિયમ* પ્રમાણે આપણે આપણા **માનવ**

* " બીજાને આપણી તરફ જેવી રીતે વર્તાવવા ઇચ્છતા હોઈએ તેવી રીતે આપણે તેમના તરફ વર્તવું " એવો નિયમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાંધવો તરફ વર્તીએ છીએ, તેજ નિયમ પ્રમાણે આપણે **પશુ-પક્ષીઓની** સાથે પણ પ્રેમપૂર્વક અને દિલસોજીની લાગણીથી વર્તવું એ આપણું પરમ કર્ત્તવ્ય છે; અને જે માણસ આ નિયમ પ્રમાણે પોતાનું વર્તન ચલાવતો નથી તે કદાપિ ખરો ધર્મિષ્ઠ કહી શકાય નહિ; અથવા તે મનુષ્યપણાનેજ લાયક નથી. પૃથ્વીની અંદર વસનારી ફ્રાડીઓ પણ કેટલેક અંશે આપણાપર ઉપકાર કરે છે. તે પૃથ્વીને ધાન્ય ઉગવાને લાયક બનાવે છે. એ બાબતના અભ્યાસકો જણાવે છે કે તેમના વિના ખેતીને અનુકૂળ જમીન કદાપિ બની શકત નહિ. હવે પક્ષીઓનો વિચાર કરીએ તો આપણને જણાયા વગર રહેશે નહિ કે જો પક્ષીઓ ન હોત તો વૃક્ષ અથવા પાંદડાંનો અન્ત આવી જાત, અને વનસ્પતિ કે શાક બિલકુલ મળી શકત નહિ; કારણકે પક્ષીઓના ભયથી ફ્રાડાઓ તે પાંદડાંને કરડી ખાતાં અટકે છે. આ બાબત આપણે પ્રથમ વર્ણવી ગયા છીએ. જો શાક પાંદડું બિલકુલ ન મળે તો જીંદગીનો પણ નાશ થઇ જાય. જો આપણે તે પ્રાણીઓની રીતભાતનો બરાબર અભ્યાસ કરીએ તો અને તે પશુઓ તરફ દિલસોજી રાખી દરેક શું શું કામ કરે છે તે બરાબર જાણીએ તો આપણે જરૂર એવા અનુમાનપર આવીશું કે આ જગતમાં તે પક્ષીઓની અને પ્રાણીઓની જરૂર છે; અને દરેકને આ જગતમાં પોતાનો ભાગ ભજવવાનો હોય છે. જેમ મનુષ્યો એકબીજા સાથે સંબંધવાળાં છે, તેમ મનુષ્ય અને પશુ વચ્ચે પણ સંબંધ રહેલો છે. જો આપણે પશુનો નાશ કરીએ અથવા નાશ કરવા દઇએ અને આ પ્રમાણે સૃષ્ટિનિયમોનો ભંગ કરીએ તો તેમાં અંતે હાનિ આપણને પોતાનેજ છે; માટે પ્રાણિવર્ગના શત્રુ કે નાશ કરનારા કે હેરાન કરનારા થવાને બદલે આપણે તેમના મિત્ર અને મદદગાર થવું જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણીઓને રહેવાનાં સ્થાન (પાંજરાપોળો)

અત્યારસુધી દયાના કામમાં જે કાંઈ કરવામાં આવ્યું છે તે **માણસોને** વાસ્તેજ કરવામાં આવ્યું છે; પણ પશુપક્ષીઓના સંબંધમાં બહુજ થોડું ધ્યાન આપવામાં આવેલું છે. પુરૂષ અને સ્ત્રીઓને માટે આ પૃથ્વીપર અનેક ઇસ્પીતાલો અને રહેવાનાં સ્થાન છે; પણ હજુ પ્રાણીઓને વાસ્તે આવા પ્રકારની સગવડ બહુજ જુજ છે. કોઈ કોઇ સ્થળે પાંજરાપોળો અથવા પશુનું દવાખાનું માલૂમ પડે છે, પણ તેવી પાંજરાપોળોની પુષ્કળ જરૂર છે. આપણી માફક પશુઓને માટે પણ પાંજરાપોળો, તેમને રહેવાનાં સ્થાન, તેમને બચાવનારી મંડળીઓ અને તેમને સારૂ દવાખાનાંની જરૂર છે; અને જ્યાં હાલ એક પાંજરાપોળ હશે ત્યાં મને ખાતરી છે કે વખત જતાં ડઝન કે સો થશે. દુનિયામાં મોટામાં મોટું અને સારી સવડતાવાળું જાનવરોનું દવાખાનું મુંબાઇમાં છે. ત્યાં કેટલાંક પશુઓને રાખવામાં આવે છે અને બહારથી લાવવામાં આવનારાં પશુઓની પણ દવા કરવામાં આવે છે. સર્વ પ્રકારના પ્રાણીઓને વાસ્તે ઇસ્પીતાલ ખુલ્લી છે, અને જેવી રીતે પશ્ચિમના દેશોમાં માણસની સંભાળપૂર્વક દવા કરવામાં આવે છે, તેજ રીતે પશુઓની ત્યાં દવા કરવામાં આવે છે. દરેક વર્ષે બે હજાર ઉપરાંત પશુઓને અંદર રાખવામાં આવે છે અને બહારથી દવા કરાવનારાં એક હજાર ઉપરાંત હોય છે. નાનાં અને મોટાં મકાન મળી તે દવાખાનામાં ૪૦ વિભાગ છે. તેની બાંધણી અને રચના અમારી (પશ્ચિમની) ઇસ્પીતાલો કરતાં પણ ઉત્તમ છે. આ વિશાળ દવાખાનું સ્થાપન કરનાર **સર દીનશાજી માણેકજી પીટીટ** નામના એક પ્રસિદ્ધ પારસી વ્યાપારી હતા; અને તેનું નામ '**બાઇ સાકરબાઇ દીનશા પીટીટ પશુ દવાખાનું**' રાખવામાં આવ્યું છે. પરોપકારના કામમાં ભાગ લેનારા મુંબઇનિવાસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક સખી ગૃહસ્થો તેને સારી સહાય આપે છે. ત્યાં દરેક પ્રકારનાં પાળેલાં જનવરોને રાખવામાં આવે છે અને તેમની સંભાળ લેવામાં આવે છે; એટલુંજ નહિ પણ જંગલનાં પ્રાણીઓ અને જંગલી પશુઓ પણ જો ઘાયલ થયેલાં અથવા કોઇ કારણથી ઇજા પામતાં માલૂમ પડે તો તેમને ત્યાં લઇ જવામાં આવે છે અને તેમની યોગ્ય માવજત કરી તંદુરસ્ત થએથી ફરીથી છૂટાં મૂકવામાં આવે છે.

આ દવાખાનું મુંબઇને ગર્વનું કારણ છે, અને હિંદુ લોક બહુ ઉદારતાથી તેમાં પૈસા આપે છે. ત્યાં લેબોરેટરી (Laboratory– પ્રયોગશાળા) સ્થાપન કરતી વખતે સર દીનશા પીટીટે એવી બુલ્દી શરત મૂકી છે કે "**આ સ્થળે કોઇ પણ પ્રકારના પ્રાણી ઉપર અખ્તરા કરવા દેવામાં આવશે નહિ,** કારણકે તેથી હિંદુ લોકોના જીવ બહુ દુઃખાશે અને જો તે બાબત હિંદુઓના જાણવામાં આવશે તો તેઓ તરતજ પૈસા આપવાનું બંધ કરશે. આ સંબંધમાં પૈસા સંબંધી બરી મદદ આપનારા હિંદુઓજ છે."

પ્રાણીઓને સારૂ આ ભવ્ય દવાખાના ઉપરાંત મુંબઇમાં પ્રાણીઓ ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવનારી એક સારા પ્રતિષ્ઠિત ગૃહસ્થોની મંડળી છે. વળી ત્યાં એક પાંજરાપોળ સ્થાપવામાં આવેલી છે અને ત્યાં નિર્બળ થઈ ગયેલાં માંદાં પ્રાણીઓને રાખવામાં આવે છે; અને જ્યાંસુધી સાજાં ન થાય કે મરી ન જાય ત્યાંસુધી તેઓ ત્યાંજ રહે છે. કલકત્તાની પાસે પણ એવી એક પાંજરાપોળ છે. તે તેર વર્ષ-ઉપર હિંદુ આગેવાનોએ સ્થાપન કરેલી છે. તે જગ્યા કલકત્તા શહેરથી દશ માઇલ છેટે આવેલા સોદપુર સ્ટેશન નજદીક છે. તેની દેખરેખ એક મેનેજર રાખે છે. જેની મદદમાં એંશી માણુસો રાખવામાં આવેલાં છે અને કેટલાક અનુભવી પશુવૈદ્ય પણ રોકવામાં આવેલા છે.

હિંદુસ્તાનનાં બીજાં પણ શહેરોમાં ઉપર જણાવ્યા પ્રમાણેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંજરાપોળો હયાત છે. કલકત્તાની એક પાંજરાપોળના સંબંધમાં 'લંડન ટેલીગ્રાફ' નામના વર્તમાનપત્રમાં એક લેખક જણાવે છે કેઃ—

"એ વાત સત્ય છે કે ખ્રિસ્તી ધર્મ પાળનારાની અપેક્ષાએ હિંદવાસીઓ પશુઓની સાથે વધારે દયાથી અને વધારે પ્રેમથી વર્તે છે. કેવળ માંસભક્ષણનો નિષેધ હિંદુઓપર એક આશ્ચર્યકારી અસર ઉત્પન્ન કરે છે. જે યૂરોપીઅન પ્રથમજ હિંદુસ્તાનમાં આવે છે અને વડોદરા, નાસિક અથવા વૃન્દાવન વગેરે શહેરોમાં ફરવા નીકળે છે, તે પશુપક્ષીઓનો વ્યવહાર દેખી આશ્ચર્ય પામે છે; કારણકે ત્યાંનાં પશુપક્ષીઓ પણ આસપાસની શાંતિને લીધે શાન્તિપૂર્વક ત્યાં વસતાં માલૂમ પડે છે. શહેરની ગીચ વસ્તીવાળા ભાગમાં પણ વાંદરાઓ ઘરના છાપરાપર બેસે છે અને દાંત કકડાવતા માલૂમ પડે છે. દુકાનની લાકડીઓપર ખીસકોલીઓ આમતેમ દોડતી અને કુદકા મારતી નજરે પડે છે, લીલા રંગના પોપટો જ્યાં ત્યાં બેસીને મધુર શબ્દ બોલતા દેખાય છે, કબુતરો જુદા જુદા સ્થળમાં અનાજના કણ શોધતાં અને માળો બાંધતાં જણાય છે, ગામડાના કૂવા કે તળાવની પાસે રમતી હોંકડીઓ દૃષ્ટિએ પડે છે, નોળીઆઓ બગીચાની અંદર આવજા કરતા કેટલીકવાર જોવામાં આવે છે, સમડીઓ અને કાગડાઓ બજારમાં જ્યાં ત્યાં બેઠેલા દેખાય છે, જંગલી કબુતરો અને બીજા પક્ષીઓ ખોરાકને ખાતર શહેરમાં આમ તેમ ઉડતાં નજરે પડે છે અને રાત્રે તો શિયાળીયાં પણ ગામડામાં ઘુસતાં જોવામાં આવે છે. માણસો અને પક્ષીઓની વચ્ચે એક પ્રકારની શાંતિ પ્રસરી રહેલી જણાય છે; અને તે જોઇને કુદરતના ઉપર પ્રેમ રાખનારને જે અસર થાય તે ખરેખર બહુજ રમણીય છે."

ઇંગ્લાંડ અને અમેરિકામાં માન પામેલા એક હિંદુ ઉપદેશક અને લેખક લખે છે કેઃ "જ્યારે હિંદુ બાળકો અને બાળકીઓ પ્રથમ નિશાળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે, ત્યારે પ્રથમજ ઉપદેશ ગ્રહણ કરતી વખતે દયા ધર્મનો સિદ્ધાન્ત તેમને શીખવવામાં આવે છે; અને તેથી મોટાં થયે પણ તેઓ પ્રાણીમાત્રની સાથે પ્રેમપૂર્વક વર્તે છે. તેમને શીખવવામાં આવે છે કે ગરીબ પશુઓની ઉપર દયા કરો, તમારા પેટ સારૂ એમની હિંસા કરતા નહિ; કારણકે માણસનું સ્વાભાવિક ભોજન માંસ નથી. સંસ્કૃતની પ્રથમ ચોપડીમાંજ હું શિખ્યો હતો કેઃ—

स्वच्छन्दवनजातेन शाकेनापि प्रपूर्यते ।
अस्य दग्धोदरस्यार्थे कः कुर्यात्पातकं महत् ॥
प्राणा यथात्मनोऽभीष्टा भूतानामपि ते तथा ।
आत्मौपम्येन भूतेषु दयां कुर्वन्ति साधवः ॥
योऽत्ति यस्य यदा मांसमुभयोः पश्यतान्तरम् ।
एकस्य क्षणिका प्रीतिरन्यः प्राणैर्वियुज्यते ॥

"જમીનપર સ્વેચ્છાએ ઉગતાં શાક પાંદડાં વગેરેથી પેટ ભરાય છે, તો આ પાપી પેટને સારૂ જીવહિંસારૂપી પાપ કોણ આચરે? જેવી રીતે પોતાના પ્રાણ પોતાને વહાલા છે, તેવી રીતે પ્રાણી માત્રના પ્રાણ પણ તેમને વહાલા છે; માટે તેને પોતાના આત્માની સાથે સરખાવી સાધુ પુરૂષો દયા કરે છે. જે માણસ માંસ ખાય છે, અને જેનું માંસ ખાવામાં આવે છે, તે બેમાં કેટલો બધો **તફાવત** છે તે તપાસો. **એકને ક્ષણિક જિહ્વાસ્વાદ થાય છે, અને બીજાનું મૃત્યુ થાય છે.**"

આ દરેક પ્રાણીમાં જીવ રહેલો છે. તેને પણ અહંવૃત્તિ જાગ્રત થયેલી હોય છે; અને તેથી તે સુખદુઃખ અનુભવી શકે છે તથા જીવવાને વાસ્તે યત્ન પ્રયત્ન કરે છે. તેનો આત્મા પણ ઉન્નતિક્રમનાં જુદાં જુદાં પગથિયાં ચઢતો ચઢતો મનુષ્યગતિને પ્રાપ્ત કરશે. તેટલા માટે હિંદુઓનો ધર્મ, તત્ત્વવિદ્યા અને શાસ્ત્ર પ્રતિપાદન કરે છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જેવી રીતે આપણી જીંદગી આપણને વહાલી છે તેવી રીતે પ્રાણિવર્ગને પોતાની જીંદગી વહાલી છે; અને જેવી રીતે આપણે મરવા ઇચ્છતા નથી તેવી રીતે તેઓ પણ મરણથી ભય પામે છે. આપણા સુખને સારૂ જીવહિંસા કરતા નહિ. સૃષ્ટિની અંદર વ્યાપી રહેલું ઐક્ય તપાસો અને સઘળાં જીવતાં પ્રાણીઓને બનતી સહાય આપો." એ પ્રમાણે હિંદુ ઉપદેશ આપે છે.

કેવળ પોતાના સ્વાર્થને લીધેજ મનુષ્યો બીજાં પ્રાણીઓના જીવવાના હક્કને ગણકારતાં નથી અને નિર્દોષ પ્રાણીઓને મારી નાખી, હેરાન કરી અથવા તેમના હક્ક ઉપર ત્રાપ મારી તેઓ પોતાનું પોષણ કરે છે. સઘળા અશુભ વિચારો અને અશુભ કાર્યોનું મૂળ આ સ્વાર્થ છે. જે બાબત મનુષ્યને સ્વાર્થી બનાવે અને તેના હલકા સ્વભાવને પોષે તે બાબત ખરેખર નીચ, ધિક્કારવા લાયક અને દુષ્ટ છે; અને જે બાબત તેને નિઃસ્વાર્થી બનાવે તેજ બાબતને ઉમદા અને ઉચ્ચ બનાવનારી ગણવી જોઇએ.

ઉપર જણાવેલી બાબતોપરથી એ ખુલ્લું જણાઇ આવે છે કે આપણે (પાશ્ચાત્ય પ્રજાઓએ) પ્રાણિવર્ગ સાથેના આપણા સંબંધની બાબતમાં હિંદુ લોકો પાસેથી બહુ શિખવાનું છે. આત્મિક ઐક્યના તત્ત્વ રૂપી આ વિશ્વનો મોટો સિદ્ધાન્ત હિંદુઓ બહુ સારી રીતે સમજ્યા છે. જ્યારે અમે પણ આ સિદ્ધાન્ત બરાબર સમજીશું અને તદનુસાર અમારૂં વર્તન રાખીશું ત્યારેજ અમારો સુધારો ખરો સુધારો કહી શકાશે. જ્યારે સર્વ અંગોમાં સુધારો થાય ત્યારેજ તે સુધારો કહી શકાય. જેને હાલ આપણે સુધારો માનીએ છીએ તે ખરી રીતે સુધારાના નામને લાયક છે કે કેમ ? એજ એક મોટો સવાલ છે. અમારો હાલનો સુધારો બીજી પ્રજાઓને જોઇએ તેટલો લાભકારી નીવડ્યો નથી; પણ જ્યારે ઉપર જણાવેલો આત્મૈક્યનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધાંત તથા તેમાંથી ફલિત થતો મનુષ્ય જાતિના ભ્રાતૃભાવનો સિદ્ધાંત બરાબર અનુભવવામાં આવશે; ત્યારે બીજી પ્રજાઓ અને બીજા માણસો સાથેના અમારા સંબંધમાં બહુજ ફેરફાર કરવો પડશે અને ત્યારેજ અમારો સુધારો બીજી પ્રજાને જોઇએ તેટલો લાભકારી થશે. એ અપૂર્ણ સુધારાને લીધે કેટલાંક રાજ્યોની શક્તિ ક્ષણભંગુર અને અસ્થિર થઈ જાય છે; અને જો આપણે બરાબર સંભાળ ન રાખીએ તો તે ક્ષણભંગુરતા વૃદ્ધિ પામે અને તે રાજ્યોનો નાશ પણ થાય. બહારથી પ્રબળ અને મજબૂત દેખાતી ઘણી પ્રજાઓનો આ અસ્થિર શક્તિને લીધે અંત આવેલો, તેના અનેક પુરાવા ઇતિહાસ આપે છે; પણ જો ઉપરનો સિદ્ધાંત બરાબર જાણવામાં આવે તો તે રાજ્યની સ્થિરતા વધારે જળવાઈ રહેવાની, એ ચોક્કસ વાત છે. જે દેશને કેટલાક લોકો બીનસુધરેલો ગણે છે ત્યાં પ્રાણીઓ ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવનારી મંડળીની મીટીંગ વખતે એક વક્તાએ કહેલા શબ્દો આપણે પાશ્ચાત્ય પ્રજાજનોએ નિરંતર ધ્યાનમાં રાખવા જોઇએ. તે મંડળીના ઓછામાં ઓછા ૫૦૦૦૦ (પચાસ હજાર) સભાસદો હોવા જોઇએ, તે બાબત લોકોને આગ્રહપૂર્વક જણાવતાં તેણે કહ્યું હતું કે:—**"જંગલી મૃગલાંઓ જ્યાં દોડી રહ્યાં છે તે જંગલોમાં, પક્ષીઓ જ્યાં ઉડી રહેલાં છે તે ગગનમાં (હવામાં) અને જ્યાં જ્યાં આપણા યુવકો અને બાળકો હરે ફરે છે તે તે જગ્યાઓ ઉપર "દયા" "દયા" ના શબ્દો લખી કાઢો."**

અમે કબૂલ કરીએ છીએ કે અમારી દયાધર્મ–પ્રચારક સભાઓ, પશુઓ ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવનારી મંડળીઓ અને અમારાં થોડાં ઘણાં દવાખાનાંઓને કેટલાંક ઉદાર અને દયાળુ હૃદયનાં સ્ત્રી પુરૂષો તરફથી મદદ મળે છે; પરન્તુ તે મદદ પુરતી નથી. હજુ વધારે સહાયની જરૂર છે. લોકો આ બાબત તરફ દિલસોજી બતાવતા થયા છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને મારા ધારવા પ્રમાણે એવો પણ સમય નજદીક આવતો જાય છે કે જ્યારે ધનવાન સ્ત્રી પુરૂષો જગતના કલ્યાણાર્થે કાંઇ કાંઇ સંસ્થાઓ સ્થાપન કરવા ઇચ્છશે; ત્યારે મનુષ્યજાતિના ઉપકારાર્થે જેટલી ત્વરાથી તેઓ સંસ્થાઓ સ્થાપવામાં ધન ખર્ચે છે તેટલીજ ત્વરાથી તેઓ પશુઓના કલ્યાણ અર્થે પણ સંસ્થાઓ–દવાખાનાઓ, પાંજરાપોળો–પ્રાણી ઉપર ગુજરાતું ધાતકીપણું અટકાવનારાં મંડળો–વગેરે સ્થાપશે. આ બાબતમાં **દયાધર્મના વિચારો બહુ પ્રમાણમાં ફેલાવવાની જરૂર છે.** જો લોકોના સમજવામાં આ બાબત આવે તો તે ઉપાડી લેતાં લોકોને વાર લાગશે નહિ. ધાતકીપણું, દુરૂપયોગ અને પ્રાણીઓ તરફ બેદરકારીના સઘળા અપરાધોનું મૂળ **અવિચારીપણું** છે. જો માણસમાંથી અવિચારીપણું દૂર જાય તો સર્વ સુધારાનો માર્ગ સરલ થઇ જાય. આપણે પશુ પક્ષીઓની તરફ દીલસોજી બતાવતાં શીખવું જોઇએ. જેવી રીતે આપણી જીંદગી આપણને વહાલી છે, તેવી રીતે તેમની જીંદગી તેમને વહાલી છે. આપણી માફક તેઓને પણ દુઃખ થાય છે, તથા ધમકી અને ક્રૂરતાથી આપણને માઠું લાગે છે, તેમ તેમને પણ લાગે છે; અને જેમ બીજાના વિચારોથી આપણને અસર થાય છે તેમ આપણા વિચારથી તેમને પણ અસર થાય છે. આપણે આપણી તરફ લોકો સારી રીતે વર્તે એમ ઇચ્છીએ છીએ અને આ રીતે વર્તનાર તરફ માનબુદ્ધિથી નીહાળીએ છીએ, તેમ તે પ્રાણીઓ પણ સારા વર્તનની આશા રાખે છે અને સારૂં વર્તન રાખનારને ચહાય છે તથા આપણી માફક તે પણ પ્રેમ બાંધવાને ચહાય છે. કૂતરા, ઘોડા વગેરે પ્રાણીઓએ પણ પોતાના સ્વામીનાં કેવાં કેવાં કાર્યો કર્યા છે તેના અનેક પુરાવા છે. તેઓનામાં લાગણી છે અને મન પણ થોડું ખીલેલું હોય છે; માટે તેવા પ્રાણીઓ તરફ દયા બતાવવી એ આપણું પરમ કર્તવ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમર આત્મા

પશુપક્ષીઓની સહનશીલતા વિચિત્ર છે. જેમની સાથે તે પ્રેમ કરે છે અથવા જેમની સાથે તેમની મિત્રતા થાય છે તેમના તે **દૃઢ ભક્ત** થાય છે. પશુઓમાં બુદ્ધિ પણ હોય છે. એમની સ્મરણશક્તિ, વિચારશક્તિ અને પારખવાની શક્તિ પણ અદ્‌ભુત પ્રકારની હોય છે. એ બાબતોને જણાવનારી હજારો વાતો બનેલી છે અને પુસ્તકોમાં લખાયેલી છે. આવી બાબતોનો આ પુસ્તકમાં સમાવેશ થાય તો બહુ હર્ષનું કારણ થાય; પણ આ નાના પુસ્તકમાં સ્થળસંકોચને લીધે અમે તે વર્ણવી શકતા નથી. ઘણીવાર પશુઓએ–મુખ્યત્વે કરીને કૂતરાઓએ–પોતાના મિત્ર, માલિક અથવા કોઇ ભૂલા પડેલા મુસાફરના પ્રાણ બચાવવાને અથવા આવતા ભયની ચેતવણી આપવાને પોતાની જાતને ભયમાં નાખેલી છે. મેં થોડા દિવસ ઉપરજ એક દૈનિક પત્રમાં આ પ્રમાણે સમાચાર જોયા હતા કે **સ્વીટ્‌ઝર્લેન્ડ**ના એક પર્વતપર **બેરી** નામના કૂતરાનું સ્મારકચિહ્ન બનાવવાનું છે; જે કૂતરાએ પોતાની જીંદગીમાં ચાલીશ માણસોના જીવ બચાવ્યા હતા તે પ્રસિદ્ધ **સેંડ-બર્નાર્ડ**નો કૂતરો હતો.

પશુઓની ભક્તિ અને પોતાનો પ્રાણત્યાગ કરીને પણ કરેલી સેવા નિમિત્તે સ્થાપન કરવામાં આવેલા બીજા સ્મારકસ્તંભો રોપવામાં આવેલા છે તેની પણ મને ખબર છે. કેટલાક મનુષ્યોની જીવનયાત્રામાં પશુઓએ પોતાના પ્રાણ આપીને એવા પ્રકારની સેવા બજાવી છે કે તે મનુષ્ય જન્મપર્યન્ત તે પ્રાણીનો ઉપકાર માને છે, અને તેનું વારંવાર સ્મરણ કરે છે તથા પરોપકારને વાસ્તે પોતાના પ્રાણનો ભોગ આપનાર તે પશુને વાસ્તે આંખમાંથી આંસુ પાડે છે. એ આંસુ પણ તે પશુઓની ઉદારતાનાં શું ઉચ્ચ સ્મારક નથી? જ્યારે આપણે પશુઓ ઉપર નજર કરીએ છીએ અને જ્યારે તે પશુઓના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવ તેમની આંખદ્વારા પ્રકાશિત થાય છે તથા જ્યારે આપણે તેમનામાં પ્રેમ, ભય, વિશ્વાસ, મૈત્રી વગેરે ગુણો જોઇએ છીએ; અથવા જ્યારે તેમની સવાલ પૂછતી આંખ તરફ નિહાળીએ છીએ ત્યારે પશુ અને માણસની વચ્ચે મોટું અંતર છે એમ માનનારાઓથી આપણે તદ્દન જુદા પડીએ છીએ; કારણ કે કેટલીવાર તો આપણા કરતાં પશુઓ વધારે ઉચ્ચ પ્રકારનું અને પ્રમાણિક જીવન બતાવે છે. તેમની અને આપણી વચ્ચે ભારે અંતર છે એમ માનવામાં આપણે મોટી ભૂલ કરીએ છીએ. **મનુષ્ય અને પશુ વચ્ચે રહેલું અંતર આપણે મિત્રતા અને પ્રેમના બળવડે તોડી નાખવું જોઇએ; એથી તેઓ મનુષ્યપણાને લાયક થતા જશે અને આપણે વધારે ઉચ્ચ સ્થિતિને યોગ્ય થતા જઇશું.** મારો અંગત અભિપ્રાય એવો છે કે પોતાના સ્વભાવને અનુકૂળ વર્તવાને દરેક પ્રાણી પ્રયાસ કરી રહ્યું છે અને પોતાની હાલની સ્થિતિ કરતાં વધારે ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવા પણ મથે છે. માણસ પણ એવા પ્રકારનો પ્રયત્ન કરે છે અને જેમ માણસ કેટલીકવાર પોતાના પ્રયાસમાં સફળ નીવડે છે તેમ પશુ પણ નીવડે એ સંભવિત છે. તે પણ આપણી માફક પોતાની ઉન્નતિ કરવાને સદા પ્રયત્ન કરે છે; અને તેઓ પણ આપણી પેઠે ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરવાને નિર્મિત થયેલા છે. કોઇ પણ પશુ વિનાપ્રયોજન અથવા અલ્પકાળને વાસ્તે ઉત્પન્ન થયેલું નથી. જો આત્મા ખચીતજ હયાતી ધરાવતો હોય (પછી તે માણસનો હોય કે પશુનો હોય) તો તે **અમર** છે. તે આત્મા કદાપિ નાશ પામતો નથી. જો કે તે શરીર અથવા રૂપ બદલાય અને તેને સ્થાને તે કરતાં વધારે સુંદર નવું રૂપ અથવા શરીર તે ધારણ કરે છતાં આત્મા વિનાશ પામતો નથી; કારણ કે તે તો **અજર અને અમર** છે.

મનુષ્યોની બેદરકારીથી પશુઓ ઉપર ત્રાસ ગુજરે છે અને તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખ પડે છે, તે બાબતનાં બન્યાં તેટલાં ઉદાહરણ આ પુસ્તકમાં આપેલાં છે. વળી આ પુસ્તકમાં એ પણ ખુલ્લી રીતે સમજાવવામાં આવેલું છે કે જ્યારે જ્યારે આપણે પશુઓના વિરુદ્ધ કાર્ય કરીએ છીએ ત્યારે અવશ્ય આપણને તેનું ફળ મળ્યા વિના રહેતું નથી. આ નિયમ અચળ અને અનિવાર્ય છે.

પશુઓ તરફ સારા પ્રિય અને મીઠાશભર્યા શબ્દો વાપરવાને બાળકોને નાનપણથી શીખવવું જોઇએ. કેવળ મીઠા શબ્દોજ નહિ પણ માયાળુ વિચારો રાખવાનો તેઓને બોધ આપવો જોઇએ. કેટલાંક પ્રાણીઓ બહુજ લાગણીવાળાં હોય છે અને આપણે ધારી શકીએ તે કરતાં વધારે પ્રમાણમાં તેઓને આપણા વિચારો અને લાગણીઓની અસર થાય છે. કેટલાંક પ્રાણીઓને તો માણસો કરતાં પણ વધારે અસર થાય છે. આપણે રસ્તામાં ચાલતાં હોઇએ છીએ, તેવામાં આપણો કોઈ સ્નેહી મળે છે તો આપણે તેને વાસ્તે જરાવાર રસ્તામાં ઉભા રહીએ છીએ, પ્રણામ કરીએ છીએ અને તેને ક્ષેમકુશળના સમાચાર પૂછીએ છીએ; તો પછી ઘોડા વગેરે પ્રાણીઓ સાથે તેવા પ્રકારનું વર્તન રાખવામાં શી હરકત આવે છે તે અમારાથી સમજાતું નથી. ભલેને તે ઘોડો આપણા શબ્દો બરાબર ન સમજે, પણ તે શબ્દોમાં રહેલો **ભાવ** તો તરતજ તેના સમજવામાં આવે છે; અને જો ભાવ–તે શબ્દોમાં રહેલા વિચારો–તેના જાણવામાં આવે તો પછી શબ્દો તે સમજે કે ન સમજે તેમાં શું થયું?

માટે પ્રાણીઓ સાથે માયાળુપણે વર્તવાને, પ્રાણીઓના મિત્ર થવાને બાળકોને ઉપદેશ આપવો જોઇએ. પ્રાણીને હેરાન કરવામાં આવતું હોય, તેનો દુરૂપયોગ થતો હોય અથવા તેની તરફ ક્રૂરતા વાપરવામાં આવતી હોય તેવે વખતે તે બાળકને તે હેરાનગતિ, દુરૂપયોગ અને ક્રૂરતાની સામે થવાને શીખવવું જોઇએ. જ્યારે માણસ થાકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે અથવા માણસને સખ્ત કામ કરવાનું હોય છે, ત્યારે આપણે તેને મીઠાશભર્યા શબ્દોથી ઉત્તેજન આપીએ છીએ પણ તેને મારતા નથી; કારણ કે મારવાથી તે કદાપિ કામ કરી શકતો નથી. તેજ રીતે ઘોડા અથવા બળદની સાથે વર્તવું જરૂરનુ છે. જો ઘોડો કે બળદ થાકી ગયો હોય અથવા તેનાપર વધારે ભાર લાદવામાં આવ્યો હોય તો તેજ રીતે મીઠા શબ્દોથી તેને ઉત્તેજિત કરવો જોઇએ, પણ ચાબુક મારવી જોઇએ નહિ. ઘોડાઓને તથા બળદોને એવી ટેવ પાડવી જોઇએ કે ઉત્તેજિત શબ્દથીજ કામ કરવા લાગી જાય. ચાબુક મારવાથી તેને માર ખાવાની ટેવ પડી જાય છે; અને તે ચાબુકવિના કદાપિ કામ કરી શકતો નથી અને ધીમે ધીમે એવો નઠોર બની જાય છે કે પછી ચાબુકથી પણ તેનાપર કાંઇ અસર થતી નથી. હાલમાં સેંકડે નવ્વાણું ટકા ચાબુક વાપરવામાં આવે છે. આમ કરવું તે બીનજરૂરી છે; એટલું જ નહિ પણ નિરર્થક છે.

અમેરિકાનો એક મુસાફર રશીયાના રહેવાસી પરમ ભક્ત કાઉન્ટ ટોલસ્ટોય સાથે સ્વારી કરતો હતો. તેણે જોયું કે તે કદાપિ ચાબુકનો ઉપયોગ કરતા ન હતા; અને જ્યારે તેમને કારણ પૂછ્યું ત્યારે ટોલસ્ટોયે જણાવ્યું કે " મારા ઘોડાની સાથે હું વાતો કરૂં છું, પણ હું ઘોડાને કદાપિ મારતો નથી." આપણે આ પરોપકારી દયાળુ પુરુષના દૃષ્ટાન્ત ઉપરથી ઘડો લઈ તે પ્રમાણે વર્તતાં શીખવું જોઈએ.

હૃદયની કેળવણી

જે પુરૂષો શિક્ષકનો કમદા ધંધો કરે છે, તેઓએ ખાસ કરીને જીવદયાની કેળવણી બાળપણથી છોકરાંઓને આપવી જોઈએ. જો શિક્ષક થવાને હું ભાગ્યશાળી નીવડું તો એવા પ્રકારની કેળવણી બાળકોને આપવી એ મારી ઉત્તમ ફરજ છે, એમ માનું. જે સિદ્ધાતો, નિયમો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્ય બાબતોનો તેમને ઉપદેશ આપવામાં આવે છે તેમાં દશમાંથી નવ બાબતો ભૂલી જવાનો સંભવ છે; પણ જો તેમને **જીવદયાનો** ઉપદેશ આપવામાં આવે અને જો શિક્ષક પોતાના **વર્તનથી** તે બાળકોપર તે બાબતનો **પ્રભાવ પાડે** તો તેથી એક બાબત એવી તેમને મળશે કે જેથી તેઓ મનુષ્ય જાતિમાં ઉત્તમોત્તમ બનશે.

ફ્રાન્સનો પ્રખ્યાત શિક્ષક **એમ. ડી. સેલી** જે કેટલાંક વર્ષથી એ ઉપલા નિયમ પ્રમાણે જીવદયાનો ઉપદેશ આપતો આવ્યો છે, તે પોતાના અનુભવથી જણાવે છે કે:—

"ઘણા દિવસથી મારી ખાત્રી થયેલી છે કે પ્રાણીઓ તરફ બતાવવામાં આવતી દયાનું બહુજ સારૂં અને ઉત્તમ પરિણામ આવે છે. જીવદયા **આર્થિક** સંપત્તિ પ્રાપ્ત કરવાનું પ્રબળ સાધન છે; એટલુંજ નહિ પણ એથી **નૈતિક** સંપત્તિ પ્રાપ્ત કરવાનો પણ પ્રારંભ કરવા સમાન છે. હું જે રીતે બાળકોને જીવદયાનો બોધ આપું છું તેથી નિશાળના દરરોજનાં કાર્ય (daily routine) માં જરા પણ હરકત આવતી નથી. એક અઠવાડીયામાં બે દિવસ આ વિષયના સંબંધમાંજ શિક્ષણ આપવામાં આવે છે. વાંચવાને વાસ્તે પ્રાણી સંબંધી વર્ણન કરનારૂં કોઈ એક પુસ્તક હું પસંદ કરૂં છું અને તેમાંથીજ ઉત્તમ ઉપદેશ તથા જ્ઞાન બાળકોને આપું છું. છોકરાઓને લખવાની કોપી બુકોમાં પણ પ્રાણિવર્ગ તરફ દયા કે ન્યાયના વિચાર દર્શાવનારાં વાક્યોજ લખવામાં આવે છે. હું બાળકો સમક્ષ સિદ્ધ કરી બતાવું છું કે જે પશુઓ પાસેથી હદ ઉપરાંત કામ લેવામાં ન આવે, તેમને સ્વચ્છ અને હવાવાળા તબેલામાં રાખવામાં આવે, જો તેમને બરાબર રીતે ખાવાપીવાનું આપવામાં આવે અને તેમની સાથે માયાળુપણે વર્તવામાં આવે તો તે પ્રાણી અધિક કામ આપી શકે અને તેથી ધાન્ય પણ પુષ્કળ ઉગાડી શકાય. જે પક્ષીઓ અને નાનાં પશુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેડુતને તેના કામમાં બહુ ઉપયોગી નીવડે છે તેમનું પણ હું તેમની સન્મુખ વર્ણન કરૂં છું."

"મારા કાર્યનું પરિણામ બહુજ સંતોષકારક આવેલું છે. મારા વિદ્યાર્થીઓ ગડબડ બહુજ ઓછી કરે છે, અને એક બીજા તરફ બહુજ માયાળુપણે તથા સભ્યતાથી વર્તે છે. તેઓ પ્રાણિવર્ગ તરફ બહુજ દયા બતાવતાં શિખ્યા છે અને માળાઓમાંથી ઈંડાં લઇ લેતા અને પક્ષીઓને મારતા અટક્યા છે. પ્રાણીઓનું દુઃખ દેખી તેઓનું હૃદય દયાળુ બને છે અને પક્ષીઓ તરફ વાપરવામાં આવતી ક્રૂરતા દેખી તેઓને જે દુઃખ થાય છે, તેથી બીજાં મનુષ્યોમાં દયા અને રહેમની નજર ઉત્પન્ન થાય છે."

અમેરિકાની દયાધર્મ-પ્રચારક સોસાયટીના પ્રમુખ મી. **જ્યોર્જ ટી. એંજલે** કહ્યું છે કેઃ—

"ગરીબ અને નિરાધાર પ્રાણીઓના વકીલ" તરીકે ઉભો રહી તમારી સન્મુખ જાહેર કરૂં છું કે જેટલે અંશે અને જેટલી ઝડપથી આપણે આપણી બધી સ્કુલોમાં આ પ્રાણિવર્ગ તરફ દયાનાં ગીતો, કાવ્યો અને સાહિત્ય દાખલ કરતા જઇશું તેટલે અંશે અને તેટલી ઝડપથી **ઘાતકીપણાના** મૂળનો નાશ થશે; એટલુંજ નહિ પણ **અપરાધનાં** મૂળ પણ નાશ પામશે. શિક્ષા કરવાથી કે દંડ ફરમાવવાથી જ્યારે **એક** અપરાધ અટકાવી શકાય ત્યારે મીઠાશભર્યા શબ્દોથી અને ઉચિત દયાળુ ઉપદેશથી **હજારો** દુષ્ટ કાર્યોનો અટકાવ કરી શકાય."

ન્યુઇંગ્લાંડના એક રાજ્યમાં શાળાઓના એક સુપ્રીન્ટેન્ડન્ટે દયાના સંબંધમાં જે ઉદ્‌ગારો કાઢ્યા હતા તે તરફ એક ક્ષણવાર લક્ષ દોરવો. તેણે કહ્યું હતું કેઃ—

"પ્રિય શિક્ષકો! આપણે આપણું શિક્ષણ ઉમદા અને વધારે કિમતી બનાવવું જોઇએ. જુદા જુદા વિષયોને લગતું અને વિદ્યાર્થિઓના ચિત્તને આકર્ષણ કરે તેવું શિક્ષણ આપવું એ આપણું કર્ત્તવ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેમને શાળામાં મળતા શિક્ષણ ઉપરાંત કાંઇક અધિક શિખવવાની જરૂર છે; અને તે અધિક બાબત **જીવદયાની** કેળવણી હોવી જોઇએ. હાલમાં મળતી કેળવણી ઘણે ભાગે નામની કેળવણી છે. આપણામાંના ઘણાખરા પુસ્તકો વાંચવામાંજ મશગુલ રહીએ છીએ. આપણે કેવળ વિદ્યાર્થીઓના **એક સાંચાની માફક** પાઠ સાંભળી જનારા છીએ. **શબ્દોની મારામારી કરનારી નીરસ વાતો વાંચનારા અને બાલકોનાં મગજ જુદી જુદી બાબતોથી ભરનારા છીએ.** હવે નકામી વાતો જવા દઈ, ઉચિત ઉપદેશ આપવાની ખાસ જરૂર છે. જે કામ આપણે માથે લઇએ તે તન અને મનથી આપણે કરવું જોઇએ."

"આપણું ખરૂં કર્તવ્ય આપણા હસ્તમાં સોંપાયેલા વિદ્યાર્થીઓનું ચરિત્ર ઉત્તમ પ્રકારનું બનાવવાનું છે. જો આપણે આ કામ બહુ સારી રીતે કરીશું તો જ મનુષ્યો કબૂલ કરતા થશે કે **શિક્ષણ આપવું એ મોટામાં મોટી વિદ્યા, ઉચ્ચમાં ઉચ્ચ હુન્નર અને ઉમદામાં ઉમદા ધંધો છે.**"

"જો હું માતા હોઉં તો બાળકના જીવનમાં જુદા જુદા પ્રસંગે દયાની લાગણીનાં બીજ રોપ્યાં કરૂં. દરેક પ્રાણી પાસેથી કાંઈ પણ શિક્ષણ મેળવવાનું છે એવા વિચારનો તે બાળકને હું બનાવું. હું તે બાળકના હસ્તમાં પ્રાણીઓને લગતાં સચિત્ર પુસ્તક મૂકું અને મારા ગામડામાં કે શહેરના વિભાગમાં એક દયાવર્ધક મંડળ સ્થાપું, તેમાં મારાં અને પાડોશીઓનાં છોકરાંને એકઠાં કરૂં અને તેમને દયા કરવાનો બોધ આપું અને આ રીતે આવા અશાંત અને ક્રૂરતાના સમયમાં દયાનો પ્રવાહ વહેવરાવનાર એક નમુના સરખો ઝરો ઉત્પન્ન કરૂં."

આજકાલ સમય બદલાયો છે, અને ઉદ્ધત અને નિર્દય મનુષ્યો એવાં સાધનોનો આશ્રય લઇ શકે છે કે જેથી આખા નગરને ઉજડ કરી શકે. જે આજે પૈસાદાર છે, તેનો પુત્ર કાલે ગરીબ થાય. જય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે રાજદ્રોહી નીકળે. જે આજે ગરીબ હોય, તે કાલે લક્ષાધિપતિ અને રાજભક્ત બને અથવા તે ગરીબ માણસ એવો દુષ્ટ નીકળે કે તે ગરીબોનેજ હેરાન કરે; માટે ગરીબ તેમજ તવંગર બન્નેને એક સરખી રીતે આ દયાની કેળવણી મળવી જોઇએ. હાલમાં જેવા પ્રકારની કેળવણી તે બાળકોને મળશે તેના ઉપરજ ભવિષ્યમાં સમાજની ઉચ્ચ દશા કે હલકી દશાનો આધાર રહેશે.

જેમ માળી બગીચામાં ઉગેલા સારા રોપાઓનું પોષણ કરે છે અને નકામાં મૂળીઆંને ઉખેડી નાખે છે; તેવી રીતે શિક્ષકરૂપી માળીએ બાળકમાં રહેલાં શુભ બીજોને પોષણ આપી બીલવવાં જોઇએ અને અશુભ બીજરૂપી નકામા છોડવાઓને ઉખેડી નાખવા બનતો પ્રયત્ન કરવો જોઈએ. આ સ્થળે યાદ રાખવું જરૂરનું છે કે આપણે પ્રાણિવર્ગ કે આપણા માનવબંધુઓ તરફ દયા બતાવીએ અથવા તેમની સેવા કરીએ, તો તેથી તેમના તરફ આપણે ઉપકાર કે સેવા કરી હોય, તેના કરતાં આપણને પોતાને વિશેષ લાભ થાય છે. સર્વ જીવતાં પ્રાણીઓ અને માનવ બંધુઓને સહાય આપવાથી અને તેમના તરફ હૃદયની દિલસોજી બતાવવાથી જે આનંદ થાય છે, તે આનંદ વર્ણવી શકાય તેમ નથી તેમ તેનું મૂલ્ય પણ થઈ શકે તેમ નથી. એકવાર **સ્વાર્થ રહિત** પરોપકારનું કાર્ય કરવાથી મળેલા આનંદનો જેને અનુભવ થયો છે તેવો મનુષ્ય કદાપિ તે કાર્ય કરવું છોડી દેતો નથી. જીવનની એકતાનો સિદ્ધાંત અનુભવવો એ કઠણ માર્ગ છે. તે માર્ગે ચાલવાને મનુષ્યજાતિ **તૈયાર થતી જાય** છે. તે સિદ્ધાંતને લીધે નીતિના નિયમો વિશેષ ઉદાર અને ભવ્ય બને છે અને ધર્મમાં પણ વધારે જીવન અને ઉચ્ચતા આવે છે.

જે લોકો આ ઉચ્ચ સિદ્ધાંતને ખરેખર સમજેલા છે અને તેને લીધે પરોપકારી અને દિલસોજીવાળા બનેલા છે, તેઓ મનુષ્ય માત્રમાં જીવદયાની લાગણી વિશેષ પ્રમાણમાં બીલે તેવા પ્રયત્નો કરી રહ્યા છે.

CC-0. Prof. Tomasini Guruku Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા પણ ઘણા પુરૂષો પોતાના ધનનો બજનો આવાં કાર્યો માટે ખુલ્લો મૂકે છે અને તે ધનની મદદથી હજારો જીવદયા સંબંધનાં પુસ્તકો છાપવામાં આવે છે, પશુઓને વાસ્તે પાંજરાપોળો બાંધવામાં આવે છે અને દયાની કેળવણીનો ફેલાવો કરવામાં આવે છે અને અનેક દયાવર્ધક મંડળોના કાર્યને વિસ્તારવામાં આવે છે.

ઉદાર તથા ઉચ્ચ ચરિત્રવાળા પુરૂષો અને સ્ત્રીઓમાં સર્વ જીવતાં પ્રાણી પ્રત્યે બહુ દિલસોજી અને દયા હોય છે. તે દિલસોજી તેમને પ્રાણિવર્ગ તરફ દયા બતાવતાં અને તેની સંભાળ રાખતાં શિખવે છે. **અબ્રાહમ લીંકન** નામના અમેરિકાના પ્રેસીડન્ટના જીવન ચરિત્રમાં લખાયેલો એક નાનો બનાવ ખુબ યાદ રાખવા જેવો છે. "સુખી-જીવનનાં ગાયનો" એ નામના અમૂલ્ય પુસ્તકમાં તે બનાવ વર્ણવવામાં આવેલો છે.

"જ્યારે તે શરૂઆતમાં વકીલ તરીકે કામ કરતો હતો, ત્યારે તે બીજા વકીલો સાથે ઘોડાપર બેસી ઉનાળાના દિવસમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ પ્રાતઃકાળમાં જતો હતો. તેમને ઘાડા જંગલમાં થઇને જવાનું હતું. તે જંગલમાં પક્ષીઓ સ્વતંત્રતાથી આનંદપૂર્વક ગાયન કરી રહ્યાં હતાં, એક વૃક્ષ આગળ આવતાં તેમને માલૂમ પડયું કે માળામાંથી એક પક્ષીનું બચ્ચું જમીનપર પડી ગયું હતું; અને રસ્તામાં તરફડીયાં મારતું હતું."

તે **લીંકન**ના સાથીઓએ તો ઘોડા આગળ ચલાવ્યા, પણ **લીંકન** તો ત્યાં ઉભો રહ્યો અને પોતાના સોબતીઓને થોડીવાર ઉભા રહેવાની સૂચના કરી, તેણે પોતાનો ઘોડો પાછો ફેરવ્યો અને જે જગ્યાએ તે બિચારૂં પ્રાણી તરફડતું પડયું હતું ત્યાં તે ગયો. **લીંકને** તે બચ્ચાને બહુજ કાળજીથી ઉપાડીને તે માળાની પાસેની ડાળી ઉપર મૂકયું, અને પછી તે ઉતાવળથી પોતાના મિત્રોને જઇ મળ્યો. તે ટોળીમાંના એકે મશ્કરીમાં પૂછયું:–"કેમ **લીંકન**! આવી તુચ્છ વસ્તુને માટે એટલી બધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તકલીફ કેમ લીધી? અને અમને શા સારૂ થોભાવ્યા?" આ ઉપરથી **લીંકને** જે જવાબ આપ્યો તે બહુ સ્મરણમાં રાખવા યોગ્ય છે અને તે કારણથીજ આ બનાવની નોંધ અમે અત્ર લીધી છે. તેણે કહ્યું કેઃ- **"મારા મિત્ર! હું એટલુંજ કહી શકું કે, આ કામ (દયાનું કામ) કરવાથી મને વિશેષ આનંદ ઉત્પન્ન થાય છે."** આપણે તેજ **લીંકન** સાહેબના જીવનચરિત્રમાંથી એક બીજો બનાવ તપાસીએ. સને ૧૮૫૮ માં **સ્ટીફન. એ.** ડગલશની સાથે મી. **લીંક**નને જે વાદવિવાદ ચાલ્યો હતો તેમાં મી. ડગલશે એક સ્થળે એમ જાહેર કર્યું કેઃ-"ગુલામગીરીનો ધંધો વધે અથવા તેનો અંત આવે, તે બાબતમાં મારે લેવા દેવા નથી. મારા વિચારોમાં તેથી જરા માત્ર પણ ફેર પડશે નહિ." તે વખતે સાધુ પુરૂષ **લીંકને** પોતાના હૃદયની ઉદારતા બતાવીને જવાબ આપ્યો કેઃ-"અફસોસની વાત છે કે બીજાના હૃદયપર પડવાવાળી લાકડી મારા મિત્ર અને જનાબ ડગલશના હૃદયને જરા સરખી પણ અસર કરતી નથી." આવા **લીંકન** જેવા પુરૂષોજ મહાપુરૂષના પદને યોગ્ય છે.

જે મનુષ્યોને પોતાના માનવબંધુઓ તથા અનાથ મુંગાં પ્રાણીઓ તરફ પ્રેમ, સંભાળ, દયા, દિલસોજી અને અનુકંપાની લાગણીઓ છે તેજ મનુષ્યો શ્રેષ્ઠ કહી શકાય. જે મનુષ્યો પરોપકારને વાસ્તે પ્રાણત્યાગ કરવાને પણ તત્પર રહે છે અને જેઓ એમ માને છે કે **એકજ** પરમાત્માના આપણે અંશ છીએ, અને પ્રાણિવર્ગમાં પણ આપણા જેવોજ પરમાત્મ-અંશ રહેલો છે અને જેઓ આ પ્રમાણે માનીનેજ બેસી ન રહેતાં તે પ્રમાણે વર્તે પણ છે તેજ પુરૂષો મહાપુરૂષની પદવીને લાયક છે. ધન્ય છે તેવા મહા પુરૂષોને!!!

સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારિત્ર અને વિચાર

શુભ યા અશુભ વિચારો કાર્યરૂપે પરિણમે છે અને કાર્યો વખત જતાં ટેવરૂપે પરિણામ પામે છે. માનવ જીવનનો ક્રમજ એવો છે કે આજે જે તમારા વિચારો છે–ભાવનાઓ છે, તે વહેલા કે મોડા જરૂર તમારા જીવનમાં એટલે કે કાર્યપ્રદેશમાં અને ટેવના રૂપમાં પ્રકટ થયા વિના રહેનાર નથી. આ મહાન અને અબાધ્ય નિયમને અનુસરીને આપણે જીંદગીની પ્રત્યેક પળે જાણતાં કે અજાણતાં નવી ટેવ પાડતાજ ચાલીએ છીએ. એમાં કેટલીક ટેવો ઈષ્ટ હોય છે, તો કેટલીક અનિષ્ટ પણ હોય છે. આ અનિષ્ટ ટેવ થોડી અથવા થોડા પ્રમાણમાં હોય છે ત્યાં સુધી તો બહુ હાનિકારક નીવડતી નથી; પરંતુ જ્યાં તે વધી અથવા તો તેનો સમૂહ એકઠો થયો કે પછી તો તે અવશ્ય દુઃખરૂપ–શોકજનક નીવડે છેજ એજ પ્રમાણે શુભ ટેવો આપણને શાંતિ, આનંદ અને શક્તિ આપનાર નીવડે છે.

અહીં સહજ પ્રશ્ન ઉઠે છે કે અમુક ટેવ આપણામાં આવવા દેવી કે નહિ તે શું આપણા હાથમાં છે? બીજી રીતે પૂછીએ તો શું ચારિત્ર–સ્વભાવ બાંધવો એ દૈવાધીન છે કે આપણા પોતાના હાથમાં છે? ખરેખર તે આપણાજ હાથમાં છે. સંપૂર્ણ રીતે આપણાજ હાથમાં છે. વસ્તુતઃ દૈવ (chance) એવી વસ્તુજ દુનિયામાં નથી. આ લેખની શરૂમાં જણાવેલા સૃષ્ટિ–નિયમ પ્રમાણે કાર્યકારણની સાંકળ અખંડિત રીતે કાર્ય કર્યાજ કરે છે. એ મહા નિયમને અનુસરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારૂં જીવન મારી ઇચ્છાનુસાર રચીશ' અથવા 'મારી ભાવનાના જેવોજ હું ભવિષ્યમાં થઇશ' એમ દરેક મનુષ્ય છાતી ઠોકીને કહી શકે તેમ છે અને દરેક મનુષ્યે તેમ કહેવું પણ જોઇએ.

આપણે પણ પૂર્ણ દૃઢતા અને નિશ્ચયપૂર્વક એજ પ્રમાણે માનવું અને કહેવું જોઇએ. અર્થાત્ માત્ર કથનમાંજ નહિ; પરંતુ આપણા અંતઃકરણમાં પણ આ મહાનિયમ અને તેને અનુસરતી ભાવના નિઃશંકપણે ઠસેલી હોવી જોઇએ. ભાવનાની આવી નિઃશંક પ્રતીતિ પ્રાપ્ત કરવી એ કાંઈ મહાભારત કાર્ય નથી. 'એક'ની સંખ્યાનું માપ સમજનાર માટે 'બે'ની સંખ્યાનું માપ સમજવું જેટલું સરલ છે તેટલુંજ સરલ ચારિત્રના બંધારણનો મુખ્ય નિયમ યથાર્થ સમજી લેનારને માટે ઉપલી ભાવના પ્રાપ્ત કરવાનું છે. એ નિયમ ઘણોજ સાદો, સમજાય તેવો અને કુદરતના બીજા નિયમોની પેઠે શાસ્ત્રીય (scientific) પણ છે. એ નિયમ જાણવાથીજ કોઇ પણ જૂની, અનિષ્ટ અને મિથ્યા આસક્તિની આસુરી ટેવ છોડી શકાય છે; અને નવી, ઇષ્ટ તથા સત્ય અને સુખને પ્રાપ્ત કરાવનારી દૈવી ટેવ પાડી શકાય છે; એટલુંજ નહિ પણ **જો તમારે તમારૂં ચાલુ જીવન પણ ફેરવવું હોય, જીવનની દશા ફેરવવી હોય તોપણ તે ફેરવી શકાય છે.** માત્ર જરૂર એમાં તે નિયમને જાણવાની અને તે પ્રમાણે વર્તવાની તીવ્ર ઇચ્છાનીજ છે.

પ્રત્યેક મનુષ્યનું ચારિત્ર એ તેના પોતાના વિચારનુંજ પરિણામ છે. તેના પ્રત્યેક કાર્યની પાછળ, પ્રત્યેક કાર્યના મૂળમાં વિચારજ આધારરૂપે રહેલો છે. તમારી પ્રબળ ભાવના પ્રમાણેજ તમારાં બાહ્ય કાર્યો જન્મ પામે છે. એનાં એ કાર્ય ફરી ફરી કરવાથી તે કરવાની ટેવ પડી રહે છે; અને ટેવમાંથી તમારો સ્વભાવ—ચારિત્ર બંધાય છે. ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બસ, હવે તમારે જેવા પ્રકારનો આચાર રાખવાની-તમારે તમને જેવા બનાવવાની તમારી ખાસ ઇચ્છા હોય; તેવાજ પ્રકારના વિચાર કરવાનું તમારા ધ્યાનમાં રાખો. જે આચાર તમને અનિષ્ટ-ત્યાજ્ય લાગતા હોય અને તે કરવાની ઇચ્છા પણ ન હોય તો તેવા આચાર જેમાંથી ઉદ્‌ભવે છે, તેવા વિચાર પણ તમારે નજ કરવા.

મનશક્તિનો સામાન્ય નિયમજ એવો છે કે એક વિચારને અમુક કાળ સુધી મગજમાં ઘોળાવા દેવામાં આવે તો મગજના ગતિવાહક તંતુઓ ઉપર તેની અસર થાય છે, અને આખરે તે વિચાર પ્રમાણેનું કાર્ય પણ આપણાથી થઈ જાય છે. મનુષ્યો જેમ ખુન, ચોરી અને બીજાં હલકાં કામો કરવાને આજ કારણથી પ્રેરાય છે; તેમ મનુષ્યોમાં મોટી શક્તિઓ ખીલે છે, દૈવી સદ્‌ગુણો ઉદ્‌ભવે છે અને તેઓ મહાન વીરકૃત્યો કરે છે, તે સર્વ પણ એ મૂળ વિચારોરૂપી કારણને લીધેજ બને છે. સારાંશ એજ કે **ઉચ્ચમાં ઉચ્ચ કે નીચમાં નીચ કૃત્યનું મૂળ કારણ તેને લગતો વિચારજ હોય છે.**

આ વિષયમાં બરાબર સમજવાની અને અંતઃકરણમાં ઠસાવી રાખવાની વાત એજ છે કે **'વિચાર' એજ કાર્યનો પિતા છે.** હવે કયા વિચાર કરવા અને કયા વિચાર ન કરવા એ સર્વ આપણા હાથમાં છે. આપણા મનપર આપણો સંપૂર્ણ કાબુ છે અથવા હોવો જોઇએ. જો તેમ ન હોય તો તે કાબુ મેળવવાની રીતો પણ છે કે જે પ્રમાણે વર્તીને આપણે આપણા મનના સંપૂર્ણ સ્વામી થઈ શકીએ. આ રીતોને આપણે યથાર્થ જાણવી અને સમજવી જોઇએ.

આપણાં કાર્યો, ટેવો, સ્વભાવ અને જીવન એ સર્વનો પિતા વિચારજ હોય તો તે વિચારને કેવી રીતે સંયમમાં લાવવા એ જાણવું ઘણુંજ અગત્યનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસાયનશાસ્ત્રની આ એક પ્રયોગસિદ્ધ વાત છે કે સાકર, ફટકડી કે એવી કોઇ પાણીમાં પીગળે તેવી વસ્તુ થોડુંક પાણી લઇ તેમાં નાખવા માંડશો તો તે પીગળવા માંડશે; અને તેમાંથી પીગળી શકશે તેટલી પીગળીને વધારાની નીચે બેસશે. વસ્તુ પીગળતી બંધ થયા પછી એજ પાણીમાં એજ વસ્તુનો એક અણુ પણ કોઈ યુક્તિથી તમે પીગળાવશો તો–મેળવશો તો–તે પાણી પ્રવાહી મટીને જામી જશે–ઘન રૂપ થઇ જશે. આજ રીત વિચારને પણ લાગુ પડે છે. અમુક સમય સુધી તો વિચાર પણ માત્ર વિચારરૂપેજ જણાશે; પરંતુ તે પછી એક સમય એવો પણ આવશે કે જ્યારે એનો એજ વિચાર ઉઠતાંની સાથેજ તે કાર્યરૂપે પરિણમશે. આમ થવામાં કેટલો સમય લાગશે તેનો આધાર વિચારની ઉત્કટતા ઉપર રહેલો છે.

શરીરના જ્ઞાનતંતુઓમાં જે નિયમ વર્તે છે તેજ નિયમ મનને પણ લાગુ પડે છે. એ નિયમ એવો છે કે અમુક કામ પ્રથમ અમુક રીતે કર્યા પછી તેજ કામ તેજ રીતે બીજી વખત કરવાનું સહેલું પડે છે અને તેજ કામ વળી ફરી કરવાથી તેથી પણ સહેલું થાય છે. આ પ્રમાણે તેજ કાર્ય ફરી ફરી કરવાથી તે દર વખત વધારે ને વધારે સહેલું થતું જાય છે અને છેવટે વગર મહેનતે અથવા નહિ જેવી મહેનતથી પણ એ કાર્ય થઇ શકે છે. છેવટે એવો સમય પણ આવે છે કે જ્યારે તેથી વિરૂદ્ધ વર્તવું મુશ્કેલ અને શ્રમભર્યું થઈ પડશે.

આ પ્રમાણે પડી ગયેલી ટેવ કેટલીક વખત તો એટલી બધી વધી જાય છે કે તે કામ અણધાર્યું પોતાની મેળે પણ થયા કરે છે–અથવા થઇ જાય છે. વાત કરતાં શબ્દો અને વાક્યોની વચમાં વચમાં કેટલાક એના એજ બિનજરૂરી શબ્દો બોલવાની ઘણાને ટેવ હોય છે અને પોતે આવા શબ્દો બોલે છે તેનું એમને ભાન પણ હોતું નથી; તેનું કારણ એજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખસામુદ્રિક (Physiognomy) વિદ્યાનો આધાર પણ આજ નિયમપર રહેલો છે. કરેલા વિચારની અથવા કૃત્યની છાપ મનુષ્યના મુખપર પડીને તેથી તેની મુખાકૃતિ પણ તેવીજ બની જાય છે. શરીરના કેટલાક અવયવો પણ દરરોજની ટેવ પ્રમાણે પોતાનું કામ કરતા ઘણીવાર માલૂમ પડે છે. મનુષ્ય કયો ધંધો કરે છે, તે વાત ઘણી વખત તેના શરીર અને મુખની આકૃતિથી પણ કહી શકાય છે.

આ પ્રમાણે જેમ શરીરના સ્નાયુઓને અમુક પ્રકારનું વલણ મળ્યા પછી તે કામ તેમને માટે સ્વાભાવિક બની જાય છે, તેમ મન પણ ઘણીવાર અમુક વિચાર કર્યા પછી તે વિચારના વલણવાળું બની જાય છે; અને આમ હોવાથી **પોતાના વિચારને કાબુમાં રાખવાની ટેવ પણ મનુષ્ય પાડી શકે છે.** પ્રારંભમાં કદાચ એ બાબતમાં નિષ્ફળ પણ જવાય અને કેટલોક વખત સુધી આશા પાર પડવાનો સંભવ પણ ન જણાતો હોય; છતાં તે કાર્યમાં બનતા લક્ષપૂર્વક મંડ્યા રહેવાય તો મોડેવહેલે મન ઉપર સંપૂર્ણ સત્તા મેળવી શકાવાનીજ એમાં સંશય નથી. મન ઉપર સત્તા મેળવવાનું કામ કઠિન છે એ ખરૂં, પરંતુ તેની સાથે તેનો ખાત્રીભરેલો આબાદ ઉપાય છેજ. આ ઉપાય એજ કે કાર્યમાં મંડ્યા રહેવું. એ સિવાય બીજો ઉપાય નથી. શ્રી કૃષ્ણે અર્જુનને ભગવદ્ગીતામાં એજ મુખ્ય ઉપાય બતાવ્યો છે કે મનનો નિગ્રહ કરવાને **અભ્યાસ** એજ મુખ્ય સાધન છે; અને જ્યારે પણ મન આપણા આગલા અણગમતા વિચારો કે ટેવો તરફ જતું રહે, ત્યારે તે વિચારો અને ટેવોનાં નુકસાનોના અનુભવો અને ઉપદેશોનું સ્મરણ કરીને તેને પાછું મૂળ ઇષ્ટ અભ્યાસ તરફ વાળવું એ તેનું બહુજ જરૂરી અને સહાયક સાધન છે. શ્રીકૃષ્ણે આ સાધનનું નામ **વૈરાગ્ય** કહેલું છે. આ વૈરાગ્ય અને અભ્યાસરૂપી પ્રયત્ન પ્રથમમાં કદાચ નિષ્ફળ જતો જણાય, તોપણ ધૈર્ય અને ઉત્સાહપૂર્વક પ્રયત્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલુ રાખવાથી ફળની સિદ્ધિ અંતે થયા વિના રહેતીજ નથી. દરેક પ્રયત્ને તે કામ કરવાની શક્તિ મનુષ્યમાં વધતીજ જશે અને છેવટે વિચાર ઉપર કાબુ રાખવાનું કામ પણ સિદ્ધ થશેજ; માટે નિષ્ફળ જણાતો યત્ન પણ તદ્દન નિષ્ફળ તો નથીજ. વારંવાર યત્ન કરવાની ટેવ–અભ્યાસ એ પણ એક રૂડુંજ ફળ છે. **મનુષ્ય જ્યાં સુધી પ્રયત્ન કરવાનું છોડી દેતો નથી ત્યાં સુધી તે નિષ્ફળ ગયો છે, એમ કહી શકાયજ નહિ.**

આવી રીતના અભ્યાસમાં આપણે ઉપર કહી ગયા તેમ મુખ્યત્વે એજ વાત ધ્યાનમાં રાખવાની છે કે, એક વિચાર મનમાં આવ્યા પછી તે જેમ જેમ વધારે વખત મનમાં ઘોળાયાં કરે છે તેમ તેમ મનપર તેનો કાબુ વધતો જઈને અંતે તે કાર્યરૂપે પરિણમે છેજ. આ નિઃશંક નિયમ તરફ જોતાં આપણે કેવા વિચારોને કેવી ભાવનાઓને આપણા મનમાં સ્થાન આપવું એ બાબતનો વિચાર કરવાનું કામ પણ ઘણુંજ અગત્યનું છે.

આપણે ઉપર વિચારી ગયા તે નિયમનાં એક બે દૃષ્ટાન્ત લઈએ કે જેથી એ નિયમનો આપણને યથાર્થ ખ્યાલ આવે. કોઈ એક શાહુકારને ત્યાં મુખ્ય મુનીમ છે. તે મુનીમ ઘણાં વર્ષનો જુનો અને વિશ્વાસપાત્ર હોવાથી તેના હસ્તક તે શેઠના કેટલાક પૈસા પણ રહે છે. કોઇ વર્તમાનપત્ર વાંચતાં તેનું ધ્યાન અનાયાસે કોઇ એક 'એક દિવસમાં ધનાઢ્ય થઇ ગયેલ માણસની હકીકત' તરફ જાય છે. વાંચતાં તેને જણાય છે કે એ સાધારણ સ્થિતિનો માણસ સટ્ટામાંથી લક્ષાધિપતિ થઇ ગયો. "ખરો ભાગ્યશાળી!" એમ કહીને પત્ર તેણે દૂર મૂકી દીધું. 'ભાગ્યશાળી' ના ભાગ્યે તેના મનપર અસર કરી કે પોતે પણ એવો બને તો કેવું સારૂં! ઘેર જઇ જમતાં જમતાં પણ એજ વિચાર સહજ કર્યો. એમ કરતાં કરતાં એકાદ સટ્ટો કરી તાપી નશીબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજમાવવાનો વિચાર પણ તેના મનમાં જાગ્યો. સટ્ટો, લક્ષ્મી, વૈભવ, માન ઇત્યાદિના વિચારોની પરંપરા તેના મનમાં ચાલી; રાત્રે સૂતી વખતે પણ બંગલા વગેરેનો વૈભવ સાંભર્યો; બીજે દિવસે સટ્ટો કરી નાખવા નિશ્ચય થયો. આ બધા વિચારમાં સેંકડે અઠ્ઠાણું ટકા મનુષ્યો સટ્ટામાં પાયમાલ થયેલા તેમના દાખલા તેની નજરે ન પડ્યા; કેમકે એ વખતે મન એકજ વિચારમાં તલ્લીન થયું હતું અને બીજી બાજુ જોવાની તેની દૃષ્ટિજ ન હતી. અંતે કમાણીનો થોડો ભાગ તેણે સટ્ટામાં નાખ્યો. સામાન્ય નિયમ પ્રમાણે તે વૃથા ગયો. હવે તો 'હાર્યો જુગારી બમણું રમે' તેમ થયું. બાકી રહેલ પૈસો પણ ગુમાવ્યો. "હવે થોડા પૈસા વધારે હોય તો ગયેલા પૈસા પાછા મળે અને કદાચ નશીબ પાધરું ઉતરે તો આ વખતે અસંખ્યગણો થઇને પણ આવે." પણ પૈસા ક્યાંથી લાવવા ? તરતજ શેઠના પૈસા તરફ તેની નજર ગઇ. "ચોરવા નથી, ગયેલા પૈસા પાછા મળશે એટલે તરતજ તેમાંથી શેઠના પૈસા પાછા મૂકી દઇશું"—આ પછી તેની ઉત્તરોત્તર કેવી સ્થિતિ થઇ હશે તે વાંચક પોતાની મેળેજ કલ્પી શકશે. આવા દાખલા નથી બનતા તેમ નથી. અંતે તેવા મનુષ્યો નિમકહલાલીથી કરેલી ઘણાં વર્ષની નોકરીપર પાણી ફેરવી અપયશ અને ધીટકારને પાત્ર બને છે. કયાં પ્રારંભનો નજીવો વિચાર અને કયાં આખરનું આ ભારે પરિણામ ! ! પણ જો સટ્ટામાં લાભ થયાની વાર્તા વાંચતાંજ તેણે જરા વિચાર કર્યો હોત તો એકાદ બે જણને નષ્ટો થવાની વાતની સાથેજ સો બસો મનુષ્યોએ પોતાનું સર્વસ્વ ગુમાવ્યાના દાખલા પણ તુરત નજરે પડત અને જરા વધારે વિચાર કર્યો હોત તો આ વાત પણ જણાત કે પ્રમાણિકપણે પૈસા કમાવાના રસ્તા એટલા બધા ટુંકા અને સહેલા હોતા નથી. તેમાં પણ પારકા પૈસા વાપરવાનો વિચાર તો મનમાં આવતાંજ તેને ઠરવા ન દેતાં તરતજ તેણે કાઢી નાખ્યો હોત તો આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિણામ કદી પણ નજ આવત. વિચારને જેમ ચાલુ રહેવા દીધો તેમ તેની સત્તા વધતી ગઇ, અને ફરીવાર તેવો વિચાર આવતાં તે દૂર કરવાનું તેને માટે વધારે ને વધારે કઠિન થતું જાય છે, અને છેવટે તો તે કામ અશક્ય જેવુંજ થઇ પડે છે. એક સળગતી દીવાસળી કે જે શરૂમાં માત્ર એક કુંકથીજ ઓલવાઇ ગઇ હોત તેનાથી થયેલ ભડકાથી આખું ઘર સળગી ઉઠે છે, અને પછી તે ઓલવવાનું કામ સર્વથા નહિ તોપણ લગભગ અશક્ય થઇ પડે છે.*

આપણે એક બીજું દૃષ્ટાંત લઇએ. દૃષ્ટાંત સરલ છે, પણ અમુક ટેવ કેવી રીતે બંધાય છે, અને તે ટેવ કેવી રીતે ફેરવી શકાય છે, તે તેમાંથી આપણે શીખી શકીએ છીએ. એક સારા કુટુંબનો છોકરો છે. તે સારા સ્વભાવનો સારી લાગણીવાળો અને સામાન્ય રીતે સારો કહી શકાય તેવો યુવક છે. તે પોતાના જેવાજ દોસ્તો સાથે બહાર ફરવા જાય છે. તેઓમાંથી એકની ઇચ્છા દારૂ પીવાની થાય છે, તે બીજાઓને પણ તેમ કરવા જણાવે છે. તે સારો યુવક પોતાના મિત્રનું મન રાખવા ખાતર, અંદરની સહજ આનાકાની છતાં, ના પાડી શકતો નથી. શુભની બાજુમાં નીડરતાથી ઉભા રહેવામાંજ ખરૂં આત્મબળ અને ઉચ્ચચારિત્ર રહેલું છે, એ વાત તે ભૂલી જાય છે અને સંયોગોને આધીન બને છે. તે પોતાના મિત્રો સાથે દારૂ પીવાની જગ્યાએ

* શ્રીમદ્ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે:— મનમાં અમુક વિષયનો વિચાર કરવાથી તે વિષયપર પ્રીતિ થઇ આવે છે, ને પ્રીતિ થઈ આવતાં તે વિષયને પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય છે. એ ઇચ્છા ફલિત ન થતાં અથવા તેમાં કાંઈ વિઘ્ન આવતાં ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધમાંથી મોહ જાગે છે, મોહથી ભાન ભૂલી જવાય છે અને પોતાનાં જાતિ, જ્ઞાન, પદવી ઇત્યાદિકને લીધે અમુક કર્મ કરવું ન ઘટે એ સ્મરણ રહેતું નથી તેથી ગમે તેવાં કાર્ય થાય છે તેથી બુદ્ધિ પણ નાશ પામે છે. જેની બુદ્ધિ નષ્ટ થઈ તે જાતે પણ નષ્ટજ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે. બીજી વખત તે તેજ મિત્ર અથવા બીજા કોઇ મિત્ર સાથે ફરવા જાય છે ત્યારે પણ તેજ કુટેવને વશ થાય છે. આ દરેક વખતે તેની ના પાડવાની શક્તિ ઓછી થતી જાય છે અને આ પ્રમાણે દારૂ પીવા તરફ ધીમે ધીમે તેની રૂચિ થતી જાય છે. આગળ જતાં તો તે જાતે પણ કોઇ કોઇવાર મદિરાપાન કરવા માંડે છે, અને આ પ્રમાણે તે ધીમે ધીમે કયી દિશામાં જતો જાય છે, તેનો તેને ખ્યાલ પણ આવતો નથી. છેવટે એવો સમય આવે છે કે જ્યારે દારૂ પીવાની વધતી જતી પ્રબળ ઇચ્છાની સામે થવાની તેનામાં બીલકુલ સત્તા રહેતી નથી. 'ધારીશું ત્યારે મૂકી દઇશું' એમ વિચારીને તે મન-સાથે સમાધાન કરી લે છે, અને નિશ્ચિંતપણે તેમજ અવિચારીપણે વર્ત્યા કરે છે. આ સ્થિતિમાંથી આગળ વધતાં તે કેવી રીતે પક્કા દારૂડીઓ બને છે, એ બધાં પગથિયાં વર્ણવવાની જરૂર નથી.

છેવટે તેને પોતાની ખરી સ્થિતિનું ભાન થાય છે. જ્યારે તે કુટેવનો પોતે ગુલામ ન હતો ત્યારે તેનામાં જે મનની તથા શરીરની સ્વતંત્રતા હતી તે પુનઃ પ્રાપ્ત કરવાને હવે તે ઇચ્છે છે; પણ તેવી આશા તેના જીવનમાંથી જતી રહી છે. આ કામનો પ્રારંભજ ન કર્યો હોત અથવા તો હાલની સ્થિતિ આવી તે પહેલાં વચમાંજ તે અટક્યો હોત તો ઘણું સારૂ હતું; પરંતુ હજી પણ તેની હાલની સ્થિતિ ગમે તેવી હલકી, નિરાધાર અને દયાજનક હોવા છતાં તેમાંથી પણ નીકળવાની અને ફરીથી સ્વતંત્ર મનુષ્ય થવાની શક્તિ તેના પોતામાં રહેલી છે. આપણે તે બાબતનો વિચાર કરીએ. જ્યારે તેનામાં ફરીથી દારૂ પીવાની ઇચ્છા જાગ્રત થાય ત્યારે તે ઇચ્છાને તેણે પોતાના મનમાં સ્થાન ન આપતાં સત્વર દૂર કરવી જોઇએ. કોઈ પણ જાતની ટેવ છોડવી હોય તો વિચારની સત્તા ન જામવા દેવાને માટે ઉપાય માત્ર એજ છે કે તે વિચાર આવે કુ તરતજ તેને ક્ષણે તે કાઢી નાખવો. દીવાસળી સળગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે તરતમાં તે માત્ર એક ઝીણી કુંકથીજ હોલવાશે, પણ તેમાંથી આગ થઈ તો બંબાથી પણ કદાચ નહિ હોલવાય; તેમ સહજ ઇચ્છા-રૂપી ચીનગારીને પણ તરતજ બુઝવવામાં નહિ આવે તો થોડીવારમાંજ તે પ્રબળ ભડકારૂપે થવાની અને પછી તે ભડકો હોલવવાનું કામ તદ્દન અશક્ય નહિ તો બહુજ શ્રમભરેલું તો અવશ્ય થવાનું જ.

આવેલો અશુભ વિચાર ખસેડવાના કામમાં એક વાત ખુબ ધ્યાનમાં રાખવા જેવી છે કે જો તે વિચારને ખસેડવા માટે તેની સામે થશો તો ઉલટો તે વધારે સબળ થતો જશે. તેના તરફ તિરસ્કાર દર્શા-વીને તેને ખસેડવાને વિચાર કર્યો તો તેથી પણ તે મજબૂતજ થવાનો. તેના ઉપર ચિંતન કરવાથી તે વિચાર વધારે પ્રબળ થતો જાય છે અને તેને અટકાવવાનું કઠિન થતું જાય છે; માટે આવેલા વિચારથી નહિ ગભરાતાં તેનાથી ઉલટા પ્રકારનો બીજો કોઇ સારો વિચાર કરવો કે જેથી નઠારો અનિષ્ટ વિચાર પોતાની મેળેજ નીકળી જશે; માટે એવે પ્રસંગે કોઈ ઉચ્ચ ભાવના કે સદ્-ગુણનો વિષય કે જેના તરફ મન સ્વાભાવિક રીતે અને સહેલાઇથી આકર્ષાતું હોય તેનોજ વિચાર કરવો. આ શુભ વિચાર મનપર ધીમે ધીમે સત્તા મેળવતો જશે–પ્રાધાન્ય ભોગવશે, એટલે પછી અનિષ્ટ વિચારને આધીન થવાની ભીતિ પસાર થઇ સમજવી. શરૂઆતમાંજ આ પ્રમાણે કરનારના મનમાં વખત જતાં દારૂ પીવાનો વિચાર બહુજ ઓછો આવશે, અને જે સદ્‌ગુણને તે ચહાય છે તેનોજ વિચાર તેના મનમાં વારંવાર આવ્યા કરશે. આવી રીતની ટેવ પાડવાથી અનિષ્ટ વિચારો દૂર કરવાનું કામ વધારે ને વધારે સહેલું થશે. પછી આવા અનિષ્ટ વિચારજ થોડા થવા માંડશે, અને થવા માંડ્યા કે તરતજ તેને દાબી શકાશે, અને છેવટે એવો પણ સમય આવશે કે જ્યારે મગજમાં ખરાબ વિચાર સરખો પણ ઉદ્‌ભવી શકશે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે બીજું એક દૃષ્ટાંત તપાસીએ. ધારો કે તમારો સ્વભાવ ઉગ્ર છે, તમે સહેલાઇથી ક્રોધે ભરાઓછો, તમને અપ્રિય લાગે એવું કોઇ કહે અથવા કરે કે તરતજ તમે ઉશ્કેરાઇ જાઓ છો, જેટલા પ્રમાણમાં તમે ઉશ્કેરાઈ જાઓ છો તેટલાજ પ્રમાણમાં બીજી વખત સહજ કારણસર પણ તેમ કરવાનું તમને સુગમ થશે; ક્રોધ નહિ કરવાનું કામ તમને તેટલુંજ કઠિન લાગશે અને છેવટે અપ્રીતિ, ક્રોધ, દ્વેષ અને વેર લેવાની વૃત્તિ પણ તમારા સ્વાભાવિક લક્ષણરૂપ થઇ જશે; અને તમારામાંથી જીવનનું સૌંદર્ય, આનંદ, પ્રકાશ વગેરે ચાલ્યાં જશે. પણ જે પળે ગુસ્સે થવાની કે ક્રોધે ભરાવાની લાગણી પેદા થાય તેજ પળે તેને રોકવામાં આવે અને મનને બીજા કોઇ સદ્‌ગુણ તરફ દોરવામાં આવે, તો ક્રોધ અને ગુસ્સાને વશ કરવાનું કામ દરેક પ્રસંગે વિશેષ ને વિશેષ સુગમ થતું જશે; અને છેવટે એવો પણ સમય આવશે કે જ્યારે તમે કોઇ પણ કારણસર મનની સમતોલવૃત્તિ ખોઇ ક્રોધી બનશો નહિ; એટલુંજ નહિ પણ જેનો તમને અત્યારે ખ્યાલ પણ નથી તેવું અનુપમ સૌંદર્ય, પ્રકાશ અને આનંદ તમારા સ્વાભાવિક લક્ષણરૂપ થઈ જશે. આ પ્રમાણે આપણે જુદા જુદા સર્વ સદ્‌ગુણો તેમજ દુર્ગુણોનો વિચાર કરી શકીએ. ગુણદૃષ્ટિ તેમજ દોષદૃષ્ટિ એજ પ્રમાણે ખીલે છે. ઇર્ષ્યા અને પ્રમાદ, ભય અને નિર્ભયતા, દ્વેષ અને પ્રેમની ખીલવણી પણ તેવીજ રીતે થાય છે. એજ પ્રમાણે મનુષ્ય કાંતો શુભદર્શી બને છે અને કુદરતમાં તથા મનુષ્યમાં પ્રભુની સુઘટિત ઘટના જુએ છે; અથવા તો અશુભદર્શી બનીને વિશ્વવ્યવસ્થામાં તેમજ મનુષ્યની કૃતિઓમાં અને મનુષ્યમાત્રમાં અશુભજ જુએ છે. તેને સર્વત્ર કાળુંજ ભાસે છે. ટેવનુંજ આ સર્વ પરિણામ છે.

ઉપનિષદ્ યથાર્થ કહે છે કે "**મનુષ્ય એ વિચારની કૃતિ છે, જેવો તે વિચાર કરે છે તેવો તે બને છે!**" આપણે જેનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિંતન કરીએ છીએ, તેવાજ બનીએ છીએ. શબ્દાર્થરૂપે કે શાસ્ત્રીય રીતે ગમે તે રીતે વિચારીએ છતાં '**મનુષ્ય જેવો હૃદયમાં વિચાર કરે છે, તેવો તે છે.**' આ શબ્દો સંપૂર્ણ રીતે સત્ય છે; કેમકે તેનો સ્વભાવ–તેનું ચારિત્ર સર્વ તેની ટેવનુંજ પરિણામ છે. તેની ટેવનો આધાર તેણે ભાનપૂર્વક કરેલાં કામોપર રહેલો છે; અને ભાનપૂર્વક કરેલા દરેક કાર્યની પાછળ વિચારજ તેના મૂળરૂપે રહેલો છે. આ ઉપરથી સ્પષ્ટ ફલિત થાય છે કે ચારિત્રનું મૂળકારણ વિચારજ છે. જો આપણને યથાર્થ સમજાય કે આપણું ભવિષ્ય એ આપણા આ પળના–આવતી પળના, ત્રીજી પળના અને એમ દરેક પળના વિચારપરજ આધાર રાખે છે; તો પછી વિચારનું કેટલું માહાત્મ્ય છે તેનો આપણને ખ્યાલ આવ્યા વિના રહેશે નહિ.

પોતાની જેવી ભાવના હોય છે તેવોજ મનુષ્ય થઇ શકે છે. આને માટે બે પગથિયાંની જરૂર છે. પોતાની ઉચ્ચ ભાવના નક્કી કરવી એ પ્રથમ પગથિયું છે; અને ગમે તેમ થાય છતાં તે ભાવના પ્રમાણેજ જીવન ગાળવું એ બીજું પગથિયું છે. સચ્ચારિત્રવાન મહાપુરૂષ તો તેનેજ કહી શકાય કે જે ભવિષ્યના શાશ્વત લાભને ખાતર વર્તમાન કાળના ક્ષણિક સુખનો ભોગ આપવાને તૈયાર છે. કવિ ડેન્ટી જેમ પોતાની પ્રિયાની શોધ કરતો કરતો ઠેઠ સ્વર્ગના દ્વારસુધી પહોંચી ગયો, તેમ પોતાની ઉચ્ચ ભાવના પ્રમાણે જીવન ગાળનાર વ્યક્તિ પણ છેવટે સ્વર્ગના દ્વાર આગળ જરૂર પહોંચી જશેજ. આપણું જીવન કાંઇ ક્ષણિક સુખ કે મોજશોખને વાસ્તે નથી; પણ પોતાના આત્મિક વિકાસને માટે, પોતાના ચારિત્રની ખીલવણી માટે અને બને તેટલી મનુષ્યજાતિની સેવા કરવા માટે છે. આમ કરવામાંથીજ આપણને ઉચ્ચમાં ઉચ્ચ આનંદ મળશે, કારણકે ખરો આનંદ તેમાંજ રહેલો છે. જે મનુષ્ય ટુંકે રસ્તે અથવા બીજે કોઇ રસ્તે તે મેળવવા ઇચ્છે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને અનુભવથી સમજાય છેજ કે અંતમાં તે પ્રથમના કરતાં પણ વધારે ખરાબ સ્થિતિમાં આવી પડયો છે. શાશ્વત અને ખરૂં સુખ પ્રાપ્ત કરવાને માટે ઉપર જણાવ્યા સિવાયના બીજા માર્ગ અચોક્કસ અને દુઃખગર્ભિત છે. આપણી હાલની સ્થિતિ કેવી છે? એ જોવાનું નથી, પણ જે સ્થિતિમાં આપણે મૂકાયા છીએ, તે સ્થિતિનો આપણે કેવો ઉપયોગ કરીએ છીએ, તેજ મહત્ત્વની વાત છે. આપણા સંયોગો ગમે તેવા હોય–કદાચ આપણને ન રૂચે તેવા હોય–તોપણ તે સંબંધી બડબડવાથી કાંઇ પણ લાભ કે ઉપયોગ નથી. બડબડવાથી તો ઉલટી ઉદાસી આવે છે; અને તે એક એવી રાક્ષસી છે કે જે આપણા જીવનને ફેરવી નાખી, આપણને નવા સંયોગોમાં મૂકી આપનાર આપણા સત્ત્વને ચૂસી લે છે અને આપણને તદ્દન નિર્માલ્ય અને સંયોગના ગુલામ બનાવી મૂકે છે.

આ બાબતનો યથાર્થ ખ્યાલ તમને આવે તે વાસ્તે હું અંગત હકીકત જણાવીશ. મારા જીવનમાં માનભંગ, શરમ અને ચિંતા ઉત્પન્ન કરનાર એવા ઘણા પ્રસંગો અને સ્થિતિઓ આવેલાં છે કે જે વખતે તેમાંથી નાસી છૂટવાની મને બહુજ પ્રબળ ઇચ્છા થતી હતી. પણ જેમ જેમ સમય પસાર થતો ગયો અને હું ભૂતકાળ તરફ દૃષ્ટિ ફેંકતો ગયો, તેમ તેમ મને લાગવા માંડયું કે ઉપર જણાવેલો દરેક પ્રસંગ મને કાંઈ ને કાંઈ અનુભવ આપવાને વાસ્તેજ આવેલો હતો. મને જે અનુભવના પાઠ તે પ્રસંગ શીખવવા આવ્યો હતો, તે હવે હું જોઇ શક્યો છું. જોકે તે પ્રસંગો તે સમયે તો મને ઘણાજ અસહ્ય અને દુઃખદ લાગતા હતા, છતાં તેમાંના એકને પણ હવે હું ભૂલી જઇ શકું તેમ નથી. આખા વિશ્વનું રાજ્ય મળતું હોય તોપણ તેમાંના એક પણ અનુભવને હું વિસરીશ નહિ. એ પ્રસંગોમાંથી હું એક બીજો પાઠ પણ શીખ્યો છું. તે એ કે હાલમાં મને અપ્રિય અને કઠિન લાગતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય એવા જે સંયોગો મારા જીવનમાં હોય, અને ભવિષ્યમાં તેવા જે જે સંયોગો આવી પડે તે સર્વને હું ખડખડાટ કે ગમગીની વિના આનંદપૂર્વક અનુભવીશ; તેમજ મારા જીવનમાં અત્યારે તે સારામાં સારી સ્થિતિ છે, એમ હું માનીશ; કારણકે નહિ તો મને તે સંયોગો મળ્યાજ નહોત. મારા જીવનમાં અમુક પ્રસંગો શા કારણથી આવ્યા છે અથવા તે પ્રસંગો કેવો ભાગ ભજવવાના છે, તે કદાચ હું અત્યારે નહિ સમજી શકું; છતાં મને ખાત્રી છે કે ભવિષ્યમાં તેનું કારણ હું યથાર્થ સમજીશ અને જે જે સંયોગમાં હું મૂકાયો હતો તે પ્રત્યેકને માટે પ્રભુનો આભારજ માનીશ.

આ જગતમાં દરેક મનુષ્ય એમ વિચાર કરતો જણાય છે કે મારા સંયોગો, મારી કસોટીઓ, મારા દુઃખના પ્રસંગો અને મારાપર આવી પડેલી આપત્તિઓ એ મનુષ્યજાતિના મોટા ભાગ કરતાં વધારે ભારે છે, અથવા તો વિશ્વના કોઇ પણ મનુષ્ય કરતાં પણ તે વધારે ભારે છે. તે ભૂલી જાય છે કે દરેક મનુષ્યને પોતાની ખાસ કસોટીઓ, અડચણો કે દુઃખ વેઠવાનાં અથવા તો ચારિત્રના વિકાસમાં નડતી અડચણો દૂર કરવાની હોય છેજ અને તેને માથે પણ બીજાના જેવોજ દુઃખનો બોજો આવેલો હોય છે. આવી ભૂલ થવાનું કારણ નીચે પ્રમાણે છે.

આપણને આપણી અનિષ્ટ સ્થિતિઓ, આપણાં દુઃખો અને દૂર કરવા યોગ્ય ખાસીઅતો વિષે જેટલી લાગણી થઇ આવે છે તેટલીજ લાગણીથી બીજાનાં દુઃખો, સ્થિતિઓ, સંયોગો વગેરેને આપણે ચોખ્ખી રીતે જોઇ શકતા નથી; તેથીજ આપણે એમ માનવાને ભૂલ કરીએ છીએ કે બીજાનાં દુઃખો આપણા જેટલાં ભારે કે ભયંકર નથી. સૌને સૌની પડી હોય છે. દરેકને પોતાની મુશીબતો ઉકેલવાની હોય છે. પોતાના જીવનમાં પ્રતિકૂળ અને અનિષ્ટ સંયોગો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાથી આવ્યા છે, તે સમજવા જેટલી આંતર પ્રતિભા દરેક મનુષ્યે જાગ્રત કરવી જોઇએ, અને તે સંયોગોની સામે થઈ શકાય તથા તેથી જુદા પ્રકારના (શુભ) સંયોગો જેથી ઉત્પન્ન થઈ શકે તેટલું બળ દરેક મનુષ્યે અવશ્ય પ્રાપ્ત કરવું જોઇએ. બીજાઓ તો માત્ર સૂચના અથવા તો કુદરતના નિયમોનું જ્ઞાન આપી શકે, કે જેથી કરીને સામાને કામ કરવાનું સુગમ થઇ શકે; પરંતુ તે પ્રમાણે ચાલવાનું કામ તો દરેકે પોતાની જાતેજ બજાવવું જોઇએ.

આ પ્રમાણે જાણતાં કે અજાણતાં, ધરાદાપૂર્વક કે ધરાદાવગર જે કોઇ સ્થિતિમાં આપણે આવી પડયા હોઇએ, તેમાંથી છૂટવાનો માર્ગ એજ છે કે તે સંયોગોથી ભાગી નહિ જતાં બરાબર તેને તપાસવા અને તે જે નિયમને અનુસરીને ઉત્પન્ન થયા હોય તે નિયમને શોધી કાઢવા જોઇએ. નિયમને શોધી કાઢીને કાંઇ તેની સામે થવાનું નથી, પણ તેની સાથે અનુકૂળ થઇ વર્તવાનું છે. જો આપણે તે નિયમને જેટલા પણ અનુકૂળ વર્તીશું તેટલા આપણે આપણા સાધ્ય બિન્દુ તરફજ જતા ચાલીશું અને આપણી ઇષ્ટ વસ્તુને પ્રાપ્ત કરીશું. જો આપણે તે નિયમની સામે થઇને તેનાથી પ્રતિકૂળ વર્તીશું તો તે નિયમ આખરે આપણો અવશ્ય નાશ કરશે. નિયમ અવિચળ રીતે કાર્ય કર્યા કરે છે; માટે તે નિયમ પ્રમાણે વર્તો એટલે જરૂર ધારેલું ફળ તમે મેળવી શકશો. તેની સામે થવાથી તો તમે દુઃખ, દીલગીરી, નુકસાન અને ઉદાસીનેજ તમારી તરફ આકર્ષો છો.

અમેરિકામાં ન્યુઇંગ્લાંડમાં એક ઉચ્ચ ચારિત્રવાળી બાઈ વસે છે. તેના તાબામાં પાંચ છ એકરનું ખેતર છે. તેનો પતિ થોડાં વર્ષપર મરણ પામ્યો. તે સારા હૃદયનો અને ઉદ્યોગી હતો, પણ પોતાની લગભગ સઘળી આવક દારૂમાં ખર્ચી નાખતો હતો. જ્યારે તે મરી ગયો ત્યારે તે ખેતર ઉપર ઉપાડેલું કરજ પૂરું ભરવામાં આવ્યું ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. તે સ્ત્રીને ગુજરાનનું પણ કાંઇ દેખીતું સાધન નહતું અને વધારામાં કેટલાંક બાળકોની તેને સંભાળ લેવાની હતી. સામાન્ય રીતે લોકો જેને કમનશીબ હાલત કહે તેવી હાલતથી નિરાશ થવાને કે પોતાના સંયોગોની સામે બડબડવાને બદલે તેણે કુટુંબના ગુજરાનનો બોજો બહાદુરીથી ઉપાડી લીધો. તે વખતે તેને કોઇ પણ રસ્તો સૂઝતો ન હતો, પણ તે શ્રદ્ધાથી માનતી હતી કે આ દુઃખદ સ્થિતિમાંથી છુટવાનો માર્ગ અવશ્ય તેને જડી આવશેજ. આ પ્રમાણે પોતાપર આવી પડેલી સ્થિતિને તેણે ખુશમીજાજથી સ્વીકારી લીધી અને ધૈર્યથી પોતાનો રસ્તો નીચે પ્રમાણે કર્યો.

ગ્રીષ્મઋતુમાં વિશ્રાન્તિ શોધતા જે વિદ્યાર્થીઓ આવે તેમને ભોજનની તથા રહેવાની સવડ કરી આપવાનું તેણે કેટલાંક વર્ષથી માથે લીધું છે. તે સવારમાં ત્રણથી ચાર વાગે ઉઠે છે, અને રાત્રિના દશવાગ્યા સુધી કામ કર્યા કરે છે. શિયાળામાં આવકનું આ સાધન બંધ થઇ જાય છે, ત્યારે તે આયા તરીકેનું કામ કરવા જાય છે. આ રીતે કરવાથી તેણે ખેતર ઉપર ઉપાડેલા પૈસા ભરી દીધા છે. તેનાં છોકરાંઓને તેણે નિશાળે મૂક્યાં છે, અને તેઓ પણ તેને થોડે ઘણે અંશે મદદ કરે છે. આ સઘળો વખત તેણે પોતાના હૃદયમાં ચિંતા કે ઉદાસીને સ્થાન આપ્યું નથી. તે પોતાની સ્થિતિ જોઈ બડબડી નથી. જે સંયોગોએ તેને આ સ્થિતિમાં લાવી મૂકી તે સંયોગોની સામે તેણે બુરકીયાં કર્યાં નથી, પણ જે નિયમ તેને સારી અને સુખદ સ્થિતિમાં લાવી શકે તે નિયમને અનુસરીને તેણે પોતાનું જીવન ગાળ્યું છે. આ સઘળો વખત તેણે કામજ કર્યાં કર્યું છે અને જોકે આવા દુઃખદ સંયોગો હતા, તોપણ પોતાના કરતાં અધિક દુઃખી મનુષ્યોને દેખતાં તેમની તેણે પોતાથી બનતી સેવા કરવાના પ્રસંગને ગુમાવ્યો નથી. તે પોતાના પૈસા ભરી દીધા છે, એ વિચારવા તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદ થાય છે, અને તેને માટે તે પ્રભુનો આભાર માને છે. તે સારી રીતે જાણે છે કે હવે તે પૈસા કે તેનું વ્યાજ તેને ભરવું પડશે નહિ. તેના પોતાનાજ પ્રયાસથી તે ખેતર તેનું પોતાનું થયું છે, એ વિચારથી તે ખેતર તેને વધારે કિમતી અને વધારે પ્રિય લાગે છે. આટલાં વર્ષો સુધી પ્રયાસ કરવામાં તેણે દૃઢ મનોબળ, ઉમદા ચારિત્ર, માયાળુ સ્વભાવ, બીજાઓ પ્રત્યે દીલસોજી અને કાળજી, પ્રમાણિકતા, પવિત્રતા, શુભ અને સત્યના જયમાં પૂર્ણ શ્રદ્ધા વગેરે ગુણો એવા ખીલવ્યા છે કે જેથી પુરૂષો તથા સ્ત્રીઓ વાજબી રીતે તેની પ્રશંસા કરી શકે. હવે કદાચ તે નાનું ખેતર દૈવયોગે તેની પાસેથી જતું રહે, તોપણ તેણે એવું કાંઇક મેળવ્યું છે, કે જે હજાર એકર જમીન મળી હોય તોપણ મળી શકે નહિ. દરેક કામ કર્ત્તવ્યબુદ્ધિથી કરવાને લીધે કામનો બોજો તેને જણાયો નથી, અને દરેક કામ તેને માટે વેઠરૂપ નહિ પણ આનંદરૂપજ લાગે છે.

આ ઉચ્ચ ચારિત્રવાળી અને વિચારશીલ બાઇને બદલે તે જગ્યાએ બીજી કોઇ સામાન્ય સ્ત્રી હોત તો સંયોગોએ કેવું રૂપ લીધું હોત, તેનો હવે આપણે જરા કલ્પનાશક્તિથી વિચાર કરીએ. થોડો વખત તો તેનો સઘળો જુસ્સો દબાઇ ગયો હોત. તેના મનમાં ચિંતા અને આગામી દુઃખના વિચારોએજ સામ્રાજ્ય સ્થાપ્યું હોત. તેનું સઘળું કામ નિષ્ફળ જશે, એવાજ વિચારો તે કર્યા કરત. તેને આ સંયોગોમાં લાવી મૂકનાર કારણો સામે તેણે બડબડયા કર્યું હોત, અથવા તો જે નિયમથી તેની આ સ્થિતિ થઇ તે નિયમને તેણે ગાળો દીધી હોત. આખા વિશ્વ સામે તે કટાણું મુખ કરત અને જે જે પુરૂષો કે સ્ત્રીઓ તેના સંબંધમાં આવે તે દરેકના સામે તેણે ઘુરકીયાં કર્યાં હોત. આ સંયોગોને પહોંચી વળવા જેટલી મારી શક્તિ નથી, માટે કોઇએ મને મદદ કરવી જોઇએ, અને આવી નિરાધાર સ્થિતિમાંથી મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોડવવી જોઇએ, એમ તે વિચારત. આ પ્રમાણે કરવાથી તેની સ્થિતિમાં જરા પણ સુધારો થયો નહત, અને તેનું મન જે કામમાં રોકાય તેવું કાંઇ કામ નહિ હોવાથી તે વારંવાર પોતાના સંયોગોને સંભારી સંભારીને પોતાનું જીવન અધિક દુઃખમય કરત. આ પ્રમાણે તે નાનું ખેતર કદાપિ તે મેળવી શકી નહત. તે બીજાને સારૂં કાંઇ પણ કરી શકી નહત, અને દરેક વસ્તુ અને દરેક મનુષ્યમાં અશુભ જોતાં શીખીને તે અશુભદર્શી (Pessimist) બની ગઇ હત.

આપણી સ્થિતિ કેવી છે, તેના કરતાં તે સ્થિતિનો આપણે કેવો ઉપયોગ કરીએ છીએ, તેજ વધુ અગત્યનું છે. કારણ કે તેના ઉપરજ આપણા ભવિષ્યનો આધાર છે. જગતમાં એવો એક પણ મનુષ્ય નથી કે જે પોતાના કરતાં વધારે દુઃખી મનુષ્યને ન શોધી શકે. દુઃખ વખતે વધારે દુઃખીને જોઇને પ્રભુનો ઉપકાર માનવો જોઇએ કે આપણી–સ્થિતિ આટલી સારી છે. આથી આપણામાં કાંઇક ઉત્સાહ અને ધૈર્ય આવશે; અને તે ઉત્સાહ અને ધૈર્યની મદદથી આપણે આપણી ભાવનાઓને આપણા જીવનમાં ઉતારી શકીશું, તથા ઇષ્ટ સ્થિતિને આકર્ષી શકીશું.

'ઉન્નતિ કે અવનતિ, વિજય કે પરાભવ, ઇષ્ટ કે અનિષ્ટ એ સર્વ સંયોગોનો આધાર વિચારપરજ રહેલો છે. જેવા આપણા વિચારો હોય તેવીજ માનસિક સ્થિતિ અને સંયોગો આપણા તરફ આકર્ષાઇ આવે છે અને વખત જતાં તે સ્થૂલરૂપમાં પ્રકટ થાય છે. વિચારો એ શક્તિઓ છે; અને દરેક વિચાર પોતાના જેવા બીજા વિચારને જન્મ આપે છે. મનમાં એવી અદ્‌ભુત શક્તિ છે કે જેથી કરીને એક વિચાર પોતાના જેવોજ બીજો વિચાર ઉત્પન્ન કરે છે, અને પોતાના જેવાજ વિચારોને બીજાઓમાંથી પોતાના તરફ આકર્ષે છે. આપણે આ વાત સમજીએ કે ન સમજીએ તોપણ વિશ્વના અમાપ વિસ્તારો તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનું કામ કર્યે જાય છે અને જવાના.

દરેક મનુષ્યે પોતાના જીવનમાં વિજય મેળવવા માટે પોતાને પ્રાપ્ત કરવા યોગ્ય કયી વસ્તુ યા વસ્તુઓ છે, તેનો ખ્યાલ પ્રથમથીજ બાંધવો જોઇએ; અને પછી તે ખ્યાલ અથવા ભાવનાને નિરંતર મનના સંમુખ રાખ્યા કરવી જોઇએ. કોઈ પણ જાતના ભય કે શંકાને વશ થઇને તે ભાવનાપરની શ્રદ્ધાને જરા પણ ડગવા નહિ દેતાં જે જે કામ કરવાનું આવી પડે તે કર્યા કરવું. તેણે જરા પણ બડબડવું નહિ; પણ બડબડવામાં જે વખત જાય તે તેણે મનવડે બાંધેલી ઉચ્ચ ભાવનાને દ્રઢ કરવામાંજ ગાળવો જોઇએ. આ પ્રમાણે વર્તનાર મનુષ્ય વહેલો કે મોડો પોતાની ભાવનાઓને આ જગતમાં સાકાર કરવાને–સ્થૂલરૂપમાં પ્રકટ થયેલી જોવાને શક્તિમાન થાય છેજ.

વિચારનું પણ શાસ્ત્ર છે, આપણી વિચારશક્તિદ્વારા આપણે ધારીએ તેવા બાહ્ય સંયોગો બનાવવાને આપણે સમર્થ છીએ, એમ સાંભળીને કેટલાક મનુષ્યો અમુક પ્રકારની ભાવના કરવા લાગે છે ખરા; પણ તેઓની ઇચ્છા પ્રમાણેનું ફળ તરતમાં નહિ જણાતાં તેઓ એમ માનવાને દોરવાઇ જાય છે કે વિચારના શાસ્ત્રમાં કાંઇ બહુ તત્ત્વ નથી. આવા મનુષ્યોએ સ્મરણમાં રાખવું ઘટે છે કે જૂની ટેવ છોડવાનું અને નવી ટેવ બાંધવાનું સઘળું કામ એકદમ થઇ જાય તેમ નથી.

જેટલા પ્રમાણમાં આપણે વિચાર શક્તિનો સદુપયોગ કરીએ તેટલાજ પ્રમાણમાં તેને વધારે અસરકારક રીતે વાપરવાનું આપણામાં બળ આવે છે. શરૂઆતમાં તો ધીમે ધીમેજ આગળ વધાય છે, પરંતુ જેમ જેમ આગળ વધતા ચાલીએ છીએ તેમ તેમ ઉન્નતિ ત્વરાથી થતી જાય છે. **શક્તિ સદુપયોગથીજ વધે** છે. બીજા શબ્દોમાં કહીએ તો વપરાશ નિરંતર શક્તિને વધારે છે. આપણા જીવનના સઘળા બનાવો, તથા જગતની સઘળી વસ્તુઓ જે નિયમ પ્રમાણે ચાલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, તેજ નિયમ અહીં પણ લાગુ પડે છે. એક સંગીતશાસ્ત્રી પોતાની કળામાં પ્રવીણતા બતાવી શકે છે, તે પણ આ નિયમને અનુસરીનેજ. સંગીતશાસ્ત્ર શીખવા ઇચ્છનાર કોઇ પણ ઉમેદવાર પ્રથમ પ્રયત્નેજ ઉસ્તાદી ગાયન સીતારપર વગાડી શકે નહિ તે ઉપરથી તેણે એવા અનુમાનપર આવવું જોઇએ નહિ કે ઉસ્તાદી ગાયન તે વગાડી શકશેજ નહિ. અહીં પણ ઉપર જણાવેલો મનનો નિયમ કામ કરે છે. ગાયન વગાડવાનું શરૂ કર્યા પછી તેનું મન એક પછી એક દર વખતે વધારે સહેલાઇથી, વધારે ઝડપથી અને વધારે ચોકસાઇથી ગાયનને અનુસરે છે અને મનની અસર શરીરપર થતી ચાલે છે તેમ તેમ તે શીખાઉની આંગળીઓ બીજે વખતે વધારે સહેલાઇથી, વધારે ઝડપથી અને વધારે ચોકસાઇથી મનને અનુસરે છે. આ પ્રમાણે શીખતાં શીખતાં છેવટે એવો સમય અવશ્ય આવે છે કે જે ગાયનમાં પ્રથમ તે ગોથાં ખાતો હતો, જેમાં કાંઇ મીઠાશ ન હતી, જે કર્ણને કટુ લાગતું હતું; તેજ ગાયન હવે તેને હાથે મધુર ધ્વનિરૂપે પ્રકટ થાય છે અને તે હજારો સ્ત્રી–પુરૂષોનાં મનને હરણ કરવા સમર્થ બને છે. વિચારશક્તિની બાબતમાં પણ આવાજ પ્રકારની સ્થિતિ છે. એકજ વિચાર અથવા પ્રયત્ન વારંવાર કર્યા કરવાથી તે વિચાર અને પ્રયત્નની ગતિ–શક્તિ વધતી ચાલે છે; અને પરિણામે તે સ્થૂળ રૂપમાં પ્રકટ થાય છે.

મનુષ્યનું સઘળું જીવન પ્રથમ અંતઃકરણમાં ઉત્પન્ન થયા પછીજ તે સ્થૂળરૂપે બહાર પ્રકટ થાય છે. આ સિદ્ધાંતને વારંવાર જણાવવાની જરૂર છે. જીવનની ચાવી અંતરમાંજ રહેલી છે, આ વાત સત્ય હોય તો મનુષ્યોએ આંતરજીવન પાછળજ વધારે સમય ગાળવાની જરૂર છે; અને આ બાબત પાશ્ચાત્ય પ્રજાઓને ખાસ કરીને વધારે ઉપયોગી છે.

પ્રાતઃકાળનો થોડો સમય દરરોજ શાંતિથી આંતરજીવનનો વિચાર કરવામાં પસાર કરવામાં આવે તો તેનો લાભ આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનમાંની તેમજ આપણા જીવનમાંની કેટલીક ગાંઠો દૂર કરવાને આ પ્રાતઃકાળના શાંત વિચારની ઘણી જરૂર છે. આ પ્રાતઃકાળનું શાંત ચિંતન જીવનની ઉચ્ચ ભાવનાઓ રચવાને ઘણુંજ ઉપયોગી છે. આપણે કયી વસ્તુઓમાં આપણા મનને સ્થિર અને એકાગ્ર કરવું તે પણ આપણે આ પ્રાતઃકાળના ચિંતનથી સહેલાઇથી જાણી શકીએ છીએ. પ્રભુ સાથેનો આપણો શાશ્વત સંબંધ છે, તેનું ભાન કરાવવાને અને તે સંબંધને તાજો કરાવવાને માટે પણ આ સવારની શાંત પળોમાં કરેલું ચિંતન અતિશય લાભદાયી નીવડે છે. અનંત જીવન અને અનંત શક્તિમય પ્રભુ સર્વની પાછળ રહેલો છે; સર્વની અંદર અને સર્વની મારફતે તેજ કામ કરી રહ્યો છે; તેજ સર્વનું જીવન છે; તેજ આપણા જીવનનું પણ જીવન અને આપણી શક્તિનું ખરૂં મૂળ છે, અને તેના સિવાય આપણામાં જીવન કે શક્તિ કાંઈ પણ રહે તેમ નથી. આ અતિ મહત્ત્વનાં, અતિ ઉપકારક અને અનિવાર્ય સત્યોને દરરોજની ધમાલ અને જીંદગીની હાડમારીમાં આપણે વારંવાર ભૂલી જઇએ છીએ, તે ભૂલથી આપણે બચીએ અને પ્રભુમય જીવનનો કાંઇક આસ્વાદ આપણે ચાખીએ તે માટે પ્રાતઃકાળમાં થોડો સમય આવા ચિંતનને વાસ્તે કાઢવાની આવશ્યકતા આપણે માટે બહુજ છે. ઉપરનો સિદ્ધાંત યથાર્થ રીતે સમજવામાં આવે અને તદનુસાર જીવન ગાળવામાં આવે તો પ્રભુના સામ્રાજ્યને આપણે અવશ્ય પ્રાપ્ત કરી શકીશું. આ રાજ્ય આપણને આપણા અંતરમાંથીજ મળી આવશે. આ રાજ્યને માત્ર એકજવાર મેળવવું પડે છે; કેમકે મેળવ્યા પછી તે કદીપણ ઘટતું કે નાશ પામતું નથી. આપણે અને પ્રભુ મૂળસ્વરૂપે એકસરખાજ છીએ, તે બાબતનું જ્ઞાન અને અનુભવજ્ઞાન પ્રાપ્ત કરવાં; અને આપણા હૃદયનાં દ્વાર એવી રીતે ખુલ્લાં રાખવાં કે જેથી તે દ્વારા પ્રભુનો અનુગ્રહ અને પ્રેમમય દૈવી પ્રકાશ પ્રકટ થઈ શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા વહન થઇ શકે. આમ કરવામાંજ તે પ્રભુને શોધવાનો, પ્રભુમય જીવન ગાળવાનો અને પ્રભુનું સામ્રાજ્ય પ્રાપ્ત કરવાનો માર્ગ રહેલો છે.

આ પ્રમાણે કરવાને પરિણામે આપણે એવી સ્થિતિમાં આવીએ છીએ કે જેને લીધે આપણે પ્રભુ સાથે તન્મયતા અનુભવી શકીએ છીએ, અને ઇશ્વરના માહાત્મ્યનું આપણને અનુભવસિદ્ધ જ્ઞાન થાય છે. જેટલા પ્રમાણમાં આપણને આ અનુભવજ્ઞાન થાય છે તેટલા પ્રમાણમાં આપણું જ્ઞાન, આંતર પ્રતિભા અને શક્તિ વધતાં જાય છે. મનુષ્યના હૃદયમાં ઇશ્વરના માહાત્મ્યનો સાક્ષાત્કાર થવો એજ સઘળા ધર્મોનું સાધ્ય બિન્દુ છે. ભગવદ્‌ગીતા યથાર્થ જણાવે છે કે **ईश्वरः सर्व-भूतानां हृद्देशेऽर्जुन तिष्ठति** । અર્થાત્ ઇશ્વર સર્વના હૃદયમાં રહેલો છે. આ સિદ્ધાંત યથાર્થ સમજાય તો તે સમજનારનું દરેક કાર્ય ધર્મ-મય થઇ જાય છે, અને તેની જીંદગીની દરેક પળ ધાર્મિક જીવન-રૂપ બની રહે છે. **જે ધર્મવડે મનુષ્યનું દરેક કાર્ય અને જીંદ-ગીની દરેક પળ ધર્મમય બનતી નથી તે ધર્મજ કાંતો માત્ર નામનો ધર્મ છે, અને કાં તો મનુષ્યની તે ધર્મ સમજવા કે પાળવામાં ભૂલ છે.** મનુષ્યના આત્મામાં પ્રભુમય જીવનનો અનુભવ કરવાનું કામ સઘળા પેગંબરોએ, સઘળા ઋષિઓએ, સઘળા મહા-ત્માઓએ અને સઘળા પ્રેરણા પામેલા પુરૂષોએ શીખવ્યું છે. તેઓના જીવનમાં અને શિક્ષણના પ્રકારોમાં દેશ, કાલ ઇ૦ ને લીધે આવશ્યક નજીવા મતભેદો હોય ખરા; પરંતુ આ બાબતમાં તો તેઓ સર્વનો અભિપ્રાય એકજ છે. તેઓના શિક્ષણનું રહસ્ય આજ છે. તેઓની શક્તિ અને તેઓના શાશ્વત પ્રભાવનું રહસ્ય પણ એમાંજ રહેલું છે. પ્રભુના સામ્રાજ્યમાં દાખલ થવું હોય તો આપણે બાલક જેવા બનવું જોઇએ. Except ye become as little children, ye can not enter the kingdom of heaven. જો તમે નાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાલક નહિ બનો તો સ્વર્ગીય રાજ્યમાં તમે દાખલ થઇ શકશો નહિ. એવા બનવાથી બાલકની પેઠે આપણે પણ કાંઇ કરી શકતા નથી એ ખરૂં; પરંતુ તેના બદલામાં આપણે પરમાત્માના દિવ્ય ચૈતન્ય, આનંદ, બળ અને મહિમાનો જે અનુભવ કરીશું અને તે સર્વનો પ્રકાશ આપણામાં આવવા માટે તથા આપણાદ્વારા બીજાઓમાં પહોંચવા માટે આપણા હૃદયનાં દ્વાર ખુલ્લાં અને નિર્મળ રાખીશું; તેને લીધે આપણે બદલે પ્રભુ પોતેજ આપણાદ્વારા કાર્ય કરવા લાગશે; અને તે પ્રકારે થતાં કાર્ય આપણે પોતે કરીએ તેના કરતાં એવાં તો ઉપકારક અને સંગીન નીવડશે કે જેનો આપણને ખ્યાલ પણ ન આવી શક્યો હોય. આહા; કેવું સૌભાગ્ય ! આ પ્રમાણે બહારથી સાદા અને શક્તિ-વિનાના દેખાતા બાલ્ય–દિવ્ય જીવનનો કેવો મહિમા ! કે જેથી અંતરમાં તો પ્રભુના અનુપમ સામ્રાજ્યમય ઉચ્ચ જીવનનો આનંદાનુભવ થયા કરે અને બાહ્ય જીવન પ્રભુનો પ્રકાશ ફેલાવવાના દ્વારરૂપ તથા લોકહિતમાં પ્રભુના બાહ્ય નિમિત્ત–સાધનભૂત બને !

પશ્ચિમના દેશો કરતાં પૂર્વ દેશોના લોકો શાંતચિત્તથી ધ્યાન કરવામાં વધારે વખત ગાળતા નજરે પડે છે. પશ્ચિમના કેટલાક મનુષ્યો જેમ પ્રવૃત્તિમાંજ મગ્ન રહે છે, તેમ પૂર્વના કેટલાક મનુષ્યો કેવળ ધ્યાનમાં–વિચારમાં–ભાવનાઓમાંજ મગ્ન રહે છે; પણ આંતર જીવનની ભાવનાઓને સ્થૂલરૂપમાં પ્રકટ કરવાને માટે તેઓ જોઇતો શ્રમ લેતા નથી. પશ્ચિમવાસીઓ બાહ્ય પ્રવૃત્તિઓમાંજ એટલો બધો સમય ગાળે છે કે જે સ્થિતિને તેઓ સ્થૂલરૂપમાં પ્રકટ થયેલી જોવા ઇચ્છે છે તે સ્થિતિને અનુકૂળ આવે એવી ભાવના કે વિચાર કરવા જેટલો તેમને અવકાશજ મળતો નથી. જ્યાં સુધી કોઈ કડવો અનુભવ ન થાય ત્યાં સુધી તેઓ કેવળ પ્રવૃત્તિમાંજ મશગુલ રહે છે, અને જ્યારે કાંઇક કડવો અનુભવ થાય છે ત્યારેજ મોટે ભાગે વિચાર કરવાને બેસે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વ અને પશ્ચિમ, બન્નેની ઉપલી સ્થિતિઓ વિચારીને આપણે એમાંની આ કે પેલી કોઇ પણ બાજુએ તણાવાનું નથી; પરંતુ બુદ્ધ ભગવાનના શબ્દોમાં કહીએ તો એ બંને એકદેશીય માર્ગનો ત્યાગ કરી,—સુવર્ણમય સર્વદેશી મધ્યમ માર્ગ સ્વીકારવાનો છે. એ માર્ગજ આપણને ઉચ્ચ આદર્શ પૂરો પાડશે; અને તેવા આદર્શ જીવનનેજ સંતોષકારક જીવન અથવા તો પ્રભુમય જીવન ગણી શકાય. પૂર્વના દેશોમાં ઘણા લોક એવા માલૂમ પડે છે કે જેઓ ચિંતન, ધ્યાન, શાંત મનન કરતા હોય છે, ઉંચ ભાવનાઓ ભરતા હોય છે, તેઓની આંખો આત્મચિંતનમાં સ્થિર થયેલી હોય છે; પણ તેઓના પેટમાં ભૂખને લીધે ખાડા પડેલા હોય છે. બીજા હાથપર પશ્ચિમના દેશોમાં પુરૂષો અને સ્ત્રીઓ નિરંતર આમતેમ ધંધાની ધમાલમાં જ દોડતાં હોય છે, તેઓનું કાંઇ કેન્દ્ર હોતું નથી; તેઓના જીવનની નૌકાને સંસારસમુદ્રમાં સ્થિર કરી શકે તેવું કાંઇ પણ લંગર તેઓ પાસે હોતું નથી. આમ થવાનું કારણ એ હોય છે કે તેઓ પોતાનું ખરૂં જીવન શેમાં રહેલું છે અને જીવનનો ખરો ઉદ્દેશ શું છે, તે વિચારવાને માટે પૂરતો વખત કાઢતાં નથી. જો પૂર્વવાસી તેનું ચિંતન–ધ્યાન પૂરૂં કર્યા પછી, ઉભો થઈ પોતાનું કામ કરવા માંડે તો જરૂર તે સારી સ્થિતિમાં આવશે અને હાલના કરતાં તે વધારે સંતોષકારક અને સુખી જીવન ગાળી શકશે. એજ પ્રમાણે પશ્ચિમવાસી જો જીંદગીની ધમાલ અને પ્રવૃત્તિમાંથી થોડો સમય બચાવીને ચિંતન–ધ્યાન–ભાવનામાં ગાળશે, અને પોતાનું ખરૂં જીવન શું છે તે સમજીને કામ કરવા માંડશે તો તે પણ હાલના કરતાં વધારે સ્વાભાવિક અને સુખમય જીંદગી ગાળી શકશે. **પ્રભુમાં પોતાનું મધ્યબિન્દુ શોધી કાઢવું એ સંતોષકારક જીવન ગાળવાનું આવશ્યક પગથિયું છે. તે શોધ્યા પછીજ મનુષ્યે વિચાર કરવો, બો-**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લવું, કામ કરવું, ચહાવું અને જીવવું ઘટે છે. તેનાં એ સઘળાં કામોમાં એથી જે દિવ્યતા, સ્ફૂર્તિ, ઉપકારતા અને આનંદ આવશે, તેનો ખ્યાલ પણ અગાઉથી આવવો મુશ્કેલ છે.

કેટલાકો એમ કહે છે કે આ પ્રકારે ઉત્તમ ચારિત્ર બાંધવું એ કામ ઘણું ઉમદા છે, પણ તેઓ વંશપરંપરાના ધોરણમાં બંધાઈ ગયેલા છે. આવા મનુષ્યોએ સમજવું જોઈએ કે રૂઢી, ધોરણ કે કોઇ પણ ચીજ પછી તે ગમે તેટલા વખતથી ઉતરી આવેલી હોય કે નવીન હોય; પરંતુ જો તે ભૂલભરેલી અથવા તો વર્તમાન દેશ કાળ ઇત્યાદિથી વિપરીત જણાય, તોપણ તેને આપણે વળગીજ રહેવું અને તેથી થતું નુકસાન કે અંતરાય ભોગવ્યેજ જવું એ કોઇ પણ રીતે ઘટિત અથવા ઈશ્વરે આપેલી વિવેક–શક્તિને બંધબેસતું નથી; તેમ શાસ્ત્રો અને મહાત્માઓના ઉત્તમ શિક્ષણથી પણ એ પ્રકાર વિરૂદ્ધ છે. સારા હેતુ અને સારા પ્રકારથી શરૂ થએલી રૂઢીઓનો તે ખરો હેતુ અને પ્રકાર કાળે કરીને ભૂલાતો જાય છે તેમ તેમ તેમાંનો ખરો આત્મા નષ્ટ થતો જઇને આખરે અનિષ્ટકારક મુરદાના રૂપમાં તે આવી જાય છે, અને મુરદું થયું એટલે સો વર્ષનું પુરાણું શરીર છતાં પણ ત્યાગ–નાશ–કરવા યોગ્યજ છે. રૂઢી ગમે તેટલી જુની છતાં તે અમુક વખત માટેજ હોય છે, જ્યારે આત્મા શાશ્વત છે. આત્માના અમરપણાનો આપણને ખ્યાલ આવશે, ત્યારે આપણને લાગશે કે ભૂતકાળની જે જે રૂઢીઓ મુરદાની પેઠે નિઃસત્વ થઈ ગઇ હોય તેનો તરતજ ત્યાગ કરી દેવો જોઇએ; નહિ તો તે મુરદાની પેઠે સડીને અત્યંત નુકશાનકારક થશે. મુરદાને બાળી દેવું જેટલું સરલ છે તેટલુંજ સરલ ખરાબ રૂઢીને તજી દેવાનું કાર્ય છે. મોહના અતિ વેગે ચઢેલાં છેક નજીકનાં સગાં મુરદાંને ઉઠાવી જતાં જેમ કાગારોળ કરીને આડાં ફરી વળે છે તેમ અતિ અજ્ઞાન મનુષ્યો અનિષ્ટ રૂઢીરૂપી પ્રેતને ત્યજવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આડા પણ કદાચ આવે એ સંભવિત છે; પણ એમના અંતરાય સામે જરાક હિમ્મત રાખવામાં આવે એટલુંજ પુરતું થઇ પડે છે અને પાછળથી તે અંતરાય કરનારાજ ઉપકાર માને છે.

દરેક મનુષ્યનું જીવન તેના પોતાના હાથમાંજ છે અને પોતાની મરજી પ્રમાણે પોતાનું ચારિત્ર, શક્તિ, આત્માનુભવ અને બીજાપર અસર કરવાનું સામર્થ્ય તે મેળવી શકે છે. જે વસ્તુઓની તે ઇચ્છા કરે છે તે જો તે ખરેખરો આગ્રહી હોય છે તો તેનીજ થાય છે. વળી જેમ જેમ તે પોતાની ઉચ્ચ ભાવનાની સમીપ જતો જાય છે અને જેમ જેમ તેના ચારિત્રનું બળ અને પ્રભાવ વધતાં જાય છે, તેમ તેમ તેના સંબંધમાં આવનાર સર્વ મનુષ્યોને માટે તેનું જીવન દૃષ્ટાન્તરૂપ અને પ્રોત્સાહન આપનાર બને છે. તેના જીવનથી નિરૂત્સાહી અને નિર્બળ મનુષ્યો ઉત્સાહ પામી સબળ બને છે, અને હલકી ભાવનાવાળા મનુષ્યો સ્વાભાવિક અને અનિવાર્ય રીતે ઉચ્ચ ભાવનાઓ સ્વીકારતા થાય છે. પોતાના વિચારમાં રહેલા સામર્થ્યનો તેને જેમ જેમ વિશેષ ખ્યાલ આવતો જાય છે, તેમ તેમ તે બોલ્યા–ચાલ્યા સિવાય પણ ઘણાક નિર્બળ અને ફાંફાં મારતા મનુષ્યો તરફ ઉચ્ચ વિચારો મોકલીને તેમને મદદ કરી શકે છે.

જે મનુષ્ય પોતાની ઉચ્ચ મનોભાવનાઓ રચવાને તેમજ પ્રભુ સાથેનો—પ્રભુમય જીવન અને શક્તિ સાથેનો—ભાનપૂર્વક સંબંધ બાંધવાને અને ટકાવી રાખવાને પુરતો વખત કાઢી શકે છે, તેજ મનુષ્ય વ્યાવહારિક જીવન ગાળવાને ખરેખરો લાયક છે. તેના જીવનમાં જે જે ગુંચવણના પ્રસંગ આવી પડે તેનો પોતાના ડહાપણ અને શક્તિવડે ઉકેલ લાવવાને તે સમર્થ બને છે. તેને પૂર્ણ ખાત્રી હોય છે કે દિવ્ય જીવન તેને કદાપિ તજી દેશે નહિ; અને જ્યાં સુધી પ્રભુનો સાક્ષાત્કાર તેને થાય ત્યાં સુધી તે આગળ વધ્યાંજ કરશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે અમુક કાળને વાસ્તે નહિ પણ શાશ્વતકાળને વાસ્તે પોતાનું ચારિત્ર રચે છે; કારણ કે તે સારી રીતે સમજે છે કે જે સત્ય છે અને શ્રેષ્ઠ છે તેજ કાળની કસોટીમાં ટકી રહેશે, અને દેહથી છુટા પડતાં આત્મા પોતાની સાથે માત્ર પોતાનું ચારિત્ર, આત્મસંયમ અને આત્માનુભવરૂપી ખરી દોલત સિવાય બીજું કાંઇજ લઈ જઇ શકતો નથી. જીવતાં કે મરતાં એવો મનુષ્ય ભય પામતો નથી; કારણ કે તે જાણે છે કે તેની પાછળ, તેની અંદર અને તેની પેલીપાર અનંત જ્ઞાન અને અનંત દયામય પ્રભુ રહેલો છે. એ પ્રભુમાં તેને પૂર્ણ શ્રદ્ધા હોય છે કે તેનાથી તે કદી પણ વિખુટો પડનાર નથી. આ વિશ્વ અનંતશક્તિ અને અનંત-દયામય પ્રભુની સત્તા-સામર્થ્યવડેજ ચાલે છે, એવી નિઃશંક માન્યતાવાળો તે હોય છે; જેથી તેની હાલની સ્થિતિ કદાચ દુઃખમય હોય તો તે પણ પોતાના કલ્યાણને વાસ્તેજ છે એમ તેને પૂર્ણ વિશ્વાસ હોય છે; અને તેથી કરીને પ્રભુના અનહદ જ્ઞાન અને દયામાં પૂર્ણ પ્રતીતિ રાખીને પોતાનું ચારિત્ર ઉચ્ચ પ્રકારનું બાંધવાનો તેમજ વર્તમાન દશામાં રહ્યે રહ્યે પણ **'પ્રભુમય જીવન'** ને અનુભવવાનો પ્રયત્ન તે કર્યે જાય છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રંથ સ્વીકાર

નીચેનાં પુસ્તકોની પહોંચ આભાર સહિત સ્વીકારી વાંચકવર્ગની જાણ માટે તેનું મૂલ્ય, કદ ઇત્યાદિ નીચે આપવામાં આવે છે. એમાંનાં પુસ્તકો લેવા ઇચ્છનારે અહિં ન લખતાં તેના પ્રસિદ્ધ કરનારનેજ લખવું.

અદ્‌ભૂત આગબોટ—ભાષાંતર કર્ત્તાઃ–રા. જયન્ત. મળવાનું સ્થળઃ–અમીન અને કું૦ સીનોર (વડોદરા). રોયલ સોળ પેજી પૃષ્ઠ ૨૫૬, કાગળ ગ્લેજ, પૂઠું પાકું, કિં. રૂ. ૧) એની સાથે **ફિજી ટાપુઓમાં હિન્દીઓની સ્થિતિ** એ ઉપયોગી પુસ્તક ભેટ અપાય છે.

ફિજી ટાપુઓમાં હિન્દીઓની સ્થિતિ—(હિન્દીઓ અને ફિજી બેટ) અનુવાદકઃ–કુબેરભાઇ ઝવેરભાઇ પટેલ. મળવાનું સ્થળઃ—અમીન અને કું૦ સીનોર (વડોદરા). રોયલ સોળ પેજી પૃષ્ઠ ૧૫૦, કાગળ રફ, પૂઠું સાદું, કિં. રૂા. ૦।=.

નિપુણચંદ્ર—લેખકઃ–નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકર બૅરિસ્ટર–ઍટ–લૉ. પ્રકાશકઃ—રતનલાલ એન્ડ કુંપની બેન્ક સ્ટ્રીટ, ફૉર્ટ, મુંબઈ. રોયલ સોળ પેજી પૃષ્ઠ ૨૮૦, કાગળ ગ્લેજ, પૂઠું પાકું બોર્ડ પટીનું, રૂા. ૧।।.

સચિત્ર વિજ્ઞાનની વાતો—લેખકઃ–કલ્યાણરાય નથુભાઇ જોશી બી. એ. પ્રકાશકઃ–મોહનલાલ મનઃસુખરામ શાહ બુકસેલર વડોદરા. રોયલ સોળ પેજી, પૃષ્ઠ ૨૭૦, કાગળ ગ્લેજ, પૂઠું પાકું, રૂા. ૧.

ચુનીલાલ હૃદયસુધા કાવ્ય–ભાગ ૧ લો. રચનારઃ–ચુનીલાલ પ્રાણલાલ મજમુનદાર. પ્રકાશકઃ–હરિપ્રસાદ પ્રાણલાલ મજમુનદાર મહુધા. ડેમી આઠ પેજી પૃષ્ઠ ૨૭૮, કાગળ ગ્લેજ, પૂઠું પાકું, રૂા. ૧।

ચુનીલાલ હૃદયસુધા ગદ્ય–ભાગ ૨ જો અથવા સત્યપ્રેમ અને આર્ય ગૃહસ્થાશ્રમ. પૃષ્ઠ ૨૫૬, રચનાર, કદ મૂલ્ય ઉપર પ્રમાણે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા છત્રસાલ—(સસ્તીવાર્તામાળા વર્ષ ૩ જું પુ.૪–૫–૬–૭) લેખક તથા પ્રકાશકઃ–ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતા, અમદાવાદ. સુપરરોયલ સોળપેજી પૃષ્ઠ ૪૬૦, કાગળ ગ્લેજ, પાકું પૂઠું, રૂા. ૧॥

યૂરોપનો રણરંગ—(સસ્તીમાળા વર્ષ ૩ જું પુસ્તક ૮–૯) લેખકઃ–રા. ગોવર્ધનદાસ કહાનદાસ અમીન. પ્રકાશકઃ–ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતા, અમદાવાદ. સુપરરૉયલ સોળપેજી પૃષ્ઠ ૨૭૦, કાગળ ગ્લેજ, પૂઠું પાકું, રૂા. ૧)ૐ

અનંગ ભસ્મ—(સુંદરી સુબોધની ૧૩ મા વર્ષની ભેટ) અનુવાદ કરી પ્રસિદ્ધ કરનાર સાકરલાલ અમૃતલાલ દવે બી. એ.; આસ્ટોડિયા ચકલા પાસે–અમદાવાદ. ડેમી આઠપેજી પૃષ્ઠ ૬૪, કાગળ ગ્લેજ, બોર્ડ પટીનું પૂઠું, રૂા. ૦॥

દ્રૌપદીની ફરિયાદ અથવા શું દ્રૌપદીને પાંચ પતિ હતા ? લેખક અને પ્રકાશકઃ–મગનલાલ માણેકલાલ ઝવેરી; ઠે. ગીરગામ બેક-રોડ–મુંબઈ. સોળપેજી પૃષ્ઠ ૧૧૨, કાગળ ગ્લેજ, પૂઠું સાદું, રૂા. ૦॥

બંગ ભાષાપદેશિકા—(પ્રથમ ભાગ) કર્ત્તાઃ–પંડિત વાડીલાલ ડાહ્યાભાઈ ઠે. અંગ્રેજીકોઠી બનારસ સીટી. સોળપેજી, પૃષ્ઠ ૮૦, કાગળ ગ્લેજ, પૂઠું સાદું, રૂા. ૦॥ૐ

શ્રી સદુપદેશ કુસુમમાળા—યોજકઃ–મુનીશ્રી છોટાલાલજી. પ્રકાશકઃ–શ્રીમતિ ગુલાબબાઇ તથા શ્રીમતિ રૂખમણીબાઈ ઠે. ગોપીપુરા–સુરત. બત્રીસપેજી, પૃષ્ઠ ૧૨૮, કિં. વાંચન, મનન અને નિદિધ્યાસન.

બાળ ઉછેર તથા બાળ રક્ષણ—લેખકઃ–મિસિસ જી. કે. ઉપાધ્યાય. પ્રકાશકઃ–કરસનદાસ જે. ચીતલીઆ ઠે. ભગિની સમાજ કાર્યાલય, ગીરગામ મુંબઈ. રોયલ સોળપેજી પૃષ્ઠ ૧૩૨, કિં. લખી નથી.

હિંદુસ્થાનની ઉન્નતિનો માર્ગ—ઇંગ્રેજી ઉપરથી ભાષાંતર કરનારઃ–એક થીઓસોફીસ્ટ. પ્રકાશકઃ–સરસ્વતી છાપખાનું, ભાવનગર. રોયલ સોળપેજી, પૃષ્ઠ ૬૮, કાગળ બેજ, પૂઠું સાદું. રૂા. ૦।

CC-0. Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી ગુરૂચરણે—ઇંગ્રેજી ઉપરથી ભાષાંતર કરનારઃ—એક થી-ઓસોફીસ્ટ. પ્રકાશકઃ—સરસ્વતી છાપખાનું, ભાવનગર. ડીમી ૧૬ પેજી પૃષ્ઠ ૮૦, કાગળ ગ્લેજ, પૂઠું બોર્ડપટીનું, રૂા. ૦)ર

મારી પ્રતિજ્ઞા—ભાષાંતર કર્ત્તાઃ—પ્રાણજીવન બોધવજી ઠક્કર. મળવાનું સ્થળઃ—સરસ્વતી છાપખાનું, ભાવનગર. પૃષ્ઠ ૧૨૮, કાગળ ગ્લેજ, પૂઠું બોર્ડપટીનું, કિં. રૂા. ૦।.

પરલોક પ્રકાશ—લખનારઃ—પોપટલાલ કેવળચંદ શાહ, રાજકોટ. ડેમી આઠપેજી પૃષ્ઠ ૧૪૦, કાગળ ગ્લેજ, પૂઠું સાદું, જીજ્ઞાસુઓને મફત.

શ્રીકૃષ્ણ પરમાત્માનો સંદેશો—પ્રસિદ્ધ કરનારઃ—અમૃતલાલ અનોપરામ શુકલ મુ. વીરપુર. મળવાનું સ્થળઃ—મુકુંદ આર્ટ પ્રેસ અમદાવાદ. ડેમી આઠ પેજી પૃષ્ઠ ૫૨, કાગળ ગ્લેજ, પૂઠું આર્ટપેપરનું રૂા. ૦।

સ્ત્રીસુબોધક વાર્તામાળા—પ્રસિદ્ધ કરનાર પ્રભુશંકર નરભેરામ વ્યાસ, ખપાટીઆ ચકલા સુરત. રોયલ આઠપેજી પૃષ્ઠ ૮૪, કાગળ ગ્લેજ, પૂઠું સાદું, રૂા. ૦।।

યશોધર ચરિત્ર—(સસ્તી જૈનગ્રંથમાળા મણકો બીજો) પ્રકાશકઃ—મૂળચંદ કિસનદાસ કાપડીઆ, સુરત. રોયલ સોળપેજી પૃષ્ઠ ૧૯૨, કાગળ ગ્લેજ, પૂઠું સાદું, રૂા. ૦।.

આયુર્વેદ ચિકિત્સાસાર અને તેમાં વર્ણવેલી આયુર્વેદિક ઔષધીઓનું સૂચીપત્ર—પ્રકાશકઃ—ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ, મુંબઇ. ડેમી બાર પેજી પૃષ્ઠ ૨૫૬, કાગળ ગ્લેજ, પૂઠું સાદું, કિં. રૂા. ૦। પરંતુ સસ્તાસાહિત્યની માળાઓનાં ગ્રાહકોને પોસ્ટેજની ૦)ન ની ટીકીટ બીડવાથીજ મળશે.

શ્રીમદ્ ભાગવત પુષ્પાંજલિ—લેખકઃ—શ્રીયુત વિહારી. પ્રકાશકઃ—જયંતીલાલ બહેચરલાલ પટેલ, નડીઆદ. પૃષ્ઠ ૧૦૪, કાગળ ગ્લેજ, ૦)ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીરસુ (વીરપુત્ર ઉત્પન્ન કરનાર–વીરમાતા)—લેખકઃ–શ્રીયુત વિહારી. મળવાનું સ્થળઃ–જ૦ ખ૦ પટેલ–ગોંડળ. પૃષ્ઠ ૧૬, ૦)૦॥.

શ્રીમદ્ ભગવદ્ગીતા (સંગીત)—રચનારઃ–પ્રભુલાલ પ્રીતમલાલ પઢીયાર ઇ૦. પ્રકાશકઃ–બ્હેન કુંકા નેમચંદ મુ. વેરાવળ. પૃષ્ઠ ૯૬, અમૂલ્ય.

સ્તોત્રષટ્ક—કર્તાઃ–પ્રભુલાલ પ્રીતમલાલ પઢીયાર ઇ૦. પ્રકાશકઃ બ્હેન અજવાળી માવજી મુ. પોરબંદર. પૃષ્ઠ ૩૬, કાગળ રફ, અમૂલ્ય.

પ્રેમપ્રવાહ—(લહરી ૧ લી) લેખકઃ–મગનલાલ દિલસુખરામ પંડ્યા. પ્રકાશકઃ–મોહનલાલ ગોવિંદજી શાહ મુ. ત્રાલસા (ભરૂચ). સોળપેજી, પૃષ્ઠ ૪૮, ૦)૮॥.

બાળબોધ જૈનધર્મ—(ભાગ ૧–૨) અનુવાદક અને પ્રકાશકઃ–મૂળચંદ કિસનદાસ કાપડીઆ–સુરત. પૃષ્ઠ ૨૪, ૦)૮.

સ્ત્રીઓ અને અહિંસા—લેખકઃ–વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢીયાર. પ્રકાશકઃ–શા. હીરાચંદ નથુભાઈ, માંગરોળ. પૃષ્ઠ ૩૨, અમૂલ્ય.

શ્રી મસ્તરામજી બોધવચનમાળા—પ્રસિદ્ધ કર્ત્તાઃ–એક જૈન લીંબડી. પૃષ્ઠ ૩૨, મૂલ્ય સદુપયોગ.

પ્રાણી પોકાર—કર્ત્તાઃ–સાંકળચંદ પીતાંબરદાસ શાહ, અમદાવાદ. પ્રકાશકઃ–હંસવિજયજી જૈન લાયબ્રેરીના સેક્રેટરી જેશંગભાઈ છોટાલાલ સુતરીઆ, અમદાવાદ. પૃષ્ઠ ૫૨, અમૂલ્ય.

માંદાની માવજત—યોજકઃ–દલીચંદ સૌભાગ્યચંદ શાહ–મુંબઇ. પ્રકાશકઃ–બાઇ જીવીબાઇ, જેતપુર. પૃષ્ઠ ૩૨, એક આનો.

શ્રી કુંભનાથનું શિવાલય—લેખક અને પ્રકાશકઃ–પ્રભાશંકર જયશંકર પાઠક, ઠે. પાર્વતી મેન્શન મુંબઇ નં. ૭. પૃષ્ઠ ૮૦, રૂ. ૦।.

સ્વદેશ ઉન્નતિ—પ્રકાશકઃ–શ્રીમતી સત્યવતી તેજુમલ કનલ, ઠે. દેશસેવા યજ્ઞ કાર્યાલય–પાલઘર (થાણા). પૃષ્ઠ ૬૪, કિં. ૦)૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતનો ઉષઃકાળ—(શિશુમંડળ પુષ્પમાળા–પ્રથમ પુષ્પ) પ્રસિદ્ધ કર્તાઃ–શિશુમંડળ–શિકેર (સુરત) પૃષ્ઠ ૧૬, ૦)૦૧.

માબાપની સેવા—(બાળમિત્રમાળા પુ. ૧ લું) લેખકઃ–નાગરદાસ જે. રાવળ. પ્રકાશકઃ–દેવનંદ આર. ઠાકર, કરાંચી (સિંધ). સોળપેજી, પૃષ્ઠ ૩૨, ૦)૮.

હિંદનાં બાળકો—(બાળમિત્રમાળા પુ. ૨ જું) લેખકઃ–દલપતરામ કે. ભટ્ટ. પ્રકાશકઃ–રતિલાલ દામજી ભટ્ટ, કરાંચી. ૦)૮.

સોની કામનો હુન્નર—લેખક જોશી ગોવિંદરામ હીરાભાઇઃ–પ્રકાશકઃ–ભીખાભાઈ છોટાલાલ ચોધરી, જમાલપુર–અમદાવાદ. સોળ પેજી, પૃષ્ઠ ૪૮, કાગળ રફ, પૂઠું સાદું, કિં. ૦૧.

શ્રીરામ સહસ્ર નામ—પ્રસિદ્ધ કર્ત્તાઃ–ચુનીલાલ વ્રજભુખણદાસ મહેતા, ઠે. રાજામહેતાની પોળ, અમદાવાદ. પૃષ્ઠ ૩૨, અમૂલ્ય.

શ્રી બ્રાહ્મણીઆ સોની વિદ્યાહુન્નરોત્તેજક ગ્રંથમાળા–ગ્રંથાંક ૧. પ્રસિદ્ધ કર્તાઃ–ડૉક્ટર બળવંતરાય ઝવેરીલાલ, મુ. કીમ (ભરૂચ). પૃષ્ઠ ૨૦, **અમૂલ્ય.**

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી ચાલુ સાલમાં પ્રસિદ્ધ થએલાં પુસ્તકો.

૧. સુખ અને શાન્તિ—તૈયાર કરનારઃ–જીવાભાઈ રેવાભાઈ પટેલ, બી. એ. એલ. એલ. બી. મુ. ડાકોર. સુપરરોયલ સોળપેજી પૃષ્ઠ ૨૭૨, કાગળ ગ્લેજ, પૂઠું પાકું સોનેરી, રૂા. ૦૧૧.

૨. હિંદુસ્થાનનો અર્વાચીન ઇતિહાસ (ભાગ ૧ લો)–લેખકઃ—સૂર્યરામ સોમેશ્વર દેવાશ્રયી, લુણાવાડા. સુપરરોયલ સોળપેજી પૃષ્ઠ ૪૩૬, કાગળ ગ્લેજ, પૂઠું પાકું સોનેરી, રૂા. ૧).

૩. હિંદ સામ્રાજ્ય (વોલ્યુમ ૪ થું ભાગ ૨ જો)–લેખકઃ–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ. દુર્લભજી ધરમશી વેદ રાજકોટ. પૃષ્ઠ ૩૮૪, પૂ.હું પાકું, રૂા. ૧).

૪. આરોગ્ય સાચવવાના ઉપાય—લેખકઃ-ડૉક્ટર મહાદેવપ્રસાદ. પૃષ્ઠ ૪૮, રૂા. ૦)ન.

૫. ગુજરાતી ભાષાનો કોશ—(વ્યંજન વિભાગ **ખ, ગ, ઘ.**) રોયલ આઠપેજી, પૃષ્ઠ ૧૫૩ થી ૩૦૪, કાગળ ગ્લેજ, પૂ.હું સાદું, રૂા.૦॥.

હિંદી પુસ્તકો.

દક્ષિણ આફ્રિકા કે સત્યાગ્રહકા ઇતિહાસ—લેખકઃ-વીર સત્યાગ્રહી શ્રીયુત ભવાની દયાલ (નાતાલ). પ્રકાશકઃ-દ્વારિકાપ્રસાદ સેવક-અધ્યક્ષ સરસ્વતી સદન, કેમ્પ ઇન્દૌર. ડબલ ક્રાઉન આઠ પેજી, પૃષ્ઠ ૧૧૨, કાગળ એન્ટીક, પૂ.હું સાદું, રૂા. ૧॥; આર્ટપેપર ઉપર છાપેલાં જોવા જેવાં ૫૯ ચિત્રો પણ આ ગ્રંથમાં છે.

સાધુ મહાત્માઓંકી સેવામેં આર્ય્ય જાતિકી પુકાર—લેખક અને પ્રકાશકઃ-સાધુ મંગળદેવ આગ્રા. પૃષ્ઠ ૮૦, કિં. અમૂલ્ય

શ્રી વિવેક બિંદુ—લેખક અને પ્રકાશકઃ-જાડેજા ભગવતસિંહ પ્રતાપહરિ લાઠી. ડેમી આઠ પેજી પૃષ્ઠ ૬૦, કાગળ ગ્લેજ, પૂ.હું સાદું.

સ્વર્ગમાળા—પુષ્પ ૧૩ થી ૧૯. વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢીયારનાં સ્વર્ગનાં પુસ્તકોમાંથી અનુવાદ કરનાર તથા પ્રકાશકઃ-મહાવીરપ્રસાદ ગહમરી. c/o. સ્વર્ગમાળા કાર્યાલય મુ. ગહમર (ગાજીપુર).

ચતુરભાઇ—લેખકઃ-દીપચંદજી પરવાર. પ્રકાશકઃ-મૂળચંદ કિસનદાસ કાપડિયા સુરત. સોળ પેજી, પૃષ્ઠ ૪૮, કાગળ ગ્લેજ, ૦)ન

સાગાર ધર્મામૃત (ઉતરાર્દ્ધ)—અનુવાદકઃ-પંડિત લાલારામ જૈન, ઇંદોર. પ્રકાશકઃ-મૂળચંદ કિસનદાસ કાપડીઆ, સુરત. સુપરરોયલ સોળ પેજી, પૃષ્ઠ ૫૨૬, કાગળ રફ, પૂ.હું સાદું, કિં. રૂા. ૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોલહ કારણ ધર્મ—દિગંબર જૈનનાં ગ્રાહકોને ભેટ. લેખકઃ–પંડિત દીપચંદજી પરવાર, નરસિંહપુર. પ્રકાશકઃ–મૂળચંદ કિસનદાસ કાપડીઆ, સુરત. સોળ પેજી, પૃષ્ઠ ૧૦૦, કાગળ રફ, કિં. ૦।=

આરાધના સ્વરૂપ—દિગંબર જૈનનાં ગ્રાહકોને ભેટ. સંગ્રહ કર્તાઃ–મુનીમ ધરમચંદજી હરજીવનદાસ, પાલીતાણા. પ્રકાશકઃ–મૂળચંદ કિસનદાસ કાપડીયા સુરત. પૃષ્ઠ ૪૮, કિં. ૦।

મરાઠી પુસ્તકો

સ્વામી રામતીર્થ (ભાગ દશમો)—સંપાદક અને પ્રકાશકઃ–ભાષ્કર વિષ્ણુ કૃષ્ટકે તથા રામકૃષ્ણ વાસુદેવ બર્વે c/o. હીરજી આસુની વાડી, માટુંગા (મુંબઇ). સુપરરોયલ સોળપેજી, પૃષ્ઠ ૧૯૦, કાગળ ગ્લેજ, પૂઠું સાદું, કિં. ૦।।। પાકું પૂઠું કિં. ૧)

સ્વામી રામતીર્થ (ભાગ અગીયારમો)—સંપાદક, પ્રકાશક, કદ, પૃષ્ઠ, કાગળ, મૂલ્ય ઈ૦ સર્વ ઉપર મુજબ.

મહારાષ્ટ્ર વેદ તુકારામ–સંપાદકઃ–શ્રીયુત ગોવિંદ ગોપાળ ટિપનીસ. પ્રકાશકઃ–મનોરંજન પ્રેસ, ગીરગામ મુંબઈ. રોયલ સોળ પેજી, પૃષ્ઠ ૩૦૦, પૂઠું બોર્ડપટીનું, કિં. ૦।।=

બાળ સન્મિત્ર પુસ્તકમાળા—પુસ્તક નવમું અને દશમું (ચરિતાદર્શ અને સદ્બોધ મકરંદ) લેખકઃ–પારજી નારાયણ મિસાળ, માલવણ. પ્રકાશકઃ–વરાડકર, કાકતકર અને મંડળી. દરેકમાં સુપરરોયલ સોળ પેજી પૃષ્ઠ ૬૪ તથા મૂલ્ય ૦।

આત્મવૃત્ત—લેખકઃ–ધોંડો કેશવ કર્વે. પ્રકાશકઃ–કાશીનાથ રઘુનાથ મિત્ર–ગીરગામ, મુંબઈ. કાઉન સોળ પેજી પૃષ્ઠ ૫૪૮, કાગળ ગ્લેજ, પૂઠું બોર્ડપટીનું, કિં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રિપોર્ટ અને હિસાબ.

નીચલી સંસ્થાઓના મળેલા રિપોર્ટ સ્વીકારી તેમના કાર્યકર્ત્તાઓને તેમણે બજાવેલા લોકહિતના કાર્ય બદલ આંતરિક ધન્યવાદ આપી ઇચ્છવામાં આવે છે કે પરમાત્મા તેમને પરહિત માટે દિન દિન અધિકાધિક ઉત્સાહ અને સાધન સંપન્ન કરો.

૧ "નડિયાદ હિંદુ અનાથાશ્રમ" તા. ૩૧-૭-૧૫ સુધીનો.

૨ "ચોરવાડ મિત્રમંડળ લાયબ્રેરી" ૧૯૧૫નો (છઠ્ઠો) વાર્ષિક રિપોર્ટ.

૩ "ગુજરાતી સ્ત્રી શિક્ષણવર્ગો" નો અકટોબર ૧૯૧૫ સુધીનો.

૪ "બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક ફંડ અને પ્રથમ પરિષદ્" સંબંધી રિપોર્ટ.

૫ "શેઠ પ્રેમચંદ મોતીચંદ દિગમ્બર જૈન બોર્ડિંગ સ્કુલ" અમદાવાદનો ૧૯૧૩-૧૯૧૪ નો.

૬ "શ્રીમદ્ દયાનંદ અનાથાલય" મુ. આગ્રા તથા "વિધવા હિતકારીણી સભા"નો ૧૯૧૪ નો.

૭ "રામકૃષ્ણ મિશન સેવાશ્રમ કાશી"નો ઇતિહાસ તથા રિપોર્ટ.

૮ "રામકૃષ્ણ મિશન સેવાશ્રમ" કનખલ ૧૯૧૪ નો.

૯ "કાઠીઆવાડ હિંદુ અનાથાશ્રમ"-વઢવાણ કેમ્પનો ત્રિમાસિક.

૧૦ "શ્રી ચોરવાડ ગિરનારા વિદ્યાર્થી ભુવન" જુનાગઢનો ચોથા વર્ષનો.

૧૧ "શ્રી ભાવનગર શ્રીમાળી હિતેચ્છુ સભા" નો ૧૯૭૧ સુધીનો.

૧૨ "મહુવા ગૌરક્ષક સભા" સં. ૧૯૬૪ થી ૧૯૭૦ સુધીનો.

૧૩ "શ્રી ગોપાળ કૃષ્ણ મહારાજની કુલીન જન પોષક સંસ્થા"નો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ લેખકનાં બીજાં ઉપયોગી પુસ્તકો.

ગુરૂદર્શન—ધર્મ અને નીતિ વચ્ચેનો વિરોધ કેવી રીતે ટળી શકે, અર્થાત્ દરેક નીતિના નિયમનો તત્ત્વજ્ઞાન સાથે કેવો સંબંધ છે, તે આ પુસ્તકમાં વર્ણવવામાં આવ્યું છે; તથા આત્માનાં ત્રણ સ્વરૂપો સત્, ચિત્ અને આનંદ અથવા શક્તિ, જ્ઞાન અને પ્રેમ ખીલવવાને જરૂરના સાત ગુણો દાન, શીલ, ક્ષમા, વૈરાગ્ય, વીર્ય, ધ્યાન અને જ્ઞાનનું દાખલા દલીલો સાથે વર્ણન કરવામાં આવ્યું છે. કીંમત કાચું પૂઠું છ આના; પાકું પૂઠું આઠ આના.

સુબોધચંદ્ર—(આધ્યાત્મિક નૉવેલ) મુખ્ય પ્રકરણોઃ—સત્યની શોધ, મરણ પછીની સ્થિતિ, વિચારશક્તિ, પ્રેમ અને ત્યાગ, મહાત્મા મંડળ, પૂર્વજન્મસ્મૃતિ, યોગિની ગુણસુંદરી વગેરે. પૃષ્ઠ ૧૪૪. કીંમત આઠ આના.

આદર્શ પુરૂષ યાને ગુરૂ મેળવવાનો માર્ગ—જેમને આપણે જીવન્મુક્તો કહીએ છીએ તેવા મહાત્માઓ આ સમયે પણ વિશ્વમાં વસે છે, અને યોગ્ય અધિકારીઓને પોતાના શિષ્યો તરીકે સ્વીકારે છે. 'ઉઠો, જાગ્રત થાઓ, મહા ગુરૂઓને શોધી કાઢો અને જ્ઞાન મેળવો' એ કઠોપનિષદ્નું વાક્ય આજે પણ ખરૂં છે. તેવા ગુરૂઓનું સ્વરૂપ, તથા તેમની સાથે સંબંધમાં આવવા ઇચ્છનારે કયા ગુણો ખીલવવા જોઇએ, તથા પોતાનાં જુદાં જુદાં શરીરોને કેવી રીતે શુદ્ધ કરવાં જોઇએ વગેરે આ પુસ્તકમાં બતાવવામાં આવ્યું છે. પૃષ્ઠ ૧૨૦ કીંમત માત્ર ત્રણ આના.

શ્રી બુદ્ધચરિત્ર... ... ... ૦–૮–૦

શ્રી બુદ્ધોપદેશ... ... ... ૦–૮–૦

CC-0. Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મપ્રદીપ ૦–૮–૦
ધર્મબિન્દુ ૨–૦–૦
અર્હન્નીતિ ૧–૮–૦
જ્ઞાનદીપક (જ્ઞાન પ્રાપ્તિનાં ઉત્તમ સાધનો દર્શાવનાર નિબંધ) ૦–૩–૦
મહાન ગુરૂનો પ્રસાદ ૦–૨–૦
સ્ત્રી કેળવણી અને સદ્વર્તન ૦–૨–૦
જગદ્‌ગુરૂનું આગમન ૦–૧–૦
મનુષ્યનું ભવિષ્ય પોતાના હાથમાં ૦–૧–૦
જૈનધર્મ ૦–૧–૦
સુખની શોધ ૦–૧–૦
યોગમાર્ગનો ભોમીઓ ૦–૧–૦
મરણ પછીની સ્થિતિ ૦–૧–૦
શાંતિનું સ્થળ... ... ... ૦–૧–૦
જૈન વૈરાગ્ય શતક ૦–૦–૬
પૂર્વના તારાનું મંડળ ... ... છપાય છે.
થીઓસોફી અને થીઓસોફીકલ સોસાઇટી ... ,,

મણીલાલ નથુભાઈ દોશી, બી. એ.
રતનપોળ–અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદાન્તનો સર્વથી મ્હોટો અને ઉત્તમ રૂ. ૧૯)નો ગ્રંથ માત્ર ૬)માં !

શ્રી યોગવાસિષ્ઠ મહારામાયણ

વેદધર્મસભાવાળું ઉત્તમ ભાષાન્તર

બે મ્હોટા દળદાર ભાગોમાં

છએપ્રકરણ સંપૂર્ણ—કુલપૃષ્ઠ ૨૦૦૦

એમાં—પ્રત્યેક શ્લોકના અંક, પ્રત્યેક અધ્યાયને આદિ અંતે અકેક શ્લોક, ગ્લેજ કાગળ, આ દસ્કત જેવડા મ્હોટા અક્ષર, તથા પાકાં અને સુંદર સોનેરી પૂઠાં હોવા છતાં—

મૂલ્ય—આગલી આવૃત્તિના રૂ. ૧૯ ને બદલે આ સંસ્થાના ધોરણને અનુસરીને માત્ર રૂ. ૬) પો. ૧)=

ભાગ ૧ લો—પાંચ પ્રકરણ, પૃષ્ઠ ૯૪૦

ભાગ ૨ જો—નિર્વાણ પ્રકરણ, પૃષ્ઠ ૧૧૦૦

પ્રત્યેક છુટા ભાગના રૂ. ૩, પોસ્ટેજ વી. પી. ૦ા=

પ્રથમથી અર્ધાં કે પૂરાં નાણાં મળેથીજ પોસ્ટ કે રેલ રસ્તે મોકલાશે.

સોનેરી પૂઠાંવાળાં પુસ્તકો ખપી ગયા પછી શાહીથી છાપેલાં પૂઠાનાંજ મળશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય મુંબઈ નં. ૨ અને અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાતુર્માસના પવિત્ર દિવસો માટે

ખાસ વાંચવા, વિચારવા અને દાન તથા ભેટ આપવા યોગ્ય
અતિ ઉત્તમ અને સસ્તા ધાર્મિક ગ્રંથો.

મ્હોટા કદના ધાર્મિક ગ્રંથા

શ્રી યોગવાસિષ્ઠ મહારામાયણ બે ભાગમાં સંપૂર્ણ	...	૬)
શ્રી ભગવતી ભાગવત અથવા દેવી ભાગવત	...	૨॥।
શ્રી શાન્તિપર્વ મહાભારતનું રૂ ૨, અને ઉંચી આવૃત્તિ	...	૨॥
શ્રીમદ્ ભાગવત ભાષાન્તર વેદધર્મ સભાવાળું	...	૨)=

શ્રીમદ્ ભગવદ્ગીતા

મૂળશ્લોક, સરલ ગુજરાતી ટીકા, ભગવાનની છબી, ધ્યાન,
માહાત્મ્ય, ઈ૦ સાથે પૃષ્ઠ ૨૭૫ ના સુંદર ગુટકા.

૦)= સાદું પટીવાળું પૂઠું.	૦। પાકું સોનેરી પૂઠું.
૦)≡ પાકું કાપડી પૂઠું.	૦। પાકું રેશમી પૂઠું.
૦)≡ પાકું શણનું પૂઠું.	૦॥ અતિ સોનેરી પૂઠું.
૦)- વાળી હવે મળતી નથી.	૦)-॥ પદ્યાત્મક ગીતા.

બીજા ઉત્તમ ગ્રંથો

એકાદશસ્કંધ	૦।=॥	સુબોધ રત્નાકર	૦।-॥
શ્રી ભજનસાગર	૦)=	સુબોધ રત્નમાળા.	૦॥।=
મનહર પદ ૦)=॥ પાકું ૦।		ક્ષાત્રપાળ પ્રતાપ.	૦)-॥

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય-મુંબઈ નં. ૨ અને અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદ્‌ભૂત આગબોટ

(એક વૈજ્ઞાનિક નવલકથા.)

દરીઆઈ સફરનું અને સમુદ્રના ઉદરમાં રહેલી મહાન ઈશ્વરીશક્તિનું ભાન કરાવનારી, ભૂતળપરની અજાયબીઓનો અને મહા યુદ્ધમાં ભાગ લેતી સબમરીનોનો ખ્યાલ આપનારી ગુજરાતી ભાષામાં આ પહેલીજ નવલકથા છે. પૃષ્ઠ ૨૪૩, પાકું પૂઠું, કિંમત રૂ. ૧, એની સાથે **"ફીજી-ટાપુમાં હિન્દીઓની સ્થિતિ"** એ નામનું પુસ્તક ભેટ મળશે. વિ૦ માળામાં મળવાથી તેની જરૂર નહિ હોય તેમને માટે રૂ. ૦।।। પૌ. જુદું.

આ પુસ્તક માટે મળેલા અભિપ્રાય:—જગત જે સમયે વિજ્ઞાનના યુગમાં જીવે અને આગળ વધે છે; તેવે સમયે આ પ્રદેશમાં એ વિષયક જેટલું સાહિત્ય પ્રકટ થાય તેટલું આવકારદાયક લેખાશે. નવલકથાના શીર્ષકપરથીજ સમજાશે કે તે જલસંચારી બોટ કેવા પ્રકારનાં અદ્‌ભૂત કામ કરી શકે છે. પુસ્તકને અંતે ભારત-દર્શનનું પ્રકરણ લખીને લેખકે પ્રાચીન ભારતનો ઉચ્ચ આદર્શ, તેની આવી વિદ્યાઓની સંપન્નતા તથા ભવિષ્યમાં તેને માટે રહેલું ક્ષેત્ર એ વગેરેનો ઉચ્ચાભિલાષ બતાવ્યો છે. પુસ્તકની ભાષા સરળ અને મનોહર, સંકલના સરસ અને કુતુહલતાવાળી તથા વસ્તુ ઉપર જણાવ્યા પ્રમાણે શ્રેયસ્કર તથા અગત્યની છે. **"આર્યપ્રકાશ."**

સાંપ્રત સમયે ચાલી રહેલી પ્રચંડ યાદવીમાં મુખ્ય ભાગ ભજવતી સબમરીન તથા સમુદ્રના આંતર ભાગના વિદ્યુતબળ સંબંધે આથી ગુજરાતીઓને થોડુંક પણ ઉપયોગી અને નવું જાણવાનું મળશે. વિજ્ઞાનના સાંપ્રતકાળમાં ગુજરાતી સાહિત્યમાં વિજ્ઞાન-વિષયક સાહિત્ય ઉત્પન્ન થઇને **જનસમાજની અભિરૂચિ તે દિશાએ જ્યાં સુધી નહિ વળે** ત્યાં સુધી વિજ્ઞાન સંબંધની આપણી અજ્ઞાનતા દૂર નહિ થાય અને ત્યાં સુધી આપણું પ્રજા-જીવન એ દિશામાં અવનતજ રહેશે. **"હિન્દુસ્થાન."**

ફીજીટાપુમાં હિન્દીઓની સ્થિતિ—રૂ. ૦-૬-૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

અમીન ઍન્ડ કુંપની, સીમરડાદરા.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાહેર ખબરો

સસ્તા સાહિત્યની માળાઓનાં ગ્રાહકોને નીચેનાં ઉત્તમ પુસ્તકો ઘટાડેલા ભાવથી મળશે.

	મૂળ કિં.	ઘટાડેલી.
વેદાન્ત પરિભાષા—વેદાન્ત વિષયનું ઉત્તમ પુસ્તક પાકું પૂઠું	૧–૦–૦	૦–૧૦–૦
સ્વાનંદ સુધાકરનાં સાચાં મોતી. સોનેરી પૂઠું ઉત્તમ કાગળો	૧–૮–૦	૧–૦–૦
વાલ્મીકી રામાયણ. ગુજરાતી પ્રેસના રૂ. ૬)ની કીંમત વાળા કરતાં ઉતરે નહિ તેવું...	૩–૦–૦	૨–૮–૦
જ્ઞાનગીતા	૦–૮–૦	૦–૩–૦
કલાપીનું સાક્ષર જીવન	૦–૫–૦	૦–૪–૦
વિદુરનીતિ. શ્લોક ટીકા સહિત ...	૦–૫–૦	૦–૨–૬
કલાપીનો વિરહ. (મસ્ત કવિ કૃત) ...	૧–૪–૦	૧–૨–૦
શંકરાચાર્ય નવરત્ન. મૂળ તથા ગુજરાતી ટીકા- સહિત જેમાં આત્મબોધ, વાક્યવૃત્તિ, વિવેક- ચૂડામણિ, અપરોક્ષાનુભૂતિ, આત્મનિરૂપણ, મણિરત્નમાળા, પ્રશ્નોત્તર માલિકા, અદ્વૈતાનુભૂતિ વગેરે છે.	૧–૪–૦	૦–૧૨–૦
ભગવદ્ગીતા. નવરત્ન ગુ. ટીકા તથા માહાત્મ્ય તથા સોનેરી પૂઠા સાથે	૧–૨–૦	૦–૧૦–૦
કેશવકૃતિ.	૧–૪–૦	૧–૨–૦
રંભાશુકસંવાદ અને રાધાકૃષ્ણસંવાદ ગુજરાતી ટીકા સાથે	૦–૨–૦	૦–૧–૦
ગંગાલહરી સટીક ગુજરાતી ટીકા સાથે	૦–૩–૦	૦–૧–૦

અબદુલહુસેન આદમજી બુકસેલર.

ભાવનગર (કાઠીઆવાડ).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્ર અરધા કલાકમાં ત્રણ તીજોરી તુટી.

એક મહીના ઉપર દેવલાલીની લશ્કરી છાવણીની ઓફીસની ત્રણ તીજોરીની ચાવી ખોવાઇ જવાથી ગોદરેજના કારીગરે ત્રણે તીજોરી અરધા કલાકમાં તોડી તે ઉપરથી સઘળી તીજોરીઓ રદ કરી તેની જગ્યાએ ગોદરેજની ખરીદવામાં આવી છે.

તીજોરીઓનું જોડકામ ફક્ત રેવીટ યા સ્ક્રુથી કરવામાં આવે તો આવી રીતે તીજોરીઓ તોડી શકાય. હાલની સુધરેલી રીત મુજબ અગત્યનું જોડકામ લોખંડને વીજળીથી તાવીને કરવામાં આવે છે અને આવું કામ આખા હિંદુસ્તાનમાં ફક્ત ગોદરેજના કારખાનામાં થાય છે.

કારખાનું—ગેસ કંપની પાસે, પરેલ, મુંબઈ.

શાખા—રીચીરોડ, દરવાજા સામે—અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar